ભાષાંતર કરી પ્રસિદ્ધ કરનાર

અલાદીન શરીફ સાલેમહમદ

નિ. વેરાવળ (કાઠીયાવાડ.)

મેઝેર અથવા નીતિનો જય.

કિમ્મત રૂ. ૧॥.

મેકેર

અથવા

નીતિ અને અનીતિનું યુદ્ધ,

જેમાં,

નીતિનો જય અને અનીતિનો પરાજય છે.

પ્રસિદ્ધ અંગ્રેજી નવલનું શુદ્ધ અને સરળ ગુજરાતીમાં

ભાષાંતર કરી પ્રસિદ્ધ કરનાર,

અલાદીન શરીફ સાલેમહમદ.

નિ. વેરાવળ (કાઠીયાવાડ.)

"નિર્ણયસાગર" પ્રેસમાં છાપ્યું.

સપ્ટેંબર ૧૮૯૧.

કિમ્મત રૂ. ૧॥.

મેકેર.

અથવા ૧૧૧૨

નીતિ અને અનીતિનું યુદ્ધ,

જેમાં

નીતિનો જય અને અનીતિનો પરાજય દર્શાવ્યો છે.

પ્રકરણ—૧.

ટપાલની ગાડી.

સવારના પોહોરમાં ચાર વાગ્યા હતા, અને દિવસ પોતાનું પ્રકાશિત ઝળઝળું એમીન્સ શહેર ઉપર ધીમે ધીમે ફેંકતું હતું. આસપાસના રમણીય ખેતરોના દવથી ભીંજાયલા અને ચળકતા ઘાસ ઉપર ગાય મેંઢા વગેરેનાં ટોળે ટોળાં નિર્ભયપણે ચરતાં હતાં. આ વખતે સઘળું શાંત અને ચુપાચુપ હતું એટલામાં શેહેરનો દરવાજો ઘોંગાટ સહિત ઉઘડયો, અને ગાડીનો ગડગડાટ તથા ઘોડાની ખરીના પડઘા સંભળાયા. નિમેષ માત્રમાં તો પેરીસ અને કેલેસની મેલગાડી મોહોટા ઘોરી રસ્તા ઉપર આવી પુગી. ગાડીનો અંદરનો ભાગ તદ્દન ખાલી હતો પણ તેના આગલા ભાગમાં ચોકી કરનારની સાથે એક તરૂણ વયનો ઉતારૂ બેઠેલો હતો.

તેની ઉમર આશરે બાવીશ વર્ષની હતી અને તેની કાળી આંખો અને બદામી રંગના વાળ ઉપરથી સ્પષ્ટ દેખાતું, કે જે દેશમાં તે જતો હતો તે તેની જન્મભૂમિ ન હતી. તેણે પોતાના કાળા બદન ઉપર શોભિતો વાદળીયા રંગનો ડગલો પેહેર્યો હતો જે ઉપર સુંદર શોભીતી અને ચકચકતી સુનાની સાંકળ ઘડિઆળની કળીમાંથી લટકી રહી હતી. તેનો દેખાવ એક સારા અને પ્રમાણિક માણસ જેવો હતો તે ઉપરાંત તેની બોલવાની ઢબ સાફ કહી આપતી કે તે જાતનો પણ અંગ્રેજ હતો.

“તમે એમ કહોછો કે આપણે નાસ્તાની વખતે શહેરમાં પુગશું?” જુવાન ઉતારૂએ પૂછ્યું.

“જો કોઈ અકસ્માત નહીં નડે તો ઘણુંકરી શહેરમાં પુગતાં સાત વાગશે”—ચોકી કરનારે જવાબ દીધો.

“અકસ્માત”—અંગ્રેજ બોલ્યો—“અકસ્માત શાનો? શું ગાડી ઊંધી વળી જવાનો ભય રહેછે કે ગાડીની કમાન ભાગવાનો અને ચોરોની કાંઈ—

“કાંઈ દરકાર નથી”—ચોકી કરનાર બોલી ઉઠયો—“આજ દાયકાની ઉપર થયું ટપાલ ગાડીને આ રસ્તા ઉપર ચોરોથી કંઈ હરકત થઈ નથી. દખણ તરફની ટપાલ ઘણીએ વાર લૂટાઈ છે, પણ ઉત્તર તરફની કદી નહીં.”

“કેટલા વર્ષ થયા તમે આ રસ્તાથી ભોંયા છો?”

“આજ સાત વરસ થયાં સાહેબ”—એમ કહી તેણે પોતાની તંબાકુ પીવાની નળી સળગાવી ધુમાડાના ગોટેગોટા કાઢવા માંડ્યા. ગાડી હાંકનાર પોતાના ચાબુકના ચમકારા બોલાવતો હતો અને મેલની ગાડી આ રસ્તા ઉપરથી ઝડપમાં પસાર થઈ ગઈ. થોડીક પળમાં

ગાડી એક સાંકડા રસ્તાપર આવી લાગી જેની જમણી બાજુએ એક ખીચ ઝાડી આવેલી હતી. એકાએક તે ઝાડીમાંથી પિસ્તોલનો શબ્દ કાને પડયો જે સાંભળી આપણો અંગ્રેજ પ્રવાસી ચોંકયો અને ચોકીબાનના મોઢામાંથી નળી પણ પડી ગઈ. એવામાં બીજો ધડાકો થયો અને એક ગોળી ગાડીવાનના ખભાપર વાગી જેથી તે પણ પોતાની જગ્યાએથી હેઠે પડયો, અને ઘોડાઓ તો જાણે પોતાના હાંકનાર વગર કશું કરી શકનાર નથી એમ સમજી ઉભા રહી ગયા. ચોકીબાને વગર વિલંબે ગાડીની બાજુમાંથી બે પિસ્તોલો ખેંચી કાઢી જે માંની એક પોતાના અંગ્રેજ સાથીને આપી બોલ્યો:—"અંતે ચોરો આવ્યા ખરા પણ ચિંતા નહીં એમને આપણે ઠીક કરશું".

ચોકીબાન હજી આગળ બોલવા જતો હતો એટલામાં તો ઝાડીમાંથી બે માણસો કુદી પડ્યાં અને આપણા અંગ્રેજ ગ્રહસ્થ અને ચોકીબાન તરફ ધસ્યા. વાંચનાર જાણેછે કે ગાડીવાળો તો ઘાયલ થઈ ભોંયે પડયો હતો. ચોકીવાળાએ અને અંગ્રેજે તરતજ પોતાની પિસ્તોલો તે બેઉ ઉપર ફોડી જેમાંથી એકેયે પણ અસર કરી નહીં. ગાડીને મથાળે મૂકેલી તરવારને માટે ચોકીવાળાએ પોતાનો હાથ લંબાવ્યો એટલામાં તો લૂટારા માંહેલા એકે પોતાની પિસ્તોલનો હાથો તેના ટાચા ઉપર મારી તેને નીચે નાખ્યો. આપણા અંગ્રેજ પાસે કંઈ વજ હતું નહીં તેથી તેને નીચે ઉતારી ગાડીના પૈડા સાથે બાંધી મૂકતાં ઘણો શ્રમ પડયો નહીં. આ પ્રમાણે સર્વ સમાધાન કરી ચોરોએ ટપાલ ગાડીના કોથળા શાંતિથી તપાસવા માંડ્યા. આમાંનો એક જણ આશરે ચાળીશ વર્ષનો, રૂપાળો, બળયુક્ત બાંધાનો, તથા હિંમતવાન હતો પણ તેનો સાથી તો દેખાવે કંગાળ અને હીચકારો લાગતો. જેમ તેની ટોપીનું ટાળકું નહતું તેમ જોડા પણ તળીયા વગરના હતા. ટાચાં બેસી ગયેલાં અને કપડાં મેલાં તથા થીગડાવાળાં હતાં. પહેલાનું નામ **મેકેર** અને બીજાનું નામ **બરટેંડ** હતું.

"**બરટેંડ** આ ચીજોઉપર તું ધ્યાન આપ અને ટપાલના કોથળાની ખોટ મારે સ્વાધિન કર"—**મેકેરે** કહ્યું.

"ઠીક, પણ **મેકેર** હવે આ ત્રણ જણનું શું કરવું ધાર્યું?"

"કરવું તે શું! તેઓને અહીંજ પડ્યા રહેવા દેશું. ગાડીવાળો તો માત્ર ઘાયલ થયો છે અને ચોકીવાળો મુર્છામાં પડયો છે"—**મેકેરે** ઉત્તર વાળ્યો.

"અરે ઈશ્વર! તે કાંઈ સાંભળ્યું **મેકેર**?"—**બરટેંડ** મહા ગભરાટમાં બોલ્યો અને તરતજ ગાડીના છાપરા ઉપરથી નીચે ભૂસકો મારી ચારેગમ જોવા લાગ્યો.

"નહીં નહીં એ તો મારી તપખીરની ડાબલી ઉઘડવાનો અવાજ હતો"—**મેકેરે** ડાબલીમાંથી કાઢેલી ચપટી સુંઘતાં જવાબ દીધો- "પણ એમ કેમ **બરટેંડ** નજીવા ખડખડાટથી પણ તને ભય ઉત્પન્ન થાયછે. ચાલ હવે અહિથી આપણે જતા રહીએ અને ક્યાંક નિર્ભયપણે બેશી આજની લૂટ તપાસીએ. તું ચિંતા નહીં કર, કોથળાઓ હું ઊંચકીશ"

"હું પણ તત્પર છું"—**બરટેંડ** ભયનો માર્યો ચોફેર ડોળા ફેરવતો બોલ્યો—"પણ ભાઈ જરા ઉતાવળ કરીએ તો સારૂં"

"ત્યારે જરા ધીરજ રાખ. આપણે જતા પહેલાં આ ગ્રહસ્થને તો માન આપીએ કે જેને આવી સુગમતાથી આપણે પૈડા સાથે બાંધ્યો છે"—એમ કહી **મેકેર** તે અંગ્રેજ **મુસાફર** તરફ ફરીને બોલ્યો:—"સાહેબ તમારી માલમત્તા ઉપર સારી રીતે હાથ ફેરવી ઠેકાણે પાડવાની અમે જે છુટ લીધી છે તે ક્ષમા કરજો, અને તે સાથે યાદ રાખજો કે તમારી આ કૃપાદૃષ્ટીને માટે **મેકેર** તથા તેનો મિત્ર **બરટેંડ** ઘણા આભારી થયા છે. હવે સાહેબજી." "કેમ **બરટેંડ**, નમ્રતાથી આપણું શું ગયું ભલે બીચારો ખુશી થાય."

"લુચ્ચા"—અંગ્રેજ ગુસ્સામાં બૂમ પાડી બોલ્યો—"આજનું વેર હું અવશ્ય લઇશ."

આ સાંભળી **મેકેર** તથા તેના સાથીએ પોતાની જૂની ટોપીઓ ઉતારી તેને સલામ કીધી અને ઘાયલ થએલા ગાડીવાળા તરફ નજર કરી તેઓ ત્યાંથી આગળ ચાલ્યા. આ બેઉ ચોરોએ ઝાડી તરફનો માર્ગ લીધો.

"મેં એક ભૂલ કરીછે"—**બરટ્રેંડે** કહ્યું—"આગળથી યાદ આવ્યું હોત તો ઘણું સારૂં થાત.

"શું યાદ આવવાનું રહી ગયું?"—**મેકેરે** અધીરાઈથી પૂછ્યું.

"ગાડીવાળાના મ્હોટા બૂટ નહોતા? તે લઈ લેવાતું"

"મૂર્ખ જરા તો વિચાર કર, હમણા નહાસતી વેળા તને તે અડચણ નહીં કરત?"—

"અરે, હા એ તો ખરૂં **મેકેર**, મને તો એ વિષે વિચારજ ન આવ્યો. પણ મારા તો ભૂંડા હાલ."

"વળી શું થયું **બરટ્રેંડ**?"

"સામે કોઈ સીપાઈ જેવું નજરે પડેછે."

"નહીં રે નહીં કાંઈ ગાંડો થયો"

"ત્યારે પેલું શું છે?"—**બરટ્રેંડે** પુછ્યું.

"એ તો ઝાડનું ઠુંઠું છે. તારૂં બીહલું કાંઈ આજકાલનું નથી. પ્રથમથી તું એવોજ છે."

હવે આ બેઉ ચોરોની વાત થોડી વાર બંધ રહી જેટલા વખતમાં તેઓ એક વેરાન સ્થળે આવી પુગ્યા. **મેકેરે** આગળ આગળ ચાલવા માંડયું અને એક ખચોખચઝાડી જેથી તે તદન બોયો હતો તેમાં તેઓ પેઠા. પગલાના શબ્દથી પક્ષીઓ પાંખો ફફડાવતાં ગભરાટમાં ચોમેર ઉડ્યાં અને સસલા ઉંદર વગેરે જીવજંતુઓ ખૂણે ખોંચરે ભરાઈ ગયા.

"બેસ, હવે કોઈનો ભય નથી."

"પણ મારૂં કેમ થશે"—**બરટ્રેંડે** કહ્યું "મારાં આંગળાં હવેતો ઘસાઈને લોટ થવા આવ્યાં."

"થોડો કાળ ધૈર્ય રાખ અને તારે માટે નવા જોડા ન લેવાય તો કહેજે"

"પણ બૂટ લેવાશે એટલી વાર તો મારા પગના આંગળાને દવ અને કાદવમાં ખરડાવું પડશે તેનો કંઈ વિચાર કીધો?"

"વળી મૂર્ખતા ભરેલો ઉચ્ચાર કીધો"—**મેકેરે** તેના ખભાપર જોરથી હાથ માર્યો—"ઉનાળામાં તે દવ અને કાદવ શાના?"

"આટલો વખત તો હું સમજતો કે વર્ષારૂતુ હશે પણ તારા હાથમાં શું છે તે પ્રથમ બોલ."

"હજાર પાઉન્ડની નોટ"—**મેકેરે** જવાબ દીધો કારણ કે તેણે એક કોથળો ખોલી તપાસવાનો આરંભ કરી મૂકયો હતો.

"ત્યારે તો મને બૂટ અને નાસ્તો, બંને મળશે"—**બરટ્રેંડે** મલકાતાં મલકાતાં પુછ્યું.

મેકેર બીજું કવર ઉઘાડી બોલ્યોઃ—"લે આ બીજી પચાસ પાઉન્ડની. બીજું જોયું! આ કાગળમાં એક સ્ત્રી પોતાના ભરથારને લખેછે કે જો તમે પાધરા ઘેર ચાલ્યા આવશો તો ફરીથી તમને નહીં મારૂં."

બરટ્રેંડ પણ આ વખતે એક કવર ઉઘાડીને બોલ્યો—"**મેકેર**, "આ લાંબું લાંબું લપસીંદરા જેવું લખાણ શાનું છે?"

"લાવ જોઉં"—એમ કહી **મેકેરે** નીચેપ્રમાણે વાંચવા માંડયુંઃ—

રીયુ માન માર્ટીર પેરીસ.

વહાલા સાહેબ.—

તમારા ત્રીજી તારીખના પત્ર પ્રમાણે હિસાબના કાગળો તમોને કયારના મોકલ્યા હોત પણ મારો મ્હોટો માગીયો મિસ્ટર આલબર્ટ લિબ્યું આ ચાલતા મહીનામાં તમારી તરફ આવવાનો છે તેથી તેની સાથે તમે મોઢે મોઢ વાત કરજો. મી૦ લિબ્યું જ્યાંસુધી લંન્ડનમાં રહે ત્યાંસુધી તેની સારી રીતે બરદાસ રાખશો એટલુંજ નહીં, પણ તમારા ઉપર જે કાંઇ હુંડીપત્રી લખે તે સ્વીકારશો. તેને રસ્તે પેરીસમાં ખોટી થવું નહીં પડેતો તા. ૩૦ મીને દિવસે તમારે ત્યાં આવી પુગશે. લા. તમારા આજ્ઞાકિત સેવક.

આગસ્ટ ૩ જી ૧૮૩૪. લોલેમન્ડની કું૦

"આ કાગળમાં તો કંઈ અગત્ય જેવું દેખાતું નથી. એ કોના ઉપરનો છે?" **બરટ્રેંડે** પૂછ્યું.

"**લન્ડનના બ્રાડ સ્ટ્રીટસીટીમાં** રેહેનારા વ્યાપારી **પૉર્ક્લિંગટન** ઉપરનો છે"—**મેકેર** જવાબ દઈ ઉંડા વિચારમાં સ્થિત થયો.

"કેમ મારા મિત્ર, શું વિચારમાં પડ્યો છે?"

"ખરે! હવે તે તડાકો પડશે, કેવો ઉત્તમ વિચાર મારા મનમાં આવ્યો છે"

"અલબત તડાકો તે કેમ ન પડે, નાસ્તો મળે તે તો સઉને ગમે"—**બરટ્રેંડ** વચમાંજ બોલી ઉઠયો."

"તું તો બસ આખો દહાડો ખાવા પીવાનુંજ ચિંતવન કર્યા કર. બીજું કંઈ સુઝેછે?"—**મેકેરે** ગુસ્સામાં પૂછ્યું—"મારો વિચાર—

"કઈ હાટલમાં જમશું"—**બરટ્રેંડે** ફરીથી પુછ્યું.

"હવે બીજી વાર જમવા પીવાની વાત કરી તો તારી વાત તું જાણજે. શ્રીમંત થવાનો લાગ હવે આવ્યો છે. **બરટ્રેંડ** મારા પ્રિયસાથી આપણે ઈંગ્લંડ જશું. પ્રવાસ કર્યાથી આપણી પાકીટોમાં તેમજ બુદ્ધિમાં પણ વધારો થશે."

"હું! ઈંગ્લેન્ડ!"-**બરટ્રેંડે** કહ્યું-"અહો! મારી તો રગોજ ધ્રૂજવા આવી. કેવી આનંદની વાત?"

"જરા થોભ, આપણે જોઈએ તો ખરા કે આપણી પાસે હાલ કેટલું નાણું છે."

"મારી આગળ ચાર પેની છે"—**બરટ્રેંડે** પોતાના પૈસા બહાર કાઢી કહ્યું.

"અરે મૂર્ખ તારી તે શી વલે થશે"—**મેકેર** બોલ્યો—"શું તું નથી જાણતો કે આ કાગળના કટકામાંથી તો સુવર્ણની કોઠીઓ ભરાય."

"અરે હા એ તો હું તદ્દનજ ભૂલી ગયો."

"૧૩૦૦૦ પાઉન્ડ!"—**મેકેરે** નોટો ગણી કહ્યું—"ખરે આ રકમથી તો આપણે એક ધનાઢ્ય વ્યાપારીમાં ખપશું. ચાલો હવે ઈંગ્લન્ડ તરફ પ્રયાણ કરીયે. આજનો દહાડો તો ઠીક ફળ્યો છે."

બરટ્રેંડ પોતાના સોબતીના કહ્યા અનુસાર તરતજ ઉઠયો અને આ બેઉ ચોરો ઝાડીમાંથી બહાર નીકળ્યા. આ વખતે દિવસ ચઢયો હતો અને સૂર્ય પોતાની ગરમીનું જોર પૂર્ણરીતે વધાર્યું હતું. ગાય, મેંઢા, ભેંસો વગેરેના ટોળાં ખેતરની મનરંજન લીલોતરી ઉપર ચરતાં હવે દૃષ્ટિએ પડતાં નહતાં. ગરીબ માણસો પોતાના નિર્વાહના કામકાજમાં મથ્યા પડ્યા હતા.

એક કલાકના સમયમાં **મેકેર** અને તેનો સોબતી એક ઝુંપડા આગળ આવી પહોંચ્યા જ્યાં એક વૃદ્ધ સ્ત્રીએ તેઓને પૈસા લઈ થોડું ભોજન તથા મદિરા આપ્યું જે સારી પેઠે જમી અર્ધો કલાક વિશ્રાંતી લઈ તેઓએ ફરીથી પ્રવાસનો પ્રારંભ કીધો. **મેકેર**ને ભૂગોળ વિદ્યાનો ઘણો સારો અભ્યાસ હતો તેથી તેને રસ્તો દેખાડનારની લેશ પણ અગત્ય હતી નહીં. જેમ બને તેમ ધોરી રસ્તાનો ત્યાગ કરી ઉજડ વન અને ખેતરો માંથી તે પોતાનો રસ્તો લેતો. તેને પોલીસના બાપની પણ દરકાર હતી નહીં.

પ્રકરણ—૨.

ભાવતું હતું ને વૈદે કહ્યું.

ઑડસ્ટ્રીટ સીટીમાં ઘરો, બંગલા, વગેરે ઘણા ઉંચા તથા શોભાયમાન હોવાને લીધે સ્પષ્ટ જણાઈ આવતું કે તે સ્થળે વ્યાપારનો બહોળો પ્રસાર છે. બીજા બધા સ્થળો કરતાં અહીં ચોર, લૂટારા, વિગેરે દુષ્ટ અને અપ્રમાણિક માણસોનો ઉપદ્રવ ઘણો થોડો હતો તેથી ત્યાં રહેનારા ઘણાંખરા માણસો સારા સ્વભાવના પ્રમાણિક અને માયાળુ હતા.

મી૦ **લંપ્લે પૉક્લિંગટન** એક શ્રીમંત વ્યાપારી હતો જેનું ઘરબાર આફીસ વગેરે સર્વસ્વ આ **ઑડસ્ટ્રીટ** સીટીમાંજ હતું. રાત્રે દશ વાગ્યાનો સમય થયો હતો, જ્યારે સઘળું કુટુંબ મેજપર વાળુ કરવા બેઠું હતું. જેની ઓળખાણ વાંચનારે કરવી જરૂરની છે.

મી૦ **પૉક્લિંગટન**ની સ્ત્રી મૂળ દાસી હતી, પણ પોતાના સરળ સ્વભાવ, મધુર વાણી અને

મળતાવડી ચાલચલણને લીધે તેની સ્ત્રી થવા પામી હતી. તેના ભરથારે તેને અંગ્રેજી વાંચતાં બોલતાં અને લખતાં શીખવ્યું હતું જે તેણે થોડા કાળમાં કામ જોગું ગ્રહણ કર્યું.

આ ભલા વ્યાપારીને ત્યાં કાંઈ પુત્ર કે પુત્રીની પ્રાપ્તિ નહતી તોપણ દ્રષ્ટી કરતાં દેખાશે કે ટેબલ ઉપર બે જણ ઉપરાંત એક ત્રીજું પણ કોઈક બેઠું હતું. આ ત્રીજું જણ **મેરીયા લિસ્લી** નામની એક કુંવારી કન્યા હતી જેનો **પૉક્લિંગટન** કાકો થતો હતો.

મેરીયા ઉમરે ૧૯ વર્ષની સ્વરૂપવાન અને બોલવે મધુર હતી. પોતાના ગુલાબી ગાલ, સ્વેત વર્ણ અને પાતલી કમરથી તે એક અપ્સરા જેવી લાગતી જેમાં પરવાળાસમાન શોભિતા હોઠો, વિશાળ કપાળ, હીર સરખા સુવાળાં સોનેરી કેશની ઝુલતી લટો અને કમળ સરખા નેત્રોથી અપાર વૃદ્ધિ થતી હતી.

જમી લીધા પછી **મેરીયા** વાદિત્ર વગાડવા બેઠી થોડોક વખત થયો, આસરે અર્ધ કલાક વહી ગયો હશે એટલામાં દાદર ઉપરનો ઘંટ જોરથી વાગ્યો. તરતજ દાસી દરવાજો ખોલી જવાબ આપી આવી અને વ્યાપારીને કહ્યું—"શેઠ, કોઈ બે ફ્રેંમેમેન તમારે વિષે પૂછા કરેછે."

"શું? ફ્રેંચમેન!"—**પૉક્લિંગટન** આશ્ચર્ય થઈ બોલ્યો—"લગભગ અગીઆર થવા આવ્યા છે. જરૂર તેઓ **પેરીસ** ખાતાના મારા આડતીઆ **લાલેમન્ડ**ની કુ૦ તરફથી આવ્યા હશે."

"તેઓ અંગ્રેજી ઘણું સારૂં બોલેછે"— દાસીએ ફરીથી કહ્યું.

"ઠીક, તેઓને આવવા દે"—મી૦ **પૉક્લિંગટન** જરા વાર વિચાર કરી બોલ્યો—"તેઓ કંઈ અગત્યનો પત્ર પણ લાવ્યા હશે." **પૉક્લિંગટન** બોલી રહ્યો કે ફ્રેંચમેને અંદર પ્રવેશ કીધો.

વાંચનાર કદાચ એમ ધારતો હશે કે તેઓ **મેકેર** અને **બરટેંડ** છે તો તેનું ધારવું લેશભાર પણ ખોટું નથી માત્ર એટલુંજ કે આ વખતે તેઓએ ઘણા સારાં વસ્ત્રો પહેર્યાં હતાં. **મેકેરે** વાદળીયા રંગનો ડગલો, શ્યામવર્ણવાળી પણ સ્વચ્છ પાટલુન અને ડાયેમન્ડ લેધરના આરસી સમાન પણ કાળા ચકચકિત બૂટ પહેર્યાં હતાં. તેના ભભકાનું હું શું વર્ણન કરૂં? એક બાજુએ ટોપી હાથમાં રહી ગઈ છે અને સોનાનો ચસ્મો લટકી રહ્યો છે, તો બીજી બાજુએ ગજવા માંહેલો રાતો રેશમી રૂમાલ જાણે ડોકીયાં કરતો કેમ હોય તેમ અડધો દેખીતો રહી ગયોછે જેમાંથી હૃદયને પ્રફુલ્લિત કરનાર અને ચિત્તને આનંદ આપનાર સુગંધીનો પમરાટ ઉડી રહ્યોછે. **બરટેંડે** પણ ભૂરા રંગનો ડગલો, દોરીની પાટલુન અને રેશમી મોજાં પહેર્યાં હતાં.

"સાહેબ તમને આ અયોગ્ય અને ન ધારેલે વખતે અગવડ કીધી છે તે ક્ષમા કરશો"—**મેકેર** દ્વારમાં પેસતાંજ સર્વ ને બબે વાર નમન કરી બોલ્યો.

"કાંઈ નહીં શેઠ એમાં અગવડ શી હતી?"—**પૉક્લિંગટને** ઉત્તર દીધો.

"આ નગરમાં હું આજ સાંજરે આવ્યો છું"—**મેકેરે** કહ્યું—"અને તમો નામદારને માન આપવાનો મારો ધર્મ સમજી હું તમારી સેવામાં આવ્યો છું. મારૂં નામ **ઑલબર્ટ લિબ્યુ** છે.

"અહો! મારા મેહેરબાન"—**પૉક્લિંગટન** આગળ દોડી જઈને **મેકેર**ને ભેટી પડયો—"તમે તો **લાલેમન્ડ**ના મોટા ભાગીદાર છો."

"હા, એજ"

"પણ તમારી સાથે આ શેઠ આવ્યા છે તે તમારા કોણ થાય?"

"ખરેખર"—**મેકેરે** ઉત્તર વાળ્યો—"એમની તો ઓળખાણ કરાવતાંજ હું વીસરી ગયો. કાઉન્ટ **બરટેંડી ડી બરટેંડ** મારા પરમ સ્નેહી અને મિત્ર થાયછે."

થોડી વાર વાતચીત કર્યા પછી **મેકેરે** હસતાં હસતાં મી૦ **પૉક્લિંગટન**ના હસ્તમાં પેલો પત્ર મૂકયો, જે વાંચનાર સંપૂર્ણ રીતે જાણેછે કે તેઓ ટપાલના કોથળામાંથી ચોરીને સાથે લેતા આવ્યા હતા.

"તમે કયાં ઉતર્યા છો"—**પૉક્લિંગટને** પૂછયું.

"**વિકટોરીઆ હાટલમાં**"—**મેકેરે** ઉત્તર દીધો.

"**નહીં નહીં એમ ન થાય**"—**પૉક્લિંગટન** બોલ્યો—"**એમ તમારે ભેદદ્રષ્ટી રાખવી**

છાજે નહીં. અમારૂં ઘર તે તમારૂંજ છે. હુ તમારી પેઢીના મહા આભાર તળેછું તેથી તમો સાહેબ અને તમારા મીત્ર.—

"મારૂ નામ તો **બરટ્રેંડ** છે"—**મેકેર**નો સાથી પોતાની ધારણ કરેલી કાઉન્ટની પદ્વી વિસ્મરણ પામી બોલ્યો.

"**કાઉન્ટ બરટ્રેંડી**"—**મેકેરે** તરતજ બોલીને ટેકો આપ્યો."

"હું હું. **બરટ્રેંડી ડી બરટ્રેંડ**"—**પૉક્લિંગટન**ને કહ્યું—"હવે મને સ્મર્ણ થાયછે. જો તમે અને આપણા કાઉન્ટ સાહેબ હું ગરીબને ત્યાં થોડા અઠવાડીયા રહેવાની કૃપા કરશો તો ઘણું સારૂં થશે. તમારે માટે ઓરડાઓ સાફસુફ કરાવી રાખીશ અને સવારના નાસ્તાની વખતે તમારી વાટ જોઈશ."

આ વખતે તપખીર સુંઘવા **મેકેરે** પોતાની ડાબલી ઉઘાડી જેના ચીચીઆરી સમાન શબ્દે **બરટ્રેંડ**નું શરીર માથાથી પગ સુધી ધ્રુજવી નાંખ્યું.

"તમે **ફ્રાન્સ**માં તો ઘણું ફર્યા હશો"—**બરટ્રેંડ**ને વ્યાપારીએ પૂછ્યું.

"હા ઘણું એ"

"**ફ્રાન્સ** દેખાવે સુંદર અને અવશ્ય જોવા યોગ્ય ગણાયછે."

"હા ત્યાં અતર છાંટેલા રેશમી રૂમાલની પણ ઘણી મઝા પડેછે"—**બરટ્રેંડ**ને પોતાની ખીસા કાતરની ટેવ આ વખતે યાદ આવી.

"મેં સાંભળ્યું છે કે ફ્રેંચ લોકો ઘણા ચતુર હોયછે અને તેઓના પગની ચપળતા—

"હા તે સાથે તેઓના આંગળાની પણ"—**બરટ્રેંડ** વચ્ચમાં બોલી ઉઠચો.

"તેઓ એવા તો પ્રવીણ હોયછે કે તમારી પાસે જે કાંઈ હોય તે ફોસ્લાવી લઈ શકે છે."

"હા તેમાં હું તો કદીએ ચૂકતો નહીં. અવશ્ય કરીને જ્યાં બહુ ભીડાભીડ રેહેતી" **બરટ્રેંડે** કહ્યું.

"મારો મિત્ર ભીડ એટલે નાચની બેઠક કહેછે"—**મેકેરે બરટ્રેંડ** તરફ કરડાં નેત્ર કરી કહ્યું.

"નાચની બેઠકમાં તમે યુવાન સ્રિઓનાં અંતઃકરણ હરણ કરતા હશો?" **પૉક્લિંગટન** હાસ્ય દર્શક ચેહેરે બોલ્યો.

"નહીં નહીં એવું કાંઈએ નથી"—**બરટ્રેંડે** જવાબ દીધો—"અમે તેઓના અંતઃકરણ કરતાં તેઓનાં ગજવાં વધારે પસંદ કરીએ છીએ."

"હું હું હવે સમજ્યો. તેઓની પુંજી? કેમ!"—**પૉક્લિલગટન** ખડખડ હસી પડચો.

"તમે બેઉ સાહેબો અંગ્રેજી ભાષામાં કુશળ જણાઓ છો"—**પૉક્લિંગટન**ની સ્રિયે વિવેક કીધો.

"હા ને વળી ગ્રીક પણ આવડે છે બાઈસાહેબ"—**બરટ્રેંડે** હસીને કહ્યું.

"ખરે સુધરેલા પુરૂષોનું પોષણ તેઓના ચાતુર્યને આધારે છે"—વ્યાપારીએ કહ્યું.

હવે **મેકેર** પોતાને ઉતારે જવાને ઉઠચો. **પૉક્લિંગટન** તેઓને નીચેના દરવાજા સુધી મૂકવા ગયો અને યાદ અપાવ્યું કે, આવતી કાલથી તમે અમારે ત્યાં રહેજો. **મેકેર** અને તેનો સાથી, **પાક્લિંગટન** સાથે હસ્તમેલાપ કરી વિદાય થયા અને હૉટલ તરફ ચાલ્યા.

લાંબા પંથના થાકથી તેઓની આંખ નિદ્રાથી ઘેરાવા લાગી જેથી તેઓ પોતાને માટે નિર્માણ કરેલા ઓરડામાં જઇ સુઈ રહ્યા.

મળસકું થતાં **મેકેર** ઉઠચો અને તરતજ પાટલુન પહેરી ડગલો ચડાવી ઘંટી જોરથી વગાડી.

તરતજ એક ચાકર દોડતો ઉપર આવ્યો અને ક્રોધથી વિકાળ થયેલો **મેકેર**નો ચેહેરો જોઈ ઘણો ભય યુક્ત થયો.

"રાત્રે ચોરો આવ્યા હતા"—**મેકેરે** દમામ પૂર્વક તથા આંખો ચડાવી કહ્યું.

"શું ચોરો!"—ચાકર ધાસ્તીને વશ થઇને બે ચાર પગલાં પાછળ ખસી ગયો.

"હા"—**મેકેરે** જવાબ દીધો—"**હું ધારતો હતો કે એક ઇંગ્લીશ હૉટલ ઘણી સગવડ વાળી તેમજ નિર્ભય હશે પણ મારી ભૂલ થઈ છે અને તે માટે હું દલગીર છું.**"

ચાકર બોલવા જતો હતો એટલામાં **મેકેરજ** બોલી ઉઠયો—"હું શા ઉપરથી ધારૂં છું કે રાત્રે આ હૉટલમાં ચોરો આવ્યા હતા"—**મેકેરે** સેંજ ચેષ્ટાથી જવાબ દીધો—"ધીરજ રાખ હમણા કહું છું—રાત્રે સુતો ત્યારે મારા ઓરડાને તાંળુ માર્યા વગર સૂતો, અને સવારના ઉઠીને જોઉં છું તો દ્વાર તદ્દન ઉઘાડું પડેલું અને ટેબલપર રાખેલી મારી ૨૩૫ પાઉન્ડની નોટો મલે નહીં."

"એમ થવું અશકય ભાસેછે."

"હું હું!! અશકય!"—**મેકેરે** ગુસ્સામાંજ કહ્યું—"મગદૂર છે કે તારો શેઠ પણ એમ કહે કે એ અશકય છે. હજી તો મારા ઉત્તમ ભાગ્ય કે આ સુવર્ણનું ઘડિઆળ હું પેહેરીનેજ સૂતો, અને મારી હીરાની વીંટી પણ મેં મારા આંગળા પરજ રહેવા દીધી, નહીં તો એ સર્વ જાત એમાં સંશય નથી."

ચાકરે તરત તો કાંઈ પ્રતિઉત્તર દીધો નહીં, પણ ઓરડામાંથી બહાર ધસી જઈ, વાંસે કોઈ ભયંકર આકૃતિ આવતી જોઈ ત્રાસ પામે તેમ ઝડપથી દાદર ઉતરી પોતાના શેઠને ચોરીના સમાચાર કહેવા દોડયો, જે સાંભળી હૉટલના ધણીનો ચેહેરો તદ્દન ઉતરી ગયો, પણ થોડી વારમાં પોતાના વિખરાયલા વિચાર એકઠા કરી ધ્રુજતે પગે બીચારો દાદર ચઢી **મેકેર**ના ઓરડામાં પેઠો.

પ્રકરણ—૩.

૬૦૦ પાઉન્ડનો લુમખો.

જેમ એક સિંહ ક્રોધને વશ થઈ પોતાની ગુફામાં એક છેડાથી બીજા છેડાસુધી ફર્યા કરે છે, તેમ **મેકેર** પણ ઉતાવળે પગલે ઓરડામાં એક ગમથી બીજી ગમ ચાલતો હતો.

"શું એ ખરી વાત છે સાહેબ?"—હૉટેલના ધણીએ ઉપર આવીને પૂછયું—"કે તમને આ હૉટલમાં ઘણું નુકશાન ખમવું પડયું છે?"

"એ વિષયથી તમે તમારા ચાકરને મોઢે જાણીતા થયા હશો કારણ કે મેં સર્વ વિગત તેને પોતે કહી છે. તમે એમ નહીં ધારતા કે એવી ખોટી ગપ મારા જેવા પ્રતિષ્ઠિત અને યોગ્ય માણસના મુખમાંથી નીકળે. તમે કહો તો મારો મિત્ર અને આડતીઓ મી૦ **પૉકલિંગટન** જે **બ્રાડ** સ્ટ્રીટનો વ્યાપારી છે તે મારી પ્રતિષ્ઠા અને યોગ્યતાવિષે તમારી ખાત્રી કરી આપશે. હું હમણાજ જઈને એવિષે તેની સંમતિ પુછીશ પણ ધારૂં છું કે તમારી હૉટલનો ઝાડો લેવો એ જેવો બીજો સારો ઉપાય નથી અને જરૂર તેથી ચોર અને મારૂં નાણું પણ હાથ લાગશે.

"મેહેરબાન સાહેબ જરા વિચાર કરો"—હૉટલકીપરે કરગરીને કેહેવા માંડયું—"જો આ વાત બહાર પ્રસિદ્ધ થઈ તો મારી હૉટલની નામોશીનો કાંઈ પાર રહેશે નહીં."

"અરે, પણ ભલા માણસ તમને કાંઈ કેહેતાં વિચાર થતો નથી!"—**મેકેરે** તાનુ માર્યું. "૨૩૫ પાઉન્ડની રકમ ખોઈને મારાથી મૌન્ય કેમ રહેવાય. ગરમ પાણી મંગાવો કે સ્નાન કરીને તરતજ તેવિષે મારા મિત્રની સલાહ લેવા જાઉં."

"કૃપાળુ સાહેબ, એ વિષે કાંઈ છુપી ગોઠવણ નહીં થાય?"—આ શબ્દો કેહેતી વખતે હૉટલકીપરનું મહોઢું ઘણુંજ દયા ઉપજાવનારૂં થયું હોતું.

"હું હિંમતથી કહી શકું છું"—**મેકેરે** અધીરાઇથી જવાબ દીધો—"કે ગોઠવણ કેમ કરવી તે ન્યાયાધિશને વધારે સારૂં આવડશે."

"સાહેબ, મારૂં ઘર, બાર અને સઘળું નાશ પામશે."

"ગમે તે થાય પણ મારાથી કાંઈ એટલી રકમ જવા દેવાય નહીં."

"ત્યારે શું એનો બીજો કોઈ નિવેડો નહીં આવે—હૉટલકીપર પોતાના પરોણાના ચહેરા તરફ ટાંકીને જોતો બોલ્યો."

"ત્યારે સાંભળો"—**મેકેરે** કહ્યું—"મેં ૨૩૫ પાઉન્ડની નોટો ખોઈ છે અને તમારી વાત

તથા મુખાકૃતિ ઉપરથી તમે નિર્દોષ તથા પ્રમાણિક દેખાઓછો. નહીં, અધીરા ન થાઓ, પૂરૂં સાંભળો. અને બીજું એ કે મારી એવી મરજી નથી કે તમને દુઃખ દઉં. અથવા તો તમારા ઘરબારનો નાશ કરૂં. હું ઘણો માયાળુ અને ઉદાર સ્વભાવવાળો છું." (આ સમયે હૉટલ-કીપરના ચેહરાપર સહજ આશાનો ચળકાટ આવ્યો) હું ગમે એટલો માયાળુ માણસ છું.—**મેકેરે** આગળ ચલાવ્યું—"તોપણ મારાથી કંઈ એટલી મોટી રકમ ખોઈ બેશી રહેવાય નહીં. બસ, મને માત્ર બસોજ પાઉન્ડ આપો, અને એ વિષે એક શબ્દ પણ આજ પછી મારા મોંઢા-માંથી નીકળશે નહીં. હું દયાળુ હોવાને લીધે તમારા જેવા પ્રમાણિક માણસને તેના મોટા કુટુંબ સહિત દુઃખી કરવા ચહાતો નથી."

"ઠીક મારે કબુલ છે" એમ કહી થોડી વારમાં હૉટલકીપરે તેના કહ્યા પ્રમાણેની રકમ **મેકેર**ના હાથમાં મોટા નિશ્વાસ સહિત મૂકી.

"તમે મારા વચનપર ભરોસો રાખજો."—**મેકેર,** ઇંગ્લન્ડમાં પોતાની લૂચ્ચાઈના પેહેલ વેહેલાં મીઠાં ફળ ચાખી, અંદરથી મગ્ન થતો નોટો ગણી બોલ્યો—"મારૂં વચન એક લખતની બરોબર છે. અને મારૂં લખત તો એક સરાફની હુંડી બરોબર છે."

"અને હું પણ હમણા જઇને મારા ચાકરને ચૂપ રહેવા કહીશ"—એમ કહી હૉટલકીપર સલામ કરી જતો રહ્યો.

આશરે ૧૦ મિનિટ વ્યતીત થઈ અને હૉટલકીપર હાંફલો ફાંફલો થઈ દોડતો દોડતો **મેકેર** આગળ ઉપર આવ્યો. બિચારો પરસેવાથી નાહી ગયો હતો.

"સાહેબ મારૂં સઘળું પડી ભાગ્યું, હું હવે નાશ પામ્યો"—"હૉટલનો ધણી ઘણાજ થાક અને ઉસ્કેરાટથી એક કુરશીપર બેઠો."

"વળી શું થયું"—**મેકેરે** અધીરાઇથી પૂછયું—"આ શું ઢોંગ માંડ્યા"?

"મારી પોતાની ત્રીજોરી કોઈએ—

"કોઈએ શું કીધું સત્વર બોલો"—મેકેરે પુછયું.

"કોઈએ ભાંગી નાંખી અને તેમાંથી પાઉંન્ડ ૪૦૦ જતા રહ્યા છે"—હૉટલ કીપરે ઉત્તર દીધો.

"મશ્કરી બશ્કરી માંડી છે કે શું?"—**મેકેર** નચિંતાઇથી બોલ્યો—"ત્યારે મને પૈસા લાવી આપ્યા તે કયાંથી આવ્યા?"

"સાહેબ એ નોટો તો મારા વકરાના ખાણામાંથી લાવ્યો હતો"—હૉટલના ધણીએ મંદ અવાજે કહ્યું—મારી મતિ મુંઝાઈ ગઈ છે સુઝ નથી પડતી કે ચોરીનો વાંક કોના ઉપર મૂકવો. ચોરી પકડવી હોય તોપણ તે છુપાછુપ પકડવી જોઈએ, નહીં તો મારી હૉટલ અને તેસાથે મારા પણ ભૂંડા હાલ થશે.

"ખરેખર એ તો મને પણ વિચિત્ર લાગેછે"—**મેકેરે** બે દરકારીથી કહ્યું. "તમે કહો તો હું જઈને એ વાત મારા મિત્ર **પૉક્લિંગટન**ને કહું અને તેની સલાહ લઈએ. જેથી તમને અને મને પણ લાભ થાય. જો કહો તો પાધરો પોલીસનેજ ચેતાવું અને—

"ના સાહેબ હું હવે તદનજ ગભરાઈ ગયો છું અને શું યુક્તિ કરવી તેની ગમ પડતી નથી."

"જેમ બને તેમ ધીમે વાત કરો, કારણ કે જો આ વાત લોકસમૂહમાં પ્રસિદ્ધ થશે તો તમારા અને તમારી હૉટલના બારજ વાગ્યા જાણવા." મેકેરે સમજાવ્યું.

આ વાત હાટલકીપરને રૂચી. અને તેના ધ્યાનમાં આવ્યું કે મૌન્ય રહેવા સિવાય બીજો કાંઈ ઉપાય નથી.

જ્યારે **મેકેર** અને **બરટ્રેંડ** મેજ ઉપર નાસ્તાને માટે ભેળા થયા ત્યારે **મેકેરે** કહ્યું—"ખાસો ૬૦૦ પાઉન્ડનો પ્રકાશિત લૂમખો તો માત્ર એકજ ઘરમાંથી હાથ લાગ્યો છે."

"અહાહા, મને અતિ આનંદ થાય છે"—**બરટ્રેંડે** ઉત્તર વાળ્યો—"પણ રાત્રે હૉટલ કી-પરની ત્રીજોરી તેં ખીલાથી ઉઘાડવા માંડી તે વખતે તારી તપખીરની ડાબલીનો જે ચીચીઆરી

પાડતો શબ્દ થયોછે અને તેથી જે ભય મારા હૃદયમાં પેઠો છે તે મારા ખોળીયામાં શ્વાસ છે ત્યાંસુધી ભૂલનાર નથી."

"એ વાત પડતી મૂક **બરટ્રેંડ**. એ શબ્દ થકી તારે લેશ માત્ર પણ બીહવું નહીં."

"નહીં- **બરટ્રેંડે** કહ્યું—"તારી ડાબલીના અવાજથી મને એક ચોકસ અને ભયંકર બનાવનું સ્મરણ થઈ આવેછે અને"—જરા વાર **બરટ્રેંડે** થોભીને ફરીથી આગળ ચલાવ્યું—"જ્યારથી આપણે એક બીજાના ઓળખીતા થયા ત્યારથી આપણે ઘણાંએ સાહસ કર્મો કર્યાં છે અને—

"પણ જે દિવસે તારી મારી સાથે ઓળખાણ થઈ તે દિવસ ખરે તારે માટે ઘણો ભાગ્યશાળી હતો"—**મેકેર** વચ્ચમાં બોલી ઉઠયો—"કેમકે તું સંપૂર્ણ રીતે જાણેછે કે જે સમયે તું મારો સાથી થયો, તે વખતે તું કેવો ચીથરે હાલ અને કંગાળ હતો. પણ તે દિવસને આજ સાથે સરખાવતાં તારી નિઃશંક ખાતરી થશે કે મેં તને કેવો ધનાઢ્ય અને સુખ સંપન્ન કર્યો છે. અગાઉ તો તું **પેરીસના** મોહલે મોહલે ભટકતો, અને અન્ન વિના ભૂખે મરતો હતો. હમણા જો કે **લન્ડન** જેવા પ્રખ્યાત શેહેરની નામીચી હૉટલના ટેબલ ઉપર બેસી ભાત ભાતનાં ભોજનનો અહાર થઈ શકેછે. બોલ આથી બીજું શું ઉત્તમ છે?"

"પણ બિચારી મારી ઘરડી મા—

"છટ"—**મેકેરે** વળી વચમાં કહ્યું—"ઘરડાઓની વાત વિષે તો ઉચ્ચારજ નહીં કર. એ શું ઉપયોગમાં આવે તેમ છે"?

"અરે પણ તે કેવી માયાળુ અને દયાશીળ છે"—**બરટ્રેંડે** કહ્યું—"જ્યારે જ્યારે મને જમવાનું ન મળતું ત્યારે ત્યારે તે બિચારી ભૂખે મરી પોતાનું ભોજન મને આપતી. મને જ્યારે પણ થોડાક પૈસા પ્રાપ્ત થતા ત્યારે તે હું દુષ્ટ માણસોના સંગમાં ખોઈ બેસ્તો, જોકે તે વખતે મને ખબર હતી કે મારી વહાલી માના ભોજન અર્થે એક પાઈ સરખું પણ તેની પાસે નથી. ખરે **મેકેર** આ સઘળી બાબતો યાદ આવતાં મારૂ રૂધિર ઉકળી આવેછે અને ઘણા શોકાતુર તથા ખેદકારક વિચારો મારા મનમાં પ્રવેશ કરેછે. જો કે મારી દુષ્ટતાનો પારજ ન હતો તોપણ મારી પ્રિય મા મારે માટે પોતાનો ધર્મ સમજી ઘણીજ આતુરતાથી વાટ જોતી બેસતી. મને તો યોગ્ય છે કે આવી ચડતી સ્થિતિમાં મારી માની સંભાળ—

"એ તારી વાતો અત્યંત મૂર્ખતા ભરેલી છે **બરટ્રેંડ**, નકામો તારા હૈડાને એવા ખોટા શોકજનક, અને ફળરહિત વિચારોથી દુઃખી નહીં કર. પણ જો, કે હવે આપણાં ભાગ્ય ઉદય થઈ કેવાં પ્રકાશે છે અને તેથીજ ગયા બનાવનું સ્મરણ કરી ખેદ કરવો તારે ઘટતો નથી."

એટલામાં બારણું ઉઘડયું અને મી૦ **પૉક્‌લિંગટન** અંદર આવ્યો.

"શેઠ તમારે માટે સઘળું તૈયાર છે, ઓરડા પણ સ્વચ્છ કરાવી રાખ્યા છે તેથી હવે ઘેર પધારો"—**પૉક્‌લિંગટન** બોલ્યો—"અને વધારે ખુશીની વાત તો એ છે કે આજે મારો એક પ્રિય સ્નેહી પણ બહાર ગામથી આવવાનો છે."

"ઠયો ત્યારે આપણે ચાકરોને હુકમ કરીએ કે પ્રવાસની પાકીટો તૈયાર કરે" **મેકેરે** કહ્યું.

"મારો મિત્ર જે આજે આવવાનો છે, તે **ફ્રાન્સમાં** ઘણું ફર્યો છે તેથી તે જરૂર તમારી સાથે મળતાવડો થઇ જશે. મારી ભત્રીજીને પણ તે ઠીક ચાહેછે."

એ ઓરડાઓ ઘણા સારા અને સુશોભિત રાચરચીલાથી સણગારેલા આપણા માનવંતા પરોણાઓને માટે આ ધનાઢ્ય વ્યાપારીએ કાઢી આપ્યા.

છ વાગ્યાનો સમય થવા આવ્યો હતો. **મેકેર બરટ્રેંડ** અને **પૉક્‌લિંગટન** પોતાના કુટુંબ સહિત દીવાનખાનામાં બેઠા હતા. **પૉક્‌લિંગટનનો** મિત્ર હજી સુધી તો આવ્યો નહોતો. એક કોર ગપાટા ચાલી રહ્યા હતા અને બીજી કોર **મેકેર, મેરીયા** સાથે ખુશનુમા વાતોમાં ગુંતાયો હતો જેમાં બનતાં સુધી ઘણો મળતાવડો થતો જે **મેરીયાને** પણ મનોહર લાગતું.

અંતે દરવાજા આગળ ઉતાવળે પડતાં પગલાં સંભળાયાં અને ઘંટ પણ જોરથી વાગ્યો.

"શેઠ, મીસ્ટર **સ્ટેનમોર** આવ્યા છે"—ચાકરે આવીને કહ્યું અને **પૉક્‌લિંગટન** તેને સામો

ઉંબર સુધી મળવા ગયો. એટલામાં તો તે યુવાન અંગ્રેજ દાખલ થયો. પણ ઉંબરમાં પગ મૂકતાંજ ચોંક્યો, તેની મુખાકૃતિ ઉપર આશ્ચર્યનાં ચિન્હો સ્પષ્ટ દેખાતાં હતાં.

આ વેળા **મેકેર** તથા **બરટ્રેંડ**ની અચરતીનો પણ કાંઈ પાર રહ્યો નહીં. **બરટ્રેંડ** તો ટોંચથી તળેસુધી ધ્રૂજતો હતો. પણ **મેકેરે** પોતાનું મોઢું શાંત રાખ્યું હતું. આ સઘળાનું શું કારણ હશે? કાંઈજ નહીં માત્ર આ નવો આવનાર અંગ્રેજ તે હતો કે જેને **મેકેરે** તથા **બરટ્રેંડે** ટપાલની ગાડી લૂટતી વેળા પૈડા સાથે બાંધ્યો હતો.

"અહો! **સ્ટેનમોર**"—**પૉફ્લિંગટન** હસીને બોલ્યો—"કેમ કુશળ છો?"

"એ બધું પૂછો"—**સ્ટેનમોરે** હળવેથી **પૉફ્લિંગટન**ના કાનમાં કહ્યું—"કૃપા કરી આ બે જણ કોણ છે તે મને કહો."

"તેઓ મારા પરમ મિત્રો છે"—એમ કહી તરતજ **મેકેર** તરફ આંગળી કરી બોલ્યો—"આ તો મારા **પેરીસ**ના આડતીયાના મોટા ભાગીદાર છે.

"તમને તે બાબત પૂર્ણ ખાતરી છે?"—**સ્ટેનમોરે** આપણા હિંમતવાન **મેકેર** તથા હિચકારા **બરટ્રેંડ** તરફ દ્રષ્ટી કરી હળવેથી કહ્યું.

"હા મને પૂર્ણ ખાતરી છે, તેમાં તમારે લેશ ભાર પણ સંશય ન રાખવો"—**પૉફ્લિંગટને** કહ્યુ—"મી. **લિબ્યુ,** મને મહેરબાની કરી રજા આપો કે હું આ મારા વહાલા મિત્ર **ચાર્લસ સ્ટેનમોર** સાથે તમારી ઓળખાણ કરાવું." પછી તરતજ **બરટ્રેંડ** તરફ આંગળી કરી બોલ્યો—"**સ્ટેનમોર,** આ સાહેબનું નામ કાઉન્ટ **બરટ્રેંડી ડી બરટ્રેંડ** છે."

મેકેરે ત્રણ વાર નમીને સલામ કરી, પણ તે સાથે પોતાનો ચહેરો એવોં તો શાંત અને હસમુખો રાખતો કે **સ્ટેનમોર**ને સંશય આણવા જરા પણ તક મળતી નહીં.

"હું ધારૂં છું કે તમે **ફ્રાન્સ**માંથી હમણાજ ચાલ્યા આવો છો?"—**મેકેરે** વાત ઉપાડી.

"હા"—**સ્ટેનમોરે** પ્રતિઉત્તર દીધો—"મને રસ્તે આવતાં એક ભયંકર બનાવ બન્યો. મેં મારી પાસીજ કેલેસથી **પેરીસ** જતી મેલ ગાડીમાં લીધી હતી. અમે **એમીન્સ** શહેરથી થોડેક દૂર પુગ્યા એટલામાં બે લૂટારાઓએ અમારા ઉપર હુમલો કર્યો, અને ગાડીવાનને ઘાયલ કરી મેલ ગાડી લૂટવા માંડી. તેમાં મને તો એ લુચ્ચાઓએ પાધરો ગાડીના ચક્ર સાથેજ બાંધી મૂકયોઅને ત્યાર પછી મારા પ્રવાસના પોટલા તથા ટપાલના કોથળા, ચૂંથવા માંડ્યા. હું ખુશીથી કહું છું કે મારાં પ્રારબ્ધ પ્રબળ હતાં કે મારી પહેરેલી સોનાની સાંકળ તથા ઘડીઆળ તે નીચ ચોરોએ જોયાં નહીં."

"હું ધારૂંછું તેમ તેઓએ ઘણું નુકશાન કર્યું નહીં હોય?"—**મેકેરે** અજાણ્યા થઇ જઈ પૂછ્યું.

"ઘણુંજ"—**સ્ટેનમોરે** જવાબ દીધો—"જે હતું તે તો સર્વ તેઓ લઈ ગયા. અને મને પૈડા સાથેજ બાંધેલો રહેવા દઇ ચાલતા થયા. અંતે એક કલાક પછી એક ખેડુત ત્યાંથી જતો હતો તેણે મારી સ્થિતિ જોઈ, દયા ખાધી અને મારા પૈડારૂપી બંધનગ્રહથી મને મુક્ત કરયો મેં પણ તરતજ મારૂં પહેલું લક્ષ ઘાયલ થયેલા ગાડીવાળાપર આપ્યું. જે ઇશ્વર કૃપાથી ઘણા શ્રમ વગર શુદ્ધિમાં આવ્યો. આ સમયે પણ હું ભાગ્યશાળી હતો એમ કહું તો તે યથાસ્થિત છે કારણ કે અશ્વો સ્થિર થઇ ઉભા હતા, નહીં તો તમે આજ મને તમારી સનમુખ જોત નહીં. દરેક પળે કચરાઈ મરવાનો પૂર્ણ ભય રહેતો હતો."

"આવા એક નામીચા શેહેરમાં પણ ચોરોનો આટલો ઉપદ્રવ?"—**મેકેર** જાણે વિસ્મય થયો હોય તેવું મોઢું કરી બોલ્યો—"અને વળી આવા ધોરી રસ્તાપર, તેપણ ટપાલની ગાડી લૂંટવાની હિમ્મત કરી શકે એ કાંઇ જેવા તેવાનાં કામ નહીં."

"આપણે જે કાગળની સહાયતાથી આ ગ્રહમાં પ્રવેશ કરવા પામ્યા છીએ તે ઉપરથી સાફ માલમ પડેછે કે આ ઘરમાં માત્ર ૧૦ દિવસ આપણાથી નિરાંત અને નચિંતપણે રહી શકાશે, પણ હાલ તે સમય બદલાઈ ગયો છે"—**મેકેર** પોતાના સૂવાના ઓરડાનો દાદર

ચઢતાં **બરટ્રેંડ**ને કેહેવા લાગ્યો—"અને એટલામાં આપણે પરમેશ્વર કરશે તો **પૉક્લિંટન**ને ખર્ચે શ્રીમંત પણ થઈ શકશું. બીજું એ કે આજે એક છૂપો અને અગત્યનો પત્ર મારે હાથ આવ્યોછે જેનો ખુલાસો કોઈ પ્રસંગ અનુસાર તારી આગળ કહીશ"—**મેકેર** બોલ્યો—"હવે સુખેથી ઉંઘી જા."

"એ છૂપો કાગળ કોનો હશે,? **મેકેર**ના હાથમાં કેમ આવ્યો, તેમાં શું લખેલું હશે,? તેનો ખુલાસો **મેકેર** બીજી કોઈ વાર કરવા કહેછે પણ મારાથી તે ધીરજ કેમ રહેશે?"— આ પ્રમાણે સ્વગત બોલતો **બરટ્રેંડ** પણ પોતાના ઓરડામાં પેઠો.

પ્રકરણ—૪.

નાચની બેઠક.

૧૬૫૦

કાંઈ પણ અગત્યના બનાવ વગર કેટલાક દિવસ વહી ગયા. આ આપણા નામાંકિત પરોણાઓની સંગતથી મી૦ **પૉક્લિંગટન** એટલો તો મગ્ન થયો કે તેણે પોતાના સગાં સ્નેહીઓને એક નાચની બેઠકે બોલાવ્યા. તે પ્રસંગે પધારવાને આમંત્રણની ચીઠીઓ વહેંચવામાં આવી જ્યારથી બરોબર ત્રીજે દિવસે તે હર્ષનો દહાડો આવતો હતો. વખતનો આ નહાનો ગાળો પાણીના રેલાની પેઠે વહી ગયો અને અંતે નિર્ણય કરેલી સાંઝ પણ આવી પુગી. મી. **પૉક્લિંગટન** અને તેના બેઉ પરોણાઓ પોતપોતાના ઓરડામાં આ ધામધુમને અનુસરતાં વસ્ત્રો પેહેરવા ગયા. થોડીક વારમાં તો ઘણા મૂલ્યવાન શોભિતા તથા તરેહવાર અતરોની સુગંધથી તમતમતાં વસ્ત્રો પેહેરી તેઓ અંદર આવ્યા.

"કેમ તમેં કાંઈ ભાગ લેતા નથી"—મી૦ **પૉક્લિંગટને બરટ્રેંડ**ને પૂછયું જે પોતાના અતિ શોભિતા વસ્ત્રોથી લજાતો ખૂણે ભરાતો હતો—"તમારે તો જરૂર નાચવું પડશે. **લિબ્યુ** શેઠ તો માત્ર મારી ભત્રીજી **મેરિઆ**ને માટે ખોટી છે જેના આવ્યાથી તેપણ નાચનો આરંભ કરશે."

"હું ઘણી ખુશી સાથે ભાગ લેત"—**બરટ્રેંડે** કહ્યું—"પણ–પણ એટલુંજ કે હાજર થયેલી સ્ત્રીઓમાંથી મારે કોઈ સાથે ઓળખાણ નથી."

"બસ, એટલુંજ કે?"—**પૉક્લિંગટને** ઉત્તર દીધો અને તેનો હાથ પકડી જ્યાં સ્ત્રીઓનું ટોળું ઉભું હતું ત્યાં લઈ ગયો.

"**મિસ મિન્ટર**"—**પૉક્લિંગટન** ઓળખાણ કરાવવા બેઠો—"આ મારા મિત્ર **કાઉન્ટ બરટ્રેંડ** છે"—આમ ઓળખાણ કરાવી **પૉક્લિંગટન** બીજા ઓરડામાં જતો રહ્યો.

બરટ્રેંડે મિસ મિન્ટરની બાજુમાં પોતાની જગ્યા લીધી. આવી ભોંઠપ તેને પોતાની જીંદગીમાં લાગી નહોતી. ખુરસીમાં બેઠાં બેઠાં એક ટાંટીઓ વાંકો તો બીજો ચૂંકો, પરસેવાના તો રેલાજ ચાલ્યા, ગભરાટમાં મોઢું પણ અર્ધ ઉઘાડું રહી ગયું હતું તેને ખબર ન પડી કે શું વાત ને શું ચીત, શું કરવું કે કહેવું. પોતાના જન્મ પછી જો નાચની બેઠકમાં તેનું આગમન થયું હોય તો આ પહેલીજ વાર હતું, વાત કરતાં પણ તેને કમકમાટી છૂટતી હતી.

મિસ મિન્ટરના પણ આ વાત ધ્યાન બહાર નહોતી, પણ એક કાઉન્ટ જેવા માણસને પોતાના નાચનો સાથી કરવામાં એ બાઈ માન સમજતી હતી તેથી તેણે સરમાયા વગર **બરટ્રેંડ**નો હાથ પકડયો, અને નાચના ઓરડામાં ચાલી.

"અરરરર"—**બરટ્રેંડે** ચાલતાં ચાલતાં બાજુમાં ઉભેલી એક આરસીમાં પોતાનું સુકેલ સોટા જેવું શરીર જોયું.

"શું? તમારા શરીરે નિરાંત નથી. તમે કોઈ વાર નાચની સભામાં આવ્યા છો?"

આ પ્રશ્નથી **બરટ્રેંડ** ઘણો મૂંઝાયો અને બોલ્યો—"હું ઘણો દલગીર છું કે આ ઓરડામાં ગરમી—

"અરે લેશ પણ નથી. હું ખાતરીથી કહુંછું કે આજે તો ચંડક છે"—**મિસ મિન્ટરે** ઉત્તર વાળ્યો—"પણ શું તમે લન્ડનમાં નવા સવાજ આવ્યા છો?

આ વખતે **મેરીયા** પણ ઓરડામાં આવી પૂગી. તેણે સફેદ સાટીનનો પણ સોનેરી કસબથી ગુંથેલો શણગાર પેહેર્યો હતો. જેમ મોગરાના ફૂલની એક પાંખડી ઘાસના ખેતર ઉપર શબ્દ કર્યા વગરજ પવનના વેગથી ઉડે, તેમ **મેરીયા** ઉતાવળે પણ હલકે પગે ભારે મરોડથી ચાલી આવતી હતી. ગોળ ઢળતા ખભા ઉપર સોનેરી રેશમ સરખા કેશનાં ગુચ્છળાં ઝુલી રહ્યાં હતાં, જેમાં ખીલેલા ગુલબનાં ફૂલો જાણે તેના ગાલથી શરમાતાં હોય તેમ અળઘાં સંતાઇ રહ્યાં હતાં. તેના અપ્સરા સમાન રૂપને શોભે તેવો મોતીનો હાર પણ ગળામાં ઝુલતો હતો. એકજ પળમાં **મેકેર** પણ તેની બાજુએ આવી ઉભો. આ લુચ્ચા ફ્રેંચમેનની સંગતથી મગ્ન થતી હસતાં હસતાં મોતી સરખા દાંતની બે હારો દેખાડતી હતી.

આ વખતે એક બીજો યુવાન પુરૂષ ઉંચા કુળનો અને સુંદર દેખાવનો સામેના ખુણામાં ઉભો હતો. જ્યારે તેણે **મેરીયા**ની બાજુમાં **મેકેર**ને દીઠો ત્યારે તેની ઝનુની લાગણીઓ તેના મુખકમળ ઉપર ફૂટી નીકળી, તેણે પોતાના દંત કચકચાવ્યા, મૂઠીઓ જોરમાં વાળી અને ક્રોધાવેશમાં ગાલપરનો રંગ પણ દર પળે જતો રહેવા લાગ્યો.

આ ઉપરથી સુજ્ઞ વાંચનાર તરત જાણશે કે તે પુરૂષને પણ **મેરીઆ** વિષે પ્રીતિ ભાવ હતો અને તે ભાવ રાખનાર કોઇજ નહીં પણ **ચાર્લસ સ્ટેનમોર** હતો.

નાચનો આરંભ થઈ ચૂકયો, રાત્ર પણ આવી પહોંચી અને **પૉર્ફલિંગટને** પોતાની ભત્રીજી **મેરીઆને** વાદિત્ર વગાડવા કહ્યું; જે તેણે ઘણા માન સહિત અંગીકાર રાખ્યું.

ખરેજ તેના પરીસમાન રૂપ અને કોમળ વાંસળીના શબ્દ જેવા અવાજથી **મેકેર** પણ એક વાર ખરેખરો તેના પ્યારમાં આશક્ત થયો.

આ વખતે **સ્ટેનમોર** થોડેક દૂર એક ટેબલ ઉપર કોણી ટેકીને ઉભાં ઉભાં **મેરીઆ** તરફ એક ચકોરની પેઠે જોયા કરતો હતો. તેનો અપાર જુસ્સો તેણે માંડ માંડ થોભ્યો. જરૂર તે તેની પાસે દોડી જાત. તેને પોતાની બાથમાં ભીડત તેના પગ આગળ ઘૂંટણ વડીએ પડત. અને જે સતરંગી ઉપર તે ઉભી હતી તે સતરંગીનું ચૂંબન કરવા તે માન સમજત પણ અફસોસ કે તેની બાજુમાં તેનો કટો વેરી તથા પ્રતિપક્ષી **મેકેર** ઉભો હતો.

ફરીથી નાચ ઘણા જુસ્સામાં આસરે એક કલાક ચાલ્યા પછી રાતનું ભોજન પીરસવામાં આવ્યું. નવ વાગ્યા હશે ત્યારે ચાકરે આવી **મેરીઆ**ના હાથમાં એક પત્ર મૂકયો. અક્ષર જોતાંજ તેનો ચેહેરો શોકાતુર થઇ ગયો અને બોલી—"તારી વ્યર્થ આશા તું મુકી દે."

પ્રકરણ—પ.

નહાવાના ઓરડામાં બરટ્રેંડ.

બીજે દિવસે પહોર ફાટતાં **બરટ્રેંડ** નાસ્તાને માટે દાદર પરથી ઉતરતો હતો તેવામાં તેણે વેપારીની સ્ત્રીના ઓરડાનું બારણું ઉઘાડું પડેલું દીઠું. પોતાની જીજ્ઞાસા તૃપ્ત કરવાને તેણે પોતાનું ડોકું અંદર ઘાલ્યું અને તરતજ તેનાં નેત્રો હર્ષથી પ્રફુલ્લિત થયાં.

એવી તે કઈ વસ્તુ હશે કે જેથી તેને આટલો હર્ષ પ્રાપ્ત થયો. માત્ર ટેબલ ઉપર પડેલી ઘરેણાની ઉઘાડી પેટી તેની દ્રષ્ટીએ પડી જેથીજ તેની ચક્ષુઓ આનંદનાં કિરણો ફેંકતી હતી.

તેણે પોતાની આંખો ઘણીજ આતુરતાથી આસપાસ ફેરવી કે કોઈ અંદર તો નથી. જોખમ ઘણું હતું પણ તે ચીજો જોખમ ખેડવા જેવીજ હતી. **બરટ્રેંડ** વધારે વખત વિચાર કર્યા વગરજ પાધરો ઓરડામાં પેઠો, અને ઘરેણાંઓ ઠેકાણે પાડવા માંડ્યાં, આ વખતે ભોગ જોગે દાદરપર પગલાનો શબ્દ સંભળાયો. **બરટ્રેંડ** તરતજ ચોંકયો, અને કાન દઈ સાંભળ્યું, તેની ખાતરી થઇ કે કોઇ આવેછે ખરૂં. હવે શું કરવું? ફરીથી તેણે એક વાર ઓરડામાં દ્રષ્ટિ ફેરવી કે કયાંય લાગ છે? તેનો પહેલો વિચાર તો બિછાના તળે ભરાઈ રહેવાનો થયો પણ એટલામાં સામે નહાવાનો ઓરડો ઉઘાડો પડેલો તેણે જોયો. આંહી **પૉર્ફલિંગટન**ની

સ્ત્રી પોતાનાં મેલાં કપડાં રાખતી હતી. જરા પણ ખોટી થયા વગર **બરટ્રેંડ** આ ઓરડામાં પેઠો, અને ધાસ્તી અને ગભરાટને વસ થઇ સામેના ખૂણામાં પડેલા મેલા કપડાના ઢગલા વાંસે સંતાયો, પણ તેમ કરતાં પોતાના બૂટ સહજ દેખીતા રહી ગયા.

એકે, બે, ત્રણ પળમાં તો **પૉકલિંગટન**ની સ્ત્રી અને તેની દાસી **ચારલોટ** પણ માથાના કેશ ગુંથાવાની ધારણાથી તેજ નહાવાના ઓરડામાં પેઠાં અને અંદરથી બારણું બંધ કીધું.

"બાઈ ક્ષમા માગું છું"—**ચારલોટ** દાસીએ કહ્યું—"મેં આજે ઓરડો સાફ કીધો નથી. આજે સહજ કામનો પ્રસંગ વિશેષ હતો."

આ વખતે **મેકેર** પોતાના ઓરડામાંથી નીચે ઉતરતો હતો. જતાં જતાં તેણે દાદરપર તપખીર સુંઘવામાટે પોતાની તપખીરની ડાબલી ઉઘાડી, જેના તિક્ષણ અને ચીચીઆરી પડતા શબ્દોથી **બરટ્રેંડ**નું શરીર કમકમવા લાગ્યું.

"**ચારલોટ**, તને કાંઈ અવાજ સંભળાયો?"—મિસિસ **પૉકલિંગટને** પૂછ્યું.

"નહીં બાઈ, એ તો શેઠ **લિબ્યુ** નાસ્તાને માટે નીચે ઉતરતા હતા. તેમને આજે સહજ મોડું થયું છે, અને હું ધારૂંછું કે કાઉન્ટ **બરટ્રેંડ** તો હજી બીછાનામાંજ હશે.

"એ તો વાસ્તવિક છે"—શેઠાણી બોલી—"કે ગઈ રાત્રના નાચના શ્રમથી ઉંઘ વધારે આવે, પણ તેં બીજું કાંઈ ધ્યાન રાખ્યું? આપણા **કાઉન્ટ** રાત્રે કેવા લાગતા હતા?

"બાઈસાહેબ જો ખરૂં પૂછોની. તો એનું બેસી ગયેલું ડાચું તથા પાતળું લાંબું અણીઆળું મોઢું પોતાના ઉમરાવપણાને લજાવતું હતું. હજી ગઈ કાલેજ **જૉન**ને હું કહેતી હતી કે કાઉન્ટને દરરોજ ઘણી તીવ્ર ભૂખ લાગેછે.

"પછી તેણે શું ઉત્તર દીધો"—શેઠાણીએ પૂછ્યું.

"બાઈ ક્ષમા કરજો, તેણે તો કાઉન્ટને ભૂખની બારસની ઉપમા આપી, અને તેમાં મને તો તે એવો લાગેછે કે જાણે કાષ્ટના થંભને માણસનાં કપડાં પહેરાવી ઉભો કીધો કેમ હોય?"

"પણ માથામાં કંઈ શ્વેત કેશ દેખાયછે"—શેઠાણીએ પૂછ્યું.

"નહીં બાઈ."

"ઘણુંજ સારૂં"—**બરટ્રેંડે** વિચાર કીધો—"નહીં તો વળી બાલ વિણાવવા અધિક વખત બેસી રહેત. આંહીં છૂપી વાતો સાંભળવાની તો ઘણી મઝા પડેછે, પણ પરમેશ્વર કરેને આંહીં કપડાં ઉચકવા ન આવે તો સારૂં."

"આપણો **લિબ્યુ** શેઠ **મેરિઆ**ને ઘણા હેતપૂર્વક ચાહેછે"—દાસીએ વાત ચલાવી.

હા, "મારી **મેરિઆ** અને **લિબ્યુ** શેઠની સારી જોડ. થશે"—વ્યાપારીની સ્ત્રી બોલી—"અને વળી એ તો **પેરિસ**ના એક ધનાઢ્ય વેપારીનો ભાગીયો છે."

"અને બિચારો **સ્ટેનમોર**"—દાસીએ પૂછ્યું.

"કાં, હું નથી ધારતી કે **મેરીઆ**ને તેને વિષે પ્રીતિ હોય, પણ **લિબ્યુ**ની વાત તેને મન ગમતી લાગેછે. હવે બાલ ગુંથાઈ રહ્યા છે તો મારી સવારની પેહેરવાની ટોપી લઇ આવ તું હમણાં હમણાં કામ ઠીક ઉમંગથી કરેછે, તેથી કાલે તને મોઢું ધોવાની આ મેળવણીની શીશી પણ આપીશ. એની સુગંધ એવી તો મીઠી છે કે ગઇ રાત્રે હું મોઢે લગાડીને સૂતી હતી. અને સવારના ઉઠી ત્યારે મારૂં મોઢું સઘળું માંખીઓથી ભરાઈ ગયું હતું એટલુંજ નહીં પણ એક મોટો ભમરો પણ મારા નાક આગળ ગણગણતો હતો."

આ વખતે દાસી ટોપી લેવાને આગળ ચાલી, જેનાં પગલાં સાંભળી **બરટ્રેંડ**ના તો હાંજાજ ગગળી ગયાં, અને જેમ ભયંકર રૂપવાળા રાક્ષસોના સમૂહથી ઘેરાયેલો પુરૂષ કંપે તેમ **બરટ્રેંડ** બિચારો માથાથી પગવેર ધ્રુજવા લાગ્યો. પકડાઈ જવાનું દર પળે સંભવિત હતું.

ખૂંટીએ ટાંગેલી ટોપી લેવા દાસીએ જેવો બીજો પગલો ભર્યો કે ભોગ જોગે તે પગલો **બરટ્રેંડના** બૂટવાળા પગ ઉપર પડ્યો. દુર્ભાગ્યે બિચારાને તે પગે એક મોટી નીક પડેલી હતી. વેદના તો અપાર થઇ પણ કહેવું કોને? મનમાંજ સમસમી બેશી રહ્યો.

"બાઈ, એ તે કેમ થયું હશે? "આજે શેઠ પોતાના બૂટ આહીંજ વિસરી ગયા લાગેછે."

"હશે, એઓ હમેંશથી સેજ વિસરાળુ છે"—શેઠાણીએ કહ્યું—"તરત વેળા તે બૂટો ઓરડાની બહાર કાઢ પછી શેઠને પોતાંની ભૂલ ખબર પડશે."

દાસી બિચારી પોતાની શેઠાણીની આજ્ઞા માથે ચડાવી નમી અને બૂંટ ઉપરનો કપડાનો ઢગલો સેહેજ ઉપાડી ઉંચો કર્યો તો બુંટ અને કાળી ઇજારના પાયચા નજરે પડ્યા. પાયચો ઉંચો કરી જોયો તો માંહે ટાંટીઓ. આ જોઇ દાસી ઘણી ભયભિત થઈ અને ઘણીજ વેદનામાં એક તિક્ષણ ચીસ પાડતી ઓરડાની બહાર નાઠી.

"કેમ શું છે, **ચારલોટ**"—**પૉક્લિંગટન**ની સ્ત્રીએ મોહોટે અવાજે પૂછ્યું.

"**ચોર**"—એમ બોલતી ચાકરડી દડદડ દાદર ઉતરી ગઈ.

"અરે મારા ઇશ્વર"—શેઠાણીએ પણ બૂમ પાડી અને તરતજ દાસીની પૂંઠેજ ધ્રુજતે પગલે બહાર દોડી આવી.

બરટ્રેંડના ભાગ્ય હવે ઉદય થયાં ખરાં તેને તો આટલુંજ જોતું હતું. લાગલો ઉઠીને તે સામે આવેલા પોતાના ઓરડામાં દોડયો ગયો અને વરતાઈ ન આવે માટે પોતાની કાળી પાટલૂન ઉતારી ધોળી પહેરી લીધી. જેવાંજ મી૦ **પૉક્લિંગટન, મેકેર, જૉન** રસોયો, મિસિસ **પૉક્લિંગટન,** દાસી વિગેરે ચોરની શોધ અર્થે ઉપર ચઢયાં તેવાંજ આપણા **બરટ્રેંડ** ભાઈ પણ, આંખો ચોળતાં હમણાંજ ઉઠયા હોય તેમ પોતાના ઓરડામાંથી ધીમે રહી બહાર આવ્યા, અને જાણે કાંઈ જાણતાજ ન હોય તેમ તેઓની સાથે સહાય કરવામાં ભેળાઈ ગયા.

"શેઠ, મેં પોતે જોયું કે બૂટમાં પગ અને તે ઉપર કાળી પાટલૂન પહેરેલી હતી"—દાસી સમ ખાવા લાગી.

"ત્યારે તો એ ચોરને હું પકડી પાડીશ"—એમ કહી **પૉક્લિંગટન** ચાલીમાંથી પસાર થતાં એક મોટું ઝાડું પડયું હતું, તે ઉચકી લઈ હથિઆર બંધ થયો. **જૉન** ચાકર તો નીચેથી એક મોટી પારાઈ લેતો આવ્યો હતો. લાગ જોઈ **મેકેર**નો જુસ્સો નરમ પાડવા, **બરટ્રેંડે** આ સઘળા ગભરાટનું કારણ હું છું એમ ધીમેથી જણાવી દીધું. **મી૦ પૉક્લિંગટને** સ્થિર હાથે ઓરડાનો દ્વાર ઉઘાડયો, અને એક ભાલાનીપેઠે પોતાના ઝાડુની લાંબી દાંડી આગળ ધરી.

"કાંઈ નથી"—**પૉક્લિંગટને** કહ્યું—એ તો દાસીએ ખોટી બૂમ ઉડાવી લાગેછે.

"શું ત્યારે હું ખોટું બોલી, નહિ, એમ કેમ થાય, હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે મેં મારી આંખે બૂટની જોડી પડેલી જોઇ છે".

"ખરે એ ઘણું આશ્ચર્યકારક છે—**મેકેરે** પણ ટાપસી પૂરી દીધી."

"અલબત ઘણું"—**બરટ્રેંડ** ભાઈ બોલ્યા.

મી. પૉક્લિંગટન હવે પોતાની ઓફીસમાં ગયો, અને શેઠાણી તથા દાસી આ ઉપલા બનાવ ઉપર વાતો કરતાં તેજ ઓરડામાં બેઠાં, જ્યારે **મેકેર** અને તેનો સાથી નાસ્તાનેમાટે નીચે ઉતર્યા અને જૉન રસોયો રાંધણીઆમાં ગયો.

પ્રિય વાંચનાર, આ વખતે **મેરિઆ લિસ્લિ** શું કરતી હતી તે તો જરા જોઇએ. તે બિચારી પોતાના ઓરડામાં કપાળે હાથ દઇને બેઠી હતી, પાસેના ટેબલપર એક પત્ર ઉઘાડો પડયો હતો, આંખો અશ્રુથી ભીંજાયેલી લાગતી હતી, એટલુંજ નહીં પણ ગાલઉપર પણ રેલાના ડાઘ પડ્યા હતા. સવારનાંજ કપડાં પેહેરેલાં હોવાને લીધે તેની નાજુક છાતી વસ્ત્રોથી માત્ર અરધીજ ઢાંકેલી રહી હતી જે વારંવાર મૂકાતા નિશ્વાસથી ઉંચી નીચી થવા લાગી, તેના પરવાળા સમ હોઠો પણ ઉઘાડા રહી ગયા હતા જેમાંથી સરખા અને ઉજ્વળ દાંતોની બે હાર દૃષ્ટિએ પડતી હતી. એટલું છતાં પણ ચેહેરો હસ્તો હતો. આ સઘળાનું શું કારણ હશે? તેના કાકાએ તો તેને નહીં ખીજવી હોય? ના, તેમ ન હતું. ત્યારે તેને આટલી ચિંતા શાથી થતી હતી? શું તેને પોતાની પ્રિય માતુશ્રીનું મરણ સ્મરણ થઈ આવ્યું હશે? એ પણ

નહીં ત્યારે શું હતું? માત્ર **મેકેરના** પ્રતિપક્ષિ **સ્ટેનમોરનો** ઘણો દયા ઉપજાવનારો અને નમ્ર વચનોથી ભરેલો પત્ર નાચની બેઠકની સાંજના તેને મળ્યો હતો અને જે અત્યારે પણ ટેબલ ઉપર તેની સન્મુખ ઉઘાડચો પડચો હતો. આ કાગળમાં તેણે ઘણીજ નમ્રતાપૂર્વક કેટલાક કરગરતા શબ્દોથી પોતાના હૃદયનું ચિત્ર આપી પોતાનો તેના પ્રત્યે પ્રેમ દર્શાવ્યો હતો, જેથીજ માત્ર તેની આંખોમાંથી અશ્રુધારા વહી હતી. આ પ્રીતિ તેને રૂચીકર નહતી, કારણ કે તેજ વખતે તેને **મેકેરનો** પણ વિચાર આવતો જેની વાતચીતોથી તે ઘણીજ મગ્ન થતી. **મેકેરનું** ધ્યાન સરખું પણ પોતાપર ખેંચાએલું જોવાને તે પોતાના ભાગ્યની ઉત્તમતા માનતી. મધ્યાન્હકાળ થયો ત્યારે માત્ર **મેરીઆ** દિવાનખાનામાં આવી, જ્યાં **મેકેરના** નાનાપ્રકારના ગપાટાથી તેનું શોકયુક્ત હૈયું એકવાર ફરીને શોક રહિત થયું. બીજે દિવસે સવારના મી० **પૉફ્લિંગટન** વેહેલો ઉઠયો, અને દિવાનખાનાની બારી આગળ ખુરશી નાંખી બેઠો હતો એટલામાં તેને ગાડીના પૈડાનો ગગળાટ સંભળાયો. થોડી વારમાં તો તે વાહન દ્વારસમિપ પણ આવી પુંગું.

પ્રકરણ ૬ ઠું.

એક નવિન ઓળખાણ.

આ શોભિતી ગાડીમાંથી એક વૃદ્ધ માણસ નીચે ઉતર્યું, તેણે બલુ પાટલુન, કાળો ડગલો, અને ટોપી પેહેરી હતી. તેના હાથમાં ટેકાને અર્થે સોનેરી હાથાની એક લાકડી રહી ગઈ હતી. આ ઘરડા પુરૂષની વય આશરે સાઠેક વર્ષની હશે. જરા અવસ્થાને લીધે તેના કેશ પણ શ્વેત થયા હતા.

ગાડીવાળાને એક શિલીંગ આપી વિદાય કર્યો અને પછી મી० **પૉફ્લિંગટનના** ઘરને આ હશે કે નહીં એવા સંશયથી નિહાળી નિહાળી જોવા લાગ્યો. થોડીક મિનિટ રહીને તે દાદર ઉપર ચઢચો જ્યાં ચાકર પણ ઉભો હતો.

"સાહેબનું નામ શું?"—જૉન ચાકરે પૂછયું.

"શું? મારૂં નામ, મારૂં નામ"—"આ ગ્રહસ્થ અધીરાઈથી બોલ્યો"—મી० **પૉફ્લિંગટન** મને નામે ઓળખેછે પણ દેખાવે નહીં મારૂં નામ **રૂમફૉર્ડ** છે.

આ નામ લઈ ચાકર જતો રહ્યો, અને થોડીક પળમાં પાછો આવી તેણે **રૂમફૉર્ડને** અંદર આવવા કહ્યું. **પૉફ્લિંગટન** પણ આવેળા એકલોજ બેઠો હતો.

"ભલે પધાર્યા મી० **રૂમફૉર્ડ**"—**પૉફ્લિંગટન** હાથ લંબાવતો બોલ્યો—"તમારા આ પેહેલ વેહેલા દર્શનથી મને ઘણો આનંદ થયોછે. તમારો ભત્રિજો પણ તમારી પ્રસંશા કરતો હતો."

"અહા **ચાર્લસ સ્ટેનમોર** ઘણો સારો છોકરો છે"—**રૂમફૉર્ડ** કે જેને એક શબ્દ બે વાર બોલવાની ટેવ હતી તેણે કહ્યું—"મને પણ એજ મારા ભત્રિજાસંબંધી તમને ખાસ કાંઈ કહેવાનું છે. તમને એક ભત્રિજી પણ છે, નહીં વારૂ? અને હું ભૂલતો નહોઉં તો તેનું નામ પણ"—એમ કહી તેણે પોતાની ખુરશી સેજ સમિપમાં ખેંચી અને ધીમે સાદે બોલ્યો.—"**મેરીયા**" "હું ફ્રાન્સમાંથી ગઈ કાલેજ આવ્યો, અને મારા ભત્રિજાનું મૂખ ચિંતાને વશ થએલું જોઈ મેં તેને પૂછયું અને તેણે સઘળું મારી આગળ કહી દીધું. સંક્ષેપમાં તે તમારી ભત્રિજી **મેરીયાને** પોતાના પ્રાણ સમાન પ્રિતિથી ચાહેછે. હું તો માત્ર એ **ચાર્લસનો** કાકો થાઉંછું તોપણ એને માટે મારો વિચાર એવો ઉંચો છે કે આ જગતમાં એને કોઇપણ પ્રકારે ખુશી રાખવા હું મારો ધર્મ સમજું છું. આજે તમારી સાથેની મારી મુલાકાત વિષે તે બિચારાને કાંઈ ખબર નથી. આ આજના વિચારનું જે પરિણામ થાય તે પણ છુપું, અતિશે છુપું રાખવું જોઇએ મી० **પૉફ્લિંગટન.**"

"ઠીકછે, જો તમારી મરજી એમજ હોય તો"—વ્યાપારીએ પ્રતિ ઉત્તર દીધો.

"ત્યારે તો આપણે આ વિષય વિષે એક પગલું આગળ ભરીએ. તમે સંપૂર્ણ રીતે જાણોછો કે એ ઘણો ખરો મારે આધારે છે."

"એ વાત તો તેણે પણ મને કહી છે"—**પૉક્લિંગટન**ને કહ્યું—"ખરે, પાંચેક વર્ષ અગાઉ જ્યારથી **તેનો** વહાલો બાપ ઘણીજ આશ્ચર્ય કારક રીતે અદ્રશ્ય થઈ ગયો, **ત્યારથી** તેના કહેવા પ્રમાણે તેનું તમારા વગર બીજું કોઈપણ વાલી કે સગું રહ્યું નથી."

"તમારૂં કહેવું ખરૂં છે, અત્યંત ખરૂં છે"—મી૦ **રૂમફૉર્ડ** પોતાની વાત આગળ ચલાવી—"તમે જાણો છો કે **ચાર્લસ**નો પિતા ઘણો શ્રીમંત હતો, અને તે પૈસો વધારવાના હેતુથી તેણે **ફ્રાન્સ**ની દક્ષીણે પ્રવાસે જવાનો નિશ્ચય કીધો હતો. જે દિવસે પ્રવાસે જવા તે નીકળ્યો તે દહાડે **પેરીસ**માં હું તેની સાથેજ હતો. આહીંથી તેણે મુસાફરી એક ઘોડાઉપર આગળ ચલાવી અને ત્યાર પછી ન તેનું નામ કે ચિન્હ કશું અમારા જાણવામાં આવ્યું. **હાટલડી** એમબૉસીમાં પોતાનું ભોજન જમી તે ઉપડયો તે પાછો ફર્યોજ નહીં, ઈશ્વર જાણે તેનું શું થયું હશે?"

"આ મારા લધુ અને વહાલા ભ્રાતના આશ્ચર્ય કારક અદ્રશ્ય થવા પછી બિચારા **સ્ટેનમોર**ની સઘળી આશા, પૈસો, અને ટૂકમાં તેની સઘળી ધારણાઓ નિષ્ફળ ગઈ છે"—મી૦ **રૂમફૉર્ડ** આગળ ચલાવ્યું—"અને ત્યાર પછી આ યુવાન વયના પણ પિતા વગરના છોકરાની સંભાળ લેવી એ મારો ધર્મ થયો. તેણે પોતાની વિચિક્ષણ બુદ્ધિથી સારી પુંજી એકઠી કરી છે. મી૦ **પૉક્લિંગટન** તમે પણ સંપૂર્ણ રીતે જાણોછો કે એ છોકરાશિવાય મારો પણ બીજો વારસ નથી. હું ધારૂંછું તેમ **સ્ટેનમોર** તમારી ભત્રિજી **મેરીયા**ને માટે એક યોગ્ય વર ગણાશે. એને વર્ષે દહાડે ૩૦૦ પાઉન્ડની આવક છે."

"આ તમારી માંગણીથી હું પોતાને ઘણું માન સમજુંછું"—વ્યાપારીએ ઉત્તર વાળ્યો—"બસ જો માત્ર મારી ભત્રિજીને એ વાત ગલે ઉતરે તો મને કશી હરકત નથી. પણ હું ધારૂં છું કે એ વાત તેને રૂચીકર લાગશે નહીં, તોપણ સઘળું સમજાવીને હું મારી ભત્રિજીને પૂછીશ, અને જે પરિણામ આવશે તે બનતાંસુદ્દી વગર વિલંબે તમને નિવેદન કરીશ. કેમ સાહેબ જરા નાસ્તો લેશો"? એમ કહી **પૉક્લિંગટન** તેને પાસેના ઓરડામાં લઈ ગયો. જ્યાં **બરટ્રેંડ, મેકેર, મેરીયા** તથા **પૉક્લિંગટન**ની સ્ત્રી બેઠેલાં હતાં.

"તમો સાહેબ **પેરિસ**માંથી હમણાંજ આવ્યા દીસોછો"—**મેકેરે** વાત ઉઘાડી—"કાંઈ નવિન સમાચાર છે"?

"ના, ના, માત્ર વાત તો એટલીજ કે મારો ભત્રિજો **કેલેસ** જવા નીકળ્યો ત્યારે ટપાલગાડીમાં બેઠો હતો અને તે ગાડીને બે ચોરોએ લૂટી હતી."

"એ વાત તો તેણે પણ અમને કહી છે"—**મેકેરે** કહ્યું—"પણ તે માટે જરૂર કાંઈ ઉપાયો લેવામાં આવ્યા હશે."

સરકાર તથા શહેર સુધરાઇ ખાતા તરફથી એ ચોરોને પકડવાનું એક મોટું ઈનામ, ઘણુંજ મોટું ઇનામ છપાણું છે. એવું ધારવામાં આવેછે કે તેઓએ એક પુરૂષ અને તેના મિત્ર ઉપર શક આણ્યો છે અને મારા સાંભળ્યા પ્રમાણે એ બે ચોરો જેવા લૂચ્ચા અને દુષ્ટ માણસો આ પૃથ્વીની સપાટીઉપર નહીં હોય. તેઓનાં નામ **રૉબર્ટ મેકેર** અને **બરટ્રેંડ પીરી** છે.

"બીજાનું નામ **બરટ્રેંડ**!"—**મેકેર** એકદમ હસીને અને કોઇને સંશય ન આવે તે માટે બોલ્યો—"આહા કાઉન્ટ! આ નામ તો ભલું તમારા નામને સેજ મળતું નીકળ્યું."

"સાહેબજી હવે મને મોડું થયું છે, હા ઘણુંજ મોડું"—એમ કહી **રૂમફૉર્ડ** સઘળાઓને શેકહેંડ કરી જતો રહ્યો.

પ્રકરણ—૭.

મેરીયા અને મેકર.

આપણને સ્પષ્ટ રીતે પ્રતીત થાયછે કે મનુષ્યની પ્રેમવૃત્તિ જેવું **અચોકસ** આ **સૃષ્ટિ**માં બીજું થોડું હશે. એક ઉચા માણસને ઉચી સ્ત્રી કદાચજ મળેછે, **તેમ કદરૂપા પુરૂષને ઘણું કરી**

રૂપાળી સ્ત્રી પ્રાપ્ત થાયછે. બુદ્ધિવાનને મુર્ખ સ્ત્રી અને એક ચતુર સ્ત્રીને અભણ ભરથાર હાથ લાગેછે, નમ્ર, ચપળ અને સદ્દગુણી સ્ત્રી ઘણું કરી દુષ્ટ મનુષ્યો ઉપર પોતાનો પ્રેમ બાંધેછે. તેજ પ્રમાણે વ્યાપારીની ભત્રિજી **મેરીયા** પણ **મેકેર** વિષે અતિશે આશક્ત થઇ હતી.

ખરે, સ્ત્રી જાતનો પ્રેમ ન સમજાય તેવો છે. પ્રેમની લાગણીઓ જો એકવાર પૂર જોસમાં પ્રગટી તો તે ફરીથી કદી ક્ષીણ થતી નથી. તેમ તેનો વિચાર પણ એક સ્વપ્નની પેઠે દૂર થઇ શકતો નથી. તેની આશક્તિજ તેનું જીવતર થઇ પડેછે. પ્રેમની હાજરીઓ નજીવા બનાવથી જણાઈ આવેછે, તેની બોલવાની ઢબ તેનો ચેહેરો, હાલચાલ અને ટુંકામાં તેના શ્વાસોશ્વાસ પણ એ પ્રેમની હાજરી ખુલ્લી પાડેછે.

એક સાંજરે ભોજન વેળાએ **મેકેરે પૉક્લિંગટન**ને કહ્યું—"હવે આવતી કાલે અમે તમારી રજા લેશું, અમારા આવ્યા પછી તમારે ત્યાં ત્રણ અઠવાડીયા રહેવાનો વિચાર હતો અને તેટલો વખત પૂરો થયોછે."

"એટલી ઉતાવળ"—**મેરીયા** પ્રેમના આવેશમાં જલદીથી બોલી, અને તરતજ તેનો ચેહેરો ફીકો પડી ગયો જે માત્ર **મેકેરે**જ દીઠો.

વાતો કરતાં **મેકેરે** સહેજ જાણવા દીધું, કે પોતાનું રહેવાનું થોડા દિવસ લંબાવી શકાશે, આથી **મેરીયા**ના મુખકમળ ઉપર એકવાર ફરીને આનંદ પ્રકટી રહ્યો. **મેકેર** કોઇ પણ માણસનું મન તેના ચેહેરાપરથી વર્ત્તી શકતો, તેથીજ **મેરીઆ**ની પ્યાર ભરેલી લાગણીયો પણ તે સારી રીતે જાણતો હતો એટલુંજ નહીં પણ પેહેલેથીજ તેના આ નિર્દોષ પ્રેમને પોતાના પાપી કર્તુકોના વજ્ર તરીકે વાપરવાનો તેણે દ્રઢ નિશ્ચય કર્યો.

પૉક્લિંગટન અને તેની સ્ત્રી બંને જણ સુવા માટે ગયા. તે અગાઉ તેઓએ એક બીજાને કહ્યું—"કદાચ **લિબ્યુ**શેઠ **લન્ડન** છોડી જાય તે અગાઉ આપણી **મેરીયા**સાથે પરણવાની માંગણી કરશે."

બીજે દિવસે સવારના **પૉક્લિંગટન** ઉઠયો અને તરતજ આરીસમાં જઈ મી૦ **રૂમફૉર્ડ**ને નીચે પ્રમાણે લખવા બેઠોઃ—

વહાલા સાહેબ,

ગઇ કાલે મેં મારી ભત્રિજી મેરીઆને સમજાવી સર્વે કહ્યુ છે અને તેના બોલવા પ્રમાણે સ્પષ્ટ જણાય છે કે તે તમારી માન ભરેલી માંગણી સ્વીકારી શકતી નથી. જ્યાંસુધી એક જોડું પરસ્પર એક બીજાને ચાહે નહીં, ત્યાંસુધી તેઓને સુખની પ્રાપ્તિ થતી નથી, તે તમે જાણો છો.

આગષ્ટ ૨૯ મી ૧૮૩૪.

તમારો આજ્ઞાંકિત શેવક

લંપ્લે પૉક્લિંગટન.

જે વખતે **પૉક્લિંગટન** ઉપલી ચીઠી લખવામાં ગુંતાયો હતો તે વખતે **મેકેર** દિવાનખાનામાં ઉતાવળે પગલે ફર્યા કરતો હતો. તે મળસકું થતાં ઉઠયો હતો, અને તેનો ચેહેરો પણ હર્ષની નિશાનીઓથી ચળકતો રહી ગયો હતો, વારેઘડીએ તે ઉભો રહી પોતાની આકૃતિ દર્પણમાં જોતો અને ત્યારપછી પોતાની જીજ્ઞસા પૂર્ણ કરી કેમ હોય તેમ ફરીથી ઝડપમાં ચાલવા માંડતો. પાએક કલાક જતો રહ્યો અને એકાએક દરવાજો ઘણોજ ધીમેથી ઉઘડવા લાગ્યો. **મેરીયા** અંદર આવી. તેના ગાલો ફીકા પડી ગયા હતા અને તેના બલુ નેત્રો આંસુના ભારથી નમેલા હતા. જ્યારે તેણે દિવાનખાનામાં **મેકેર**ને જોયો ત્યારે તો તે ચોંકી. તેને જતા રેહેવાની ઇચ્છા થઈ, પણ નહી, તરતજ પોતાની લાગણીઓને આધીન થતાં તે આગળ દોડીને **મેકેર**ને હેતથી ભેટી.

"**ઑલબર્ટ, ઑલબર્ટ**"—**મેરીયા** બોલી—"હું મારી કાકી તથા કાકા આગળ શું મોઢું લઇને જઇશ."

"શાંત થા મારી વહાલી, તું ખાતરી રાખજે કે આપણા વચ્ચેના બનાવ વિષે તારા કાકાને કે કોઈને પણ ગમ પડશે નહીં. હું હિમ્મતથી કહુંછું કે તું એક માનવંતા માણસને ચાહેછે, અને હું પણ મારી વહાલી તુંને તેના બદલામાં ઓછું ચહાતો નથી. **મેરિઆ** તું નહીં ધારતી કે કોઇપણ પ્રકારે હું તને છેતરીશ; એવા ખોટા વિચારો તારા હૃદયમાંથી તત્કાળ દૂર કર, ટપકતાં અશ્રુઓ લુછી નાંખ, તારાં ડુસ્કાં થોભાવ અને મારા પ્રેમ માન અને વચન ઉપર ભરોસો રાખ."

"હા હું તેમજ કરૂંછું; નહીં, તેમ કરવુંજ પડશે."—**મેરિઆ** પોતાની શોકયુક્ત લાગણીઓ મહામહેનતે થોભાવી બોલી—"જ્યારે તમે મને ચહાછો ત્યારે મારા ખરા પ્રેમની કસોટી તરીકે આટલો મોટો ભોગ આપવા કેમ કહોછો? હું તમારી પ્રીતિપર આટલો વિશ્વાસ રાખુંછું ત્યારે શું તમારે મારા પ્રેમઉપર વિશ્વાસ ન રાખવો? અરે, હું આપણા લગ્નનો દિવસ જોવાને કેટલી ખુશી થઈશ."—**મેરિઆ** પોતાની આંખોમાં આંસુ લાવી બોલી—"તમારી સ્ત્રી ન થાઉં ત્યાંસુધી હું કશામાં સુખ અને સંતોષ માનીશ નહી. તમે એમ કહોછો કે હું દેવતાંઓની સમક્ષ તમારી સ્ત્રી થઈ ચૂકીછું? ત્યારે તેઓ **ઑલબર્ટ**, એજ પ્રમાણે સૃષ્ટિના મનુષ્યોની સમક્ષ પણ મને તમારી કરી લીઓ અને બીજું મારા વહાલા તમે યાદ રાખજો કે આપણા પરણ્યા પછી કાંઇ પણ ઠપકો—

"એવી ખોટી બીક તું મૂકી દે,"—**મેકેરે** કહ્યું—"ત્યાર પછી મારા મોઢામાંથી એક પણ ઠપકાનો શબ્દ નીકળશે નહીં. અને જે દહાડે તેં મને સુખી કીધો તે દિવસ હું કદી પણ ભૂલીશ નહીં. તારો વાંક તે હું મારોજ ગણીશ."

"આવા ધીરજ આપતાં શબ્દો તમે મારી આગળ બોલતાજ રહેજો"—**મેરીયા**એ કહ્યું—"ખરે તેથી મને સંતોષ થાયછે. તમારા મોઢામાંથી એક પણ ઠપકો અથવા પસ્તાવાનો શબ્દ મને ઘણો ભારી પડશે. નહી, તે એક બાણની પેઠે મારૂં કોમળ હૃદય ભેદી નાંખશે. હું તે કદી પણ સહન કરી શકીશ નહીં; કેમકે મને કંગાલીયતના દુઃસહ બોજા તળે કચરાઇ મરવું પડશે; બીજું પણ **ઑલબર્ટ** તમે યાદ રાખજો કે તમે આવ્યા ત્યારે હું પવિત્ર ને નિર્દોષ હતી, તે વખતે મેં મારો પ્યાર તમારા ઉપર બાંધ્યો અને તેપણ મારો પેહેલોજ પ્રેમ. હવે હું તમારે આધીન છું. મને કદી પણ ઠગશો નહી, એ મારી વિનંતિ છે."

"શું તને, મારી વહાલી, કદીજ નહીં. એમ થવું અશકય છે, મારી પ્રીતિ એક કોરે મૂકી તને ઠગવાથી મને શું લાભ થશે? તું યુવાન, શ્રીમંત, મહાસ્વરૂપવાન.—

"શું હું રૂપવંતી છું? તમે જો એમ ધારતા હો, તોજ મને તેમાં કાંઈ પણ ભરોસો આવશે."

"આ પ્રમાણે કહેવાની કશી અગત્ય નથી. એમ ધાર કે તને એવું જાણવામાં આવે કે હું લુચ્ચો, કપટી, અને દુરાચરણી છું, અથવા જેની પ્રતિષ્ઠાને કોટી ડાઘ લાગ્યા છે."

"મારા પ્રિય **ઑલબર્ટ**"—**મેરિઆ** બોલીઉઠી—"શામાટે આવું ભયંકર ચિત્ર દોરો છો?"

"મારે આગળ બોલવું પડશે"—**મેકેરે** જવાબ દીધો—"એ વાતથી દૂર નહીં ભાગ, તું જુવેછે કે આ કાંઈ સ્વપ્ન નથી, મારા કહ્યાપ્રમાણેનો ભોગ તારે આપવોજ પડશે."

"એ તમે શું બોલો છો?"—**મેરીયા** ગભરાટમાં બોલી ઉઠી,—"જલ્દી મને કહી દો."

"હું કહુંછું કે વધારે વાર તને ઠગવી, તથા ભરમમાં રાખવી, વ્યર્થ છે, હું તને મારા ખરા હૃદયથી સંપૂર્ણ પ્રીતિપૂર્વક ચાહુંછું, એટલુંજ નહીં પણ હું તને મારા પૂજ્ય દેવ સમાન ગણુંછું. તારાવિના હું બીજા કોઇને પણ પ્રેમદૃષ્ટીથી જોતો નથી, તેમ જોઈશ પણ નહીં."

"અને હું પણ આ સૃષ્ટિના કોઈ પણ ઉજડ અથવા પહાડી રસ્તાઓ ઉપર, તમારીસાથે ઉઘાડે ચરણે પણ ચાલવાને તૈયાર છું,"—**મેરિઆ** ઘણીજ ઉશ્કેરાઇને બોલી.

"તારી પ્રીતિ એક અઘટિત ચીજ ઉપર ફેંકવામાં નહીં આવે, પણ સાંભળ, તને કાંઈ યાદ આવેછે? થોડા દિવસ ઉપર **સ્ટેનમોર**નો કાકો **રૂમફૉર્ડ** એક ચોરવિષે શું કહેતો હતો?"

"હા મને બરાબર યાદ છે"—**મેરીઆ**નું શરીર કંપવા લાગ્યું જોકે એ સઘળા છુપા શબ્દનો ભાવાર્થ હજી તે સમજી ન હતી.

"ઠીક છે, ત્યારે તું એમજ ધારી લે કે હું પણ તેજ પુરૂષ જેવો દુષ્ટ છું. નહીં, તે ચોર પણ હું પોતેજ હોઉં તોપણ શું તું તારી પ્રિતી મારા ઉપરથી ખસેડીશ નહીં?"

"કદી નહીં"—**મેરીયા**એ જવાબ દીધો—"હવે મારૂં અંતઃકરણ મારે આધીન નથી, કદાચ એવુંજ હોય કે જે **રાબર્ટ મેકેર**વિષે મેં આવી ભયંકર કથાઓ સાંભળી છે તેજ જો તમે હો તોપણ જેટલા પ્રમાણમાં હું તમને હમણા ચાહુછું તેમાં લેશ ભાર પણ ઘટાડો થશે નહીં."

"તું બોલી તે પુરૂષ પણ હું પોતેજ હોઉં, તોપણ શું તું મારી સ્ત્રી થવા ખુશી છે?"

"તમે ગમે એટલી રીતે મને તપાસો, પણ મારી હા કદી ના થવાની નથી. પરમેશ્વર કે જેણે મને ઉત્પન્ન કરી છે તેના સોગન લઈ કહુંછું કે હું બીજાને ચાહનાર નથી, બીજાને વરનાર નથી, અને જ્યાં તમે જાઓ ત્યાં આવવાને અત્યંત તત્પર છું."

"વહાલી, ત્યારે તો તું મારી થઈ ચૂકી; પણ આ ખેદકારક વાત સાંભળવાને સજ્જ થા. આ મારી ભયંકર પણ ખરી વાત કે જે મોડી અથવા વહેલી તેં જાણીજ હોત, તે તું બીજાને મુખેથી સાંભળ તે અગાઉ મારે મોઢેથીજ સાંભળ."

"મારે ફરીથી કહેવું પડેછે કે તમારા બોલવામાં કાંઈ ભેદ સમાયો છે અને જેનો તમે દેખાવ આપોછો તેથી તમે કોઈ ન્યારાજ છો, પણ મારાં વચન અને પ્રતિજ્ઞા યાદ રાખી તમારે કહેવું હોય તે કહો."

"ઠીક, સાંભળ"—**મેકેરે** કહ્યું—"તારે પહેલી વાત જાણવાની એ છે કે હું તારા કાકાનો આડતીયો નથી, પણ માત્ર તેનું **ઑલબર્ટ લિબ્યુ**નું નામ મેં ધારણ કીધું છે, જેનું કારણ હવે પછી તને પ્રસંગોપાત જણાઇ આવશે. "મારો મિત્ર જે એક કાઉન્ટ તરીકે ઓળખાયછે તે કોઈજ નહીં પણ મારો સોબતી અને મારાં દુષ્ટ કર્મોમાં ભાગ લેનાર છે. હવે જે કહેવાનું હતું તે માત્ર મારૂં નામ પ્રગટ કરવાનું છે. સંભાળજે **મેરિયા** કે તને તારી પ્રતિજ્ઞાઓનું ઉલ્લંઘન કરવું ન પડે, વચનને માટે પસ્તાવો કરવો ન પડે, અને જે પ્યારને માટે તું આટલો ભોગ આપવા તત્પર છે તેનેમાટે તને ખેદ કરવો ન પડે."

"બોલો મને હિમ્મત છે"—**મેરીયા**એ શાંતિથી ઉત્તર દીધો—"આજથી તે જીવિતપર્યંત હું તમારીજ છું, અણચાલતાં તેમજ મરજીથી પણ હું તમારી સાથે જોડાઉં છું."

"ત્યારે વધારે આનાકાનીની કશી અગત્ય નથી,"—તેણે જવાબ દીધો—"જે માણસનું નામ સાંભળીને તને કમકમાટી ચડશે તેની સાથે પ્યારપૂર્વક વર્ત્તવાને અને પગલે પગલે તેની પૂઠે ચાલવાને તેં સમ ખાધા છે. **મેરિયા** તું મારી તરફ જો કે જેને તારે એક ભરથાર તરીકે વળગવું પડશે. ફરીથી કહું છું કે તારા ભવિષ્યના ભરથાર તરફ દૃષ્ટિ કરી પૂર્ણ વિચાર કર, એક વાર ફરીથી પણ તારા હ્દયને પૂછી જો કે તું મારી સાથે તારા નામ અને ભાગ્યને જોડી શકીશ? મારી સાથે કે જેનેવિષે તેં અટલી ભયંકર વાતો સાંભળી છે, કારણ કે હું તે માણસ છું. કે જેનું ભયભિત નામ તેં થોડા દિવસ ઉપરજ સાંભળ્યું હતું; અધિક લંબાણ કર્યાવગર મારે કહેવું પડેછે કે હું તેજ **રૉબર્ટ મેકેર** છું."

મેરીયાએ તરત તો કાંઈ ઉત્તર દીધો નહીં, પણ સ્થિર ઉભી રહી પોતાના પ્રિય તરફ જોવા લાગી. ત્યારપછી નિમેષમાત્રમાં ચૈતન્યરહિત થઇ તે **મેકેર**ના હાથમાં પડી.

આ શુદ્ધિરહિતપણું ઘણી વાર ટક્યું નહીં, પાંચેક મિનિટમાં તો **મેરીયા**એ પોતાનાં કોમળ નેત્રો પાછાં ખોલ્યાં, અને **મેકેર**ને ધિક્કારની દૃષ્ટિથી જોવા તથા તેને પોતાની આગળથી હડસેલી કાઢવા ઈચ્છા દેખાડી; પણ નહીં, તરતજ તેને પોતાની પ્રતિજ્ઞા અને વચનોનું સ્મરણ થઈ આવ્યું અને આ લુચ્ચા ફ્રેંચ ચોરને પોતાની છાતી સાથે ઘણાજ હેતથી દાબ્યો. આ દેખાવથી **મેકેર**નું હૈયું પણ ભરાઈ આવ્યું હતું. આવી સ્થિતિ થોડીજ પળ ચાલી, ત્યારપછી તેનું દુષ્ટ મન હમેશ પ્રમાણે પ્રપંચોમાં પ્રવૃત્ત રહેતું.

પ્રકરણ—૮.

રાતનું રખડવું.

આ ઉપલા પ્રકરણના બનાવને બીજે દિવસે સવારના **મેકેર** અને **બરટ્રેંડ** નાસ્તાને માટે ભેળા થયા.

"હવે સઘળું નક્કી થઈ ચુકયું છે"—**મેકેરે** કહ્યું.

"શું નક્કી થયું છે?"—**બરટ્રેંડે** પૂછ્યું—"આજે મિષ્ટાન્ન ભોજન મળવાના છે તે."

"બુદ્ધિહીણ"—**મેકેર** પોતાની મુંછ પસવારતો બોલ્યો—"શું તું એમ ધારેછે કે હું આખો દહાડો ખાનપાન ઉપરજ ધ્યાન આપુંછું. હું કહું છું કે આપણે ઈંગ્લંડમાંજ રહેશું,"—**મેકેર** બોલ્યો—"અહીં સ્વતંત્રતા તેમ સુખ છે."

"પણ ખરો **લિબ્યુ** તો કાલે અથવા ઘણું કરી પરમદિવસે આવવો જોઇએ"—**બરટ્રેંડે** કહ્યું.

"સાંભળ, **બરટ્રેંડ** હું મારા સઘળા વિચાર તથા યુક્તિભરી યોજનાઓ તને સવિસ્તર કહીશ, પણ હાલ શું ગોઠવણ કરવી તેની તને કાંઇ સૂઝ પડેછે?"

"હા, અલબત, આંહીથી પલાયન કરી જઇએ"—**બરટ્રેંડે** પોતાનું ડહાપણ દર્શાવ્યું.

"મૂર્ખ! શુદ્ધ ઠેકાણે રાખ"—**મેકેર** પોતાનો પગ જમીનપર જોરથી અફાળી બોલ્યો,—"શું આપણી વાંસે આ પ્રકાશિત ધનનો સમૂહ મૂકીને નાશી જઈએ."

"ત્યારે તો એ જ્યાંસુધી જીવતો છે ત્યાંસુધી તો એ ધન આપણે હાથ આવવું નથી."—**બરટ્રેંડે** કહ્યું—માટે ભલુંજ કે એ વિચાર માંડીવાળીએ. નહીં તો પોલીસના ઉપરીયો આપણી પૂરી વલે કરશે."

"તને ગમે તો તું જતો રહે"—**મેકેર** બોલ્યો—"હું તો આંહીંજ રહીશ, પણ મને કહે, કે મારી સાથે રહીને સુખશાંતિ અને મોજ માણવા ગમેછે કે આગળની જેમ ભૂખે મરવા?"

"ઠીક છે, આગળ ચલાવ, અને ગમે તે કર"—**બરટ્રેંડે** કહ્યું—"પણ કૃપા કરી તારી ચીચીયારી પાડતી તપખીરની ડાબલી ઉઘાડીશ નહીં, કારણ એથી મને વળી આજનો દિવસ પણ જીંદગીપર્યંત યાદ રહેશે, અને—

"એથી કદી પણ બીહવું નહીં"—**મેકેરે** કહ્યું—એ ડાબલીને હું મારા પ્રાણ સમાન ગણુંછું. અગાઉ જે જે કામમાં મારૂં પૂર્ણ સૂરાતન તથા બુદ્ધિબળ વપરાવ્યું છે તે તે કામ મને આ ડાબલીથી સ્મરણ થઈ આવેછે, એટલુંજ નહીં પણ ભયને વખતે એ ડાબલીનો મધુર શબ્દ મારી છાતીને હિંમ્મત આપેછે. એ ડાબલીથી વિખુટા પડવું મારા પ્રાણ ગયા સમાન છે કે જે ડાબલીની હાજરી દર પળે મારા ભાગ્યનો ઉદય કરેછે.

"ઠીક ઠીક"—**બરટ્રેંડે** કહ્યું—"પણ પ્રથમ જ્યારે એ શબ્દ મારે કાને પડચો, ત્યારે **રાત ભયંકર હતી, હા, ઘણીજ**—તે બનાવના સ્મરણથી મારૂં રૂધિર ઠરીને બંધાઈ જાયછે—સ્પષ્ટ છે કે એ અવાજ હું ધાસ્તી ખાધા વગર સાંભળી શકતો નથી અને—

"તારી ઘેલી ઘેલી વાતોનો અંત આણ"—**મેકેરે** કહ્યું—"હું શું કહુંછું તે તું ધ્યાનથી સાંભળ; તું જાણેછે કે જ્યારથી હું જન્મ્યો ત્યારથીજ હું ચપળ બુદ્ધિનો નિવડચો. પણ મેં તરતજ મારી સઘળી પૂંજી ઉડાઉપણે વાપરી કાઢી, અને તેથીજ મને આવા પ્રકારનો વંધો હાથ ધરવો પડચો છે. સાંભળ ખરી વાત એટલીજ છે કે, **મેરીયા**એ મારી સાથ પરણવાનું પ્રતિજ્ઞાપૂર્વક પણ લીધું છે. જો કે તે વયમાં નહાની છે તોપણ તેનું મન પોતાની પ્રતિજ્ઞાને છેવટસુધી પાળવાને ઘણુંજ મોહોટું છે, એટલુંજ નહીં પણ તે પૈસે ટકે સુખી છે. જો એક વાર તે મારા હાથમાં આવી તો પછી તેના કાકાને પણ મારૂં ખરૂં નામ દર્શાવવામાં કશી હરકત રહેશે નહીં."

"પણ કદાચ ખરો **લિબ્યુ** કાલે આવી પુગશે"—**બરટ્રેંડે** કહ્યું—**તો આ સઘળી બાજી** ધૂળ મળવાની, **તેથી આ લિબ્યુ આવે તેની અગાઉ તારે મેરીયાનો હાથ ગ્રહણ કરવો જોઈએ.**

નહ તો આ વ્યાપારી આપણને પોલીસ સ્વાધિન કરવામાં કશો વિલંબ લગાડશે નહીં."

"તું ઘણોજ અધીરો છે"—**મેકરે** જવાબ દીધો—"તેં મારૂં કહ્યું પૂરૂં સાંભળ્યું નથી. થોડા દિવસ ઉપર મને એક પત્ર હાથ લાગ્યો હતો તેવિષે મેં તને સહજ કહ્યું હતું, તે સાંભળવાનો હવે પ્રસંગ આવ્યો છે. સારે ભાગ્યે અને ચપળ યુક્તિથી **લાલમેન્ડ**ની કી૦ તરફનો કાગળ મારા હાથમાં આવ્યો છે, અને તેથી સ્પષ્ટ જણાયછે કે મી૦ **લિબ્યુ પેરી**સથી ત્રણ દિવસ થયા નિકળી ચૂકયો છે, અને ચોકસ કલાકે રાત્રના એક ડાક ગાડીમાં ડોવરથી તે રવાને થાશે. માટે એક હિમ્મતી પણ જબરો ફટકો અને દ્રવ્ય તથા સુખ આપણા બાપનું છે. પણ જો આ **લિબ્યુ** આંહીં આવી લાગ્યો તો મને કહેવાની અગત્ય નથી, કે ભૂંડા હાલ તે આપણા થશે, અને વગર ભાડાના ઘરવિષે નિવાસ કરવો પડશે."

"અરરર, એ વાતથી તો મને ટાઢ ચડી આવેછે."

"જંગલી"—**મેકેરે** કહ્યું—"મને તારી હિમ્મત ભરી સહાયતાની ઘણી અગત્ય છે, ત્યારે તું તારા ધ્રૂજારાની વાત મારી આગળ કરતાં શરમાતો નથી? તું મારૂં કહેવું સમજ્યો લાગતો નથી? ફરીથી કહુંછું કે **લિબ્યુને** અહીં આવવા નહીં દેવો જોઈએ અને તેથી આજે રાતના"

"શું?"—**બરટ્રેંડ** ફીકો પડી ગયો—"આજ રાત્રે?"

"હા" એમ કહી **મેકેર** ઉઠયો, અને બરટ્રેંડના કાનમાં સઘળી યોજનાઓ કહી સંભળાવી. ત્યારપછી બંને જણ થોડીક વારસુધી ચુપ રહી ગયા, જે અરસામાં સંકેત કીધેલાં કાવતરાં ઉપર તેઓ વિચારતા હતા.

"તારે તો હું કહું તેટલુંજ કરવું એટલે તારી કૃપા. ચાલો આપણે દિવાનખાનામાં જઈએ, નહીં તો આપણા લાંબા વખતની ગેરહાજરી તેઓને સંદેહ ઉત્પન્ન કરશે."—મેકેર બોલ્યો.

બાકીનો દહાડો કાંઈ પણ જાણવા જોગ બનાવ વગર હાસ્યવિનોદમાં પસાર થયો, જેટલા વખતમાં **મેકેરે મેરિયાને** પોતાનું ખરૂં નામ હાલ તેના કાકાને કાને નહીં પાડવા અતિશે સમજાવી રાખી હતી. મધ્યાન: કાળે **મેકેર** એકલો બહાર ગયો, અને આસરે બે કલાક રહી પાછો આવ્યો. જમવાનું તૈયાર હતું માટે સઘળાઓ જમવા બેઠા, જ્યાં **મેકેરે, બરટ્રેંડ**ના કાનમાં હળવેથી કહ્યું—"રાત્રને માટે સઘળી ગોઠવણ કરી આવ્યો છું."

અંતે રાત પણ આવી ચૂકી, અને દશનો ટકોરો થતાં સર્વ જમી ઉઠયાં અને અર્ધોક કલાક ગપાટા મારી સઉ પોતાને બીછાને ગયા. અગ્યાર વાગ્યા ત્યારે સઘળું ચૂપ અને શાંત હતું, **મેકેર** હળવેથી **બરટ્રેંડ**ના ઓરડામાં આવ્યો. ચાલતાં પોતાના જોડા હાથમાં લીધા હતા, અને પોતાનાં હમેશના વસ્ત્રો ઉપર એક મોટો પગ સુધીનો લાંબો ડગલો પેહેરી લીધો હતો. તેના કહેવાથી **બરટ્રેંડે** પણ તેજ પ્રમાણે વસ્ત્રો પેહેર્યાં, અને બૂટ હાથમાં લીધા.

હવે તેઓએ ધીમે ધીમે દાદર ઉતરવા માંડયો, દિવાનખાનામાં આવતાંજ **મેકેરે** પોતાની સાથે આણેલા ચાવીઓના મોટા ઝુડામાંથી તાળાને એક ચાવી લગાડી અને દરવાજો ખોલ્યો. બેઉ જણ બહાર આવ્યા અને દરવાજો જેમ હતો તેમ પાછો બંધ કર્યો. આજ પ્રમાણે રસ્તાનું પણ બારણું ઉઘાડી, આ બેઉ ચોરો બહાર આવ્યા અને ઝડપથી બૂટ પહેરી આગળ વધ્યા. થોડેક ચાલ્યા એટલે **સેન્ટપૉલ**ના દેવલના ઘડીઆળમાં બાર વાગ્યાનો ટકોરો થયો. આ વખતે રસ્તામાં કાંઈ પણ આવજાવ હતી નહીં, તેથી ટકોરા થઈ રહ્યા, કે સઘળું ફરીથી એકવાર શાંત અને ચુપ થઈ રહ્યું. તેઓએ **લંડન** બ્રિજ તરફનો ટૂંકામાં ટૂંકો રસ્તો લીધો, અને ત્યાંથી એકાંતમાં આવેલી એક ગલ્લીમાં પેઠા. જ્યાં એક ઘોડારનું બારણું **મેકેરે** ઠોકયું. બારણું તરતજ ઉઘડયું, અને એક સાધારણ વયના માણસે તેઓને અંદર પ્રવેશ કીધા, જેના હાથમાં એક મેલું ફાનસ બળતું હતું.

"કેમ **જોન્સ**, ઘોડા તૈયાર છે?"—**મેકેરે** પૂછ્યું.

"હા તૈયાર છે, પણ તમે તૈયાર છો"—એમ કહી એક ભાંગેલી ખુરશી બેસવા માટે આગળ ધરી.

"લે, આ બે કોથળીઓ, અને અમે અહીંથી જઇએ, તે અગાઉ તેમાંનું નાણું ગણી લે"—**મેકેરે** કહ્યું.

"કાંઈ અગત્ય નથી"—**જોન્સે** બોલ્યો,—તમારૂં વચનજ બસ છે. આ સેજ હલકી કોથળી મારી છે, અને હું તે મારા ગજવામાં મૂકીશ, અને આ બીજી હું અહીં સંતાડુંછું જે તમારા પાછા આવ્યાથી તમને પાછી આપીશ."

"ત્યારે હવે અશ્વો બહાર દોરી લાવ"—**મેકેરે** કહ્યું.

ઘોડા લાવી આપ્યા, અને **મેકેર** તથા **બરટ્રેંડ** સ્વાર થઈ ચાલ્યા. થોડીક વારમાં તો તેઓ ડોવરના રસ્તા ઉપર આવી પહોંચ્યા. આ વખતે **મેકેરે** આગળ આગળ ચાલવા માંડયું. જ્યારે **બરટ્રેંડ** આસરે ૧૦૦ વાર તેની વાંસે આવતો હતો. આ પ્રમાણે જુદા ચાલવાથી પોલિસને કાંઈ સંશય આવશે નહીં, એવા વિચારથી **મેકેરને** આ તર્ક સુઝયો હતો. રાત્ર અંધારી તથા શીતળ હતી, આકાશ શ્યામ વાદળાંઓથી ઘેરાયેલું હતું, જેમાંથી અવાર નવાર રત્નસમાન ચળકતો એકાદ તારો દૃષ્ટીએ આવી ઢંકાઈ જતો, પવન, આસપાસના મોટાં તથા નાનાં ઝાડોમાંથી એકજ ધારે ફૂંકતો હતો, તેથી તરેહવાર સુંસવાટા પાડતા શબ્દો થતા હતા કે જાણે કોઈ પુરૂષ મહાવેદનામાં ચીસો પાડતો હોય. અંધારાને લીધે, સામે દેખાતા કેટલાક મોટા વૃક્ષો આકાર લઈ, જાણે હાથ લંબાવીને ગળી જવા તત્પર થયા હોય તેવા રાક્ષસ સમાન લાગતા હતા. જેઓના ટોંચરૂપી મસ્તકો તેઓને આવકાર દેતા હોય તેમ પવનની લેંહેકીથી ઝુલતા હતા. **મેકેર** અને **બરટ્રેંડ** હવે **ગ્રેવસ્ટેડથી** થોડેક માઈલને છેટે આવી પુગ્યા, ત્યારે બે વાગવા આવ્યા હતા. તેઓ પોતાના ઘોડાને એક ઉંચી ઘાસની ગંજી વાંસે સંતાડ્યા પછી આગળ ચાલ્યા અને એક ઝાડીમાં ભરાયા, જ્યાં તેઓએ સાથે લીધેલ મદિરાનું પાન કીધું.

"કેવી ભયંકર શિતળ રાત્ર છે,"—**બરટ્રેંડે** પૂછયું—"મારાથી ધ્રૂજ્યા વગર રહેવાતું નથી."

"**બરટ્રેંડ** તું તદ્દન ઘેલો બન્યો છે. આખો દિવસ તું ધ્રૂજ્યાજ કરજે"—**મેકરે** કહ્યું—"તને ખબર છે, કે જ્યારે હું **પેરિસની** પોલિસનો આડતીયો થયો હતો, ત્યારે મારી બાજુમાં માત્ર એક લાકડીજ રહેતી, અને ત્યારે પણ હું મારી હિમ્મત છોડતો નહીં. જ્યારે તેં ભીડાભીડમાં પંદરેક રૂમાલો, ડજનેક ઘડીઆળો તથા સાંકળીયો, અને જથાબંધ પાકીટો એકઠી કરી લીધી ત્યારે "ચોર ચોર" કરીને કોઈએ બૂમ પાડી, અને હું કેવો તરતજ ભીડ ઉપર ધસી આવ્યો, અને તને છોડવી લૂંટ વહેંચી લીધી. ખરે પોલિસને તો મારા જેવોજ માણસ કામે લગાડવો જોઈએ."

હવે થોડીવાર આ બેઉ જણ ચૂપ બેઠા હતા, એટલામાં ઘોડાનાં પગલાં ને ગાડીનો ગડગડાટ સંભળાયો.

"હં, આ **લિબ્યુ** હોવો જોઈએ"—**મેકેરે** ઝાડીમાંથી ડોકું બહાર કાઢીને જોયું—"અરે હા, એજ એજ, કારણ કે ગાડી પણ ટપાલની છે. **બરટ્રેંડ** ઉઠ અને તૈયાર થઈ મારી વાંસે ચાલ, જો એ ફ્રેંચ ભાષા બોલશે તો એ **લિબ્યુ** છે, એમ નિશ્ચય જાણવું. પણ ચાલ જોખમ તો ખેડવુંજ પડશે.

"હું તૈયાર છું"—**બરટ્રેંડ** બોલ્યો, અને તરતજ હિમ્મતથી ઉભો થઈ **મેકેરની** બાજુમાં આવ્યો. ગાડી ઝડપમાં આવી લાગી અને જોતાં માલમ પડયું કે ગાડી તો ટપાલનીજ હતી.

મેકેરે આગળ ધસી ગાડીવાનને હેઠો પાડયો, અને ઘોડાને બાંધેલા ચામડાના પાટા કાપી નાંખ્યા; બારણું ઉઘાડી જોયું તો અંદર એક સુંદર દેખાવનો પુરૂષ નિદ્રાદેવીને આધિન થઈ સૂતો હતો.

* "વોલિયર્સ"—તે મૂસાફરે જોરથી ચીસ પાડી.

"બરાબર એજ"—**મેકેર** ફ્રેંચ ભાષા સાંભળી બોલ્યો, અને જરા પણ વિલંબ વગર પોતાના ડગલામાં સંતાડેલી મોટી છરી બહાર ખેંચી કાઢી અને નિર્વિઘ્ને પેલા મુસાફરની છાતીમાં ભોંકી તેનાં નેત્રો હમેશને માટે બંધ કર્યાં.

---

* ફ્રેંચ ભાષામાં આનો અર્થ ચોર થાયછે.

પ્રકરણ—૯.

વર્તમાનપત્રો તથા નાટકશાળા.

સાંજનું પત્રક જે આ ઉપલો બનાવ થઈ ગયા પછી પ્રગટ થયું હતું, તે આ ખૂનસંબંધી નીચે મૂજબ વિસ્તારથી અને વધારીને ખુલાસો આપેછે:—

અમને કહેતાં ઘણોજ ખેદ થાયછે, કે આ દેશમાં એક ઘણુંજ ભયંકર અને ભેદ ભરેલું ખૂન થયું છે. સવારના પહોરમાં બે મજુરો **ગ્રેવ સ્ટેંડ**ને રસ્તેથી પોતાને કામે જતા હતા, તેઓએ રસ્તાની વચ્ચમાં ડાકની ગાડી ઉભેલી દીઠી. તેઓ તે ઠેકાણે આવી પુગ્યા, અને એક અસાધારણ દેખાવ તેઓની દૃષ્ટીએ પડયો. ગાડીવાન બેશુદ્ધ થઈ ભોંયે પડેલો હતો, અને અંદરના ભાગમાં એક પ્રવાસી તદન મુએલો પડયો હતો, જેની વિશાળ છાતીમાં છરીનો એક કારી ઘા લાગ્યો હતો. શોધ કરતાં તેઓએ જાણ્યું કે ગાડીવાન મૂઓ નહોતો. તેઓ તેને ઘણી મેહેનતે શુદ્ધિમાં લાવ્યા, અને એક બાજુના ઝુપડામાં લઈ ગયા.

"રસ્તામાં જતાં ઝાડીમાંથી બે લૂટારાઓ કૂદી પડ્યા, અને મને અશ્વ ઉપરથી નાંખી દીધો, જેથી હું બેશુદ્ધ થઈ હેઠો પડયો. ત્યારપછી શું બન્યું તેવિષે હું તદન અજાણ્યો છું," પ્રશ્ન કર્યાથી ગાડીવાને ઉત્તર આપ્યો.

હવે આપણે **મેકેર** તથા **બરટ્રેંડ** તરફ ફરીયે. તેઓ સવારના પાંચ વાગતે કોઈને ખબર પડ્યા વગર ઘેર આવ્યા. તેઓની વાતચીત ઉપરથી માલમ પડતું હતું કે પેલા મારી નાંખેલા પ્રવાસીના ગજુવા, પાકીટ વગેરે તેઓએ તપાસી જોયાં હતાં અને તેમાંથી **લિબ્યુ**ના નામવાળા કાગળપત્રો તેઓએ કાઢી લીધા હતા. એટલુંજ નહીં પણ તે સ્થળ મૂકી ગયા અગાઉ તે ગાડીમાં એક છરી અને રૂમાલ નાંખતા આવતા હતા જે ઉપર H એચ અક્ષર હતો.

રાત્રનો સમય થવા આવ્યોઅને સર્વ **કલેરી**નું નાટક જોવા **હે** મારકેટની નાટકશાળામાં પધાર્યા.

મેરીયા, મેકેરની બાજુમાં હાસ્યદર્શક મુખ સહિત બેઠી હતી. તેઓએ પેહેલા વર્ગની ટિકિટ લીધી હતી, જે વર્ગની બરાબર સામે એક બીજો પુરૂષ પણ બેઠો હતો, જે ઘણીજ બારિકીથી નિહાળી નિહાળીને આ પ્રેમ આશકત જોડા તરફ જોયા કરતો હતો. જ્યારે **મેકેર** કંઈ પણ વાત કરતો, ત્યારે **મેરિયા** ઘણી આનંદી લાગતી. જે જોઈ સામે બેઠેલા **સ્ટેનમોર**ના હૈયામાં અદેખાઇનો ભડકો સળગી ઉઠતો.

પડદો ઉપડયો અને **મેકેર** તથા **મેરીયા**નું ધ્યાન નાટકભૂમી તરફ ખેંચાયું પણ **સ્ટેનમોર** તો બીજું કશું જોયાં વગર **મેકેર** અને **મેરિયા** તરફજ દૃષ્ટિ રાખતો. નાટક **કલેરી**નું હતું. અંતમાં શું બન્યું તે ઉપર જરા ધ્યાન આપીયે.

નાટકભૂમી ઉપર એક સુંદર ગામડાનો દેખાવ દેવામાં આવ્યો, જેમાં એક માત તથા પિતા, જેઓને તેની પુત્રીએ તજી દીધાં હતાં, તે શોકાતુર મુખ રહિત ઉભેલાં હતાં. **કલેરી** પણ વેગળે જઈ ઉભી હતી. જ્યાંથી કંપતે પગલે અને શોકાતુર ચેહેરે પશ્ચાત્તાપ કરતી પોતાના માતપિતા તરફ આવતી હતી. **મેરિયા**નું ધ્યાન આ વખતે તખતા ઉપરજ હતું, જેથી તે પોતાની સ્થિતિ ગરીબ બિચારી **કલેરી**ની સાથે સરખાવવા લાગી.

"જો મારો બાપ આજ જીવતો હોત—" **મેરિયા**એ પોતાના આકાશને કહ્યું—તો હું શું મોઢે તેની પાસે જાત? મારે તેની ક્ષમા માગવા ધીમે અને ધ્રૂજતે પગલે જવું પડત કે જેમ હાલ આ **કલેરી**ને કરવું પડેછે."

મેકેરે તેની તરફ દૃષ્ટિ કીધી, અને તરતજ પોતાના મોઢાનો રંગ જતો રહ્યો. હોઠ થરથરવા લાગ્યા, છાતી કંપવા લાગી, આ સઘળી ધાસ્તીનું કારણ શું હતું? **મેરિયા** ભાન રહિત થઈ ગઈ હતી.

"અરે શું તું માંદી છો? મારી મેરી"—મેકેર બોલ્યો અને આસપાસ જોઈ ખાત્રી કરી કે બીજા કોઇની નજર તેઓના તરફ હતી નહીં. શાંત થઈ સમી બેશ નહીં તો આપણી ફજેતી થવી છે.

આ વખતે વ્યાપારી અને તેની સ્ત્રી નાટકની અસરથી આંસુ ભરી આંખો રૂમાલથી લોહતા હતા, અને તેથી તેઓએ **મેરિયા** તરફ જોયું નહોતું, પણ આ સઘળો બનાવ એક પુરૂષ જોયા કરતો હતો, અને તે આપણે કહી ગયા તેમ **સ્ટેનમોર** હતો. હવે **મેરીયા** પણ શુદ્ધિમાં આવી અને તખ્તા તરફ જોયું તો **કલેરી** પોતાના બાપના પગ આગળ પડી ક્ષમા માગતી હતી, જે આપવા તેણે સાફ ના પાડી. આ સઘળો દેખાવ **મેરીયા** પોતાની સાથે સરખાવતી એક નજરે જોયા કરતી હતી.

"હા, તે એમજ હોવું જોઈએ"—**સ્ટેનમોરે** વિચાર્યું અને તેજ વખતે **મેરીયા** અને તેના આશક વચ્ચેનો સઘળો સંબંધ તેણે સહજમાં જાણી લીધો.

નાટક ઘણો ખરો પૂરો થવા આવ્યો હતો. અને **કલેરી**ને તેના પિતાએ હેતથી આલિંગન કરી ક્ષમા કીધી. આ વખતે એકાએક એક જબરી ચીસ સંભળાઈ, અને જે તરફથી તે શબ્દ આવ્યો ત્યાં સઘળાઓની ચક્ષુ ખેંચાઈ. **મેરિયા** પોતાના આશકના હાથમાં ચૈતન્ય રહિત થઈ પડી હતી તેને સાવધ કરવા **પૉક્લિંગટને** તપખીરની ડાબલીમાંથી એક ચપટી સુંઘાડી. **બરટેંડે** તો ગભરાટમાં નાટકશાળામાંથી પોબારાજ ગણ્યા. થોડી વારમાં તો **મેરિયા** શુદ્ધિમાં આવી અને સઘળાઓ ઉઠી જવા લાગ્યા. મોહોલામાં આવતાં તેઓએ એક બગી ભાડે લીધી, અને **બરટેંડ** પાસે ન હોવાથી તેના વગરજ ગાડીમાં બેશી ચાલતા થયા. **બરટેંડ** કયાં હશે? શું કરતો હશે?

પ્રકરણ—૧૦.

પાકીટ બુક.

બરટેંડ ચાલતો **હે** મારકીટના ફળીયામાં આવી પુગ્યો. સાડાનવ વાગ્યા હતા, રસ્તે તે બીતો ચાલતો હતો, પણ તેને સૂઝ ન પડી કે તેની બીકનું શું કારણ હતું. નાટકશાળામાં **મેરીયા**એ રાડ પાડી તેનું કારણ તે એમ સમજ્યો કે **મેકેરે** તેનું ઘરેણું ચોર્યું હશે. આગળ ચાલતાં એક પીઠું આવ્યું જ્યાં બ્રાંડીનું ગ્લાસ પીવાને **બરટેંડ** અંદર પેઠો, અને એક રમુજી તમાસો તેની દૃષ્ટિએ પડયો. એક નહાનાં બાંક ઉપર બે ગ્રહસ્થો બેઠા હતા, જેઓના દેખાવ અને ભપકા ઉપરથી સ્પષ્ટ દેખાતું હતું કે તેઓ ઉંચા કુળના હશે. હા, તેઓએ ઘરેણા પણ સારીપેઠે પહેર્યાં હતાં.

"**બીલ**, ઉંચા દારૂનો એક ગ્લાસ લાવ"—આ ગ્રહસ્થોમાંથી એકજણ બોલ્યો.

દારૂ આવ્યો કે તેણે પોતાની આગળ ઉભેલા એક માણસને કહ્યું—"લે છોકરા આ એકજ ધારે અને શ્વાસ ખેંચ્યા વગર પીઈ જા તો આ પાંચ પાઉન્ડની નોટ તને આપીશ."

"લાવો"—તે માણસ નોટ ગજવામાં મૂકી બોલ્યો અને તરતજ ગ્લાસ ઉંચકી એકજ સડાકે પીઈ ગયો.

"ચાલ લે"—તેણે કહ્યું—"જેટલા ગ્લાસ પીએ તેટલી પાંચ પાઉન્ડની નોટો આપું, બોલ કબૂલ છે? આગળની પેઠે એકજ સડાકે પીશે?

"હા, કહી તેણે બીજો અને વળી ત્રીજો ગ્લાસ ચડાવ્યો, અને નોટો ગજવામાં મૂકી કે તરતજ તે જીવનરહિત થઈ ભોંયે પડયો.

મારકિવસ અને તેનો મિત્ર દોડીને તેને ઉંચકવા ગયા, પણ તે ઉઠેજ શાનો? તેનો શ્વાસ નીકળી ગયો હતો.

આપણે કહ્યું તેમ આ પ્રસંગે **બરટેંડ** એક ગ્લાસ પીવા ઉભો રહ્યો હતો, જે આ ભયંકર બનાવ જોઈ પોતાનો દારૂ ચાખ્યા વગરજ પડતો મૂકી ઉભી પૂછડીએ નાઠો. બિચારો ધ્રૂજતો અને દોડતો લથડતી હાલતમાં રસ્તા ઉપર આવી પુગ્યો, જ્યાં સામેથી આવતાં એક માણસ સાથે તે અથડી પડયો, અને મોટે સાદે બોલ્યો—"અરે મહારી વહાલી નસો"

"શું કાઉન્ટ **બરટેંડી**"—તે અજાણ્યો માણસ બોલ્યો—"તમે છો?".

"હું—કોણ—શું"—**બરટ્રેંડે** કહ્યું—"બસ હવે તો મારાથી સહન થતું નથી."

આ વેળાએ **બરટ્રેંડ**ની મતિ એવી તો મુંઝાયલી હતી કે જો આ વખત તેને **મેકેર** મળત તો તેને પણ તે જવલેજ ઓળખત. બિચારો એક તો નાટકમાંથી ચીસ સાંભળી બીહીને નાઠો હતો, તેમાં વળી પીઠામાંના બનાવે વધારો કર્યો અને ઓછામાં પૂરૂં તેને પોતાનાં આગલાં સાહસ કર્મો સ્ફુરી આવ્યાં, એટલે પછી તેના ગભરાટનું શું પુછવું?

મેરીયાને કાંઈ પણ જોખમ ભર્યું થયું હશે ત્યારેજ **બરટ્રેંડ** આટલો ગભરાયછે, એવા વિચારથી **સ્ટેનમોરે** કહ્યું—"કાઉન્ટ જરા તો થોભો."

"જુવો, આ લ્યો અને મને જવા દ્યો" એમ બોલી **બરટ્રેંડે** વિચારમાં અને ગભરાટમાં એક પાકીટ બૂક (નહાની ચોપડી) કાઢી **સ્ટેનમોર**ના હાથમાં મૂકી.

"આ પાકીટબૂક મને આપવામાં તેનો શું હેતુ હશે?"—**સ્ટેનમોરે બરટ્રેંડ**નો હાથ મૂકી જવા દીધો—"પણ ચિંતા નહીં, હાલ તો એ બુક ભલે મારી આગળ પડી, પછી સવારના બિચારાને પાછી મોકલી દઈશ, પણ એ બૂક તેણે મને આપી તેનું કારણ શું? રખેને એનું કારણ એમાંથીજ જણાઈ આવે"—એવા વિચારથી ખુશી થઇ તેણે એક ગાડી ભાડે કીધી, અને આશરે દશેક મિનિટમાં **આર્નેલ્ડ** મહોલામાં પોતાના કાકા **રૂમર્ફોર્ડ**ને ઘેર આવી પુગ્યો.

"**ચાર્લસ**"—**મી૦ રૂમર્ફોર્ડ** બોલી ઉઠચો—"મારે તને હમણાજ કાંઈક કહેવાનું છે, ખરે વાત ઘણીજ અગત્યની છે."

ચાર્લસ ઉપર તેના કાકાનો ઘણો મોટો ઉપકાર હતો, એટલુંજ નહીં પણ તે હાલ તેનાજ ઘરમાં રહેતો હતો તેથી કોઈ પણ રીતે પોતાના કાકાને કુપિત ન કરવાનું ધારીને અને પોતાની ઝડપ અને જીજ્ઞાસા ઉપર લગામ રાખીને, દાદરપરથી પાછો ઉતરી પોતાના કાકા પાસે આવ્યો, જ્યાં બેઉ જણા એક કૉચ ઉપર બેઠા અને વાતોમાં ગુંતાયા.

"જો, સાંભળ"—તેનો કાકો બોલ્યો—"આ વાત તને ઘણો ખેદ ઉત્પન્ન કરશે અને મી૦ **પૉક્લિંગટન**—

"અહા! તેનું શું"?—**ચાર્લસે** પૂછ્યું.

"પોતાની ભત્રિજી **મેરીયા**નાં લગ્ન મી૦ **લિબ્યુ** સાથે કરવાનો વિચાર રાખે છે" **રૂમર્ફોર્ડે** જવાબ દીધો—"આ વાત મેં જે માણસ પાસેથી સાંભળી છે તે માણસ વિશ્વાસ રાખવા યોગ્ય છે. એ તો એક વાત અને બીજું એ કે મી૦ **લીબ્યુ**ના નામની હુંડી પત્રીઓ આહીં તહીં રખડ્યા કરેછે."

"હા એ ઘણું આશ્ચર્યકારક છે"—**ચાર્લસે** જવાબ દીધો,—"હું ધારતો હતો કે મી૦ **પૉક્લિંગટન** બુદ્ધિવાન અને શ્રીમંત છે, તેમાં બુદ્ધિવાન તો અવસ્ય છે, પણ હવે—

"બોલ **ચાર્લસ** તું **મેરીયા**ને હજી ચાહેછે?"

"નહીં, મારા કાકા હવે મુદલ નહીં"—**ચાર્લસ** પોતાની ખુરશી ઉપરથી ઉઠચો—"નહીં, લેશભાર નહીં. એવો પણ સમય આવ્યો હતો કે જ્યારે હું તેને મારા ખરા અંતઃકરણથી ચાહત. કોઈ પણ પ્રકારના સંકટમાંથી તેને મુક્ત કરવા મારા શરીરના રૂધિરનું છેલું ટીપું પણ તેને માટે ખર્ચવા તત્પર થાત, જે ભોંય ઉપર તે ઉભી રહેતી તે ભોંયનું પૂજન કરવા હું અંગીકાર કરત, પણ અફસોસ, તે વેળા વહી ગઈ છે અને ફરી આવનાર નથી. હવે કદાચ મને તેના દેજમાં આખી પૃથ્વિનું રાજ્ય મળે તોપણ હું ફરીથી તેને પ્રેમદ્રષ્ટીથી જોનાર નથી, કારણ કે આજ રાત્રે મેં એક છુપી વાત જાણી છે, જે તેની તરફની મારી પ્યારની લાગણીનો પ્રકાશ ઓલવી નાંખેછે. હું હવે એક જુદોજ પુરૂષ થયો છું."

આમ કહી **ચાર્લસ** તરતજ ઉઠચો, અને પોતાના ઓરડામાં જઈ બારણું બંધ કીધું. **બરટ્રેંડ**ની આપેલી પાકીટબુક તપાસવાના હેતુથી તેણે પોતાના ડગલાના ગજવામાંથી તે ખેંચી કાઢી. જોતાં તેને માલમ પડચું કે પૂઠું લીલા ચામડાનું, અને તેની કીનારી ઘસાઈ ગયેલી હતી. **ચાર્લસે** ચોપડી ઉઘાડી અને જાણે વિજળીનો દુઃસહ આંચકો કેમ લાગ્યો હોય તેમ તરતજ પાછી મૂકી. **તે ચોંકયો, તેનાં રૂવાળાં સ્થિર થઈ ઉભાં રહ્યાં.** થોડી પળ તો તેને એવું લાગ્યું

કે તે બેશુદ્ધ થઈ જશે, તેથી વિશ્રામ અર્થે એક ખુરશીપર બેઠો. તેનાં ગાલ અને કપાળપરથી પરસેવાનાં ટીપાં ટપકતાં હતાં, તેનું આખું શરીર થરથરવા લાગ્યું અને આંખે અંધારા આવ્યા. તરતજ વગર ઢીલે તે ખુરશી ઉપરથી ઉભો થયો અને પોતાનો ગભરાટ ન્યૂન કરવા પાણી પીવા દોડચો. વળી તે ચોપડી તપાસવાને તેણે એક વાર ફરીને હિમ્મત ધરી. જેમ એક પુરૂષ પ્રેતની ધાસ્તીથી ચોંકયા કરે, તેમ આ વખતે **સ્ટેનમોર** બીતો બીતો ચોપડી ભણી જવા લાગ્યો. તેનું પાનું ફેરવવા પણ તે અચકાતો કે રખેને કાંઈ ધાતનાં ચિન્હ તેની દ્રષ્ટીએ પડે. મહા મહેનતે તેણે ચોપડી હાથમાં લઈ પૂઠું ઉઘાડચું.

"અહો શું તારી માયા છે! એ તો એજ! એમાં કશો સંશય નથી." આ પ્રમાણે બોલી તે ફરીથી ખુરશી ઉપર બેઠો, અને ગુંઠણ ઉપર કોણીઓ મૂકી હથેલી પર મોઢું ટેકી વિચારમાં લીન થયો. તે કેવા સંકલ્પ વિકલ્પ કરતો હશે, તે પારખવાનું કઠણ હતું, કારણ કે જરા વારમાં તે ડુસ્કે ડુસ્કે રોતો, અને બીજી પળે જોરથી હસતો. એકાએક પોતાનું કપાળ તે કૂટતો અને ન સમજાય તેવા ભાગા તૂટા શબ્દો ઉચ્ચારતો, જે ઉપરથી તેની ઉશ્કેરાએલી સ્થિતિ સ્પષ્ટ દેખાઈ આવતી. અંતે તેને એક વિચાર સુઝચો. હજી સુધી તેણે તે પાકીટબૂક તપાસી ન હતી તેથી એક વાર ફરીથી હિંમત ધરી ટેબલ તરફ ગયો, અને પાકીટબૂક ઉપાડી, ધ્રુજતે હાથે પૂઠું ઉઘાડચું..

"હા! એ જો એજ"—**સ્ટેનમોર** બોલ્યો—"અરે ઈશ્વર, આ છૂપા ભેદની કુંચી મને તેં ભલે આપી."

આ ચોપડીમાં **બરટેંડ** ઉપર લખેલો તેની માતુઃશ્રીનો પત્ર હતો અને ૫૦ પાઉન્ડની નોટો હતી. આ ચોપડી કે જેથી આ બેઉ ચોરોનાં ધાતકી કર્તુકો જણાઈ આવતાં હતાં તે **બરટેંડે** તેને શા સારૂ આપી તેની કાંઈ સૂઝ પડી નહીં પણ અંતે આ છુપા ભેદનો ખુલાસો પરમેશ્વરે યોગ્ય સમયે કીધો છે, એવા વિચારથી તે સંતોષ પામ્યો. આટલું છતાં પણ તેનાં મનમાં અનેક શંકાઓ ઘોળાવા લાગી, જેનો અંત લાવવા તેણે પકકો ઠરાવ કીધો. ઘણી મોડી રાત્રે **સ્ટેનમોર** સુવા અર્થે બીછાના તરફ ગયો, અને આ પાકીટબુક જેવી ઉત્તમ અને ઉપયોગી ચીજ તેને હાથ લાગી તે માટે જગતકર્ત્તાનો ઉપકાર માની નિદ્રાવશ થયો.

બે ઘડી પ્રહર ચડચો હશે ત્યારે તે ઉઠચો, અને ઝપાટા બંધ કપડાં પેહેરી એક ભાડાની બગી લાવવા ચાકરને તેણે આજ્ઞા કરી, કારણ કે વગર વિલંબે **ડોવર** જવું એવો તેનો નિશ્ચય હતો. આ વિચાર પોતાના કાકાને દર્શાવી અને **પેરિસ**માં વ્યાપાર સંબંધી કાંઈ અગત્યનું કામ છે, એવું તેના કાકાના પૂછવાથી બહાનું કહાઢી તે ગાડીમાં બેઠો. ગાડી ચાલતી થઈ.

પ્રકરણ—૧૧.

મધ્યરાત્રનો સમય.

જ્યારે **બરટેંડ** રખડતો રઝડતો મી० **પૉકલિંગટન**ને ઘેર પહોંચ્યો, ત્યારે ઘણો ખરો એક વાગ્યાનો સમય થયો હતો. કયાં જવું ને કયાં નહીં તેના કશા પણ વિચાર વગર **બરટેંડ** આંહીથી ત્યાં રખડતો અને જાણે કોઈ માણસ તેને પકડવા માટે પાછળ આવતું હોય, એવા ભણકારથી તે હર પળે ચોંકતો. વાંકી ચુંકી ગલ્લીઓમાંથી નદી ઉપરના પૂલના છેડા આગળ તે આવી પોહોંચ્યો, અને થોડીક પળમાં તો પૂલના મધ્યભાગે પૂગ્યો. અહીંયાં જરા તે થોભ્યો; કારણ કે રાત્રની શીતળ લેહેરકીથી તેની મુંઝાયેલી મતિ જરા ઠેકાણે આવી, અને હવે કયાં જવું તેવિષે તેણે પોતાને પ્રશ્ન પૂછયો.

"હવે મારે શું કરવું? મને કેનો ભય છે? ગમે તે થાઓ પણ મારે **મેકેર** આગળ તો જવું જોઈએ."

એમ મોહોટેથી બોલતો પૂલ ઉપર આવેલા એક બાંક ઉપર બેઠો. આ વખતે ચંદ્ર પણ

પૂર પ્રકાશથી ખીલી નીકળ્યો, અને નદીનાં પાણી જે થોડી વાર અગાઉ શ્યામ વર્ણનાં દેખાતાં હતાં તે ફરીથી એક વાર જીવતા પારાની પેઠે ચળકતાં ઉછળતાં વહેવા લાગ્યાં.

ચાલતાં તેને પોતાની પાકીટબૂકનો પેહેલીજ વાર વિચાર આવ્યો. કોઈ માણસને તેણે આપી છે એવી તો તેની નિઃશંક ખાતરી થઈ, પણ તેને સૂઝ ન પડયું કે તે પુરૂષ **ચાર્લસ સ્ટેનમોર** હતો. પાકીટબૂકમાં પડેલી નોટોમાટે તો તેને કાંઈ બળતરા થઈ નહીં, પણ તેને ખેદ અને ચિંતા થવા લાગી તે માત્ર ચોપડીનેજ માટે હતી, જે એક મહાભારત છૂપા ભેદની ચાવી હતી.

આપણે ઉપરજ કહી ગયા કે **બરટ્રેંડ** વ્યાપારીને ઘેર પહોંચ્યો, ત્યારે રાતના એક વાગ્યો હતો. કુટુંબનાં સઘળાં માણસો પોતાના ઓરડામાં સૂતાં હતાં. માત્ર એકજ જણ તેની વાટ જોઈ બેઠો હતો અને તે **મેકેર** હતો.

"બોલી દે"—**મેકેરે** ઉસ્કેરાઇને આજ્ઞા કરતો હોય તેમ પૂછયું—"આટલું મોડું શાથી થયું?"

બરટ્રેંડે રાત્રના બનાવથી આદિથી અંતસુધી **મેકેર**ને જાણીતો કર્યો. તેણે સઘળું વર્ણન કર્યું માત્ર એકજ વાત ગુપ્ત રાખી, અને તે પાકીટબૂકના ગુમ થયા વિષે હતી. આ પાકીટબૂક જેવી અમૂલ્ય વસ્તુ **બરટ્રેંડ**ના હાથમાં છે એવું **મેકેર**ના સ્વપ્નમાં પણ હતું નહીં.

"ઠીક બહુ સારૂં"—**મેકેરે** સઘળું સાંભળી લઈ કહ્યું—"તે માણસ કે જે પીઠામાં મરણ પામ્યો તેની કાંઈ ચિંતા નહીં, માત્ર એટલુંજ કે આપણા જેવા વિદ્વાન પુરૂષો જીવ્યા કરે ને આપણા મુવા પછી"—**મેકેર** નિશ્વાસ નાંખી બોલ્યો—"આપણી પદ્વી કોઈ બીજાજ ગ્રહણ કરશે."

"પણ **મેરીયા**નું શું કીધું"—**બરટ્રેંડે** પૂછયું.

"તે તો સઘળું નક્કી થઈ ચૂકયું છે. **મેરિયા** મારી પત્ની થવા અત્યંત રાજી છે. તેના કાકા અને કાકીએ પણ હા પાડી છે, માટે હવે શ્રીમંત થવાના દહાડા સમીપ આવ્યા છે."

"પણ તને ખબર છે"—**બરટ્રેંડે** કહ્યું—"કે કાલનો નાટકનો બનાવ મને ઘણો ગભરાવેછે."

"એ વાત મૂકી દે"—**મેકેરે** જુસ્સામાં કહ્યું—"એ તો એમજ હોય. તને ખબર છે કે આગળ એક વાર એક સ્ત્રીને માટે મેં જાળ પાથરી હતી, પણ તે વારે હું નિષ્ફળ થયો."

"અફસોસ! ખરેજ અફસોસ!"—**બરટ્રેંડ** બોલ્યો—"જો મારી ઘરડી મા આપણી સાથે—

"મૂર્ખ"—**મેકેરે** ધમકાવીને કહ્યું—"તારી મા આ કર્યો લાડવો ધૂળ વાળત એટલુંજ નહીં પણ મને તો વારે ઘડીએ તારી મૂર્ખતાની પણ ચિંતા રહ્યા કરેછે. જો તું મને ઉપયોગી નહીં હોત, તો તને કયારનો પડતો મૂકી દેત."

"**મેકેર**, શું તું મને તજી દઇશ, તારી સાથે ભ્રાત સમાન પ્રીતિભાવથી વર્ત્યો તે છતાં પણ તું મને રખડતો મૂકીશ? હું સ્વીકાર કરૂંછું કે હું હિચકારો છું. તારા ઉમદા વિચારોની ઘણી વાર આડે આવુંછું. તું સંપૂર્ણ રીતે જાણેછે કે મારી બુદ્ધિ તારા જેવી તીવ્ર નથી. હું તને મારા ભાઈથી પણ અધિક ગણુંછું, નહીં તો તું ધારેછે કે મારી કંગાળ અને દીનતા તળે કચરાતી માને તેના ભાગ્ય જોડે લડતી મૂકી તારી પછવાડે આવું?—કદીજ નહીં."

"મૂર્ખ તને એવા વિચારો કેમ આવેછે? હું તો મશ્કરી કરતો હતો."

"**મેકેર** તું ધ્યાનમાં રાખજે કે એવા વિચારો પણ મારા મનની નિર્બળતા દર્શાવેછે. અરે! **મેકેર!** જ્યારે પણ મને **ડોવરનો રસ્તો** અથવા તો **ચેમણ્યુયલના જંગલમાં આવેલું ઝુંપડું** અથવા તો કોઈ **ફ્રેંચ વેપારી ડાક ગાડીમાં બેશી ઈંગ્લંડમાં પ્રવાસ કરતો હોય,** અથવા કોઈ **અંગ્રેજ વેપારી ઘોડા ઉપર બેશી ફ્રાન્સમાં મુસાફરી કરતો** યાદ આવેછે, ત્યારે—

"બસ, **બરટ્રેંડ** જરા **મનુષ્ય** થા. જો તારી હિંમત જતી રહી હોય તો થોડો મદિરા લે, પણ હાલ ત્રણ વાગવા આવ્યા છે ને મને સૂવાની ઇચ્છા થાયછે. મેં ચાકરને પણ આજ્ઞા કીધી છે કે મને વેળાસર ઉઠાડે, જેથી લગ્નને માટે સઘળી ગોઠવણ નિરાંતે અને શાંતીપૂર્વક થઈ શકે. વળી બીજું, કાલે હું આપણા પરમ મિત્ર **મારટીની**ને પત્ર લખીશ, અને થોડું નાણું પણ મો-

કલીશ, જો કે મને ખાતરી છે કે હવેથી આપણને એ મંડલી (કલબ)ની જરૂર પડશે નહીં."

"પણ લગ્નને માટે કયો દિવસ નિર્માણ થયો છે?"

"આવતા મહિનાની પેહેલી તારીખ"—**મેકેરે** કહ્યું—"કેમકે હવે વધારે લંબાવવામાં સાર નથી, એવું મારી બુદ્ધિમાં આવેછે."

"અલબત મને પણ જો તારૂં ભેજું હોત તો **મેકેર**, હું પણ તારા જેવાજ ઉમદા વિચાર કરત"—એમ કરી **બરટેંડ** ઉઠયો, અને પોતાના ઓરડામાં જઈ બીછાનાપર સૂતો.

પ્રકરણ—૧૨.

ચાર્લસ સ્ટેનમોર.

છેલા બે પ્રકરણમાં દર્શાવેલા બનાવને ત્રણ દિવસ થઈ ચયા અને આજ ચોથે દહાડે રાત્રના નવ વાગતે **ચાર્લસ સ્ટેનમોરે પેરિસ** શહેરમાં પ્રવેશ કીધો. જ્યાં વ્યાપારને બદલે નાના પ્રકારના વિનોદો ઉભરાઈ રહ્યા હતા. જો તમે **લન્ડનના** રસ્તાપરથી કોઇ માણસને જતાં જોશો તો તેના મોઢા ઉપર કામઢાપણું અને ઉત્સાહ દેખાશે, પણ આંહી એટલે **પેરીસમાં** તેથી તદ્દન જુદું હતું, કેમકે વેપારીઓ, દુકાનવાળા, ઑફીસરો વગેરે પોતાની આફીશ, પેઢી અથવા દુકાન મૂકી, બહાર જતા ત્યારે વ્યાપાર સંબંધી સઘળી વાતોને એક કોરે મૂકી હાસ્યવિનોદમાં વખત ગાળતા. જ્યારે દરેકે દરેકે બારીમાંથી દીપકનાં કિરણો ચમકારા મારતાં, સંખ્યા બંધ માણસો અને સ્વરૂપવાન સ્ત્રીઓનાં ટોળેટોળાં ફરતાં દેખાતાં, જ્યારે પ્રત્યેક મોહોલાના પ્રત્યેક ઘરમાંથી મધુર વાંજીત્રનો નાદ થઈ રહેતો તથા કોયલ સરખાં અવાજે ગવાતાં ગાયનો સંભળાતાં, જ્યારે ઠેકાણે ઠેકાણે ફુવારાઓ નાના પ્રકારના આકારથી પાણી ઉડાવી બહારની હવાને શીતળતા અને નેત્રોને પ્રફુલ્લિત કરનારાં ફુલોના કયારાંને લીલોત્રી આપતાં ત્યારે પ્રિય વાંચનાર **પેરિસની** સુંદરતાની હું શું વખાણ કરૂં. જાણે સ્વર્ગની શોભાનું પૃથ્વી ઉપર નિર્માણ કર્યું કેમ હોય?

સ્ટેનમોરની ગાડી ઝપાટાથી ચાલતી **મા**રૉબ્યુ હોટલ આગળ આવી પુગી, જ્યાં તે ઉતર્યો અને પોતાની ક્ષુધા નિવૃત્ત કરી હાથમાં લીધેલું કામ પૂરૂં પાડવા અને સવારના પહોરમાં વહેલા ઉઠી પ્રવાસનો આરંભ કરવાના વિચારથી નિદ્રાવશ થયો. સવારના નવ વાગે ઉઠી તે હોટલમાંથી નીચે ઉતર્યો, અને પોતાના ગજવામાંથી એક કાગળ કાઢી, જેને ઘરે જવું હતું તેનું ઠેકાણું બરાબર તપાસી તે તરફ પગેજ ચાલવા મંડયો. જે ફળીયામાં તેને જવું હતું, તેનું ફળીયાનું નામ **મેરેસ** હતું. આગળ ચાલતાં એક ઘરનો નંબર તપાસી **સ્ટેનમોર** અંદર પેઠો. અને નીચે બેઠેલા ઘરધણીને તેણે પૂછ્યું—"અહીંઆ કોઈ **બરટેંડ** નામની બાઈ રહેછે?"

ઘરધણીએ હા પાડી અને નાકપરથી મોટો ચસ્મો ઉંચો કરી કપાળે ચડાવી આપણા અંગ્રેજ ગૃહસ્થ **સ્ટેનમોરને** નિહાળી નિહાળી જોવા લાગ્યો. **સ્ટેનમોર** અને ઘરધણીએ એક પછી એક દાદર ચઢવા માંડ્યા.

"મેડેમ **બરટેંડ** છઠે માળે એટલે સઉથી ઉંચે રહેછે"—ઘરધણીએ કહ્યું—"બિચારી ગરીબ બાઈ પ્રથમ તો નીચેના ઓરડામાં રહેતી. જ્યાં તેની માંડેલી દુકાન આ આખા ફળીયામાં વખણાતી હતી. પણ શું કરે! બિચારીનો છોકરોજ ચોર નીવડયો, જે બિચારીનું સર્વસ્વ ચોરી જઈ તેને આ ગરીબ અને કંગાળ સ્થિતિમાં મૂકી જતો રહ્યો, તેની પાસે ઘણાં પૈસા ન હોવાને લીધે તેણે આ છઠ્ઠે માળે સસ્તી જગ્યા ભાડે લીધી છે."

"અને પછી તેના પુત્રનું શું થયું?"

"લ્યો, આ ઓરડાનો દરવાજો છે"—ઘરધણી **સ્ટેનમોરના** પ્રશ્નનો પ્રતિઉત્તર આપ્યા વગરજ બોલ્યો—"તેના છોકરા વિષે હું તમને કહું તે કરતાં તેની મા તમને વધારે વિસ્તારથી સમજાવશે. હવે હું જાઉંછું"—એમ કહી ઘરધણી નીચે ઉતર્યો, અને **સ્ટેનમોરે બરટેંડની** માના ઓરડાનો દરવાજો ઠોકયો. એક ધ્રુજતા સાદે **સ્ટેનમોરને** અંદર આવવા કહ્યું, અને થોડીજ પળમાં **સ્ટેનમોર** એક ઘરડી ડોસીની સનમુખ આવી ઉભો. આ ડોસીએ પોતાનો

ઓરડો ઘણો સ્વચ્છ રાખ્યો હતો. ઓરડાની બારી ઉપર શ્વેત પડદાઓ ઝુલતા હતા, રાતી ઈંટની ભોંય ધોઇને સાફ રાખેલી હતી અને બારણા સામેની અભરાઈ ઉપર જે બે ચાર વાસણો હતાં તે સણગારી હારકટાર ગોઠવ્યાં હતાં. ડોસી પોતે પણ એક મોટી ખુરશી (ઈઝીચેર) ઉપર રાંધણીયા આગળ બેઠી હતી, જ્યાં તેનો નાસ્તો ધીમી આંચે પાકતો હતો.

"કશા પણ લંબાણ વગર બાઈસાહેબ મારી વાત તમારા પુત્ર સંબંધી છે. હું ધારૂંછું કે આ પત્ર તમારા હસ્તાક્ષરનો છે?"—એમ કરી **બરટ્રેંડ**ની આપેલી પાકીટબૂકમાંથી તેના ઉપરનો જે કાગળ નીકળ્યો હતો, તે **સ્ટેનમોરે** તેના હાથમાં મેલ્યો.

"હા તે મારાજ અક્ષર છે"—વિધવાએ ઉત્તર દીધો—"તમે મારા અભાગ્યા દીકરાને જોયો હોય તો તેની ખબર મને કહી મારા ઉછળતા હૈયાને શાંત કરો."

"બરાબર ત્યારે તો તે તમારોજ પુત્ર હોવો જોઈએ, જે હાલ **લન્ડન**માં છે. જો કે તેના નામમાં સેજસાજ ફેરફાર થયો છે તોપણ મેં સેહેલથી ધાર્યું કે આ પત્ર તેનાજ ઉપરનો હશે?"

"તે જીવેછે? અને વળી તેને તમે જોયો છે?"—મેડેમ **બરટ્રેંડ** ગગન ભણી નજર કરી બોલી—"તે શું વંધો કરેછે, તે પૂછવાની મારી જીભ કેમ ઉપડે? મને પૂર્ણ ખાતરી છે કે તમે તેના કાર્યના વખાણ કરવા તો નથીજ આવ્યા?"

સ્ટેનમોરે કશો ઉત્તર વાળ્યો નહીં, પણ એકાએક પોતાની ધારેલી વસ્તુ તરફ તેની નજર ખેંચાઈ તે ચોંકયો, ધ્રુજ્યો અને લથડતો લથડતો આધાર અર્થે પાછો કુરસી ઉપર બેઠો.

"તમારી આરોગ્યતા ઠીક નથી?"—ડોસીએ પૂછ્યું—"જો મારા પુત્રે કશી પણ રીતે તમને કોપાયમાન કીધા હોય તો તેના અપરાધમાં હું કાંઈ હવે ભાગીદાર નથી. પરમેશ્વર જાણેછે કે તેને લીધે મારે કેટલું દુઃખ ખમવું પડચું છે."—આ પ્રમાણે બોલીને બિચારીએ પોતાનું મોઢું બંને હાથથી ઢાંકી દીધું અને ડુસ્કે ડુસ્કે રોઈ.—

"મને કહો"—**સ્ટેનમોર** બોલ્યો—"તમને હું કનડનાર નથી. ઉત્તર તો મને અવસ્ય જોશે, હા અલબત મારે લેવોજ પડશે, પણ યાદ રાખજો કે સચ્ચાઈ અને જૂઠાઈ એ બંનેનો બદલો કેમ વાળવો તે હું સંપૂર્ણ રીતે જાણુંછું. આ સામે દેખાતી હલકી કિમ્મતની પણ ઉચી કારીગરીની ઘડીઆળની સાંકળ તમારી પાસે કયાંથી આવી?"

"તેનો ઉત્તર દેવો સુગમ છે, પોતાના લુચ્ચા મિત્ર સાથે જવા માટે મારા પુત્રે મને તજી દીધી, તે અગાઉ તે પોતાના બીજા કોઈ મિત્રને ઘેરથી આ સાંકળ લાવ્યો હતો એમ મેં તેને મ્હોઢેથી સાંભળ્યું હતું."

"તે જૂઠું બોલ્યો"—**સ્ટેનમોરે** ઉશ્કેરાઈને કહ્યું—"પણ આ સાંકળી કેટલાં વર્ષ થયાં તમારા સ્વાધીનમાં છે તે મને કહી શકશો?"

"હા, આજ તેને પાંચેક વર્ષ થયાં હશે"—તેણે ઉત્તર વાળ્યો.

આ સાંભળી **સ્ટેનમોર**ની આંખે અંધારાં આવ્યાં અને તે એકવાર ફરીથી આધારને માટે ખુરશી પર બેઠો. તેની બેશુદ્ધિ પાંચ મિનિટ સુધી ચાલી, અને ઉઠયા પછી તેણે પૂછ્યું—"તમારા પુત્રનો મિત્ર કયાં રહેછે?"

"એ બાબતસર હું મારા છોકરાને કદાચિતજ પૂછતી"—વિધવા બોલી—"કારણ કે અફસોસ, તેની ચાલ મારા તરફ માયાળુ ન હતી તે છતાં પણ જે પ્રમાણે તે બોલતો તેમ અને વળી મારા ભાગા તુટા વિચારોથી જેમ યાદ આવેછે તેમ તો તેઓ **લાએન્સ**ના રસ્તાપર—"

"શું! **લાએન્સ**ના રસ્તા પર?"—**સ્ટેનમોર** બોલી ઉઠચો—"બોલો, સત્વર બોલો. જેટલું જાણતા હો તેટલું કહી દ્યો, એક શબ્દ પણ રહેવા દેતા નહીં, બોલો."

"બસ હું માત્ર એટલુંજ જાણુંછું"—**સ્ટેનમોર**ની ઉશ્કેરાયેલી ચાલથી બીહતાં તે બોલી—"હું માત્ર એટલુંજ જાણુંછું કે તેઓનું ઘર **પેરિસ**થી ત્રીશ માઇલ દૂર આવેલું છે અને તે પણ વળી એક વનની બાજુમાં." "પણ તેના મિત્રોનાં નામ શું?—" **સ્ટેનમોરે** ઉતાવળે પૂછ્યું.

"મને એટલુંજ જાણ છે કે તેનો મિત્ર એકજ છે, અને તે દુષ્ટનું નામ **મેકેર** છે."

“**મેકેર**?”—**સ્ટેનમોર** વિકાલ ચેહેરે બોલ્યો—“શું? **શબર્ટ મેકેર**, લુચ્ચામાં લુચ્ચો, ઘાતકી, સેંકડો અપરાધનો કરનાર, ઠગારો અને ખૂની! શું તેણેજ તમારા દિકરાની મતિ ફેરવી છે? તમે કોઈ વેળા એ દુષ્ટ **મેકેરને** દીઠો છે? મને કહો શું તે આના જેવા છે?” એમ બોલી **સ્ટેનમોરે** તેના ચહેરા તથા લક્ષણનું વર્ણન કરી સંભળાવ્યું.

“હા, એજ”—મેડેમ **બરટ્રેંડ** બોલી—“હવે મને કહો, કે હજી પણ તે દૈત્ય મારા પુત્રની સાથેજ છે?”

“હા”—**સ્ટેનમોર** જવા માટે ખુરશી ઉપરથી ઉઠતાં બરબડચો—“અરે અભિમાની **મેરીયા** તારા શું હાલ થશે? એક ચોરની સ્ત્રી થઈશ, આહા, એક ચોરની સ્ત્રી! ચોર, ખીસાકાત્રુ અને ખુની એક વ્યાપારીના પુત્ર કરતાં તને ચડીયાતો ભાસ્યો, ભલે. અરે તારા વિષેનું મારૂં વૈર સમીપ આવ્યું છે, પણ હમણા તારા રમણીય સ્વપ્નમાં વિઘ્ન નહીં કરૂં. જેણે તારા ઉપર એટલો જય મેળવી તારૂં હ્દ્દય હરણ કીધું છે, તેની એકવાર તો તું સ્ત્રી થઈ લે, પછી તારી સામે ઉભેલા જોખમોની આડે આવેલો આ પડદો હું ઉંચકી લઈશ, અને તારા પગ આંગળ ઉછળતો આ દુઃખનો સમુદ્ર તારી દ્રષ્ટીએ પાડીશ, અહા બેવડાં વૈર.”

સ્ટેનમોરની ઉશ્કેરાએલી ચાલ જોઇને તે ગરીબ ડોશી **સ્ટેનમોરના** ચરણમાં પડી અને બોલી—“અરે સાહેબ, તમે ગમે તે હો પણ મારા પુત્રને કશી હરકત કરજો નહીં. યાદ રાખજો કે તે મારૂં એકજ ફરજંદ છે, અને તે ગમે તેટલો દુષ્ટ હોય છતાં હું તેને ખરા અંતઃકરણથી ચાહુંછું.”

આ સાંભળી **સ્ટેનમોરની** આંખમાં પણ આંસુ ભરાઈ આવ્યાં પણ પોતાનો શોકાતુર ચહેરો છુપાવવા માટે તે તરતજ દાદર ઉતરી ચાલતો થયો.

પ્રકરણ—૧૩.

ઝુપડાનો દેખાવ.

તેનું ધારેલું કામ સંપૂર્ણતાના થોડા ઘણા પગથીયાં ચડચું હતું, તે છતાં પણ જે ખબર અંતરો તેણે મેડેમ**બરટ્રેંડ** આગળથી મેળવી હતી, તેનો પણ પૂર્ણ લાભ લેવાનો તેણે નિશ્ચય કર્યો. ચાલતાં ચાલતાં રસ્તાના છેડા આગળ આવી લાગ્યો, જ્યાંથી પાછા જઈ બને તો તે સુવર્ણની સાંકળ પડાવવાનો તેનો વિચાર થયો, પણ તે વિધવાનું રૂદન અને અશ્રુ ભરી આંખો ફરીથી જોવાની તેનામાં હિમ્મત ન હતી, તેથી તે વિચાર માંડી વાળી એક બગી ભાડે કીધી અને થોડી વારમાં પોતાની ઉતારાની હાટલે આવી પુગ્યો.

વાંચનાર જરૂર વિસ્મય થશે કે **મેકેર** અને **બરટ્રેંડની** લૂચ્ચાઈ અને તેઓના ધારણ કીધેલા નામની **સ્ટેનમોરને** ખબર પડ્યા છતાં તેણે મી૦ **લાલેમન્ડને** કેમ ચેતાવ્યા નહીં? પણ જરા ધૈર્ય રાખ. તે સમજાવવું ઘણું સુગમ છે, કે **સ્ટેનમોરના** હ્દ્દયમાં આ વખતે માત્ર એકજ વિચાર ભમતો હતો અને તે વૈર લેવાનો હતો. જે ભૂમિમાં તેને વૈરનાં બીજ વાવવાં હતાં તે ભૂમિ યોગ્ય રીતે ખેડાઈ રહેવા માટે **મેરિઆ** અને **મેકેરના** લગ્નની અતિશે અગત્ય છે એમ તે માનતો હતો અને તેથીજ કરીને **લંડનમાં** મી૦ **પૉકલિંગટનને** તથા **પેરીસમાં** મી૦ **લાલેમન્ડને** તેણે તે બાબતસર જાણીતા કીધા નહીં. ઉપરાંત તેને **મેકેર** તથા **બરટ્રેંડ** વચ્ચેનો કેટલોક છુપો ભેદ ખુલ્લો પાડવાનો બાકી હતો. તેણે મી૦ **પૉકલિંગટનને** પણ ન ચેતાવ્યું કે કેલેસની મેલ ગાડીમાં લુટનારા ચોરો તે એજ હતા. જેઓએ મી૦ **લિબ્યુનું** નામ ધારણ કીધું છે. તેણે વૈર લેવાનો દ્રઢ નિશ્ચય કીધો હતો અને તે વૈરના પગવાટે પહોંચવાની યુક્તી થોડી ઘણી તેને હાથ લાગી હતી. જેવોજ **સ્ટેનમોર** હૉટલ **મીરાબ્યુ** આગળ આવી પહોંચ્યો, કે તરતજ ઉપર જઈ જમી લીધું અને બીજી ગાડી મંગાવી. ગાડી આવી હાજર થઈ, અને **સ્ટેનમોર** અંદર બેઠો. **લાએન્સના** રસ્તા તરફ ગાડી હાંકવાની આજ્ઞા કીધી, અને તકીયા ઉપર ટેકો આપી ઉંડા વિચારોથી ઘેરાયો. તેણે મુસાફરી શરૂ કરી ત્યારે બપોરના ૧૨

વાગ્યા હતા, અને સૂર્ય પણ પેરીસના સુંદર શહેર ઉપર પ્રકાશતો હતો. ઈસ્પિતાલના બુરજોની ટોંચ આકાશને અડી ઉભી હોય તેમ લાગતું હતું. જ્યારે બીજા નાના તથા મ્હોટા શોભાયમાન મિનારા સૂર્યનાં તેજસ્વી કિરણોથી દીપી રહ્યા હતા, પણ **સ્ટેનમોર**નું ધ્યાન કાંઈ દેખાવ જોવામાં ન હતું. ગાડી ચાલતી એક પહોળા અને સરખા રસ્તાપર આવી પુગી. જેની બેઉ બાજુએ ઉંચા અને સીધા વૃક્ષોની હાર લાગી રહી હતી. જેઓની ટોંચો એક બીજાને ઉપર વળગેલી હોવાથી માંડવા સમાન દેખાવ થઇ રહ્યો હતો. આ વખત **સ્ટેનમોર** વિચારોના ઘેરાવામાંથી જાગૃત થયો, અને સામેથી આવતી મંદ મંદ શીતળ લેહેકીઓ તેના વિચારોને વધારે પુખ્ત કરવા માંડ્યા. હવે **લા**એન્સનો રસ્તો આવ્યો અને જેમ જેમ **પેરીસ** અને તેની વચ્ચે અંતર વધતો ચાલ્યો, તેમ તેમ દેખાવ વધારે શાંત અને ઉજડ થવા માંડ્યો. સાંજના ચાર વાગ્યા ત્યારે **પેરીસ**થી ૩૦ માઈલને છેટે આ ડાકગાડી એક નાના ગામડા આગળ આવી ઉભી.

"શેઠ ઘોડા બદલું?"—ઘરધણી ટોપી ઉતારી બોલ્યો.

"ના, હવે આંહીંથી વધારે આગળ જવાનો વિચાર નથી."—**સ્ટેનમોરે** જવાબ દીધો—"મારે આંહીંનાં વખણાયલાં સ્થળોની ભેટ લેવી છે."

"તમારો વિચાર ઘણો ઉત્કૃષ્ટ છે. સમીપમાંજ એક નાહનું સુંદર તળાવ આવેલું છે. જેમાં અગણિત રંગ બેરંગી માછલીયો તર્યા કરેછે, ત્યાં પહોંચવું ઘણુંજ સુગમ છે, કેમકે અંતર ઘણો થોડો. માત્ર સાતજ માઈલ; અને વળી એટલામાંજ **ચે**મબ્રુયલનું ઘાટું વન આવેલું છે."

"હું હું!"—**સ્ટેનમોરે** પૂછ્યું—"અને તે વન આંહીંથી કેટલું દૂર છે?"

"આસરે૰ ત્રણ ગાઉ અને દેખાવ સુંદર પણ ગંભીર અને એકાંત છે."

"અને ત્યાં કોઇ ઘર છે?"—**સ્ટેનમોર** જાણે જાણતોજ નહીં હોય તેમ સાંમે ટાંગેલા **નેપોલિયન**ના ચિત્ર તરફ દ્રષ્ટિ કરી બોલ્યો.

"હા સાહેબ, ઘર તો નહીં, પણ એકાદ ઝુપડું છે ખરૂં"—ઘરધણી અચકાતો બોલ્યો કે, રખેને પોતાનું ગ્રાહક જતું રહે—"તે ઝુપડું બરાબર રાનના મુખ ઉપર આવેલું છે, આગલા વખતમાં ત્યાં લૂચ્ચા લફંગાઓ આવીને વસતા હતા."

"ઠીક છે, ત્યારે તો મારે સંધ્યાકાળે ત્યાંજ જવું છે"—**સ્ટેનમોરે** કહ્યું—"પણ ધ્યાન રાખજે કે રાતના આવું ત્યારે ભોજન તૈયાર હોવું જોઈએ. ઘણું કરીને રાત્રે આવતાં નવ વાગશે. મારી પ્રવાસની પાકીટ ઉપર લઇ જાઓ, અને મારે કયા ઓરડામાં રહેવું તે શીઘ્ર દર્શાવો."

ઘરધણીએ આજ્ઞા અનુસાર કીધું, અને થોડી પળમાં **સ્ટેનમોર** એક સારા અને સ્વચ્છ ઓરડામાં પેઠો. એક પળ પણ ખોયા વગર તેણે પોતાની પાકીટ ઉઘાડી, અને તેમાંથી બે પિસ્તોલો કાઢી પોતાના ડગલામાં સંતાડી રાન તરફનો રસ્તો લીધો. રસ્તામાં જ્યાં દ્રષ્ટી કરે ત્યાં વૃક્ષો વગર બીજું કદાચજ દેખાતું. ઠેકાણે ઠેકાણે અસંખ્ય ઝાડીઓ આવેલી હતી. આખે રસ્તે તેને કોઇ માણસ આવતું કે જતું મળ્યું નહીં. રસ્તો એટલો શાંત અને એકાંત હતો કે પોતાના પગલાંનો શબ્દ પણ ભારે ભયજનક લાગતો. આશરે અઢી માઇલનો પંથ કાપ્યો હશે, ત્યારે વનના મુખ ઉપર અને રસ્તાની ડાબી બાજુએ એક ઝુપડું તેની નજરે પડયું, આ ઝુપડાની બરાબર પાસે એક મોટા પર્વત શોભતો હતો. આ ગંભિર દેખાવ જોઇ તેની આખી કાયા કંપવા લાગી, અને ન વર્ણન થાય તેવી ધાસ્તીએ તેના હ્રદયમાં સ્થાન કીધું. ઝુપડાની લગભગ નજદીક આવી પહોંચ્યો, જ્યાં અચકાયા વગર તેણે બારણું ઠોકયું. તરતજ એક યુવાન અબળાએ આવી તેને દાખલ કીધો, જ્યાં એક સગડી સળગતી હતી. પોતાનો થાક ઉતરવા **સ્ટેનમોર** એક ખુરસી ઉપર બેઠો. ઓરડામાં અંધારૂં હોવાને લીધે તે યુવાન છોકરીએ તરતજ એક મીણબત્તી સળગાવી ટેબલપર મૂકી અને પોતે થોડેક પણ માન ભરેલે અંતરે જઇ ઉભી. **સ્ટેનમોરે** હવે પેલી સ્ત્રી તરફ દ્રષ્ટી કરી તો અત્યાર સુધી પોતાની આખી જીંદગીમાં ન જોયેલી એવી સ્વરૂપવાન નાર તેણે દીઠી. તેનું અપ્સરા સમ મુખ ગોર અને ગોળ હતું, તેની વિકાસ પામેલી ચક્ષુ પ્રકા-

શિત કિરણો ફેંકતી હતી. હોઠ પરવાળા સરખા, અને ગુલાબના ફૂલને લજાવતા હતા. તેના સુવર્ણમય લાંબા કેશનો ગુંછડો કપાળ ઉપરથી અર્ધ વચ્ચમાં બે ભાગે છૂટો પડી તેના ઢળતા ખભા ઉપરથી છેક કમર વેર લટકતો હતો, જે પાતળી અને કોમળ હતી. તેનું ગમન પણ મનોહર ઝંકારથી યુક્ત હતું, તેનાં વસ્ત્રો સાધારણ હતાં તોપણ તે પૂર્ણીમાના ચંદ્ર સમાન શોભતી હતી. સંપૂર્ણ ચંદ્ર દેખી સમુદ્રને ક્ષોભ થાય તેવી રીતે અપ્સરા સમ આકૃતિ જોઇ **સ્ટેનમોર**નું મન પણ ચપળ થયું.

થોડીવારમાં ટેબલપર એક ઓછાડ પાથરવામાં આવ્યો, અને તે ઉપર ભોજનની વાણી, મદિરા તથા પાઉં વિગેરે મૂકયું.

"હું આજે લાંબો પંથ કરી આવ્યો છું."—**સ્ટેનમોરે** વાત છેડી.—"અને થાક પણ થોડો ઘણો ચડયોછે?"

તે છોકરીએ કાંઈ પ્રતિઉત્તર દીધો નહીં, પણ **સ્ટેનમોર**ના વસ્ત્ર તરફ જોઈ વિચારવા લાગી કે આવો પુરૂષ વાહન વગર કેમ પ્રવાસ કરતો આવે?

સ્ટેનમોર તેના વિચારો સમજી ગયો અને ખુલાસો કરવા બોલ્યો—"હું એક અંગ્રેજ ચિતારો છું, અને આંહીં ઘણા સુંદર દેખાવો છે, એવું સાંભળી આવ્યો છું."

"ખરૂં! અહીં એવા દેખાવો છે ખરા"—તે મશ્કરી અર્થે બોલી. જેનો તીક્ષણ સ્વર એક રૂપાની નહાની ઘંટી જેવો મધુર લાગતો હતો—"પણ હું ધારૂંછું કે જેની પાસે ચિતારવાનાં સાધનો ન હોય તેને માટે અમારા ઘરની આસપાસનો રમણીય દેખાવ ખરેજ નિરૂપયોગી છે."

"આ ભોજન ગૃહમાં રાત વાસો થઈ શકશે?"—**સ્ટેનમોરે** ફરથી પૂછ્યું.

"તમારા પ્રશ્નનો ઉત્તર મારાથી અપાય તેમ નથી, પણ અડધા કલાકમાં ઘરધણી પોતે આવશે. જ્યારથી હું આ ઘેરમાં છું ત્યારથી અત્યાર સુધી કોઈ પણ મુસાફર રાત્રે આંહીં સૂતો હોય એવું મને સ્મરણ નથી."

"કૃપા કરી કહેશો કે તમને આ ઘરમાં કેટલાં વર્ષ થયાં?"—**સ્ટેનમોરે** થોડીકવાર વિચારીને પૂછયું.

"સાડા ચાર વર્ષ"—તે મનોહર કંઠે બોલી,—"મને પૂછવાની રજા આપશો કે આ પ્રશ્નનો શું તાત્પર્ય છે?" "સહજ પુછુંછું. હું દલગીર છું,"—**સ્ટેનમોરે** કહ્યું—"કે રખેને કે કોઇ દુઃખદાયક વાત મેં અજાણે છેડી હોય જેથી તમને આપ્રમાણે ખેદ થાયછે. ખરે તમે કાંઈ ઝુંપડાના રહેવાશી નથી, તેમ કંઈ ઝુપડામાં ઉછર્યાં હો એમ લાગતું નથી."

"મારા દુઃખનો દોષ હું કોનાપર મૂકું."—તેણે ધીમે અને પડી ગયેલે સાદે ઉત્તર દીધો—"શેઠ કાંઈ જમવાની બીજી વાણી જોઈએ તો કહેજો."

"કાંઇ નહીં, સુંદર બાઈ, પણ હું તમારૂં આ ઓરડામાંથી જતું રહેવું ઈચ્છતો નથી. મારા મનના ભમતા વિચારોથી કદાચ મારા બોલવામાં ભૂલ થઇ હોય તો ક્ષમા કરજો. હું તમારા દુઃખમાં ભાગ લઉંછું, અને તમારા ઉપર મને ઘણી દયા આવેછે."

"તમારાં માયાળુ વચનનો બદલો તમને ઇશ્વર આપશે"—આ રૂપાળી છોકરી **સ્ટેનમોર** તરફ દ્રષ્ટી કરી બોલી—"તમને કાંઈ જોઇએ છે? મારૂં નામ બ્લેનચી (એટલે સ્વચ્છ) છે. આપ્રમાણે બોલી તેણે એક ઓરડાનો દરવાજો ખોલ્યો અને તરતજ દાદર ચઢી ઉપલે માળે જતી રહી. ઓરડો પણ તેના વગરનો શુન્ય લાગતો હતો.

પ્રકરણ—૧૪.

ખૂનની તૈયારી.

જે ઓરડામાં **સ્ટેનમોર**ને જમવાનું પીરસી આપ્યું હતું, તે ઓરડામાંથી **બ્લેનચી**ના જતા રહેવાથી તેના મનમાં અનેક તરંગો ઉઠવા લાગ્યા; તેને સવિસ્તર વિચાર કરતાં પણ સ-

મજ ન પડી કે આવી રૂપાળી, નમ્ર, બોલવે મીઠી અને સભ્યતાવાળી સ્ત્રી આવા એક ગરીબડા ઝુંપડામાં અને વળી તે પણ લાગટ પાંચ વર્ષ સુધી કેમ રહી શકી હશે?

સ્ટેનમોર એલેનચી ઉપર એટલો તો મોહી પડયો હતો કે તે પોતાના મનમાં બોલ્યો—"અરે **એલેનચી,** જો હું તને અગાઉથી ઓળખતો હોત તો મારો પ્રેમ દુષ્ટ અને નીચ **મેરિયા** ઉપર કદી દોડાવત નહીં."

ફરી ફરી તેને નવીન પ્રશ્નો ઉત્પન્ન થતા. આવું એકાંત અને ભયજનક સ્થાન જ્યાં પોતાને ખાનપાન અર્થે થોભતાં પણ બીક લાગતી હતી ત્યાં **એલેનચી** કેમ આવી? જે પ્રમાણે **સ્ટેનમોર** ધારતો હતો તે પ્રમાણે જો ઘરધણી પોતેજ અપરાધી હોય, તોપણ **એલેનચીના** વિચારો તેઓથી અત્યંત ભિન્ન હોવા જોઇએ, એવું તેનો હસમુખો અને નિર્દોષ ચહેરો કહી આપતો હતો. આવી રૂપવંતી, સોળ વર્ષની, સભ્યતા વાળી, અને યૌવનના મદમાં તણાતી અબળા પોતાના સૌમ્ય ચહેરા તળે કપટી વિચારો ઢાંકી દે તે ન બનવા જેવું હતું. આવા વિચારો **સ્ટેનમોરના** હૃદય ઉપર વારે ઘડીએ હુમલો કરતા, પણ બીજીજ પળે તે ફેરવાઇ જતા; કારણ કે જેવું **એલેનચીનું** નામ હતું તેવાં સ્વચ્છ તેનાં આચરણો હતાં. **એલેનચી** અતિશે રૂપાળી હતી એટલુંજ નહીં પણ તેનો કોમળ સ્વર વીણાના મધુર નાદને મળતો હતો. સમીપ આવતાં પગલાના શબ્દથી **સ્ટેનમોર** પોતાના વિચારમાંથી જાગૃત થયો. દ્વાર ઉઘડયો અને એક સાધારણ વયનો પુરૂષ અને તેની સ્ત્રી દાખલ થયાં. આ માણસે આવતાંજ **સ્ટેનમોરને** ટોપી ઉતારી સલામ કીધી અને તેનો ચહેરો જોઈ **સ્ટેનમોરના** સંશયો વિશેષ દ્રઢતાને પામ્યા.

"ધ્યાન રાખી શેઠને જોઇએ તે લાવી આપજે હું લાકડાં લેવા જાઉંછું. **મારગેરેટ**"—ઘરધણી બોલ્યો—"કદાચ સાહેબ આંહીંજ રાત વાસો કરશે."

"હા, મારો એવોજ વિચાર છે"—**સ્ટેનમોરે** ઉત્તર વાળ્યો. અને પછી પોતે ચિતારો છે એવું સર્વને કહી સંભળાવ્યું. **પૉલ** લાકડાં લેવા માટે ગયો અને તેની સ્ત્રી **મારગેરેટ** પોતાને માટે ભોજન લેવા ગઇ. થોડીવારમાં તે એક મ્હોટો થાળ લઈ ઓરડામાં આવી, અને એક નહાના મેજ ઉપર મૂકી, **એલેનચીને** બોલાવી, પોતાની પાસેની ખુરશીપર હેતથી બેસાડી જમવા બેઠી. થોડીક વારમાં તો તેનો ભરથાર પણ લાકડાં લઈ આવ્યો, જેમાંનો થોડો ભાગ દાદરતળેના ખાંચામાં મૂકી જમવામાં સામેલ થયો. આ ત્રણે જણ પેટની પૂજામાં રોકાયા હતા ત્યારે **સ્ટેનમોરે** વિચારોની દોરી ઢીલી મૂકી. ગમે તેટલી મહેનતે પણ ભેદનો મર્મ જાણવો એવો **સ્ટેનમોરે** નિશ્ચય કીધો. **મેડેમ બરટ્રેંડના** કહેવા પ્રમાણેનું ઝુંપડું પણ તેને હાથ લાગ્યું હતું, પણ હવે વધારે શોધ કરવી જોઈએ તે કેમ થાય? પૂછે તો તેઓને સંશય પડે, અને મુંગો બેસે તો વર્ષોનાં વર્ષ વહી જાય પણ ખુલાસો થાય નહીં. હવે શું કરવું? આગળ કેમ વધવું? **એલેનચીનેવિષે** તેને અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ આવવા લાગ્યા. હજી સુધી તેણે કાંઈ ખુલાસો જાણ્યો નહોતો, તેથી રાત્રે આંહીંજ સુવાનો તેણે મનસુબો કર્યો.

તેણે પોતાનું ઘડિઆળ કાઢી જોયું તો સાડા નવ થઈ ગયા હતા. તેણે સુવાની ઇચ્છા દેખાડી, જેથી **મારગેરેટ** તેને ઉપલા માળના એક ઓરડામાં લઈ ગઈ, જ્યાંની બારીમાંથી નીચે આવેલો નાનો બગીચો દેખાતો હતો. રાત અજવાળી અને મનોહર હતી, ચંદ્ર પણ પૂર જોશમાં પ્રકાશી પોતાનાં રૂપેરી કિરણો આસપાસના પહાડી દેખાવપર ફેંકતો હતો, જેથી ઘણે દૂર સુધી દ્રષ્ટી પડતી હતી. જમણા હાથપર મેડેમ **બરટ્રેંડના** કહ્યા પ્રમાણેનું **એમ**બ્યૂયલનું વન આવેલું હતું, જ્યાંના ઉંચાં ઝાડોની ડાળીઓ પવનની લેહેંકીથી હિંચકા ખાતી હતી. **સ્ટેનમોરે** બારી ઉઘાડી આસપાસ નજર કરી. કાંઈક વિચારથી તેનું શરીર કંપવા લાગ્યું અને બોલ્યો—"રખેને તે આ ઓરડોજ હોય"—એમ કહી તે પોતાના બિછાનાપર પડયો અને હજારો શોકાતુર અને ખેદકારક વિચારોનો ઉભરો કાઢવા મંડયો. તેના આ દુઃખદાયક વિચારરૂપી શ્યામ વાદળાંઓમાં માત્ર એકજ તેજસ્વી તારો નજરે પડતો હતો, અને તે તારો **એલેનચીરૂપે** હતો. જો કે **એલેનચીની** સાથે ઓળખાણ થયાને હજી બે ત્રણ કલાકથી વધારે થયું

નહતું તોપણ તેનો હસમુખો શ્વેત ચેહેરો તેના હૈયામાં કોતરાઇ ગયો હતો. આ પ્રમાણે પોણો કલાક વહી ગયો હશે તો પણ કપડાં ઉતારી સૂઈ જવાની તેણે કાંઈ ગોઠવણ કીધી નહીં. તે એવી હાલતમાં બીછાનાપર બેઠો છે તેવામાં તેને કાને મોહોટે સાદે બોલાતા વઢવાડના શબ્દો પડ્યા. તરતજ તેની ખાતરી થઇ કે એ અવાજ **મારગેરેટ** અને **પૉલ**નો છે એટલુંજ નહીં પણ તેમાં **ઍલેનચી** પણ સામેલ છે. **સ્ટેનમોરે** કાન દઇ સાંભળવા માંડ્યું.

"**ઍલેનચી** તું તારા ઓરડામાં જઇ સુઇ રહે, હું તેને હુકમ કરૂંછું."

"જ્યાંસુધી મારા હૈડામાં આ ભયંકર સંશય રહ્યો છે, ત્યાંસુધી હું આ સ્થળેથી ખસનાર નથી"—**ઍલેનચી** એક ઠરાવે બોલી.

"મુંગી બેશ, આપણો સાદ ઉપર સંભળાશે"—**મારગેરેટે** ધમકાવીને કહ્યું.

"સંભળાય કે ન સંભળાય એ બધું મારે સમાન છે, કારણ કે કાલે સવારના તો એ સઘળી વાત પોતે ખુલ્લી પડશે"—**ઍલેનચી** બોલી.

"તારી મગદૂર નથી કે તું એક શબ્દ પણ ઉચ્ચારી શકે"—**પૉલ** ઝનુની અવાજે બોલ્યો.

"તમે મારે વિષે ભૂલ ખાધી છે"—**ઍલેનચી**એ ઉત્તર દીધો—અને મેં તમારે માટે ભૂલ ખાધી છે. હું ધારતી હતી કે તમે પ્રમાણિક હશો, પણ શું તમે મને તમારા સમાન ગણોછો?"

"બહુ સારૂં, બહુ સારૂં"—**પૉલ** બનાવટી હસમુખો ચેહેરો કરી બોલ્યો—"હું તો મશ્કરી કરતો હતો. એ જુવાનને હું શું મારી નાખત? પણ તારા વચ્ચે પડવાનો ભાવાર્થ હું હવે સમજ્યો છું. તને તેનેવિષે પ્રીતિ છે કેમ?"

"હું તમારી એવી અયોગ્ય મશ્કરીઓ ધિક્કારૂંછું"—**ઍલેનચી**એ ફરીથી કહ્યું—"તમે મશ્કરીનું બહાનું કાઢી મને અહીંથી ખસેડી તમારૂં ભયંકર કર્મ સફળ કરવા માંગોછો? આ ગ્રહ તળે રહેવાની આજ મારી છેલ્લી રાત્ર છે, અને અહીંથી ગયા પછી કદાચ મને બારણે બારણે ભિક્ષા માંગવી પડે એવું હશે તો પણ હું તમારે ત્યાં વધારે રહેનાર નથી. તમારા ફોસલાવ્યાથી મારી મતિ કાંઈ ફરવાની નથી, મેં હવે નિશ્ચય કર્યો છે માટે.

"હવે એ વાત બંધ કરો, અને સવારના એ જુવાન પુરૂષ ગમે તે હોય તો પણ હું તેને સર્વ કહીશ કે જે ઘરમાં તે રહેવાનું રક્ષણકારક ધારતો હતો, તેમાં રાતવાસો કરવાથી તેને કેટલું ખમવું પડત."

એક જબરો ઝટકો, મહાદુઃખજનક ચીસ, અને ભોંય ઉપર જોરથી પડ્યું હોય તેવો ધબાકો **સ્ટેનમોર**ને કાને પડ્યો. તે વિચાર કરવા પણ થોભ્યો નહીં. છલંગો મારતો એક પળમાં **સ્ટેનમોર** દાદર ઉતરી નીચેના ઓરડામાં આવી લુચ્ચા **પૉલ**ની સનમુખ ઉભો અને જોયું તો **ઍલેનચી** ભાનરહિત થઇ નીચે પડેલી હતી. **પૉલ**ના હાથમાં એક પિસ્તોલ હતી જેના હાથ થકી તેણે **ઍલેનચી**ને પ્રહાર કર્યો હશે, એવો **સ્ટેનમોરે** સહજમાં અનુમાન કર્યો. **પૉલ** તરતજ ચેતી ગયો અને **સ્ટેનમોર** તરફ પિસ્તોલ ટાંકી. આપણા જુવાન અંગ્રેજે ખસી જઇ તરતજ પોતાની પીસ્તોલો બહાર ખેંચીને કાઢી અને તેમાંની એક **પૉલ**ના મસ્તક ગમ ફોડી. ગોળી તો છટકી અને જેમ એક ઝનુની વ્યાઘ્ર પોતાની ગુફામાંથી કુદી પડે તેમ **પૉલ** પોતાના પરોણા તરફ ધસ્યો. આ વખતે **સ્ટેનમોર**ને કોઇએ પછવાડેથી ધકો માર્યો. સેજ નજર કરતાં માલમ પડ્યું કે **મારગેરેટ** પોતાના ભરથારને સહાય કરવા આવી પુગી છે. **સ્ટેનમોર**ની સ્થિતિ ઘણી સંશયાત્મક હતી. **પૉલ** શરીરે પુષ્ટ અને માતેલો. જ્યારે **સ્ટેનમોર** આખા દિવસનો થાકેલો હતો તો પણ બાકી રહેલી બીજી પિસ્તોલ ખેંચી કાઢી. આ તેણે વગર વિલંબે **પૉલ**ના માથાગમ ટાંકીને ફોડી. ધન્ય! આ નેમ તો સફળ થઈ, અને ઘરધણી એક શબ થઇ ભોંયપર પડ્યો, જ્યારે **મારગેરેટ** પોતાના ધણીના શરીરપર રૂદન કરવા લાગી.

ઍલેનચીને જાગ્રત કરવાના **સ્ટેનમોરે** ચાંપતા ઉપાયો લેવા માંડ્યા. તેણે તેને ઉચકી બેઠી કરી. નજર કરી તો પાણીનો કુંભ બાજુના ટેબલપર પડયો હતો, જેમાંથી થોડું તેના

ગૌર મોઢાપર છાંટયું અને જેમ કર્માએલું ફૂલ જળના સ્પર્શથી પ્રફુલ્લિત થાય તેમ **બ્લેનચી** પણ ભાનમાં આવી બોલી—"હું કયાંછું! તમે કોણ છો?"

"હું યુવાન ચિતારો છું જે આજે સાંજે તમારે ત્યાં આવ્યો હતો"—**સ્ટેનમોરે** સ્મરણ કરાવ્યું.

"મને કાંઈ ભયંકર સ્વપ્ન આવ્યું હશે"—આ છોકરી બોલી—"ખરે એ સ્વપ્નજ હશે. ના, ના, ચાલો આપણે નહાસી જઇએ, આ દુષ્ટ જગ્યા છોડી જઇએ"—**સ્ટેનમોરને** વળગતાં તે બોલી—"ચાલો હવે અહીં ખોટી થવું વ્યર્થ છે."

"પ્રથમ **મારગેરેટને** આંહીં બંધનમાં રાખવી જોઈએ."

"એને મૂકી દ્યો, એને જવા દ્યો"—**બ્લેનચી** કરગરવા લાગી—"ગમે તેવી એ દુષ્ટ છે તોપણ તેણે મારી તરફ આગાઉ બે ત્રણ વાર કૃપાદૃષ્ટી કરી હતી. ઉપરાંત એને આહીં પૂરી જવાથી આપણને શું લાભ થશે?"

"**બ્લેનચી**, પ્રિય **બ્લેનચી**, હું તારૂં કહ્યું કરવાને તૈયાર છું. ચાલ આપણે સાથેજ જઈએ."

આ યુવાન છોડીએ ઉતાવળે એક ઉનનો ડગલો અને ટોપી પહેરી લીધી. તેઓ ઓરડામાંથી બહાર આવ્યા અને રસ્તાપર ચાલવા માંડયું. વાયુની શીતળ લેહેંકીથી તેના વિચારો ખુલવા લાગ્યા, તેમ તે સાથે તેઓના ઉશ્કેરાયેલાં હૈય્યાં પણ શાંત થયાં.

પ્રકરણ—૧૫.

બ્લેનચીના ભાગ્યનો ઉદય.

સ્ટેનમોર અને **બ્લેનચી** એક બીજા સાથે વાતો કર્યાવગર મુંગે મોઢે કેટલેક દૂર નીકલી ગયાં. જ્યારે **બ્લેનચીને** એકાએક કાંઇ વિચાર આવ્યો અને બોલી—"આપણે કયાં જઈએ છીએ?"

આ વેળાએ ચંદ્રકાન્તીવાળી **બ્લેનચીનો** રસ્તો દેખાડનાર અને રક્ષણ કરનાર માત્ર **સ્ટેનમોરજ** હતો, તેમ **બ્લેનચીએ સ્ટેનમોરનો** જીવ બચાવ્યો હતો. વળી થોડાજ કલાકની ઓળખાણથી **સ્ટેનમોરના** મન ઉપર કેટલી અસર થઈ તે વાંચનારથી અજાણ્યું નથી, **પૉલ** અને **મારગેરેટના** ધારેલા કર્પિણ કતુંકો નિષ્ફલ કરવા જો **બ્લેનચી** આડે ન આવી હોત અને જોરથી વાતો કરી **સ્ટેનમોરને** સંશય ન આણ્યો હોત તો તે લુચ્ચાઓને પોતાની ધારણા પાર પાડવામાં કશો વિલંબ લાગત નહીં. જેણે તેને યમરૂપી રાક્ષસના જડબામાંથી બચાવ્યો તેનો શું તે થોડો આભારી હશે? **બ્લેનચીને** પણ પૂર્ણ ખાત્રી હતી કે એ યુવાન અંગ્રેજ તેને કોઈ સારે સ્થળે લઇ જશે, જ્યાંથી આગળ કેમ વધવું અને શું કરવું તેનો સવિસ્તર વિચાર કરવા તક મળશે.

"**બ્લેનચી**, વધારે વાર હું તને ભર્મમાં નહીં રાખું"—એમ કહી પોતાનું નામ, આ ઝુંપડામાં આવવાનું કારણ, બીજે કયાં કયાં પ્રવાસ કરવાનો હતો એ સર્વ તેને સંક્ષેપમાં કહી દીધું.

"તમારા બોલવા અને મુખાકૃતિ ઉપરથી સ્પષ્ટ દેખાયછે કે જે વાત તમે મને હમણાં કહી તે તમે તમારા ખરા હ્દયથી બોલ્યાછો, અને જોકે મારે કાંઈ વધારે કહેવાનું નથી, તોપણ હું તમને મારી જીંદગીના વૃત્તાંતથી વાકેફ કરવા ઇચ્છું છું. મારાં માબાપ મારી બાલ્યાવસ્થામાંજ મરણ પામ્યાં એવું મેં સાંભળ્યું છે. મારી માતુઃશ્રી ઉંચા કુળની હતી, જ્યારે મારા પિતાવિષે હું વિષેશ જાણતી નથી. મને સંપૂર્ણ રીતે યાદ આવેછે કે મને એક સ્ત્રીની સંભાળ હેઠળ રાખવામાં આવી હતી, જેને મારા પોષણ અર્થે મારો નાનો અમુક રકમ આપતો હતો. અગ્યાર વર્ષની થઈ ત્યાંસુધી હું એ બાઈ પાસે પેરિસમાં રહી, હું વાંચતાં પણ શીખી હતી. મારા પિતાનું નામ મેં આજપર્યંત સાંભળ્યું નથી. જે બાઈ સાથે હું રહેતી હતી તેનું નામ **મેડેમ ડી લાંગવિલી** હતું. એકાદી વખત મેં તેને મારા પિતાસંબંધી વાત પૂછી જેના ઉત્તરમાં તે બાબતસર વધારે પૂછ-પૂરછ કરવાની તેણે ના પાડી. તે ઘણી વખતે મારી મા વિષે વાતો કરતી પણ કોઈપણ વેળા મારા સગાં સ્નેહીઓને મળવા જવા દેતી નહીં. આગળ જતાં

મારા જાણવામાં આવ્યું કે મારા પિતાની ચાલ-ચલણ ઘણીજ દુષ્ટ નીવડી, અને તેથી મારી પ્રિય માનાં લગ્ન પણ થવા બંધ પડ્યાં. આ બનાવથી મારી માના હૃદયમાં એક દુઃસહ આંચકો લાગ્યો, અને તેથીજ તે મરણ પામી. સંક્ષેપમાં મારી અગ્યાર વર્ષની નહાની વયે **મેડેમ લાંગવિલી** પણ આ ભૂમીનો ત્યાગ કરી જતી રહી. ત્યાર પછી થોડે દિવસે એક અજાણ્યો પુરૂષ આવી મને પોતાની સાથે લઈ ગયો. હું તેને શરણ થઈ, વાહન નીચે ઉભું હતું તેમાં અમે બેઉ જણ બેઠાં. ગાડીવાને **લા**એન્સનો રસ્તો લીધો, અને જે ઝુંપડામાં તમે મને આજે જોઇ તેજ ઝુંપડા આગળ અમે મધ્યરાત્રે આવી પુગ્યાં. ત્યારથી તે અત્યાર સુધી હું **પૉલલેમોની** અને તેની સ્ત્રી **મારગેરેટ** સાથે રહેતી. જેની સાથે અજાણ્યા પુરૂષની સારીપેઠે ઓળખાણ હોય એવું મને ભાસ્યું. તેણે જતાં જતાં અતિ હેતથી મને ચુંમીયો લીધી, અને પાછો ગાડીમાં બેઠો, જે થોડી વારમાં મારી નજર આગળથી દૂર જતી રહી. મારા પોષણને માટે એક ચોકસ રકમ આપવાનું એ પુરૂષે **પૉલલેમોનીને** કબુલ્યું હતું. ત્યારથી મેં તે માણસને પાછો જોયો નથી, મારા ખર્ચને માટે એ અજાણ્યો પુરૂષ ઘરધણીને વારેઘડીએ નાણાંની રકમો મોકલતો. પૉલ અને તેની સ્ત્રી મારી સાથે માયાળુપણે વર્ત્તતાં, અને તેઓની લૂચ્ચાઈ અને દુષ્ટતા વિષે સંશય લાવવા આજ શિવાય કોઈપણ વખત બન્યું ન હતું.”

“તમારા ખુલાસાને માટે ઉપકાર માનુંછું”—**સ્ટેનમોરે** કહ્યું—“જ્યારે મેં તમને મારૂં નામ તથા બીજી બીનાઓ વિદિત કરી તે એવી ધારણાથી ન હતી કે તેના બદલામાં હું તમારૂં વૃત્તાંત સાંભળું. પણ હવે જ્યારે તમે મારાઉપર વિશ્વાસ રાખોછો તો તે વિશ્વાસમાટે તમારે પસ્તાવું પડશે નહીં. હું પણ તમારી દુઃખી સ્થિતિમાં ભાગ લઉછું. જે ઝુંપડામાં તમે રહેતા તે ઝુંપડામાં કોઈપણ વખતે **પીરી બરટ્રેંડ** અને **રૉબર્ટ મેકેર** નામના ગૃહસ્થો આવતા કે નહીં તે પૂછવાની રજા આપશો.”

“તેવા નામવાળા પુરુષો આવેલા મારા જાણવામાં નથી”—**એલેનચી**એ કહ્યું.

“ત્યારે તો પેલી સૂવર્ણની સાંકળવિષે **બરટ્રેંડ** પોતાની માને ઠગ્યો હશે,”—**સ્ટેનમોરે** વિચાર્યું.

“તમે જોયું તેમ હું સુખી તો નહીંજ હતી,” **એલેનચી** ગદગદ કંઠે બોલી—“અને વળી મારા જન્મનો છૂપો ભેદ એ સર્વ મને અપાર દુઃખ કરે છે. મારી મા તરફનાં સગાંઓ મને તેઓના અપમાન અને મારી પ્રિય માતાના દુઃખદાયક મરણનું મૂળ ગણતા. અફસોસ, જો આ વિશાળ પૃથ્વીમાં મારૂં એક પણ સગું રહ્યું હોત કે જેને વળગી હું મારી દુઃખી સ્થિતિ દર્શાવી દિલાસો મેળવત, તો અત્યાર સુધી જેટલાં સંકટો મેં વેઠયાં છે તેમાં ઘણો ઘટાડો થાત અને બીજું દુઃખદાયક એ છે કે મારો પિતા જેણે મને જન્મ આપ્યો તેની સાથે મારી મા તરફના સગાઓ તિરસ્કારની દૃષ્ટીએ જુએછે.”

આ પ્રમાણે વાતો કરતાં ઘણો વખત વ્યતીત થઈ ગયો, રસ્તો પણ ઓછો થયો અને હૉટલ આગળ આવી પુગ્યા. **એલેનચી**ને માટે એક જુદીજ કોટડી ભાડે લીધી અને પોતે પોતાના ઓરડામાં જઈ શાંત નિદ્રાને આધીન થયો. સવારના પહોરમાં વહેલા ઉઠી **સ્ટેનમોર** અને હાટલકીપર ગામના મુખ્ય ન્યાયાધિશ પાસે ગયા જે, **સ્ટેનમોર** અને હાટેલ વાળાને એક ઓરડીમાં લઈ ગયો, જ્યાં ઝુંપડામાં બનેલો સઘળો હેવાલ ન્યાયાધિશના પુત્રે લખી લીધો. **મારગેરેટ** હજી પણ તે ઝુંપડામાંજ હોય તો તેને તરત પકડી લાવવા બે સિપાઈઓને રવાને કીધા જેની સાથે એક વૈદ્ય અને તેનો દીકરો ગયા. ત્યાર પછી જ્યાંસુધી તે સિપાઈ સમાચાર મેળવી પાછા આવે, ત્યાંસુધી **પેરિસ**માંજ રહેવાની **સ્ટેનમોર**ને આજ્ઞા કરવામાં આવી. **સ્ટેનમોર** હા કહી પાછો પોતાની હાટલ આગળ આવ્યો. **એલેનચી** વાટ જોઇ બેઠી હતી, તેનો રૂપાળો ચહેરો ઉત્તરી ગયો હતો, તોપણ તે એવી સુંદર લાગતી કે ખરે તેને માટે જીવ આપવાને પણ **સ્ટેનમોર** ના પાડત નહીં.

ન્યાધીશે **સ્ટેનમોર**ને કહી મોકલ્યું કે **મારગેરેટ** નહાશી ગઇ છે અને સિપાઇઓ પાછા આવ્યા છે તેથી હવે જો તેને કયાં પણ જવું હોય તો ભલે જાય. ગાડી મંગાવી **સ્ટેનમોર** અને

ફ્લેનચી બેઠા. ગાડી ચાલતી થઇ. **સ્ટેનમોર**ને પેરિસમાં રહેનારી એક અમલદારની વિધવા સાથે ઘણી ઓળખાણ હતી જેનું નામ મિસિસ **ડેવેરેક્સ** હતું. **સ્ટેનમોર**ના બાપની આ અંગ્રેજ અમલદાર સાથે ઘાડી મિત્રતા હતી, તેથી જ્યારે પણ **સ્ટેનમોર** પેરિસ તરફ આવતો, ત્યારે એ ભલી વિધવાને મળ્યાવિના રહેતો નહીં. **ફ્લેનચી**એ નિશ્ચિત જાણ્યું કે એક ઉદાર દિલનો માયાળુ અને ઉંચા વિચારનો મિત્ર તેને હાથ લાગ્યો છે. સુભાગ્યે વિધવા ઘરમાંજ હતી. **સ્ટેમોરે ફ્લેનચી**ને હાથ આપી ગાડીમાંથી ઉતારી અને ઉપર લઈ ગયો જ્યાં મીસિસ **ડેવેરેક્સ**ને કહ્યું—"આ યુવાન અબલા કે જેના અપાર સંકટોથી હું અથઈતિ જાણીતો થયો છું તેની તમારી સાથ ઓળખાણ કરાવવા રજા લઉંછું."

મીસિસ **ડેવેરેક્સ** વધારે સાંભળ્યા વગરજ ઉઠી અને **ફ્લેનચી**નો હાથ પકડી માયાળુ કંઠે બોલી—"**સ્ટેનમોર** જેવા ભલા મિત્રની ભલામણ થઈ એટલે હદ આવી, અને તેમાં તમારી સુંદર મુખાકૃતિ મને તમારી તરફેણમાં ખેંચેછે, તમે સુખે મારે ત્યાં રહેજો."

"અવી માયાળુ અને ભલી બાઈ મેં કદી પણ દીઠી ન હતી."—**ફ્લેનચી** તે વિધવાનો આભાર માનતાં બોલી.

ફ્લેનચીની સઘળી હકીકતથી **સ્ટેનમોરે** મિસિસ **ડેવેરેક્સ**ને જાણીતી કરી અને બેઉની રજા લઈ પાછો હૉટલ **મિરાબ્યુ**માં આવ્યો.

પ્રકરણ—૧૬.

અણધાર્યો મેળાપ.

ફ્લેનચીંને મીસીસ **ડેવેરેક્સ**ની સંભાળ તળે મૂકી આવ્યા પછી ફરીને પણ એક-વાર પોતાનાં પગલાં તેજ ઝુંપડા તરફ લઈ જવા **સ્ટેનમોર**નો વિચાર થયો. જે આવરણથી આવો છૂપો ભેદ ઢંકાઈ રહ્યો હતો તે પડદાને ઉંચો કરવા **સ્ટેનમોરે** છેક ઈંગ્લાંડથી આહીંવેરની મુસાફરી માથે લીધી હતી. થોડો નાસ્તોપાણી કરી મુખ્ય ન્યાયાધિશને ઘરે જવા તે ઉઠયો.

"ખરી વાત તો એ છે"—**સ્ટેનમોરે** ન્યાયાધિશને કહ્યું—"કે એ ઝુંપડાને એક બીજી ભેટ આપવાની મને ઘણી ઇચ્છા થાયછે અને મને એવું યાદ આવેછે"—ન્યાયાધિશની આનાકાની જોઈ **સ્ટેનમોરે** ફેરવી બાંધ્યું—"કે ત્યાં થયેલી બાધાબાધીમાં મારી વીંટી પડી ગઈ છે."

"જો એમજ હોય તો હું તમને રજા આપી શકુંછું"—ન્યાયાધિશે જવાબ દીધો—"પણ આંહીં કોઇ સિપાઈ તરત વેળા પાસે નથી, તેમ મ્હારો પુત્ર પણ બહાર ગયો છે."

"મારી સાથે કોઇને આવવાની જરૂર નથી"—**સ્ટેનમોરે** કહ્યું.

"ઠીક છે, મને તમારા ઉપર પૂર્ણ વિશ્વાસ છે"—એમ કહી ન્યાયાધિશે કુંચી કાઢી **સ્ટેનમોર**ને સ્વાધીન કરી. ચાવી લઈ **સ્ટેનમોરે** ઝુંપડા તરફ પ્રયાણ કરવા માંડયું. સાંજ પડી ગઇ હતી અને વાયુ પણ શીતળ ફુંફવાટા સહિત એક ધારે ફૂંકયા કરતો હતો. વારે ઘડીએ **સ્ટેનમોર**ને કાને કોઇ વેદનામાં આવેલો પુરૂષ અથવા ફાંસીએ લટકતો ખુની ચીસો પાડતો હોય તેવો શબ્દ સંભળાતો, પણ તરતજ તેનું કારણ તેણે શોધી કાઢયું અને પૂર્ણ ખાતરી થઇ કે એ શબ્દ ઝાડોની ડાંખળીમાંથી પ્રસાર થતા પવનનો હતો. જરા જરા વારમાં વાદળાંઓ ઘેરાઇ આવી મેઘરાજાની શ્યામ અને ગંભિર સ્વારીને તેડી આવતાં, જેમાં વાદળાંનો ગદાસમાન ગગડાટ અને વીજળીનો પ્રકાશ દેખાતો હતો. દૂરથી તો જાણે યુદ્ધ કરવાને સજ્જ થયેલું એક મોટું સૈન્ય આવતું કેમ હોય, તેમ બીજા નહાના મહોટા વાદળાંઓની તરેહવાર આકારમાં દોડા દોડ થઈ રહી હતી. સંક્ષેપમાં દેખાવ ઘણોજ ભયંકર હતો, તેમાં વળી **સ્ટેનમોર** તદન એકલો હતો. જ્યારે તે ઝુંપડા આગળ પહોંચ્યો ત્યારે સાત વાગ્યા હતા. અફસોસ! ઉતાવળમાં દીવો સળગાવવાનાં સાધનો પણ લાવવા **સ્ટેનમોર**ને ધ્યાન રહ્યું નહીં પણ હિમ્મત રાખી તરતજ સ્થિર છાતીથી **સ્ટેનમોરે** દરવાજામાં ચાવી ફેરવી, પ્રવેશ કરી અંદરથી દરવાજો બંધ કર્યો. ઘરમાં ચોતરફ ભયજનક અંધારૂં પ્રસરી રહ્યું હતું. એકા એક તે એક કબાટ સાથે અથડી પડયો.

તેને આ વખતે કાંઈક **સ્મરણ** થઈ આવ્યું અને કબાટ ઉઘાડી તો અંદરથી એક ફાનસ અને દીવાસળીનું બાકસ હાથ લાગ્યું. એક મિનિટ પણ થોભ્યા વગર તેણે ફાનસની મીણબતી સળગાવી અને આસપાસનું અંધારૂં દૂર કર્યું. ત્યાર પછી તે એક બીજા ઓરડામાં પેઠો જ્યાં **પૉલ-લેમોની સ્ટેનમોર**ને હાથે મુવો હતો.

"આ શું! આ શો જુલમ! અત્યારે અહીં કોણ!"—**સ્ટેનમોર** ચોંકીને બોલ્યો, કારણ કે તેને મનુષ્યના પગલાનો અવાજ સંભળાયો.

તરતજ ધ્યાન દઇ સાંભળ્યું પણ સઘળું શાંત અને ચૂપ હતું, અને પોતાની અયોગ્ય બીકને માટે તે હસ્યો. બતી ઉંચી કરી તેણે સઘળે દૃષ્ટી ફેરવી, ઘરધણીનું શરીર ત્યાંથી ઉંચકી લઇ જવામાં આવ્યું હતું તોપણ જ્યારે ત્રાસ પમાડનાર ઠરેલા રૂધિરના ડાઘ તેની દૃષ્ટીએ પડ્યા ત્યારે તેની કાયા થરથરવા લાગી. વળી કાંઇ અવાજ સંભળાયો. **સ્ટેનમોર** ઉભો રહી ગયો અને ફરીથી ચિત્ત એકસ્થ રાખી સાંભળ્યું પણ સઘળું શાંત, એટલે તેણે તપાસ પાછી કરવા માંડી. નીચેના ઓરડાનો દરેકે દરેક ખુણો તપાસવો એવો **સ્ટેનમોરે** નિશ્ચય કીધો. જમીનની લાદી તરફ પણ તે નિહાળીને જોવા લાગ્યો. ઘડીકમાં વળી દિવાલની રાતી ઈંટો તરફ સંશય પડતી નજરે જોતો. નીચેના ઓરડામાં તો તેણે સઘળું તપાસી લીધું. હવે ઉપલે માળ જવું જોઇએ, પણ હજી દાદરનાં પહેલા પગથીયાપર પગ મૂકયો નથી ત્યાં તો ત્રીજી વાર વળી એવોજ અવાજ સંભળાયો. તેના હાથમાંથી ફાનસ પડી જતું હતું જે તેણે પ્રયત્નથી પકડી રાખ્યું. તેને સ્પષ્ટ જણાયું કે એ અવાજ કોઈ મનુષ્યનો છે અને તે ઉપલા માળથીજ આવેછે.

આપણે અગાઉ કહી ગયા છીએ કે એ વહેમી ન હતો પણ તેના ગભરાટનું મુખ્ય કારણ માત્ર એટલુંજ હતું કે જે ઘરમાં આવા ભયંકર બનાવો બન્યા હતા, ત્યાં હાલ તે એકલોજ હતો તેના વિશાળ કપાળઉપર મોતીના દાણા સરખા પરસેવાનાં બિંદુ ફૂટી નિકળ્યાં. દાદર ચડવાની તેણે એક વાર ફરીથી હિમ્મત કરી, આ વખતે તે સફળ થયો. ઘણીજ ઉતાવળથી તે દાદર ચડી ઉપર પહોંચ્યો. ઉંબરઉપર પગ મૂકયો ત્યાં તો બાજુના ઓરડામાં વળી એક પગલું સંભળાયું. **સ્ટેનમોરે** ઉભા રહી સાંભળ્યું. ફરીથી પણ પગનો અવાજ આવ્યો કે જાણે પકડાઈ જવાના ભયથી કોઈ ભરાઈ જતું કેમ હોય. વળી પણ કપડું ભોંયે ઘસડાતું હોય એવો અવાજ આવ્યો. એકાએક દરવાજો પણ સેજ અફડાયો. આ વખતે **સ્ટેનમોર** લેશ પણ હઠયો નહીં પણ હિમ્મત રાખી જે ઓરડામાંથી અવાજ આવતો હતો ત્યાં ધસી ગયો. હવે દીપકનો પ્રકાશ એક ઉંચા પણ પાતળા આકારપર પડયો જે આકાર બારણાં વાસે અડધો સંતાઈ રહ્યો હતો, **સ્ટેનમોર**નાં રૂવે રૂવાં ઉભાં થયાં, આંખે અંધારાં આવવા લાગ્યાં, તે અવશ્ય પડી જાત પણ ભિંતને ટેકી ઉભો રહ્યો એક પળ ગઈ જે એક દિવસ જેવી લાંબી લાગી થોડી વારે તેનું ચિત્ત ઠેકાણે આવ્યું અને તે આકાર કોણ હતો, તે તેણે સહજમાં જાણી લીધું. તે **મારગેરેટ** હતી, જે થોડા દિવસ અગાઉ **સ્ટેનમોર**ને હાથે વિધવા થઈ હતી. **મારગેરેટે** પણ પોતાના અણગમતા પરોણાને ઓળખી લીધો. ખુણામાંથી નીકળી **મારગેરેટ સ્ટેનમોર** પાસે આવી અને બોલી—"તમે શું શોધવા આવ્યા છો? જે ધણીનો તમે અંત આણ્યો તેની મત્તા લૂંટવા તો નથી આવ્યા?"

"અરે નિર્દય! તું શું બકેછે તેનું તને ભાન છે?"—**સ્ટેનમોરે** પૂછ્યું—"મેં તે દિવસે તને ન્યાયને સ્વાધિન ન કરી તેનો તું આ રીતે ઉપકાર માનેછે?"

"આ બોલવાનો તમારો શું તાત્પર્ય છે?"—**મારગેરેટ** ધ્રૂજતે સાદે બોલી ઉઠી.

"તું પૂછેછે કે મારા ઉપલા બોલનો શું ભાવાર્થ છે?"—**સ્ટેનમોરે** કહ્યું—"તું સર્વ જાણીશ. હું કહુંછું કે આ ગ્રહવિષે ભયંકર કર્મો થયાં છે, એટલુંજ નહીં પણ તેમાં તું પણ અનુસ્યૂત હતી. ઉપરાંત એક મરણ પામેલા પ્રવાસીની ચીસો આ ઘરની ભીંતોએ સાંભળી છે."

"બસ, બસ,"—**મારગેરેટ** મહાદુઃખમાં બોલી.

"નહીં તારે સાંભળવુંજ પડશે"—**સ્ટેનમોરે** જોયું કે તેના શબ્દે જોઇતી અસર કીધી છે—"આ ઘર નીચે અસંખ્ય અપરાધો, ના, ના, ભયાનક ખૂનો થયાં છે."

"અહા! શું તમે સઘળું જાણો છો?" એમ મહા ગભરાટમાં ઉચ્ચાર કરતી **મારગેરેટ સ્ટેનમોરના** ચરણ સમીપ પડી.

"હા, મને સઘળી ખબર છે"—**સ્ટેનમોરે** ડાબા હાથથી **મારગેરેટનું** કાંડું દાબ્યું અને બોલ્યો—"હું સોગન ખાઈ કહુંછું કે જો તું સર્વે વાત અથ ઈતિ સત્ય બોલી દઇશ તો તને કાંઈ પણ દુઃખ નહિ દઉં. હું ધારૂંછું કે એ કામમાં તું સામેલ હતી, પણ તેમાં જે ભાગ તેં લીધો છે તે ફરજથી, કાંઈ મરજીથી લીધો નહિ હશે?"

"હા, હું હતી, હું હતી"—**મારગેરેટે** કહ્યું—"અરે! હું તમારા સઘળા પ્રશ્નોનો ખરા દિલથી ઉત્તર દઇશ, હું તમને સર્વે કહીશ, પણ મને પોલિસ સ્વાધિન કરશો નહિ."

"હું સોગન ખાઈ કહુંછું કે હું તને કોઇ પ્રકારે હરકત કરનાર નથી"—**સ્ટેનમોરે** ઉત્તર દીધો—"માત્ર એટલુંજ કે તારે સઘળી બાબતનો ખરો ખુલાસો કરવો. આશરે પાંચ વર્ષની વાત ઉપર કોઈ મુસાફર આ રસ્તેથી—

"મારા ભરથારના બે નીચ ભાગીદારો એક શ્રીમંત મુસાફરને પકડી લાવ્યા હતા ખરા"—**મારગેરેટે** કહ્યું.

"અને તેણે આ ઘરમાં ઉતારો લીધો?"—**સ્ટેનમોરે** પૂછયું.

"હા, તેની સાથે ઘણી એક બેંકની નોટો હતી, તે ઘોડા ઉપર મુસાફરી કરતો આવ્યો હતો, અને સાથે કોઇ ચાકર હતો નહીં."

"તેની પાસે બેંકની નોટો હતી?"—**સ્ટેનમોર** દાંત કચકચાવી બોલ્યો.

"અને અમે તેને નિર્દયપણે મારી નાંખ્યો"—**મારગેરેટ** પડી ગઈ અને **સ્ટેનમોરના** પગ ઉપર માથું રાખી ડુસ્કે ડુસ્કે રોઈ.

"તું આ પાકીટબૂક ઓળખી શકીશ?" **સ્ટેનમોરે** મ્હોટે સાદે પૂછયું અને **બરટેડ**-વાળી ચોપડી બહાર કાઢી તેને દર્શાવી.

"હા"—તે બોલી ઉઠી—"આ પાકીટ બૂક તમે કહોછો તે મૂસાફરની હતી."

"પાપિણી, ડાકણ"—**સ્ટેનમોર મારગેરેટને** પોતાના બૂંટવતી હડસેલી બોલ્યો—"જેને તમે માર્યો તે મારો પિતા હતો—" આ શબ્દો બોલતાંજ **સ્ટેનમોર** એક ખુરશીપર બેઠો, અને અત્યંત હાંફવા લાગ્યો. તેની વિચારશક્તિ ભ્રષ્ટ થવા લાગી. **મારગેરેટ** તો ઉંધું ઘાલી નીચેજ પડી રહી. ડોકું ઉંચુ કરી મારી નાંખેલા મુસાફરના પુત્ર તરફ જોવાની તેની હિમ્મત રહી નહીં. વારે ઘડીએ તેના મોઢામાંથી દુઃખજનક શબ્દો નીકળતા હતા **સ્ટેનમોર** શ્વાસ પણ મહા મુસ્કેલીએ ખેંચી શકતો. જો કે તેનું કપાળ અને શરીર શીતળ થઈ ગયું હતું તોપણ અંદરથી તેનું ભેજું મહાતાપના આવેશમાં ઉકળતું હતું. આપ્રમાણે તેને પૂર્વાપરની સંપૂર્ણ સ્મૃતિ પ્રાપ્ત થઇ, એટલુંજ નહીં પણ પોતાના પિતાના ખૂનમાં ભાગ લેનાર સ્ત્રી પણ હાલ તેની સનમુખ હતી. **સ્ટેનમોરને** આ વેળાએ કેટલું દુઃખ થયું હશે, તે સુજ્ઞ વાચનાર સહજ વિચારી લેશે. તેને એક પછી એક સંકલ્પ આવતા, પણ બોલવાની શક્તિ ન હતી. અંતે ઘણી મહેનતે વાચા ઉઘાડી, બોલ્યો—"**મારગેરેટ** તમે મારા પિતાનું ખુન કયા ઓરડામાં કર્યું."

મારગેરેટે પોતાનું માથું ઉંચું કર્યું અને સામેના ઓરડામાં પડેલા બિછાના તરફ આંગળી કરી બોલી—"ત્યાં"

"અને મારા પિતાનું શબ તમે કયાં છૂપાવ્યું?"—**સ્ટેનમોરે** અશ્રુ ભરી આંખે પૂછયું. **મારગેરેટ** ઉભી થઇ અને તેઓ બેઉ જણ દાદર ઉતરી નીચેના ઓરડામાં આવ્યા. આ નીચેના ઓરડાની એક ગમની ભીંત લાકડાના પાટીયાની હતી. આ પાટીયાની દિવાલ ભાગી નાંખવા **મારગેરેટે સ્ટેનમોરને** સૂચના કરી. લાકડું જૂનું અને સડી ગયેલું હતું એટલે પ્રત્યેક ફટકે કાષ્ટના કટકા નીચે પડવા માંડ્યા. લાકડાની આ દિવાલની વાંસેથી, એક ફૂટને છેટે બીજી

પણ ઇંટની એક દિવાલ દૃષ્ટિએ પડતી હતી, જે ઝુંપડાની અસલ ભીંત હશે એવું **સ્ટેનમોરને** લાગ્યું. દિવાલ અને પાટીયા વચ્ચેનો આ એક ફૂટનો ગાળો માટીથી પૂરેલો હતો જેમાં પોતાના બાપનું શરીર દટાયું હશે, એવો **સ્ટેનમોરે** અનુમાન કીધો. **સ્ટેનમોરે** પોતાના હાથથી માટી ખોદવા માંડી, જેથી પોતાની સંપૂર્ણ ખાતરી થાય અને લેશ પણ સંશય બાકી રહે નહીં. હજી માટીનો ઢગલો થોડો ઘણો ખસેડયો હશે, એટલામાં **મારગેરેટે** બૂમ પાડી **સ્ટેનમોરનું** ધ્યાન ખેંચ્યું.

. **મારગેરેટ** અટલો વખત તો કંઇ બોલ્યાવગર આ યુવાન પુરુષનું કાર્ય જોયા કરતી હતી પણ થોડીક વારમાં તેણે મુંઝાયેલા વિચાર એકઠા કીધા, અને મનમાં બોલી—"આ અંગ્રેજ અહીં પોતાના પિતાના ખૂનસંબંધી સઘળા પૂરાવા મેળવવા માટેજ આવ્યોછે, અને જોકે મને દુઃખ ન દેવામાટે તેણે ગમે તેટલી પ્રતિજ્ઞા લીધી છે તો પણ સઘળું જાણી લઇ મને ન્યાયને સ્વાધીન કર્યાવિના રહેશે નહિ." આપ્રમાણે વિચાર કરી તેણે વગર વિલંબે ફાનસમાંની સળગતી મીણબતી બહાર કાઢી અને દાદર નીચે પડેલા લાકડાના ઢગલામાં લગાડી. આ કામ કરવાને એકજ પળ બસ હતી, અને બીજી પળે તો એક મોટો ભડકો થયો.

"દુષ્ટ તેં આ શું કીધું"—**સ્ટેનમોર** પોતાની સઘળી મહેનત રદ જતી જોઇ બોલ્યો.

મારગેરેટ જાણે પોતાની ધારણા પાર પડ્યાથી મગ્ન થતી હોય તેમ મહોટેથી હસી; **સ્ટેનમોર** તો આગ ઓલવવા દોડયો, પણ દાદર અને લાકડ કામ કોહેલું હતું તેથી થોડીજ પળમાં આગ ચોમેર ફરી વળી. **સ્ટેનમોર** આગ ઓલવવાના કામમાં રોકાયો હતો તે જોઈ **મારગેરેટ** નહાશી ગઇ. કેટલોક સમય વ્યતિત થઇ ગયા પછે **સ્ટેનમોરને** માલમ પડયું કે **મારગેરેટ** જતી રહી છે. તેને ઘણો ખેદ થયો, કારણ કે કેટલાએક પ્રશ્નો તો પૂછવા બાકી રહ્યા હતા. આટલો વખત થયો તેમાં **બરટ્રેંડ** અને **મેકેર** સંબંધી સંશયનો તો કાંઇ પણ ખુલાસો હાથ લાગ્યો નહિ. તેણે જોયું કે આગ તો ઓલવાય તેવી નથી, તેથી ઝુંપડું મૂકી તે **મારગેરેટની** પૂઠે દોડયો અને દોડતાં દોડતાં છેક **ચેમ**સ્ફુયલના વનમાં આવી પહોંચ્યો. થોડીકવારમાં તેને ઝાડની ડાંખળીનો ખડખડાટ અને માણસના પગલાનો ઘણોજ ધીમો ધબકારો સંભળાયો. **સ્ટેનમોરે** પોતાની ઝડપ વધારી અને જંગલમાં દોડવા માંડયું, જેમ કરતાં અંતે તેના હાથમાં **મારગેરેટના** ઝુલતા વસ્ત્રનો છેડો આવ્યો. તે એક ઝાડ તળે પડી ગઇ, જે પહાડની ટોંચ ઉપર આ વન આવ્યું હતું ત્યાં તેઓ આવી લાગ્યા હતા. પોતાના હાંફતા શ્વાસને શાંત કરવા **સ્ટેનમોર** ઝાડને ટેકો દઈ ઉભો રહ્યો, અને ઝુંપડા તરફ દૃષ્ટિ કરી તો ભડકા શિવાય બીજું કાંઇ પણ નજરે પડયું નહીં. ધુમાડાના ગોટેગોટા આકાશ ભણી જતા હતા.

"જોયું આ તારૂં અઘટિત કર્મ"—**સ્ટેનમોર** નાસીપાસ થઇ બોલ્યો.

મારગેરેટ કંઇ ઉત્તર દેવાને બદલે જોરથી હશી, જેથી **સ્ટેનમોરના** મનમાં બમણો ગુસ્સો ઉત્પન્ન થયો. રખેને **મારગેરેટ** ફરીથી નાહાશી જવાનો પ્રયત્ન કરે, એવા વિચારથી **સ્ટેનમોર** ઉઠયો, અને તેના બેઉ હાથ જોરથી પકડી રૂમાલ વતી તેની પીઠ પછવાડે બાંધી મૂકયા. **મારગેરેટના** ખભા ઉપર કાંઈ સાલ જેવું ઝુલતું વસ્ત્ર હતું, જે **સ્ટેનમોરે** ખેંચી લીધું, અને તે વતી તેને ઝાડના થડ સાથે મજબૂત બાંધી. જ્યારે **સ્ટેનમોરનું** કામ થઇ રહ્યું ત્યારે તે પણ જયના ચિન્હ તરીકે હસ્યો. **મારગેરેટને** પકડવા દોડતાં તે ઘણો થકિત થયો. તેણે ફરીથી એક વાર **મારગેરેટને** યુક્તિપૂર્વક સમજાવવા માંડી. એક કલાક સુધી **સ્ટેનમોરે** માથું ફોડયું, પણ તેમાંનો એક પણ ઉત્તર દેવા તે દુષ્ટ સ્ત્રીના હોઠ ઉઘડ્યા નહીં. અંતે **સ્ટેનમોર** થાકયો, અને કોપમાં આવી, જતાં જતાં બોલ્યો—"આ તારૂં મૌનવૃત્ત ન્યાયાધિશ અવશ્ય મૂકાવશે"—એમ કહી તથા **મારગેરેટને** બાંધેલીજ રહેવા દઇ **સ્ટેનમોર** પાછો ફર્યો. તેને જતો જોઇ **મારગેરેટે** તેને ઉભા રહેવા ઘણીએ બૂમો પાડી, પણ ઉશ્કેરાટથી બેહેર મારેલા તેના કાને શબ્દને ગ્રહણ કર્યો નહીં. તેણે જતાં જતાં ઝુંપડા તરફ નજર કરી તો ધુમાડાથી કાળી થયેલી ચાર દિવાલોમાત્રજ નજરે પડી. ભડકો ઓલવાઇ ગયો હતો માત્ર આતસના કટકાઓના નહાના

મોટા સમૂહો અહીં તહીં પડ્યા હતા. પોતાના બાપની ઘોર તરફ એક છેલી દૃષ્ટિ કરી ઉંડો નિશ્વાસ નાંખી તથા નેત્રોદ્વારા બોર સરખાં અશ્રુનાં બુંદો પાડી **સ્ટેનમોર** ત્યાંથી આઘો ચાલ્યો. ત્રણ માઇલનો રસ્તો કાપી **સ્ટેનમોર** પોતાના ઉતારાની લગભગ નજદીક આવ્યો. બાંધેલી **મારગેરેટ**ને પકડાવી મંગાવવાની તેની ખાસ ધારણા હતી. આગલ ચાલતાં તેને એક વાર **ઍલેનચી**નો વિચાર આવતો, જેને તેણે ખુનીઓની સોબતમાંથી દૂર કરી હતી, તો બીજી વાર પોતાના પિતાની દુઃખદાયક હાલત યાદ આવતી. વળી તે છૂપા ભેદનો ઘણો ખરો અંત કેમ આવ્યો હતો, અને સઘળા બનાવો કેવી ચમત્કૃતિથી બન્યા હતા, તે તેના મગજમાં ભમી રહેતું તો બીજી પળે તેનાથી સેંકડો માઈલ દૂર અને નચિંતપણે જે બેઠેલા હતા, તેને માટે વૈરની જાળ પાથરવાનું તેને સ્ફુરી આવતું. આવી સ્થિતિમાં **સ્ટેનમોર** પોતાની ઉતારાની હાટલે આવ્યો. **સ્ટેનમોર**નો ફીકો ચહેરો જોઇ હાટલકીપર પણ ચોંકયો, કારણ કે રાનની ડાંખળીઓથી તેનાં કપડાં ઠેકાણે ઠેકાણે ફાટયાં હતાં એટલુંજ નહિ પણ ટોપી મરડાયેલી અને વસ્ત્રો ઉપર કાદવના અસંખ્ય છાંટા ઉડ્યા હતા. થાકથી ઘેરાયલો આ યુવાન માણસ ખુરશી ઉપર બેઠો. હૉટલવાળાએ તેને ઘણુંએ પૂછયું પણ કાંઈ ઉત્તર મળ્યો નહીં. પોતાના પરોણાની એવી સ્થિતિ જોઈ ઘરધણી ઘણો વિસ્મય થયો, અને પોતાના ચાકરને બોલાવી બાજુમાંથી વૈદ્યને લાવવા કહ્યું. વૈદ્ય આવી પહોંચ્યો ને **સ્ટેનમોર**ની ઉશ્કેરાયેલી લાગણી અને જોખમ ભર્યા તાપનાં ચિન્હ જોઈ ખેદ પામ્યો; બોલવાની પણ **સ્ટેનમોર**ને શુદ્ધ ન હતી. ટુંક વખતમાં બકવાટ શરૂ થયો. વૈદે તેની ભય ભરેલી હાલત જોઈ પણ શું કરે તેની માંદગી આગળ પોતાનું ચાતુર્ય રદ હતું.

ઘરધણીને ખબર હતી કે **સ્ટેનમોર પેરિસની બીરાબ્યુ** હાટલમાંથી અહીં આવ્યો હતો. (જે ગાડીમાં **સ્ટેનમોર** આ હાટલે આવ્યો તેના ઘોડાવાળાને ઘરધણીએ સેજ પૂછી લીધું હતું) અને તેથી તેનાં સગાં વહાલાંની ખબર કઢાવી તેઓને તેની ભય ભરેલી સ્થિતિવિષે જાણ કરવા એક ખેપીયો રવાને કર્યો.

પ્રકરણ—૧૭.

એક છૂપો ભેદ.

સારે ભાગ્યે એવું બન્યું કે **પેરિસની બીરાબ્યુ** હાટલવાળાને **સ્ટેનમોર** અને મીસીસ **ડેવરેક્સ** વચ્ચેની ઓળખાણની જાણ હતી, જેથી તરતજ તેણે પોતાના ખેપિયા સાથે તે બાઈને સમાચાર કહેવરાવ્યા.

આ સાંભળી **ઍલેનચી**ને કેટલો શોક થયો હશે, તે વિચારવું કઠણ છે. તેના કમળ સરખાં નેત્રોમાંથી અશ્રુપાત થવા લાગ્યો, અને બહુ અકળાટને લીધે તેની કોમળ છાતી ડચકાઓનો ઉભરો મૂકતાં ઉંચી નીચી થતી હતી.

"આપણે હવે જવું જોઈએ ને તેની યોગ્ય સંભાળ લેવી જોઈએ"—**ઍલેનચી**એ તે ભલી બાઇને વિનતિ કરી,—"મારૂં ભલું કરનાર અને છોડાવનારની મારે સેવા કરવી એ મારો ધર્મ છે."

તેની આ સારી ચાલ અને ઉત્તમ લાગણીઓને માટે તે ભલી બાઈએ **ઍલેનચી**ને છાતી સાથે દાબી આશિષ આપી અને તરતજ ગાડી લાવવા હુકમ કર્યો. અને થોડાકાલમાં જે હૉટલમાં **સ્ટેનમોર હતો** તે હાટલ આગળ ગાડી આવી ઉભી. **ઍલેનચી**એ તરતજ ઘરધણીને ઓળખ્યો, અને આરોગ્યતાના સમાચાર પૂછયા.

"જો કે તેની સ્થિતિ સહજ સુધરતી છે, તોપણ બેશુદ્ધિ અને બકવાટ તો એટલોજ છે."

સૌથી પહેલે મીસીસ **ડેવરેક્સ, સ્ટેનમોર**ના બિછાના પાસે આવી. આ વખતે **સ્ટેનમોર** જાગૃત હતો, તેણે એક નજરે તે ભલી બાઈ તરફ જોવા માંડયું, કારણ કે ઓળખી શકે તેટલી શક્તિ તેનામાં હતી નહિ. તેના વિચારો અપાર વિખરાયલા હતા. એક બે પળ રહી **સ્ટેનમોર** કંઈ બડબડયો અને મ્હોટેથી હસ્યો. પોતાના યુવાન મિત્રની બુદ્ધિનો લોપ થયો

હશે, એવું સમજી મીસીસ **ડેવરેકસ**ની આંખમાંથી પાણી ટપક્યું. દિવસના તાપથી તપી રહેલ ફૂલ આગળ જેમ ચંદ્રમા આવે તેમ **ઍલેનચી** પણ ધીમે ધીમે **સ્ટેનમોર**ના માંદા બિછાના આગળ આવી ઉભી. તેણે નમીને જોયું તો **સ્ટેનમોર** આંખો મીંચીને પડયો હતો. જરા જરા વારે ન સમજાય તેવા શબ્દો **સ્ટેનમોર**ના મોઢામાંથી પડતા હતા એવામાં એકાએક તેની આંખ ઉઘડી અને પ્રથમ તો તે ચોંક્યો, પણ બીજી પળે તેની અંતર્વૃત્તિ પ્રફુલ્લિત થઈ ગાલ ઉપર ખુશાલીનાં ચિન્હ રમી રહ્યાં એટલુંજ નહીં પણ તેનું ભમતું મગજ જરા જરા શાંત થવા લાગ્યું.

પોતાના આવ્યાથી **સ્ટેનમોર**ને અટલો પણ લાભ થતો જોઈ તે ઘણીજ મગ્ન થઇ અને તેના બિછાનાની બરાબર બાજુમાં ખુરશી ઢાળી બેઠી. **ઍલેનચી**ના આવ્યાથી **સ્ટેનમોર**ની શરીર પ્રકૃતિમાં થયલો ફેરફાર જોઈ વૈદ્ય પણ આનંદ પામ્યો અને પોતાના દરદીને આ ભલી બાઈઓની સંભાળ તળે મૂકી થોડીવાર માટે રજા લઈ જતો રહ્યો. મીસીસ **ડેવરેકસ** એક ભરતની પોટલી લેતી આવી હતી જે ઉઘાડી તે એક બારી પાસે જઇ બેઠી, પણ **ઍલેનચી** તો **સ્ટેનમોર**ના બિછાના આગળથી ખસીજ નહિ, કારણ કે **સ્ટેનમોરે ઍલેનચી**ની દુ:ખી સ્થિતિમાં સહાયતાનો હાથ લંબાવ્યો હતો, એટલુંજ નહિ પણ માણસરૂપી રાક્ષસના જડબામાંથી તેને મુક્ત કરી હતી. **ઍલેનચી**એ પોતાના સાથિના તેજસ્વી અને વિશાળ કપાળપર વળેલો પરસેવો લુછી નાંખ્યો. તેના ગુંચવાએલા બાલો સમાર્યા અને બિછાનાપરથી કચરો ઝટકી તકીઓ સરખો કરી ઠેકાણાસર મૂકી ઔષધ પાવા ઉઠી. **ઍલેનચી** વગર બીજા કોઈના પણ હાથનું ઓસડ અથવા ભોજન તે લેતો નહિ અને જ્યારે મીસીસ **ડેવરેકસ** તથા **ઍલેનચી** સુવાને માટે બાજુના ઓરડામાં જતાં ત્યારે **સ્ટેનમોર** બહુ બેચેન થતો. સવારના છ વાગતા કે **ઍલેનચી** આવીને હાજર થતી અને **સ્ટેનમોર**નો શોકાતુર ચેહરો ફરીથી હસમુખો થતો, તથા આંખો પણ હરખનાં કિરણો ફેંકતી.

આપ્રમાણે કેટલાક દિવસો વહી ગયા, અને **સ્ટેનમોર**ની હાલત દિન પ્રતિદિન સુધરતી ચાલી, જે અરસામાં એક વખત **ઍલેનચી** ઓરડો મૂકી બહાર ગઈ ન હતી. દિન પ્રતિદિન **ઍલેનચી** પણ **સ્ટેનમોર**ના પ્રતિબિંબની પેઠે લેવાતી ચાલી અને હીમથી જેમ કમળ પીળું પડીજાય તેમ તેના ગાલ ફીકા પડવા માંડ્યા, જેથી બેચાર ઘડી બહાર જઈ ફરી આવવાની વૈદ્દે ભલામણ કરી.

દિવસ ખુશનુમાં હતો, તે સાથે **સ્ટેનમોર** પણ નિદ્રાવશ થયેલો હતો. **ઍલેનચી** વૈદની સંમતિ પ્રમાણે મીસીસ **ડેવરેકસ**ને **સ્ટેનમોર**ના ઓરડામાં બેસાડી પોતે જવા લાગી "હું ઘણે દૂર જવાની નથી"—આ સ્વરૂપવાન કન્યા બોલી—"હું અટલામાંજ ફરૂંછું જેથી કદાચ **સ્ટેનમોર** જાગે અને મારી ખપતી પડે તો અવશ્ય બોલાવી મંગાવજો."

મીસીસ **ડેવરેકસ** તો ભરત ભરતી બારી આગળ બેઠી હતી. કેટલીકવાર પછી એકાએક તેની નજર એક ઝડપમાં પસાર થતી ગાડી તરફ ખેંચાઈ જેમાં એક સ્વરૂપવાન જોડું બેઠું હતું. તેને હવે યાદ આવ્યું કે **ઍલેનચી**ને ગયે એક કલાક થયો હશે પણ હજી આવી નહીં. **સ્ટેનમોર** પણ આ વખતે જાગૃત થયો અને ઘણી આતુરતાથી આસપાસ ઓરડામાં જોવા લાગ્યો પણ **ઍલેનચી** હોય તો દેખાય. મીસીસ **ડેવરેકસે** ધાર્યું કે **ઍલેનચી** હૉટલની નજદીકમાં હશે, તેથી તેને બોલાવવા માણસ મોકલ્યું, અને ત્યાર પછી **સ્ટેનમોર**ને શાંત કરવાનો પ્રયત્ન કીધો તે ફોકટ. કલાકો પછી કલાકો પસાર થવા લાગ્યા પણ **ઍલેનચી**નો કશો પત્તો લાગ્યો નહીં.

તે ભલી વિધવાની અધિરજ પણ વધતી ચાલી. રાત્ર પણ નજદીક આવી પહોંચી પણ **ઍલેનચી** મળે નહીં, સહવાર પણ ઉગી. **સ્ટેનમોર** આખી રાતનો સુતો ન હતો. તેની તબીયત બગડતી ચાલી અને વૈદ્દે પણ કહ્યું કે જો **ઍલેનચી**ની ગેરહાજરી હવે વધારે લંબાશે તો આ માંદા માણસની હાલતનાં માઠાં પરિણામ નિપજશે. **સ્ટેનમોર**નો ચેહેરો ખરેજ ઘણો દયા ઉપજાવનારો હતો, આંખો ઝાંખી તથા ગાલ પીળા થઈ ગયા હતા. જ્યારે પણ ઓરડાનો દ્વાર ઉઘડતો ત્યારે બિચારો **સ્ટેનમોર** અતિ હોંસથી પોતાની નજર તે તરફ દોરતો.

પણ જ્યારે **ઍલેનચીને** બદલે બીજુંજ કોઈ પ્રવેશ કરતું ત્યારે ઘણો ઉત્સાહ રહિત થઈ આંખમાંથી અશ્રુનાં ટપકાં પાડતો.

એટલો વખત થયો આખા ગામમાં **ઍલેનચીની** તપાસ થઈ રહી હતી, પણ કાંઈ સંતોષકારક માલમ પડયું નહીં. તેને કોઈ બળાત્કારથી લઈ ગયું હશે એવો સંશય કેમ આવે? તે સાથે એવું પણ નહીં મનાય કે જાણી જોઈ તે જતી રહી. એક કોરે ભલી વિધવા એવા વિચારો કરતી, ત્યારે બીજી તરફ **સ્ટેનમોરની** માંદગી વધતી ચાલતી.

પ્રકરણ—૧૮.

નવાં કાવતરાં.

હવે આપણે **બ્રાડસ્ટ્રીટના** વ્યાપારી **પૉફ્લિંગટનના** ગ્રહ તરફ નજર કરીએ અને તેઓનો કાર્યભાર કેમ ચાલેછે તે જોઇ લઈએ. મી૦ **લાલેમન્ડની** કુ૦ વાળાઓ જે બી કાગળો **મી૦ લિબ્યુ** ઉપર લખતા તે સર્વ **મેકેરના** હાથમાં જતા પણ તેઓમાંના એકનોએ તે ઉત્તર વાળતો નહિ કે રખેને અક્ષર વરતાઈ આવે અને ઘડચો લાડવો ફૂટી જાય. એક પછી એક ઉપરાઉપરી કાગળો આવવા લાગ્યા, પણ **મેકેર** લખેજશાનો! વળી બીજો પત્ર આવ્યો તેમાં તો સ્પષ્ટ લખેલું હતું, કે જો આ મૌનવ્રત વધારે લંબાશે તો એ વાત મી૦ **પૉફ્લિંગટનને** લખી તેનો ખુલાસો મંગાવવો પડશે.

પ્રિય વાંચનાર આગળ આપણે કહી ગયા છઈએ કે જે દહાડે **બરટ્રેંડે** પોતાની પાકીટ બુક **સ્ટેનમોરને** આપી દીધી ત્યારથી એક મહિને **મેકેરનાં મેરિયાસાથે** લગ્ન થવાનાં હતાં. હવે કોઇ પણ પ્રકારે **લાલેમન્ડને** શાંત કરવાનું પગલું ભરવાની **મેકેરે** આવશ્યકતા જોઈ. ખોટા ખોટા તરંગ ઉઠાવવામાં વખત ગુમાવે એવો **મેકેર** ન હોય. તેણે પોતાની ધારણા સત્વર પાર પાડવાનો નિશ્ચય કર્યો. **બરટ્રેંડ** જે દિવસે રખડતો રખડતો રાતના મોડો ઘેર આવ્યો, તેને થોડે દિવસે **મેકેર** તેના ઓરડામાં ગયો, અને **બરટ્રેંડને** સૂતેલો જોઇ તેનો ખભો પકડી સારીપેઠે હલાવ્યો.

"ઉઠ, ઉભો થા, તારે માટે કામ આવ્યું છે. કેમ **પેરિસ** જવાનું શું ધાર્યું?"

"એતો મને જરાએ ગમતું નથી"—**બરટ્રેંડ** બોલ્યો—"સિંહની ગુફામાં કોઇ જતું હશે?"

"**પેરિસ** નહિ જવું એવી તારી ધારણા છે?"—**મેકેરે** પૂછયું.

"બરાબર મેં એજ ધાર્યું હતું"—**બરટ્રેંડે** જવાબ દીધો,—"તમે પણ માણસના વિચાર ઠીક પારખી શકોછો."

"અને તારે ના પાડવામાં શું કારણ છે?"—**મેકેરે** પૂછયું.

"કારણ કે મને ત્યાં બધા ઓળખેછે, તેમાં અવશ્ય કરીને પોલિસના સિપાઇઓ—

"તું બહુ હિચકારોછે"—**મેકેરે** કહ્યું.

"અલબત, હિચકારો ભલે પણ ડાહ્યો છું"—**બરટ્રેંડે** કહ્યું—"બંધીખાને ઢસડાવવું કોને ગમે અને તેમાં જ્યારે હું પોલિસ સંબંધી વિચાર કરૂંછું ત્યારે તો મારી નસોજ ધ્રુજવા આવી ટાઢ ચડી આવેછે."

"ઠીક ત્યારે હું જઈશ"—**મેકેરે** હસ્તે ચેહેરે કહ્યું—"મારાથી કાંઇ પણ સારૂં થવાનું હશે તો થશે, તને તો ઓળનું ડોળ કરવું હોય તો તૈયાર.

"અને હું પણ જે ના પાડુંછું તે એજ ધાસ્તી અને બીજા એવાજ અગત્યના વિચારથી"

"બસ, હવે મારો વિચાર નકી થયો છે, અને તેપણ વળી આજ સાંજે એકથી વધારે કારણસર મારૂં **પેરિસ** જવું ઘણું અગત્યનું છે. હું આવું ત્યાંસુધી તું અહીંજ થોભજે, **બરટ્રેંડ**"—એમ કહી તેણે પોતાના સઘળા વિચાર **બરટ્રેંડને** જાહેર કીધા. પછી, **મેકેર** ઓરડામાંથી બહાર આવ્યો અને મી૦ **પૉફ્લિંગટનના** કુટુંબ પાસે જઈ ટુંક સમયમાટે જવાની રજા માંગી **મેકેર** તરતજ ઉઠયો અને **મેરિયાની** બાજુમાં જઈ હળવેથી તેના કાનમાં બોલ્યો—"મારી

પ્રિય **મેરિયા** મારી ટુંક વખતની ગેરહાજરી માટે તું શોક કરીશ નહિ, માત્ર થોડાજ દિવસ અને વળી હું તારી પાસે હાજર થઇશ.”

“તમો પાછા આવશો ત્યારેજ મને નિરાંત વળશે”—**મેરિયા** ભારી સાદે બોલી.—“અને જ્યારથી મેં તમારે મોઢેથી તમારૂં વૃત્તાંત સાંભળ્યું છે ત્યારથી મને એવું લાગેછે કે પ્રસિદ્ધમાં વિશેષ ગમન કરવું તમને ઘણું જોખમ ભર્યું છે.”

“તે બાબતસર તું નિઃચિંત રહે. હું સહી સલામત પાછો આવીશ એટલુંજ નહીં પણ અહીંથી નીકળ્યા પછી જેવો હું **ડોવરના** રસ્તા ઉપર પુગીશ કે મારા અંગવસ્ત્રમાં મોટો ફેરફાર થશે. હું નાનાપ્રકારના વેષ ધારણ કરતાં સારી રીતે જાણુંછું.”

“પણ કદાચ તમને કાંઇ અકસ્માત નડ્યું તો? જો તમને તમારા ચાતુર્ય ઉપર પૂર્ણ ભરૂસો હોય તોજ જજો, નહિ તો મારૂં શું થશે? મારૂં ચિત્ત તમારે માટે અતિશે આકર્ષાય છે.”

“હું ફરીવાર કહુંછું મારી વાહલી કે તને ભય રાખવાનું કશું કારણ નથી. હું કાંઈ મુર્ખપણે જાળમાં ફસાઈ પડું એ તારે સ્વપ્ને પણ ધારવું નહીં. વળી તું જાણજે કે ઘણા અગત્યના કામ જોગે, એટલુંજ નહિ પણ આપણાં લગ્ન નિર્વિઘ્ને સમાપ્ત થાય માટેજ મારે જવું પડેછે.”

પ્રેમમાં આશક્ત થયું છે ચિત્ત જેનું એવી **મેરિયા** ને **મેકેર**નો આ ટૂંક મુદતનો વિયોગ ઘણો દુઃખદાયી લાગ્યો અને અંતે છૂટા પડવાની વેળા આવી. **મેરિયા** રડતી રડતી **મેકેરને** ભેટી પડી અને તેના કાનમાં પ્રેમયુક્ત ચેતવણીના શબ્દો કહ્યા. **મેકેર** કાગળ લખવાનું અને બનતી સાવચેતી વાપરવાનું વચન આપી **પૉફ્લિંગટન** તેની સ્ત્રી અને **બરટ્રેંડ** સાથે સેકહેંડ કરી ઓરડામાંથી ઝપાટાબંધ બહાર નીકળ્યો. ગાડી આવી તૈયાર ઉભી હતી જેમાં બેશી તેણે પોષ્ટઑફીસ તરફનો રસ્તો લીધો. થોડીક વારમાં તો તે **ડોવરની** મેલમાં બેઠો.

પ્રકરણ—૧૯.

બરટ્રેંડની મા.

સવારના દશ વાગેલા હતા અને તડકો પણ તપેલો હતો, જ્યારે એક ગૃહસ્થ ભપકાબંધ કપડાં પેહેરેલો **રીયુડીલા પેકસના** ફળીઆમાંથી **બોલવર્ડઝના** રસ્તાપર આવ્યો. તેણે મોટા ફેરાવાની એક ટોપી પહેરી હતી, તેની વય આસરે ૪૫ વરસની હશે. મુછો કાળી તેમ ભરેલી હતી, ડગલો ગુંઠણ સુધી લાંબો હતો, ચાલતાં તે સેજ લંગડાતો, અને જાણે **પેરિસમાં** તેણે પહેલવહેલુંજ પગલું ભર્યું હોય, તેમ પોતાના સુવર્ણની કમાનવાળા ચસ્માના લીલા કાચમાંથી અજાએબી સાથ આસપાસ નજર કરતો, પણ ખરૂં કહેતાં જેટલો **પેરિસથી** તે જાણીતો હતો તેટલા બીજા થોડાજ હશે. આ વેષ એવો તો ચતુરાઈથી ધારણ કર્યો હતો કે એ પુરૂષ **રૉબર્ટ મેકેર** છે એવો સંશય કોઈને સ્વપ્નમાં પણ આવ્યો નહિ. તેણે મુછો પણ ખોટી પહેરે હતી, તેમ પોતાની મુખાકૃતિ સેહેજ ઢાંકેલી રહેવાં માટે મોટા ફેરાવાની ટોપી પહેરેલી હતી. આપણા આ પ્રખ્યાત પુરૂષની ચાલાકીનો આ બીજો નમુનો સુજ્ઞ વાંચનારઆગળ મૂકીએ છઈએ.

તેને ખાતરી થઈ કે એવા દેખાવમાં મી૦ **લાલેમન્ડ**ની કું૦ ને તેના ભાગીદાર મી૦ **લિબ્યુ** વિષે ખાતરી કરી આપવા કિંચિત માત્ર પણ અડચણ પડશે નહિ. હાલ પણ વાંચનાર જોશે કે તે **લાલેમન્ડ**ની ઑફીસ તરફનોજ રસ્તો લેતો હતો. તેણે આગળથીજ નિશ્ચય કરેલો કે હમેંશની ટેવથી ઉંધાજ વર્તવું, અને તેથીજ જોકે તેની ટેવ ઝડપથી ચાલવાની હતી, તોપણ તે હમણાં ઘણોજ ધીમે ચાલતો હતો, વળી તેની તીવ્ર બુદ્ધિએ તેને લંગડાવાનું કહ્યું. તેને યાદ પણ હતું કે લંગડા પુરૂષો ઝપાટા બંધ ચાલી શકતા નથી અને તેથીજ તે ધીમે પગલે ચાલતો હતો. થોડા વખતમાં તે **લાલેમન્ડ**ની ઑફીસ આગળ આવી પહોંચ્યો. મી૦ **લાલેમન્ડ** પણ તે વખતે બેઠા હતા જેનીપાસે આપણા **મેકેરને** શીઘ્ર લઇ જવામાં આવ્યો. આ વૃદ્ધ વ્યાપારી દેખાવે હસમુખો હતો તે સાથે તેના કેશ પણ શ્વેત થયા હતા.

"મારૂં નામ **લાગરી પારડીર** છે"—**મેકેરે** કહ્યું—"ને **આલબર્ટ લિબ્યુ** સાથે મારે ઘણી સારી મિત્રતા છે"

"હું, હું તમે **લિબ્યુ**ના મિત્ર થાઓ છો?"—**લાલેમન્ડ** બોલ્યો—"જરા બેસો તો ખરા, મારા પ્રમાણિક અને બુદ્ધિવાન ભાગીદાર મી૦ **લિબ્યુ**ના મિત્રને ભાળી હું ઘણો મગ્ન થયો છું, તમે એની આગળથી કાંઇ પત્ર લાવ્યા છો?"

"નહિ"—**મેકેરે** જવાબ દીધો—"અને તેનું કારણ અતિશે સારૂં છે. મી૦ **લિબ્યુ**એ મને આ પત્ર તમને આપવા આપ્યો છે"

"મી૦ **લાગરી પારડીર**"—આ વૃદ્ધ ગ્રહસ્થ બોલ્યો અને સીલ ઉખેડી જરા વારમાં વાંચી લીધો જેમાં લખેલું હતું કે:—

"આ સાથે મી૦ લિબ્યુ તમારા તરફ આવેલા છે અને અમારી દુકાન સાથે થયેલા વહીવટવિષે તમે તેનેજ મોઢેથી જાણીતા થશો."

• "હું ધારૂંછું કે આ કાગળ તો મી૦ **લિબ્યુ**જ લાવવાના હતા તે?"

"મી૦ **લિબ્યુ**એ તમારી તરફ આવવાનો વિચાર કર્યો હતો અને અમે બેઉ જણ સાથેજ મુસાફરીએ નીકળ્યા પણ જ્યાં કેન્ટરબરી પૂગ્યા કે મી૦ **લિબ્યુ**ની શરીર પ્રકૃતિ બગડી આવી. વૈદ્યને તરતજ બોલાવવામાં આવ્યો, જેણે એક અઠવાડીયા સુધી ત્યાંજ રહેવાની ભલામણ કીધી, તેથીજ પોતાની આ ઢીલવિષે તમને જાણ કરવાનું કહી મને વિદાય કીધો. તેને કાંઈ ભય ભરેલું નથી; અને હું તેનીજ તરફથી આવ્યો છું તેની નિશાની દાખલ મી૦ **પૉક્લિંગટન**નો આ કાગળ આપ્યો છે."

"તેની કાંઈ અગત્ય ન હતી. તમારો દેખાવ અને વચન બસ છે."

"મારે માટેના તમારા ઉંચા મતનેમાટે ઉપકાર સમજું છું"—**મેકેરે** કહ્યું—**લંડન**માં મી૦ **પૉક્લિંગટન**ની મારફતે તમારા પ્રખ્યાત ભાગીદાર મી૦ **લિબ્યુ**ની મારી સાથ ઓળખાણ થઈ છે અને તેણે લાંબા વખતથી તમોને પત્ર લખ્યા નથી તેનું પણ કારણ તેણે મારાથી છુપું રાખ્યું નથી."

"હું હું, ત્યારે તો તમારી મિત્રતા ઘણી ઘાટી બંધાઈ હશે"—મી૦ **લાલેમન્ડ** બોલ્યો "પણ કાગળ ન લખવાનું શું કારણ?"

"તે હું કહુંછું"—**મેકેરે** ઉત્તર દીધો—"તેણે જે કાંઈ વહીવટ મી૦ **પૉક્લિંગટન**ની સાથે કર્યો છે તે એટલો તો સંતોષકારક નિવડ્યો છે કે તેની વધામણીના સમાચાર તે પોતે આવીને તમને કહેવા ઇચ્છેછે. હું ધારૂંછું કે તમે પણ મારા મતને મળતા થશો."

"ખરૂં છે"—વ્યાપારી બોલ્યો—"વળી અમારાથી શું અને તમારાથી બી કયાં છાનું છે કે મી૦ **લિબ્યુ** ઘણો શાણો માણસ છે અને તેના વહિવટમાં લાભવિના બીજું શું થવાનું હતું."

"તેની ચાલચલણ ઘણી સારી છે"—**મેકેરે** કહ્યું—"અને ચાલચલણ સારી હોય તે કાંઈ નહાની વાત નથી. હું બાવીશ વર્ષ થયા વ્યાપાર કરૂંછું તેથી મને પ્રગટ જણાયછે કે ચાલચલણથી યશ મળેછે, અને યશ તે કાંઈ નહિ પણ આપણી પુંજી છે. અમારી પણ જબરી પેઢી છે."

"ઠીક છે ત્યારે તો, કોઈ વખત તમારી સાથે પણ વેપાર કરવાનું થઈ આવશે."

"ફ્રેંચદારૂ અને રેશમની અમે હમેંશા મોટી રકમો ખરીદ કરીએ છીએ"—**મેકેરે** કહ્યું.

"તમે ખરીદ કરોછો ને અમે દેશાવર મોકલીએ છીએ"—**લાલેમન્ડ** હસતાં હસતાં બોલ્યો—"તમે **પેરિસ** છોડી જાઓ તે અગાઉ એક વાર બીજી મુલાકાત આપી જશો."

"ઘણી ખુશી સાથે આજથી ત્રીજે દહાડે"—**મેકેર** રજા લેવા ઉઠયો.

"ત્યારે તો હું તમને તે વખતે સહજ તસ્દિ આપીશ"—**લાલેમન્ડ** શેકહેંડ કરતાં બોલ્યો

"સાહેબજી" એમ કહી તથા પોતાની મુલાકાતના આ સંતોષ ભર્યા પરિણામથી આનંદ પામી, **મેકેર** આ વેપારીની ઑફીસમાંથી ઉતર્યો, અને જેવો બહારની ઑફીસમાં આવ્યો કે તરતજ લંગડાવું શરૂ કીધું, જ્યાં એકાદો ડજન કારકુનો બેઠેલા હતા.

રીયુમાન મારટીરના મહોલામાંથી **મેકેર** બહાર નીસરી લખતપત્ર કરનાર એક વકીલને ત્યાં ગયો. **મેકેરને** એક ઓરડામાં બેસાડવામાં આવ્યો, જ્યાં પોતાને એકલો જોઇ તે બોલ્યો—"નહિ મામા કરતાં કેહેણો મામો સારો, જે મળ્યું તે ખરૂં."

મેકેરે પોતાનું વિચારવાનું પૂરૂં કીધું નહિ તેટલામાં તો વકીલ પોતે પણ અંદર પેઠો, તેણે **મેકેરને** ઓળખ્યો નહિ પણ નમીને સલામ તો કરી.

"તમે મને ઓળખો છો."—**મેકેરે** પૂછ્યું—"હું ધારૂંછું કે મારા દેખાવમાં કાંઈ એટલો મોટો ફેરફાર થયો નથી. મારૂં નામ **કેપટન રાસીવેલ** છે."

"શું! **કેપટન રાસીવેલ** તમે છો?"—વકીલે પૂછ્યું—"પણ આ વેષ શામાટે?"

"વેષ"—**મેકેર** હસતાં બોલ્યો—"નહિ નહિ એ તો માત્ર મારા વસ્ત્રમાં નજીવો ફેરફાર થયો હશે."

"પણ આ મહોટા ફેરાવાની ટોપીની શી અગત્ય પડી"—**વકીલે** પૂછ્યું.

"સૂર્યનો પ્રકાશ મોઢાપર ન આવે માટે"—**મેકેરે** જવાબ દીધો—"એટલું નથી જાણતા."

"પણ આ ખોટી મુંછો શા સારૂ?"

"ભલા માણસ, એથી તો દેખાવ સુંદર લાગેછે."—**મેકેરે** કહ્યું—"પણ હાલ આપણે કાંઇ મારા દેખાવની વાતો કરવાની નથી, તમે એટલુંજ જાણો કે હું **કેપટન રાસીવેલ** છું."

"તેની પણ કાંઇ તકરાર નથી"—વકીલે ટકોરમાં કહ્યું.

"હું ધારૂંછું કે બે હફતા ચઢયા છે"—**મેકેરે** વિચારીને ઉત્તર આપ્યો—"કેમ રોકડું આપશો કે નોટો."

"જરા ધૈર્ય રાખો"—વકીલે કહ્યું—"લખત પ્રમાણે મારી ખાતરી થવી જોઈએ કે તે રકમ યોગ્ય ઠેકાણે યોગ્ય રીતે વપરાય છે કે નહિ."

"એ માટે મારા શબ્દો બસ છે."—**મેકેર** ગુસ્સાથી બોલ્યો.

"હું ધારૂંછું કે જેના ગુજરાન અર્થે એ પૈસા લઈ જવામાં આવેછે તેના પોતાના શબ્દો વધારે બસ થશે"—શાંતિથી વકીલે ઉત્તર દીધો—"હું કાંઇ શેઠ નથી, માત્ર તેનો આડતીયો છું અને મારે તેના કહ્યા પ્રમાણે ચાલવું જોઈએ. મારા ધારવા પ્રમાણે આજ પાંચ વર્ષ થયાં એ બાબતસર મને કશો સંતોષકારક હીસાબ મળ્યોજ નથી. મારે તે બાઈને પોતાને મોઢેથી તેની વર્ત્તમાન સ્થિતિ જાણવી જોઈએ."

"હું આવતી કાલે બપોરના તેવિષે તમારી ખાત્રી કરી આપીશ"—**મેકેર** બોલ્યો.

"ઠીક છે મી૦ **રાસીવેલ** હું તમારી વાટ જોઈ બેશીસ, પધારજો."

મેકેર હેઠે ઉતર્યો અને પોતાની માતાના અરોગ્યતાના સમાચાર લાવવાને **બરટેંડે** તેને આગ્રહપૂર્વક ભલામણ કરી હતી તેથી તરતજ એક ભાડાની ગાડીમાં બેશી ટૂંક વખતમાં **બરટેંડના** ઘર આગળ આવી પુગ્યો.

"**મેડેમ બરટેંડ** હજી અહીંજ રહે છે?"—**મેકેરે** દ્વારપાળને પૂછ્યું.

"હા સાહેબ બિચારી ગરીબડી હજી અહીંજ પડી છે"—તેણે જવાબ દીધો—"અને તે સૌથી ઉપલા માળ ઉપર રહેછે."

રસ્તો બતલાવવા તેને સાથે લીધા વગરજ **મેકેર** એક પછી એક દાદર ચઢતાં ઉપલે માળ આવી પુગ્યો. અને દરવાજો ઠોકયો. એક ધીમા સાદે તેને અંદર પ્રવેશ કરવા કહ્યું. **મેકેર** પેઠો અને વિધવાને તરતજ ઓળખી કાઢી. જેને તેણે એકાદી વખત અગાઉ દીઠી હશે, પણ **મેકેરનો** વેષ એટલો ચતુરાઈથી ધારણ કરેલો હતો કે ઓળખાણ અરસપરસ થઈ નહિ. આપણે કહ્યું તેમ **મેકેરે** તો વિધવાને તરતજ ઓળખી, પણ **મેકેરને** ઓળખવો એ વિધવાથી બન્યું નહિ. **મેકેર** એક ખુરશી લઈ બેઠો અને કહ્યું—"હું તમારા પુત્રની વતી અહીં આવ્યો છું."

"શું તે જીવે છે, છૂટો, સ્વતંત્ર છે"—વિધવાએ એક પછી એક પ્રશ્નો પૂછવા માંડ્યાં.

"હા તે જીવેછે ઉપરાંત ઘણી સારી સ્થિતિ ભોગવેછે"—**મેકેરે** કહ્યું—"તેણે તમને આપવાને આ ૨૦૦ ફ્રેંક મોકલ્યા છે જે તમને હાથોહાથ પુગાડવા મેં વચન આપ્યું હતું. એમ કહી **મેકેરે** નાણું ગણી ટેબલપર મૂકયું, પણ તેને અડવાને બદલે તે ડોસીએ હડસેલી કાઢ્યું.

"નહિ, નહિ"—તે ધ્રુજતે સાદે બોલી—"મને ખબર નથી કે એ પૈસા તે કયેપ્રકારે કમાયો હશે? એક વખત અગાઉ—પણ તેને તો હાલ પાંચ વર્ષ થવાં આવ્યાં છે—તેણે મને પૈસા આપ્યા હતા તે ઈશ્વર જાણેછે કે તેણે કેમ મેળવ્યા હશે."

"બાઈસાહેબ"—**મેકેર** બોલ્યો—"હું તમારી ખાત્રી કરી આપીશ કે આ પૈસા તેણે પ્રમાણિકપણે અને જાતિ મહેનતથી ભેળા કર્યા છે. હું તમને વચન આપુંછું અને સારા ગ્રહસ્થના વચન સરખું બીજું શું છે? તમે તમારા દિકરા તરફની આ ભેટનો સ્વીકાર કરો."

"જુઓ એક ગરીબ અબળાને છેતરશો નહિ"—તે બોલી—"નહિ, તમે કદી પણ છેતરશો નહિ એવી મારી પૂર્ણ આશા છે, તમારા દેખાવથીજ તમે ભલા અને યશવંત છો એવો મને ભરૂસો આવેછે અને એટલુંજ બસ છે."

"તમારૂં ધારવું યથાર્થ છે"—**મેકેરે** ઉત્તર દીધો—"હું તમને છેતરતો નથી, તમારો પુત્ર પોતાના નવીન ધંધામાં સારૂં કમાયો છે."

"ત્યારે તો હું એ ભેટ ખુશીથી સ્વીકારૂં છું"—પોતાનો પુત્ર સુધર્યો હશે એવી આશાથી તે મગ્ન થઈ બોલી—"મને એ ભેટ કબુલ છે, પણ અરે! મને આગલા વખતમાં મારા પુત્રે તથા તેના સાથીએ એવી ઠગી છે કે એક સારા માણસઉપર પણ સંશય આવ્યાવગર રહેતો નથી."

"એ તો વાસ્તવિક છે"—**મેકેરે** કહ્યું—"ઘણા વરૂ મેંઢાના વેશમાં પણ આવેછે"

"અફસોસ તમારી વાત તદ્દન સત્ય છે"—વિધવા બોલી—"મારા અભાગ્યા દીકરાનો એક દુષ્ટ અને દુર્મતિ સાથી છે જે શેતાનને પણ ઠગ્યાવગર રહે નહીં. તેજ માણસે મારા પુત્રની મતી ફેરવી તેને ઘરમાંથી નસાડી પોતાની સાથે રાખ્યો છે, પણ હું ધારૂંછું કે તમોને એ બાબતસર જાણ હશે નહિ."

"હા. તેનો મિત્ર એવો ભયંકર માણસ છે?"—**મેકેરે** હસતાં હસતાં પૂછ્યું.

"હા સાહેબ. ઘણો પાપી છે"—**બરટ્રેંડ**ની મા બોલી—"નર્કના અંધારા કરતાં તેનું હ્દય વધારે કાળું છે જે નિરંતર પાપકર્મના ઉંચા ગંજથી ભરપૂર રહેછે."

"કદાચ એ માણસ પોતે તમારી પાસે હોત તો અવશ્ય તમારી વાતથી તે કુપિત થાત"—**મેકેર** મુંછ પસવારતો બોલ્યો.

"જો તે મારી પાસે હમણાં હાજર હોત તો પણ હું આ સર્વ તેને મોઢેજ કહેત."

"હા બાઇ હું પણ તે માન્ય કરૂંછું"—**મેકેર** બોલ્યો—"આગળ ચલાવો."

"સાહેબ, આ લુચ્ચો જેને વિષે હું તમોને કહુંછું"—**મેડેમ બરટ્રેંડે** વાત આગળ ચલાવી—"તે માણસ નહીં પણ કોઈ યક્ષ છે. હું ખાતરીથી કહુંછું કે જો તેને મનમાં આવે તો તે તમારા જેવા પ્રમાણિક દેખાવનો થઇ શકે."

"એ તો વળી વધારે અજબ જેવું છે."—**મેકેરે** હસમુખે ચેહેરે ઉત્તર દીધો.

"અને જો હું તેની વાણી વિષે કહું તો તે બોલવામાં ચપળ અને તકરારમાં ન જીતાય તેવો છે. હું કહુંછું તે શબ્દે શબ્દ તમે સાચું માનજો."

"બાઈ સાહેબ તમારૂં કહેવું હું વગર સંશયે માની લઉંછું, પણ તેનું નામ તો જરા કહો."

"**રાબર્ટ મેકેર**"—વિધવાએ ઉત્તર વાળ્યો.

"તમારા છોકરાએ એવિષે મને ઘણીવાર કહ્યું છે, પણ હાલ તે **મેકેર** કયાં ને શું કરે છે."

"અફસોસ, નબળા અને ગરીબોને દુઃખ દેતો, પોતાથી ભોળાજનોને ઠગતો અને જરને માટે જીવ લેતો હાલ તે અભાગ્યો પુરૂષ સૃષ્ટિના કોઇક ભાગમાં જીવતો છે."

"ત્યારે શું પોલિસમાં પણ એટલો દમ નથી કે એ **મેકેર**ને પકડી પાડે."

"અરે નહિ, તે પકડાય તેવો નથી, સિપાઇઓ પણ એની ખોળમાં વારંવાર મારે ઘેર આવી જાય છે."

"હં, હં"—**મેકેરે** કહ્યું—"હવે તો જવાની રજા લઇશ."

"મારા પુત્રને મારી તરફના આશિર્વાદ દેજો, અને તમે એને દિન પ્રતિ દિન સુધારી સારે માર્ગે મૂકવાનો પ્રયત્ન કરશો. ઇશ્વર એના ધંધામાં વિજય આપો."

મેકેર તરતજ ઝપાટા બંધ નીચે ઉતર્યાં અને બગી ભાડે કરી ઉતારાની હાટલ આગળ આવી પૂગ્યો, ગાડી વિદાય કરી પોતાના ઓરડામાં ગયો. ભોજન મંગાવી જમી લીધું અને હમેશ કરતાં વહેલો સૂતો પણ તે અગાઉ સવારના સાત વાગતે એક ગાડી હાજર રાખવાને ચાકરને આજ્ઞા આપી રાખી.

પ્રકરણ—૨૦.

મેકેરનો ફેરો. એક નવી વાત.

પરોઢિયું થતાં **મેકેર** ઉઠ્યો, ગાડી પણ આવી ઉભી હતી. **મેકેર** બેઠો, ગાડીએ **લા-**એન્સના તરફ વલાણ લીધું.

"એમગ્રુયલના જંગલનાં મુખ આગળ એક ઝુંપડું આવેલું છે તે તું જાણે છે,?"

"હા સાહેબ"—ગાડીવાળાએ વિસ્મય થઈ ઉત્તર દીધો—"પણ મેં થોડાજ દિવસ ઉપર સાંભળ્યું હતું કે એ ઘર બાળી નાંખવામાં આવ્યું."

"બાળી નાંખ્યું?"—**મેકેર** બોલી ઉઠ્યો.—નહિ, નહિ એમ તે હોય તું તારે ત્યાં હાંકયે જા."

તરતજ ઘોડાવાળો સ્વાર થઇ ચમકારા વગાડતો આગળ ચાલ્યો, અને થોડા વખતમાં ગાડી ઘણે દૂર નીકળી ગઈ. **મેકેર**ની આતૂર ચક્ષુઓ તો તે ઝુંપડાની દિશામાં ટાંકેલી હતી, અને જ્યારે દૂરથી તેણે બળેલી, અને ધુમાડાના સ્પર્ષથી કાળી થયેલી ચાર ભીતો જોઈ, ત્યારે તેણે જોરથી પોતાનું કપાળ કૂટયું. થોડીકવારમાં ગાડી પણ વનના મુખ આગળ ઉભી, **મેકેર** હેઠે ઉતર્યો અને આસપાસ દ્રષ્ટી કરી જોયું તો બળેલી માટી, રાખના ઢગલા, સળગી ગયેલા ભાલ અને ભારવટીયાં, તથા અપાર કોલસાના કટકા પડેલા દીઠા. **મેકેર**ની મતિ મુંઝાઇ ગઈ, હવે આગળ કેમ વધવું તેની ન સૂઝ પડે, ગાડી તેને માટે રસ્તાપર વાટ જોતી ઉભી છે તેપણ તેને વિસ્મરણ થયું ને રાનમાં પ્રવેશ કરવા માંડ્યું. "ખરે આ ઘણું અચરતકારક છે"—તે પોતાના મન સાથે બોલ્યો—"આ બનવાનું શું કારણ હશે? અકસ્માતે તો આગ નહીં લાગી હોય, પણ કદાચ **પૉલે** પોતેજ જાણી જોઇને કીધું હોય? સઘળું અસંભવિત છે, પણ તેઓનું શું થયું, તેઓ કયાં હશે, પણ રખેને આ આગમાં કોઈ બળી મુવું તો નહિ હોય? નહિ એમ હોત તો ગાડીવાળો મને આગળથીજ કહેત, પણ હવે હું ચાલ્યો કયાં, મેં શું વિચાર રાખ્યો છે, તેઓને હવે તે ગોતવા કયાં? આ ભેદનું નિરાકરણ કેમ થતું હશે?"

પણ પોતાના પ્રશ્નોના પ્રતિઉત્તર આપ્યા વગરજ તેણે આગળ ચાલવા માંડયું. આપણા વાંચનારને અનુભવ નહિ હોય તો સાંભળ્યું તો અવશ્ય હશે કે જ્યારે કોઈના વિચારો ભમતા હોય છે, ત્યારે તે કંઈ પણ ચોકસ ધારણા વગર અહીંથી તહીં ભટકયા કરેછે. તે પ્રમાણે કાંટા અને અડચણ કરતી ડાંખળીઓ હડસેલતો **મેકેર** આગળ ચાલ્યો. અને અંતે ટેકરીને તળીયે આવી પુગો, પણ તેના વિસ્મયનો શું પાર! નજર કરી તો જાણે સામેના વૃક્ષના થડ આગળ કોઇ ભરાઇને બેઠું હોય એવું દેખાણું. **મેકેર** ઉતાવળે ચાલી તે જગ્યાએ આવી પુગ્યો, અને એક સ્ત્રીનું શરીર ત્યાં પૃથ્વી તરફ વળેલું પડયું હતું. વધારે સમીપ ગયો. અને તે શરીર બાંધેલું જોયું. તેણે વાંકાવળીને જોયું તો ઉંદરો દોડાદોડ કરી રહ્યા હતા જેમણે તેની મુખાકૃતિ બેડોળ કરી મેલી હતી. ખાડામાં આંખને ઠેકાણે ફાંકા પડ્યાં હતાં. નાકની કટકી પણ મળે નહિ, હોઠમાં ઠેકાણે ઠેકાણે વળચકા ભરેલા હતા. અને ગાલમાંથી દંતો પણ દેખાતા. **મેકેરે**

તેને ઓળખી નહિ પણ આ ત્રાસદાયક બનાવ જોઈ બોલ્યો—"આ સ્ત્રી કોઇ દુષ્ટ સ્વભાવની અને પાપી હશે, નહિ તો ઈશ્વર તેને આવી ગતીએ પહોંચાડે નહિ. તેના કર્મોનું ઘટતું ફળ તેને મળ્યું હશે." આમ બોલતો **મેકર** પાછો ફર્યો અને ઉતાવળે ગાડી આગળ આવી પુગ્યો. અંદર બેઠો અને પાછી હંકરાવી. તે બિચારાને શું ખબર કે એ ઝુંપડાના રહેવાશીયોનો અંત આવ્યો હશે, અને જે સ્ત્રીને તેણે નજરે દીઠી તે પણ તે માંહેલું એક હશે? જે ગામડાની હાટલમાં **સ્ટેનમોર** માંદો પડેલો હતો ત્યાં ગાડી આવી પુગી. ગાડીમાંથી ડોકું બહાર કાઢી **મેકરે** જોયું તો એક સ્વરૂપવાન કન્યા સમીપમાં ફરતી હતી. **મેકરે** તરતજ તેને ઓળખી ગાડી ઉભી રાખી નીચે ઉતર્યો અને તે છોકરી પાસે ગયો. વાચનારે તો અગાઉથીજ ધાર્યું હશે કે એ છોકરી **ઍલેનચી** હતી, જે બે ઘડી ફરવાની રજા લઈ નીચે ઉતરી હતી.

"**ઍલેનચી**"—**મેકર** સામો દોડી જઈ બોલ્યો—"શું તું મને નથી ઓળખતી? પણ ચિંતા નહિ તું તરત ઓળખીશ. જે માણસ તને મેડેમ **લૉંગવિલી**ને ઘેરથી જંગલના મુખ આગળ અવિલા ઝુંપડામાં મૂકી આવ્યો હતો તેને તું શું ભૂલી ગઇ? **ઍલેનચી** તું મને જોઇ ખુશી થઇ નથી લાગતી જો કે તનેજ લેવા માટે હમણા ઝુંપડા આગળ હું ગયો હતો."

"મને લઇ આવવા!"—**ઍલેનચી**એ ધીમે સાદે પૂછ્યું—"મારૂં તમને પ્રયોજન હોય?"

"મારી સાથે **પેરિસ** લઇ જવા, જ્યાં તારે અને મારે લગતું કંઇ કામ આવી પડયું છે."

"તે નહિ બને"—**ઍલેનચી**એ સ્થિરતાથી ઉત્તર દીધો—"હું અહિં મારા શુભેચ્છકો સાથે પાસેની હૉટલમાં રહું છઉં."

"આ ગામડામાં?"—**મેકરે** પૂછ્યું—"પણ હું ધારૂંછું કે તું હજી **પૉલ** અને તેની સ્ત્રી **માર્ગેરેટ**ની ભેળીજ છો?"

"નહિ, મને તેઓથી વધારે યશવંત, માયાળુ, ઉંચા વિચારના અને ઉદાર પ્રકૃતિના મિત્રો મળ્યા છે"—તે બોલી—"**પૉલ** માહા દુષ્ટ હતો અને ઈશ્વરે તેને યોગ્ય ગતિએ પહોંચાડયો છે, અર્થાત **પૉલ**ને આ સૃષ્ટી છોડી જવી પડી છે. એટલે બીજાનું ખૂન કરતાં પોતાનું થયું છે. તે લુચ્ચાઓને દંડ દેનાર તેજ મારો છોડાવનાર થયો છે."

"શું તેઓ આ ગામડામાં રહેછે!"—**મેકરે** પૂછ્યું.

"તેઓ કંઈ અહીંના સ્વદેશી નથી"—**ઍલેનચી**એ ભોળાપણાથી કહ્યું—"જે ભલું કરનાર-વિષે મેં તમને કહ્યું તે જ્ઞાતે અંગ્રેજ અને નામે **સ્ટેનમોર**—

"**સ્ટેનમોર!**"—**મેકર** અતિશે અચરતી અને ધિક્કાર જનક શબ્દે બોલ્યો.

"હા, **ચાર્લેસ સ્ટેનમોર**"—**ઍલેનચી** બોલી—"જે સામેની હૉટલમાં માંદગીનું બીછાનું સેવેછે."

"ઈશ્વર એને માંદોજ રાખે"—**મેકરે** પોતાના મન સાથે વિચાર્યું—"પણ **ઍલેનચી** તારે તો મારી સાથે અવશ્ય આવવું પડશે."

"કદી બને નહીં"—તે બોલી.

"નહિ બને એવું કંઈએ નથી. અશકય શબ્દ તો મારા શબ્દ કોશમાં પણ મળવો દુર્લભ છે"—એમ કહી **મેકર** તેની સામે ધસ્યો, અને તેના નમ્ર કાલાવાલા અને હુજ્જતનો ગણુકાર કર્યા વગર તેને પકડીને ગાડીમાં બેસાડી. આ કામ થઇ રહ્યા પછી **મેકરે** એક સિક્કો કાઢી ગાડીવાનના હાથમાં મૂકયો અને કહ્યું—"આ છોકરી જો રસ્તામાં બુમાટ કરે તો તેની કાંઇ પણ ગણના કરીશ નહિ પણ ચલાવ્યોજ જજે કારણ કે આ છોકરી પોતાના માબાપ આગળથી નહાશી આવી છે."

સિક્કાના ચંદ્રસમાન સ્વેત પ્રકાશે ગાડીવાનની આખો આંજી નાંખી અને હોઠ શીવી લીધા. ગાડી આગળ ચાલી. થોડીકવાર રહીને **ઍલેનચી**ની મતી ઠેકાણે આવી, અને પૂછ્યું—"મને શા સારૂ લઇ જાઓ છો? મને બળત્કારથી લાવનાર તમે કોણ છો?"

હું તને સર્વ સવિસ્તર કહીશ, હું તને કોઈ પણ પ્રકારે દુઃખ દેવાની ધારણાથી લાવ્યો

નથી, સત્ય વાત તો એ છે કે તારો નાનો તારા ગુજરાન અર્થે વર્ષ દહાડે ૫૦૦૦ ફ્રેંક આપેછે, અને હું તારો વાલી છું.”

“શું તમે?”—**એલેનચી** ચોંકીને બોલી.

“હા”—**મેકેરે** ઉત્તર દીધો—નહિ શું કામ?

“એ તો ઠીક પણ પહેલે કહીને મને ધિરજ આપો કે હું મારા મિત્રોને ફરીથી જોઈશ કે નહિ?”

“હું તને સઘળું કહુંછું. તારા ગુજરાન અર્થે દરવર્ષે ૫૦૦૦ ફ્રેંક આપવામાં આવેછે જે મારા હાથતળેથી પસાર થાયછે, પણ તારા નાનાના આડતીયાનો એવો હુકમ છે કે એ રકમ યોગ્ય ઠેકાણે વપરાય છે કે નહિ તેની પૂર્ણ તપાસ રાખવી. હું ગઈ કાલેજ તે આડતીયાની ઑફિસે ગયો હતો અને એ રકમ તારેજ માટે અને સારી રીતે વાપરવામાં આવેછે કે નહિ તેની ખાતરી તે તને મોઢેમોઢ પુછી કરવા માગેછે. તારે તો તેની સન્મુખ માત્ર હા પાડવી અને પછી—

“અને પછી શું મને મારા પ્રિય મિત્ર અને ભલું કરનાર આગળ જવા દેશો?”—**એલેનચી**એ અધિરજથી વચમાંજ પૂછ્યું—“અરે મારા હૃદયમાં આશારૂપી કિરણો ફેંકો, ને તમારી ઇચ્છા તૃપ્ત થશે.”

“હું વચન આપી, નહિ, સોગન ખાઇ કહુંછું કે હાથમાં લીધેલું કામ પૂર્ણ થયા પછી હું તને મારા સ્વાધિનમાંથી મૂકી એક પળ પણ વધારે રોકીશ નહિ”—**મેકેરે** કહ્યું—“પણ આ **પૉલલેમોની** અને **સ્ટેનમોર** વચ્ચેના બનાવનું તું મારી આગળ વર્ણન કર.”

વાંચનારને વધારે શ્રમ ન આપતાં એટલુંજ કહેલું બસ છે કે **એલેનચી**એ સઘળા બનાવોથી **મેકેર**ને જાણીતો કીધો. આ સાંભળી **મેકેર**ને તેના વિચારરૂપી સૈન્યે ઘેરી લીધો. બહુ વિચારતાં પણ **સ્ટેનમોર** ઝુપડા તરફ શામાટે ગયો હશે, તે **મેકેર**ને સૂઝ પડી નહિ. ગાડી ઝપાટાબંધ ગગડતી **પેરિસ**ના રસ્તાપર આવી લાગી જ્યાં એકાએક ગાડીની ધરી ભાંગી પડી અને ગાડી ઉંધી વળી ગઈ પણ સુભાગ્યે કોઇને લાગ્યું નહિ. ગાડી સમી કરી આગળ વધતાં બે કલાક વહી ગયા જેથી વકીલને ત્યાં પુગતાં સાત વાગ્યા. જે વખતે તે કબાલા કરનાર ઘેર જતો રહ્યો હતો.

“મારા મિત્રો મારે વિષે શું શું ધારતા હશે કે **એલેનચી** નહાસી ગઇ”—તે આંસુ ભરી આંખે બોલી.

“ગમે તે થાય પણ સવારસુધી તો ખોટી થવું પડશે”—**મેકેરે** હુજ્જત પકડી ઉત્તર દીધો.

“પણ મારે રાત વાસો કયાં કરવો”—**એલેનચી**એ પૂછ્યું.

“**એલેનચી**”—**મેકેર** બોલ્યો—“હું તારો વાલી છું, પણ કદાચ ન હોત તો પણ હું સોગન ખાઇ કહુંછું કે તારો એક બાલ પણ વાંકો વળવા દેત નહિ. તને મારી સાથે લાવવાની ફરજ પડી, અને તેથીજ મારે જોરાવરી વાપરવી પડી છે, પણ પ્રભુ જાણે છે કે મારા એ આચરણથી મારૂં હૈયું કેવું દાઝેછે. જે હૉટલમાં હું ઉતર્યો છું તેની શેઠાણી પરણેલી છે અને તેને બે તારા જેવડીજ દીકરીઓ છે તેઓની સંભાળ તળે આજની રાત કાઢજે.”

“મારે તમારાવિષે કયા નામથી વાત કરવી, તમારા નામથી હું અજાણી છું.”

“**કેપ્ટન રૉસીવેલ**ના નામથી.”

આ વાતચીતો કરતાં કરતાં ગાડી હૉટલ આગળ આવી પુગી. **મેકેરે એલેનચી**ને ગાડીમાંથી નીચે ઉતારી અને તે નાસી ન જાય તેનું વચન લઈ તેને શેઠાણી આગળ મૂકી આવ્યો.

પ્રકરણ—૨૧.

ચોરાંટિયા મંડળ.

આપણે ગયા પ્રકરણમાં કહી ગયા છઈએ કે રાતના સાત વાગ્યા હતા, **મેકેરે** પોતાને-

માટે ભોજન મંગાવ્યું, અને એકલોજ જમી ઉઠયો એટલામાં **મિનિસ્ટરી ઑફ, જસ્ટિસના** મ્હોટા ઘડિયાળમાં ટકોરા થયા. તેણે ધ્યાનથી ગણ્યા અને **પેરિસના** ફળીયામાં સહેજ ભટકી આવવાના વિચારથી તેણે એક મ્હોટો ઝુલતો ડગલો પહેરી લીધો. ટોપીની ફરતી કિનારી મોઢા ઉપર ઢાંકી મૂકી અને દાદર ઉત્તર્યો. **રીયુસૈન્ટ હોનોરના** મોહોલામાં થઈ તેણે ડંકાતરફનો રસ્તો લીધો.

આ પ્રમાણે અર્ધો કલાક ચાલ્યા પછી એક પછી એક રસ્તાઓ પસાર કરતો એક ગલીમાં પેઠો, આ રસ્તો ઘણો અંધારો અને ગંદો હતો. કોઈની ઘરની બારીમાં પ્રકાશ જેવું તો નામજ મળે નહિ જેથી બીકણાં માણસોને એ રસ્તેથી આવતાં ત્રાસ લાગતો. સઘળું શાંત હતું તેથી **મેકેરને** પોતાનાં પગલાના પડઘા શિવાય બીજું જવલેજ સંભળાતું. હવે રસ્તાનું નાકું આવ્યું જ્યાં એક જૂનું તેમજ ગરીબ દેખાવનું ઘર હતું. **મેકેરે** તરતજ દરવાજો ઠોકયો. એક માણસે આવી તેને દાખલ કીધો, અને તરતજ ઉપરના દિવાનખાનામાં લઈ ગયો જ્યાં એક મ્હોટા ટેબલની આસપાસ આશરે દોઢેક ડજન માણસો બેઠાં હતાં. આપણા પ્રખ્યાત પુરૂષે જેવું તેઓને પોતાનું નામ કહી સંભળાવ્યું કે સઘળાઓ ઉઠયા, અને કોઈ તો રૂમાલ કોઈ લાકડી, કોઈ ટોપી ઉંચી કરી એકજ સાદે હર્ષથી બોલ્યા—“ **મેકેર** તું ભલે પધાર્યો હજાર વખત ભલે પધાર્યો.”

મેકેરે પણ તરતજ દરેક દરેક જણ સાથ હાથ હલાવી સાહેબ સલામ કીધી. આ મંડળીનાં સઘળાં માણસો શરીરે પુષ્ટ પણ ગંદાં અને કદરૂપાં હતાં. કેટલાકો તો પોતાના ડગલા અને બદન ઉતારી ફક્ત ખમીસ પરજ બેઠા હતા. જ્યારે કેટલાકોએ તો ખમીસ સુદ્ધાં પણ કાઢી નાંખ્યું હતું. આપણા વાંચનારથી કંઈ પણ છૂપું ન રાખતાં કહેવાની રજા લઈએ છીએ કે એ સઘળા જણ આ ચોરાંટિયા મંડલીના સભાસદો હતા. **મેકેર** આ મંડલીનો પ્રમુખ હતો અને હાલ લાંબો વખત થયા મંડલીમાંથી ગેરહાજર હોવાનેલીધે પોતાનો ધર્મ સમજી ગજવામાં હાથ નાંખી મૂઠ ભરી પ્રકાશિત સિક્કાઓ ખેંચી કાઢયા અને ઉભો થઈ બોલ્યો:—“ એક મંડલીના એકજ વિચારના અને સમાન આચરણવાળા પ્રિય બંધુઓ મારા બે શબ્દ સાંભળો. આપણા જેવા યોગ્ય અને પ્રમાણિક પુરૂષોનાં ગજવાં ઘણું કરી ખાલી રહેછે પરમેશ્વર જાણે શું કારણ હશે અને તેથી મારૂં ભાગ્ય મેં બીજે ઠેકાણે અજમાવી જોયું છે જે સંપૂર્ણતાનાં નવાણું પગથીયાં ચઢી જઈ બાકી એકજ રહ્યું, જેની મને પૂર્ણ આશા છે કે તે ચઢી ટોંચ ઉપર બેસતાં હવે વધારે વિલંબ લાગશે નહિ, મારા ભાગ્ય ચઢતાં જોઈ હું આ નિર્જીવ ભેટ આપણી મંડલીને અર્પણ કરૂંછું” એમ કહી સઘળા સિક્કા ટેબલપર મૂકયા, જે મંડલીના એક મુખ્ય સભાસદે પોતાને સ્વાધીન લીધા જેનું નામ **મારટીની** હતું.

આ થઈ રહ્યા પછી **મેકેરને** કોઈ પણ સંકટમાંથી ગમે તેમ કરીને છોડાવવો એવો એક મતથી ઠરાવ પસાર થઈ રહ્યા પછી એકવાર ફરીથી દારૂના ગ્લાસો તથા બાટલીઓ ઉપાડવામાં આવી, અને સલામતી લેતાં એક પછી એક ખલાસ થવા લાગી. સઘળું સમાધાન થયું એટલે **મેકેરે** પૂછ્યું—“ **પૉલલેમોની**નું શું થયું તે કોઈ જાણોછો ?”

“ જેઓ **ચેમબ્રુયલના** જંગલના મુખ આગળ આવેલા ઝુપડામાં રહેતા હતા તે ”—**મારટીની**એ પૂછ્યું.

“ બરાબર એજ ”—**મેકેરે** ઉત્તર દીધો—“ બિચારો થોડા દિવસ અગાઉ મરણ પામ્યો, બીજાનો શિકાર કરતાં પોતેજ સપડાયો.”

“ હા મેં પણ ગઈ કાલે સાંભળ્યું ”—એક બીજોજ શખ્સ બોલ્યો જે ભઠીયારાનો ધંધો કરતો હતો—“ અને બીજું કંઈ સાંભળ્યું, પેલી જુવાન છોકરીને પણ કોઈ સાથી હાથ લાગ્યો તેથી તે તેની સાથે નીકળી ગઈ, ખરે તેના જેવી રૂપવંતી મેં આખા **પેરિસમાં** દીઠી નથી.”

આ સાંભળી **મેકેરે** સેજ ગુસ્સામાં કહ્યું—“ એ તેં કેમ જાણ્યું ?”

“ આપણી મંડલીનો એક સભાસદ જેણે પોતે જોયું હતું તે આજે આવ્યો નથી તેને મોઢેથી

મેં સાંભળ્યું હતું. આપણી મંડલીથી શું છુપું રહી શકે? તમારાથી પણ કયાં છાનું છે કે જુદા જુદા રસ્તા, મોહોલ્લા અને લત્તાઓમાં આપણી આ ભાગ્યશાળી મંડલીનાં માણસો ભટકતાં રહી છુપી બાબતો ગ્રહણ કરવા તથા રાજદ્વારી ખટપટો સાંભળવાનો પ્રયત્ન કર્યાજ કરેછે. પૃથ્વીની સપાટીપર બનતી સઘળી બાબતો જાણવાનાં સાધનો જેટલાં આ મંડલી પાસે દ્રશ્ય છે તેટલાં તો પેરિસની પોલિસ પાસે પણ ભાગ્યેજ હશે. આ સાધનથી તો આપણે એક બીજાને સહાય કરી શકીએ છીએ."

મેકેરને તરતજ **ભ્લેનચી**નો વિચાર આવ્યો અને ધાર્યું કે તેનું **સ્ટેનમોર** સાથે રહેલું કોઈ પણ દિવસે પોતાનેજ વિઘ્નકારક થઈ પડશે, એટલુંજ નહિ પણ તેનો નાનો તેના ગુજરાન અર્થે વર્ષ દહાડે જે રકમ આપે છે તે પણ મારા હાથમાં આવતી બંધ થશે. આવા વિચારોએ તેને પૂરો ખુલાસો આપ્યો, તેમાં મુખ્ય કરીને **મેરિયા** સાથે લગ્ન થઈ જાય ત્યાંસુધી **ભ્લેનચી**ને **સ્ટેનમોર**થી જુદી પાડી કોઈ સારે ઠેકાણે રાખવી. અને તેનું ભવિષ્ય રહેઠાણ આગળ જતાં સમયાનુસાર કરવું. આવા આવા તરંગો એક પછી એક ભરાવા લાગ્યા અને અંતે **ભ્લેનચી**ને આપેલું વચન પણ તોડવાને અને તરતજ તેને **સ્ટેનમોર**થી જુદી રાખવાના ચાંપતા ઉપાયો લેવાનો દ્રઢ નિશ્ચય કર્યો. બે કલાક વહી ગયા, સહવારના વહેલા ઉઠવાનું હતું તેથી સઘળાઓની રજા લઈ **હૉટલ ડી લૉન્ડરસ** તરફ પોતાનાં પગલાં દોર્યાં.

પ્રકરણ—૨૨.

મેકેરને ક્રોધનું કારણ.

ભ્લેનચી સહવારના પહોરમાં વહેલી ઉઠી, પણ જાણે સ્વપ્નમાંજ હોય તેવું તેને ભાસ્યું. ઉઠતાંજ માંદગીના બિછાનાપર પડેલા **સ્ટેનમોર**નો વિચાર આવ્યો જેથી તે અતિશે શોકયુક્ત થઇ. આસરે એકાદો કલાક પસાર થયો હશે, અને નવનો ટકોરો સંભળાયો. તે ઉઠી અને પોતાના વાલી સંગાતે બહાર જવા વસ્ત્રો પેહેરી તૈયાર થઇ.

"તને તારૂં વચન યાદ છે?"—**મેકેરે** તેને ગાડીમાં બેસાડતાંજ પૂછ્યું.

"હા મને તો બરાબર યાદ છે"—**ભ્લેનચી** બોલી—"પણ તમને તમારૂં યાદ છે?"

ગાડીવાનને હુકમ આપ્યા બાદ ગાડી ચાલતી થઇ અને વકીલને ઘેર પહોંચી ત્યાંસુધી તેઓ વચ્ચે વધારે વાત ચિત થઈ નહિ.

"આ રહી **ભ્લેનચી**"—**મેકેરે** વકીલને કહ્યું.

વકીલે નમીને સલામ કરતાં પૂછ્યું—"બાઇ સાહેબ, હું ધારૂંછું કે **કેપ્ટન રૉસીવેલ**નો કાંઈ પણ પક્ષ ખેંચ્યા વગર મારાં પ્રશ્નોનો સત્યતાપૂર્વક ઉત્તર દેશો?"

"હા, હું સઘળું સત્ય બોલીશ, તેની લેશ પણ ચિંતા કરશો નહિ."

"તમે જાણોછો કે એક ચોકસ રકમ તમારે માટે આપવામાં આવેછે તે કેટલી અને શાસારૂ?"

"હા તે સઘળું હું જાણુંછું, મારી માતુઃશ્રીનો પીતા મારા ગુજરાનને અર્થે પ્રતિ વર્ષે ૫૦૦૦ ફ્રેંક આપેછે, અને તે રકમ મારા વાલી **કેપ્ટન રૉસીવેલ**ના હાથ તળે પસાર થાયછે. ઉપરાંત જે પાંચ વર્ષો મેં એઓની સંભાળ તળે કાઢયાં છે, તે જો કે તદન સુખી હાલતમાં નહિ હતાં તો પણ મારે કોઈ બાબતમાં ફરિયાદ કરવા જેવું છે નહિ."

"અને એ પાંચ વર્ષ તમે ક્યાં કાઢયાં?"—વકીલે પૂછ્યું—"અને કોની સાથે."

"ચેમબ્રૂયલના જંગલના મુખ આગળ આવેલા ઝુંપડામાં **પૉલ** અને તેની સ્ત્રી સાથે."

"અને હજી પણ તેઓની સાથેજ રહેવાની તમારી ઇચ્છા છે?"—વકીલે પૂછ્યું.

"એ પ્રશ્ન તમારે પૂછવો નકામો છે"—**મેકેરે** કહ્યું.

"નકામો નથી, કારણ કે તેની મરજી વિરૂદ્ધ કાંઈ પણ થવું જોઇતું નથી."

"તમારા પ્રશ્નના ઉત્તરમાં મારાથી હા કે ના કહી શકાતી નથી, કારણ કે હાલ તે ઝુંપડું છેજ નહિ, થોડા દિવસો અગાઉ, પરમેશ્વર જાણે, કેમ આગ લાગી અને બળી ગયું."

"અને ઝુંપડાના રહેવાશી"—વળી પણ વકીલે પૂછ્યું.

"**લેમોની** એક અંગ્રેજ મુસાફરને લૂંટી મારતાં મરણ પામ્યો, અને તેની સ્ત્રીવિષે હું જાણતી નથી."

"ઠીક, ત્યારે એ સઘળી વાત મને માંડીનેજ કહો."—વકીલે કહ્યું.

બ્લેનચીએ આદિથી અંત સુધી સઘળી વાત માંડીને કહી, માત્ર **મેકેર** તેને બલાત્કારથી અહીં લાવ્યો હતો તે છૂપું રાખ્યું.

"ખરે! તમને તો કંઈ ફરિયાદ કરવા જેવું થયુંજ નથી!"—વકીલ આંખનો મીંચકારો કરતો તથા **મેકેર** તરફ સંશય ભરી દ્રષ્ટી કરતો બોલ્યો—"જો તમને ફરિયાદ કરવાની નથી તો મારે કરવાની છે, કેમકે એ રકમ પ્રથમ મ્હારા હાથમાં આવેછે, અને તમારી પૂર્ણ સંભાળ લેવી એ મારી પ્રથમ ફરજ છે. પાંચ હજાર ફ્રેંકથી તમારી સ્થિતિ કદાચિત્ શોભાયમાન ન થાય; તો સુખી અને સાદી તો અવશ્ય થવી જોઈએ. એ તો એક કોરે રહ્યું પણ તેની અવજી ઝુંપડામાં નિવાસ કરવો, ઘરધણીની સેવાના બદલામાં પેટ પૂરતું જમવું તથા અંગવસ્ત્રો પેહેરવાં. મને હવે સ્પષ્ટ જણાયછે કે જે માણસની સંભાળ તળે તમને રાખવામાં આવ્યાં હતાં તે મહાદુષ્ટ અને લુચ્ચા હોવા જોઇએ."

"નહિ"—**બ્લેનચી**એ કહ્યું—"એમાં **કેપટન રૉસીવેલ**નો કાંઈ દોષ નથી. આજ પાંચ વર્ષ થયાં તેમાં એને લીધે મને કશું ખમવું પડચું નથી."

"હા રે હા! તમે કહ્યું તેમજ હશે, તમારા બોલવામાં તે કાંઈ ફેર હોય!"—વકીલ સહજ ચેષ્ટાથી બોલ્યો—"પણ હવે એકજ પ્રશ્નનો ખરો ઉત્તર દેજો. તમે ધારો છો કે એ ૫૦૦૦ હજાર ફ્રેંક જે તમારા ગુજરાન અર્થે **કેપટન રૉસીવેલ**ને આપવામાં આવેછે તે સઘળા તમારા એકલાને કાજે વપરાય છે?"

"મારો વાલી એ રકમ **લેમોની**ને આપતો કે નહિ તે હું જાણતી નથી."—**બ્લેનચી** હિમ્મતથી બોલી—"પણ જ્યારે તમે મને પૂછો છો કે એ ૫૦૦૦ ફ્રેંક તારીજ વાંસે વપરાતા કે નહિ તો હું તેવિષે ના કહુંછું. મારે માટે મળતા પૈસામાંથી જો મિસ્તર **રૉસીવેલ** કાંઈ પણ પોતાના ઉપયોગમાં લેતો હોય તો તેવિષે પણ મારે વાંધો લેવાનો નથી."

"ના, ના"—**મેકેર** વચ્ચમાં બોલી ઉઠચો—"પ્રત્યેક વર્ષના પાંચ હજાર ફ્રેંક શું પ્રમાણે ખર્ચવામાં આવેછે તેનો હિસાબ આપવાને હું અત્યંત તત્પર છું"

"હા તે તો તમારે આપવોજ પડશે"—વકીલે ઉત્તર દીધો.

"પણ તેથી વળી ઢીલ થશે,"—**બ્લેનચી**એ અધિરજથી પૂછ્યું—"પણ સાહેબ, મારે આ **રૉસીવેલ**ની લેશમાત્ર પણ ભૂલ કાઢવાની નથી."

વકીલ ઉત્તર દેવા જતો હતો એટલામાં ઑફીસનો એક કારકુન દાખલ થયો અને વકીલના કાનમાં કાંઈક કહીને જતો રહ્યો.

"ખરેજ! આ ઘણું અચાનક છે"—વકીલ મહોટેથી બોલી ઉઠચો અને તરતજ **મેકેર** તરફ ફરીને બોલ્યો—"સાહેબ આ બાઇનો નાનો બાજુની ઓરડીમાં આવ્યો છે અને પરમેશ્વર જાણે શું કારણ હશે, પણ તે તમને જોવા ઇચ્છતો નથી, તેથી કૃપા કરી તમે આ પાસેના ઓરડામાં બેસો." એમ કહી **મેકેર**ને બીજા ઓરડામાં મૂકી આવ્યો.

"બાઈ"—વકીલે **બ્લેનચી**ને કહ્યું—"તમારા નાના તમને મળવા આવ્યા છે. તે હવેથી તમને પોતાની સાથે રાખશે, તરતમાં તમે શાંત થઈ બેસો."

બ્લેનચીને ઉત્તર આપવાની પણ ફુરસદ મળી નહિ, કેમકે દરવાજો ઉઘડચો અને એક ઉંચો પણ વૃદ્ધ પુરૂષ અંદર દાખલ થયો. સુજ્ઞ વાંચનાર, જેમ આ વૃદ્ધ પુરૂષે **બ્લેનચી**ને, ઓળખી નહિ તેમ **બ્લેનચી**એ પોતાના નાનાને ઓળખ્યો નહિ.

"શું તે દુષ્ટ પૈસા લેવા આવ્યો હતો?"—આખરે આ વૃદ્ધ પુરૂષે વાચા ખોલી.

"હા સાહેબ—વકીલે જવાબ દીધો—"તેને મેં રોકી રાખ્યો છે કારણ કે મને સંતોષકારક હિસાબ મળ્યો નથી. તમે તે યુવાન છોકરીને એવા નીચ પુરૂષની સંભાળ તળે મૂકી છે એ જાણી મને અત્યંત ખેદ થાયછે. ઉપરાંત એ બાઈને પણ મેં આજ દીને જોઈ છે."

"હું"—આ ગ્રહસ્થ ચોંકીને બોલ્યો—"કહો શું તે દેખાવે પોતાની માતુઃશ્રીને મળતી છે.

"હા તે તમારી સ્વર્ગવાસી પુત્રીની આબેહુબ નકલ છે"—વકીલે જવાબ દીધો—તેનો વાલી રીતી અનુસાર ચડેલા પૈસા લેવા આવ્યો હતો પણ એ સઘળી રકમ તે બાઇનેમાટે વપરાય છે કે નહિ તેની પૂરી તપાસ કરવાની તમારી આજ્ઞાથી મેં—

"વાજબી કીધું"—એલેનચીનો નાનો બોલ્યો—"તે ગમે તેટલી નિર્દોષ હોય, અરે જોકે તેને જોવાથી મારી પુત્રીનાં નિર્લજ આચરણો મને યાદ આવેછે, તોપણ હું મારા અતઃકરણપૂર્વક ઇચ્છુંછું, કે તે સુખી હોય પણ તમે ખાત્રીથી કહો છો કે તે પોતાની સ્વર્ગવાસી માને મળતી છે?"

"હા તે બરાબર મળતી આવેછે"—વકીલ બોલ્યો—"એટલુંજ નહિ પણ તે સદ્ગુણી, સ્વભાવે સભ્ય, વાણીમાં મધુર, અને બોલવે સાચી છે."

"કેટલાક દિવસ થયાં તમે તેને જોઈ?"—એલેનચીના નાનાની આંખોમાં અશ્રુ ભરાઈ આવ્યાં.

"આજેજ"—વકીલે કહ્યું—"તે દેખાવે શાંત અને સ્વરૂપવાન છે એટલુંજ નહિ પણ તમારા દર્શન અર્થે પ્રાણ આપવા તૈયાર છે. જરા વિચાર કરો કે એવી વિશાળ સૃષ્ટિની સપાટી ઉપર તેને મિત્ર વિનાની અજાણ્યા પુરૂષોમાં તમે ફેંકી છે. બાપુકા ઘરની મોજો તે બિચારીએ સ્વપ્નમાં પણ દીઠી નથી. માબાપનાં લાડ અને પ્રીતિથી તે અજાણી છે. તેની સંભાળ લેનાર, સલાહ આપનાર અને તેના અપાર સંકટમાં ભાગ લેનારની કેટલી અગત્ય છે, તે તમેજ વિચારો, બિચારી માબાપ અને સગાં વહાલાં વગરની છોકરી પોતાની યુવાન જીંદગીની શી રીતે મોજો માણે?"

"બસ હવે મારૂં હૃદય ફાટે છે"—એલેનચીનો નાનો બોલ્યો—"અરે તે એલેનચીને બોલાવી મંગાવો. તેને રહેવા માટે ઘર આપવાનો મેં ઘણીએ વાર નિશ્ચય કર્યો, પણ અફસોસ, તેની હાજરી મારી પુત્રિનાં નિર્લજ કર્તુકો—

"અચકાઓ નહિ મારા સુજ્ઞ સાહેબ"—વકીલ ધ્રુજતે કંઠે બોલ્યો, "ન્યાય અને લજ્જાને બનતું નથી, માયાળુ થઈ બિચારી માતપિતા વગરની છોડી ઉપર દયા કરો. તમે જાતે અને ધંધે માનવંત છો. હાલ તમારા કેશ પણ વૃદ્ધ અવસ્થાને લીધે ભૂરા થયા છે. દિન પ્રતિદીન તમારી છેલ્લી ઘડી સમિપ આવતી જાયછે. જ્યારે તમે બિચારી નિરપરાધી છોડી ઉપર ગુજરેલાં અસહ્ય સંકટોનું વૃત્તાંત સાંભળશો ત્યારે તમને કેટલો પસ્તાવો થશે તે હું કહી શકતો નથી. કદાચ એમ ધારો કે તેના માતપિતાના અપરાધ માટે તમારે બિચારી એલેનચીનેજ શિક્ષા કરવી હતી તો શું એટલા વર્ષનો વિયોગ શિક્ષામાટે બસ નથી? અને—

"બસ મારૂં અંતઃકરણ ભરાઈ આવેછે"—આ વૃદ્ધપુરુષ બોલ્યો—"ખરે હું ઘાતકી અને નિર્દય હૈયાનો ઠર્યો છું, ટુંકમાં માણસ જાતિના ધર્મોની વિરૂદ્ધ વર્ત્યો છું. ઉઠો, મને મારી પુત્રીના ફરજંદનું મુખ દેખાડો. પણ આ શું? આનો શું ભાવાર્થ?" આ પ્રમાણે બોલતાં તે અચકી પડયો, કારણ કે એલેનચી આ વખતે પોતાના નાનાના પગ આગળ પડી હતી.

"તમારા ચરણ આગળ પડી છે તે એલેનચી છે"—વકીલ બોલ્યો. અને તરતજ એલેનચી તરફ ફરીને કહ્યું—"બાઈ આ તમારા કૃપાળુ નાના કાઉન્ટડી મોરાનવલ છે."

તેનો નાનો એલેનચીને છાતી સાથે દાબી એક નહાના બાળકની પેઠે ડુસ્કે ડુસ્કે રોયો.

"મારી વહાલી એલેનચી"—કાઉન્ટ બોલ્યો—"હું તારા તરફ નિર્દયપણે વર્ત્યો છું. હું તને ધિક્કારતો હતો. ઘણીએ વાર મેં ઇચ્છયું કે તું આ સૃષ્ટિ છોડી જતી રહે, જેથી મારી પુત્રીની નિર્લજ ચાલનો અંત આવે, પણ એલેનચી હવે તે સઘળું વિસ્મરણ થયું છે. આજથી મારા હૈયામાં અપાર ફેરફાર થયો છે અને તે અનુસાર મારૂં અવશેષ આયુષ્ય તને દિલાસો દઈ સુખી કરવામાં વાપરીશ. પણ મારી પ્રિય એલેનચી, શું તું મને મારી અઘટિત ચાલ ક્ષમા કરી શકીશ?

"શું ક્ષમા તમને"—એલેનચી બોલી ઉઠી—"ક્ષમા શબ્દ તમારે મારી આગળ ઉચ્ચારવો ન ઘટે, તમારો કશો વાંક નથી, બલકે મને ભૂખમરા અને રખડપાટમાંથી છો-

ક્વી મારાઉપર હદ્દપાર આભાર કીધો છે. ક્ષમા કરવાનો **અધિકાર મને ન હોય; હું મારા** અંતઃકરણથી સ્વીકાર કરૂંછું કે કદાચિત્ મેં ખમ્યાં છે તેથી પણ અધિક **સંકટના સમુદ્રમાં** હું ડુબી પડી હોત તોપણ માત્ર તમારી આજની વર્તુણક તે સઘળું વિસરાવી નાખત."

"ખરે **ફ્લેનચી** હું તારો અને મારા સુખનો શત્રુ થયો છું"—**કાઉન્ટ મોરાનવલે ફ્લેનચીને** ફરીથી પોતાના હૈયા સાથે દાબી કહ્યું—"મારે હાથ એક અમૂલ્ય ભંડાર લાગ્યો છે કે જેની અટલા વર્ષ મેં કંઈ પણ દરકાર કરી નહિ. અરે **ફ્લેનચી**! હું તને તારૂં દુઃખ શી રીતે વિસરાવું. આ ઓરડામાં પેસ્તાંજ તારી મુખાકૃતિ જોઈ મને તારે માટે દયા ઉપજી, હા, તારો ચહેરો તારી માતાના ચેહેરા સમાન છે. આજથી હું તને મારી દીકરી તુલ્ય ગણીશ, અને એવું જાણીશ કે મારી પુત્રી મરણ પામી નથી, પણ **ફ્લેનચીરૂપે** જીવતીજ છે. મારે ઘેર ચાલ. **ફ્લેનચી** આજથી મારૂં ઘર તારૂંજ સમજજે, જ્યાં તને આવકાર દેવા અને મીઠી વાતો કહેવા કેટલીક સખીઓ મળી આવશે."

ફ્લેનચી ઉભી થઈ અને વકીલની માયાળુ ચાલ માટે તેનો આભાર માન્યો. **કાઉન્ટ** પણ તેને ઘટતી રીતે કહી ઉભો થયો, અને **ફ્લેનચીનો** હાથ પકડી નીચે ગાડીમાં બેસાડી. ગાડી ઘર તરફ ચાલી.

વકીલે ગાડી જતી જોઈ કે તરતજ તેણે દરવાજો ખોલી **મેકેરને** બહાર બોલાવ્યો.

"**ફ્લેનચી** ક્યાં છે?"—**મેકેર** તેની જગ્યા ખાલી જોઇ બોલ્યો.

"તેને હવે તમારી સહાયતાની અગત્ય રહી નથી તેથી તેનો વિચાર તમારે માંડી વાળવો."

"એટલે"—ગુસ્સાથી **મેકેરને** મોઢે ફીણ થવા લાગ્યાં—"બોલ."

"મેં કહ્યું, તેથી વધારે હું સમજતો નથી"—વકીલે કહ્યું—"**ફ્લેનચી** તેના નાના જોડે ગઇ છે."

"કપટી"—**મેકેર** મોટેથી બોલ્યો—"આ સઘળું કાર્ય તેજ કીધું છે."

"અને તેની ફતેહથી મને આનંદ ઉપજે છે"—વકીલે વળી તાનું માર્યું.

"હું મારૂં વૈર લઇશ, હા અવશ્ય લઇશ"—**મેકેર** પોતાના દાંત કચકચાવી બોલ્યો.

"તમારી ધમકીયો બંધ કરો"—વકીલ પણ ચીરડાઈને બોલ્યો—"મારો વખત કીમતી છે."

"અને તમારા ઉપર પૈસા ચડયા છે તે"—**મેકેરે** પૂછયું.

"**ફ્લેનચીને** તેં ઘણી ખરી તો લૂંટી લીધી છે, અને હજી પૈસા માગતાં તું લજાતો નથી—વકીલ બોલ્યો—"ખરૂં કહેતાં તો અગાઉથીજ મને તારે માટે વેહેમ હતો, પણ હવે જા નીકળ અને ફરીથી તારૂં શ્યામ મોઢું દેખાડીશ નહિ. ઈશ્વર જાણે **કાઉન્ટને** હાથ તારા જેવો દુષ્ટ અને દુર્મતિ પુરૂષ કયાંથી આવ્યો."

"ઠીક, હું જાઉંછું"—**મેકેર** દાદર ઉતરતાં કરડે સાદે બોલ્યો—"ખાતરી રાખજે કે હું જાઉં છું તે માત્ર તારે માટે વૈરરૂપી ઘાટી અને તૂટે નહિ તેવી જાળ પાથરવાજ જાઉંછું.

પ્રકરણ—૨૩.

અરે! મેકેરની તો વલે થઈ!!

વાતમાં ને વાતમાં વખત ઘણો પસાર થઈ ગયો, અને જ્યારે **મેકેર** દાદર ઉતરી નીચે ખુલ્લી હવામાં આવ્યો ત્યારે તેનો કાને બે વાગ્યાને ટકોરો સંભળાયો. ગુસ્સામાં તે ઘણે લાંબે નીકળી ગયો જ્યારે પોતાની ધારણ કીધેલી લંગડાઇ તેને યાદ આવી, અને તરતજ ચેહેરો શાંત કરી પગલાં ધીમાં કર્યાં અને લંગડાઈ ધારણ કરી આગળ વધવા માંડયું. વકીલને શું ખબર કે **રૉસીવેલ** અને **મેકેર** તે એકજ હશે!! પણ આ સઘળો બનાવ એક માણસ જોતો જોતો તેની પૂઠે આવતો હતો. **મેકેરે** સટા બજાર તરફનો રસ્તો લીધો, કારણ કે ત્યાં જવાને તે કદી ભૂલતો નહિ, પણ તે સાથે કહેવું પડેછે કે તે માણસ તો તેની પૂઠેજ ચાલ્યો જતો હતો. થોડીક વારમાં તો **મેકેર** સટાબજારના મોહોટા દ્વાર આગળ આવી પૂગ્યો અને અંદર પેઠો.

"અરે મારા સાહેબ"—**મેકેર**ના ખભા ઉપર હાથ મૂકી કોઇક બોલ્યો—"ચાલો કાંઇ સટો કરીએ."

મેકેરે તરતજ ફરીને જોયું તો મી૦ **લાલેમન્ડ** હતો તેથી તરતજ હસ્તમેલાપ કરી બોલ્યો—"હમણાંજ આઠ હજાર ફ્રેંક જીતીને ચાલ્યો આવુંછું."

"હં, હં **લાગરી પારડીર**"—**લાલેમન્ડ** બોલ્યો—"જો હું તમારી પાસેથી એક મેહેરબાની માગું—

"શું થોડા એક હજાર ધીરવાને?"—નોટોનું બંડલ બહાર કાઢી દમામમાંજ **મેકેર** બોલ્યો—"મોટી ખુશી સાથે, કેટલા? ચાલીસ હજાર કે વધારે?"

"નહિ, નહિ એ વિષે તો તમારી પૂરી કૃપા છે"—**લાલેમન્ડે** ઉપકાર માની જવાબ દીધો—"આજે બજારમાં ભીડ ઘણી છે તેથી તમે જઇને મારે માટે થોડાક હજારનો સટો કરી આવશો?

"મેં તમોને અગાઉથીજ કહ્યું કે તમારે માટે કંઈ પણ કરવાને હું ના પાડીશ નહિ"—**મેકેરે** જોયું કે, માછલી ગલાની અણી સુધી આવી પુગી છે.

મી૦ **લાલેમન્ડે** પોતાની પાકીટબૂક બહાર ખેંચી કાઢી, અને હજાર હજાર ફ્રેંકની વીશ નોટો ગણી આપી, **મેકેરે** પણ તે નોટોનું બંડલ ગજવામાં મૂકયું અને લંગડાતો લંગડાતો દિવાનખાના તરફ ચાલ્યો.

"હું તમારી વાટ જોતો અહીં ઉભો છું"—**લાલેમન્ડે** કહ્યું.

"ઠીક ભલે ઉભા રહો"—એમ કહી પોતાના મનમાં ખૂબ હસ્તો હસ્તો **મેકેર** અંદર ચાલ્યો. લોકોની ઠઠમાં જઇ ઓળખાઈ જવાનું જોખમ માથે લેવાનું દુરસ્ત ન ધારી ઉપલા માળનો દાદર ચઢી પછવાડેના ભાગમાં આવેલી અગાસીમાં અડધો કલાક ગાળીને આપણી વાર્તાનો નાયક નીચે ઉતર્યો અને **લાલેમન્ડ** ભણી ગયો અને બોલ્યો—દલગીર છું—

૧૦૦૦૦ ખોયા? ચિંતા નહિ, તમે બનતો પ્રયત્ન કીધો હશે?

"હા, પણ મારા જીતેલા હાર્યો એટલુંજ નહિ પણ તે સાથે સઘળા તમારા"—**મેકેરે** જવાબ દીધો.

"હવે સમજ્યો,—**લાલેમન્ડ** ખુશી થતાં બોલ્યો—"તમે મને અચંબો પમાડવા ધારોછો કેમ?"

"નહિ, નહિ, મસ્કરી જેવું કંઇએ નથી"—**મેકેરે** જવાબ દીધો—"૨૦૦૦૦ તમારા અને તેથી બમણા મારા. ઉપરાંત મારા દેખતાંજ એક કાળી ટોપીવાળાએ ૮૦૦૦૦ નો સામટો જથ્થો ખોઇ દીધો."

એમ કહી **મેકેરે** તરતજ પોતાનું ઘડિઆળ બહાર ખેંચી કાઢયું અને જાણે અમુક વખતે કયાંક જવાનું હોય તેવું મોઢું કરી બોલ્યો—"મીસ્ટર **લાલેમન્ડ** મારે તમોને મૂકી જવા પડશે. મારે અત્યંત અગત્યનું કામ છે, સાહેબજી વળી આવતી કાલે તમારી પાસે પાછો આવી સઘળો ખુલાસો કરીશ." એમ કહી **મેકેર** લંગડાતો લંગડાતો સટાબજારનો દાદર ઉતરી બાજુમાં ઉભેલી બગીમાં બેસી **વેન્ડોમ** તરફ હાંકવાનો હુકમ આપ્યો. જેવોજ **મેકેર** ગાડીમાં બેઠો કે તરતજ જે માણસ તેની પૂઠે આવ્યો હતો તેણે પણ એક બગી ભાડે કીધી અને **મેકેર**ની ગાડીની વાંસેજ હાંકયા જવા ગાડીવાનને કહ્યું. **મેકેર** પોતાની ઉતારાની હૉટલે આવી લાગ્યો, અને ખડીયો કલમ લઈ **મેરિયા** અને **બરટેંડ**ને કાગળ લખવા બેઠો, જેમાં પોતાનું આવતી સાંજે **પેરિસ**માંથી નીકળવાનું થશે એવું દર્શાવ્યું હતું. ચાકરે આવી ખબર આપી કે ખાણું ટેબલપર પીરસ્યું છે, **મેકેર** જઈ ટેબલપર બેઠો અને ભોજન લેવાનો આરંભ કીધો, થોડીક વારમાં દરવાજો ઉઘડયો અને ચાકરે આવી કહ્યું "બે ગ્રહસ્થો તમને મળવા આવ્યા છે."

મેકેરને વિચારવાનો પણ વખત મળ્યો નહિ કેમકે એ બે માણસો અંદર આવી પહોંચ્યા જેમાંનો એક **મેકેર**ની પૂઠે આવનાર હતો, અને બીજો શરીરે પુષ્ટ અને ઠીંગણો હતો.

"સાહેબ"—આ ઠીંગણો પુરૂષ બોલ્યો—"હું એક અણગમતી મુલાકાતે આવ્યો છું પણ

કશું છુપું ન રાખતાં મારે કહેવું જોઈએ કે હું પોલિસનો અમલદાર છું અને તમને પકડવાનું મને હુકમનામું (warrant) મળ્યું છે.

"પણ કાંઈ કારણ?—**મેકેરે** શાંતિ અને સમયસૂચકતાપૂર્વક કહ્યું.

"તે સર્વ તમને ન્યાયાધિશ આગળ કહેવામાં આવશે"—પોલીસ અમલદાર બોલ્યો.—"અમારા સંશયો ખોટા પડવાથી તમને તત્કાળ છોડી મૂકવામાં આવશે, પણ તે અગાઉ મારે જણાવવું જોઇએ કે તમે નહાસી જવાનો પ્રયત્ન કરશો તો તે વ્યર્થ જશે, કેમકે બહાર ચોકીઓ બેસાડી હું આવ્યો છું, એટલુંજ નહિ પણ બંદૂકો ભરી તૈયાર રાખી છે."

"અમલદાર સાહેબ"—**મેકેરે** સઘળી વાત ધીરજથી સાંભળીને કહ્યું—"મારે નહાશી જવાની કંઈ પણ અગત્ય નથી, તમારી સાથે આવવાને હું તત્પર છું. પ્રમાણિક માણસને શું ભય?"

જમાદારે દરવાજો ઉઘાડચો અને સર્વ હેઠે ઉતર્યા. **મેકેરે** જોયું તો એક ગાડી ઉભેલી હતી જેમાં આ ત્રણે જણ દાખલ થયા. કયાં લઈ જવું તે વિષે ગાડીવાળાને કંઇ કહેવામાં આવ્યું નહિ પણ ન્યાયાધિશની ઑફીસ આગળ ગાડી આવી ઉભી. એક સિપાઇએ આવી દરવાજો ઉઘાડચો અને ગાડીમાં બેઠેલા નીચે ઉતર્યા. **મેકેર**ને એક શોભિતા દિવાનખાનામાં લઈ જવામાં આવ્યો જ્યાં ટેબલ આગળ એક ન્યાયાધિશ બેઠેલો હતો. **મેકેર**ને લગતો સઘળો હેવાલ લખી કાઢવામાં આવ્યો, જે ઉપર જમાદારે અને વડા અમલદારે પોતાની સહી કીધી.

મેકેરે નજર કરી તો બે સીપાઇઓ દરવાજા આગળ ઉભા હતા. એક કારકુન અને બીજો એક કાળા ડગલાવાળો પણ અજાણ્યો પુરૂષ બીજા ટેબલ પાસે બેઠા હતા.

ન્યાયાધિશના કહેવાથી જમાદારે કાગળ તરતજ બહાર કાઢચો અને **મેકેર** સંબંધી હેવાલ વાંચવા માંડચોઃ—

"સાહેબ જ્યારે હું સટાબજારના રસ્તા તરફ ચાલતો હતો ત્યારે મે આ બંધવાને એક વકીલની ઑફીસમાંથી બહાર નીકળતાં જોયો. આ વખતે જાણે તેને કાંઇ પણ વ્યાધિ હોય નહિ તેમ ઉતાવળે પગલે ચાલતો હતો, પણ તરતજ હું ધારૂંછું તેમ કાંઇક વિચારથી અને મારી અચરતિ વચ્ચે તેણે લંગડાવા માંડચું. આ જોઈ મને સંશય આવ્યો તેથી હું તેની પૂઠે પૂઠે ગયો અને ટુંક સમયમાં સટાબજાર આવી જ્યાં આ બંધવો ઉભો રહી એક વૃદ્ધ પુરૂષ સાથે વાતોમાં ગુંથાયો. પછી તે બજારમાં દાખલ થયો જે તકને ગ્રહણ કરી હું તે ગ્રહસ્થ પાસે દોડચો ગયો અને નમ્રતાથી બંધવાનું નામ પૂછ્યું, તેણે તરતજ જવાબ દીધો કે તેનું નામ **લાગરી પારડીર** હતું. વાતો કરતાં મને બીજું પણ સહજમાં જણાઇ આવ્યું કે બંધવો હજી થોડીવાર બજારમાંજ રોકાશે, તેથી ઘણીજ ઉતાવળથી પાછો ફરી તે વકીલની ઑફીસમાં આવી પહોંચ્યો, અને બંધવો **કેપ્ટન રૉસીવેલ**ના નામથી ઓળખાયો છે તે સાંભળી અતિશે વિસ્મય થયો. મને ખાતરી થઈ કે કાંઇગડબડ ગોટો છે ખરો, તેથી તેની પૂઠે પૂઠે હું હૉટલ સુધી ગયો, જ્યાં પણ તે **રૉસીવેલ**ના નામથી ઓળખાયો. મેં પોલીસસંબંધી નિયમોનું પુસ્તક વાંચી જોયું અને તે અનુસાર તમો નામવરની હજુરમાં આ બંધવાને હું લાવ્યો છું."

પોલીસની આ હદપાર ચતુરાઈ જોઇ **મેકેર** પણ એકવાર વિસ્મય પામ્યો અને તે સાથે બીક પણ લાગી. થોડા વખતમાં તેની ધાસ્તી દૂર થઇ કારણ કે બંધીખાને જવું પડચું તો શું કરવું તેનો વિચાર તેણે આગળથીજ કરી રાખ્યો હતો.

"બંધવા"—ન્યાયાધિશે કહ્યું—"અમારે તારાં અંગવસ્ત્રો તપાસવાં પડશે."

"હું તમો કૃપાળુને વગર હઠે શરણ થાઉંછું"—**મેકેરે** જવાબ દીધો—"પણ તે અગાઉ કૃપા કરી મારાં બે વેણ સાંભળો. નહાનપણથીજ મને પગમાં સટકાની વ્યાધી છે અને તે વારે ઘડીએ ઉપડી આવેછે બીજું હું મારા નામ વારંવાર બદલવામાં ગમત અને રમુજ સમજું છું"—હજી **મેકેર** આગળ બોલવા જતો હતો ત્યાંતો બે સિપાઈઓએ તેનાં અંગવસ્ત્રો ઉતારવા માંડ્યાં. મોટા ફેરાવાની ટોપી ઉતારી હેઠે મૂકી. લીલા કાચનો ચશ્મો પણ કાઢી નાંખ્યો અને ખોટી મુછો પણ ખેંચી લીધી. આ સઘળું થઈ રહ્યું કે નહાના બાળકને પણ પીછાનવું સુગમ

થાય એવું **મેકેર**નું મોઢું જણાઈ આવ્યું. તે કાળા ડગલાવાળો ગૃહસ્થ જે અટલો વખત થયો મૌનધારી જોયા કરતો હતો તેને બોલાવી બંધવાને લંગડવાનું કારણ ખરૂં છે કે નહિ તેની તપાસ કરવા કેહેવામાં આવ્યું, એટલે **મેકેર** અને વૈદ્ય બાજુના ઓરડામાં પેઠા "આ બંધવો પોતાનું લંગડવાનું કારણ અત્યંત ખરૂં છે એવું કહેછે"—વૈદે પોતાનો મત આપ્યો—"પણ મને તો એમાં પૂરતો સંશય છે. વળી તેના પગના ગોટલા સારા બાંધાના અને વગર અડચણે હાલી ચાલી શકેછે" વૈદ્યની આ વાણી પણ લખી લઈ તે ઉપર તેની સહી લેવામાં આવી. "આ બંધવાને તમે ઓળખોછો?"—ન્યાયાધિશે જમાદારને પૂછ્યું.

"હા સાહેબ, એ **રૉબર્ટ મેકેર** છે"—તેણે તરતજ જવાબ દીધો—"અગાઉ પણ તેણે **રૉસીવેલ**નું નામ ધારણ કીધું હતું અને તે વિષે પોલિસની યાદીમાં નોંધ થયેલી છે."

"બસ"—ન્યાયાધિશે કહ્યું—"બંધવા તમારે કંઈ પ્રશ્ન પૂછવાં છે? જો તમે કહો તો તમારી તપાસ આવતી કાલ સુધી મુલતવી રાખીએ. તમારી ઇચ્છા હશે તો તમારે માટે વકીલની પણ ગોઠવણ કરી આપવામાં આવશે."

"પ્રથમ તો મારે એ પૂછવું છે"—**મેકેર** ગુસ્સામાં બોલ્યો—"કદાચિત્ **રાબર્ટમેકેર** કે જેનું નામ મારા જન્મ પછી હું આજે સાંભળું છું, તેજ હું હોઉં તો મને શા અપરાધમાટે બંધીખાને નાંખશો"?

"તેણે અનંત અપરાધો કીધા છે"—ન્યાયાધિશ બોલ્યો—"કેટલીક પેઢીઓને તેણે લૂટી છે, ખોટી સહી પત્રી કરવાના અગણિત અપરાધો કર્યાં છે. ઝવેરીઓની દુકાનો ફોડી છે અને એ વતરોગે બીજા પણ અનંત અપરાધો તેણે કર્યાં છે."

"બરાબર, આ તો ગુનાહોનું સૂચીપત્ર કાઢ્યું લાગેછે"—**મેકેર** બોલ્યો—"મારે અંતવિષે માત્ર એટલુંજ કહેવાનું છે કે તમારા માણસોએ સંપ કરી મારા ઉપર ખોટો આરોપ મૂકયો છે."

"તું ઘણો જોખમ ભર્યો, લુચ્ચો, અને ખૂની માણસ છે, જેથી તને અહીં રાખવાને બદલે પરબારો બંધીખાનેજ લઈ જવાનો હુકમ કરવામાં આવછે." આ પ્રમાણે ઠરાવ પસાર થયો કે **મેકેર**ને પાછો બે અમલદાર અને બે સિપાઈઓ સાથે ગાડીમાં બેસાડવામાં આવ્યો. ગાડી ચાલી અને થોડી વારમાં જેલના દરવાજા આગળ આવી ઉભી; જેમાં ન્યાયકચેરીમાટે એક ઓરડો હતો.

પ્રકરણ—૨૪.

છૂટવાનું પ્રથમ પગલું.

ન્યાયના ઓરડાના ચોકમાંથી એક લાંબી ચાલ આવેછે, આ ચાલમાં એક મોહોટો પણ વગર સફાઇનો ટેબલ આવેલો છે જે ઉપર એકાદો સાહીનો ભાગેલો ખાડીયો તથા કલમ પડેલાં રહેછે. વાંચનારે સમજવું સૂગમ છે કે આ ટેબલ વગેરે વસ્તુઓ બંધીવાનના ઉપયોગને માટેજ હતી જેથી તેઓ પોતાના મિત્ર સગા સ્નેહીઓ વગેરે સાથે પત્ર વ્યવહાર કરી શકે. જેવાજ બે સિપાઈઓ **મેકેર**ને લઇ ચાલના મુખ આગળ આવ્યા કે તરતજ દરોગાએ ઉઠીને દરવાજાની બારી ખોલી તેઓને અંદર દાખલ કીધા. આ ચાલમાં એટલું તો અંધારૂં હતું કે ધોળે દિવસે દીપકની અગત્ય પડતી. દરોગો સિપાઈઓને રવાને કરી **મેકેર**ને એક ખાલી ઓરડા તરફ તે લઈ ચાલ્યો અને બોલ્યો—"રાત્ર તો જેમ તેમ પૂરી કરજો અને સવારના તમને કોઈ ચીજની અગત્ય પડે તો તેને માટે પૈસા આપ્યાથી પૂરી પાડવામાં આવશે."

આ ઓરડામાં એક સાફ બીછાનું તથા પાણીનો કુંજો હતો. **મેકેરે** જોયું કે દરોગો દ્વાર બંધ કરી જતો રહ્યો કે તરતજ પોતાના દાબી રાખેલા ઉભરાઓ તેણે કાઢવા માંડ્યા અને પેઠ ભરી હસ્યો. હસવાનું કારણ એટલુંજ હતું કે તેને પોતાની કંગાળ સ્થિતિથી બેચેની થતી ન હતી.

બંધીખાનાના ઘડિયાળમાં સાતનો ટકોરો થયો પણ **મેકેર**ને સૂવા જવાની ઇચ્છા થઇ નહિ. તે ઉઠચો અને ગમત અર્થે એક બારી આગળ જઇ ઉભો જેમાં લોહના મજબૂત સળીયા જડેલા

હતા. ત્યાં ઉભા રહી **મેકેરે** આસપાસ દ્રષ્ટી કરવા માંડી એટલામાં બાજુના ઓરડામાંથી ગાવાનો શબ્દ તેને કાને પડચો. વાંચનારની જાણ માટે કહેવું પડેછે કે જેઓને દેહાંત દંડની શિક્ષા થતી હતી તેઓનેજ આ બંધીખાને આશ્રય લેવો પડતો.

"તમારૂં ગીત ઘણું સુંદર અને મધુર છે"—**મેકેરે** વાત છેડી.

"શું! મારી સ્વદેશ ભાષા,"—બંધીવાન બોલ્યો—"શું તમે **ફ્રાન્સના** રહેવાશી છો?"

"નહિ નહિ, હું તો સર્વ દેશોનો રહીશ છું"—**મેકેરે** જવાબ દીધો. "પણ તમારી સ્થિતિ કંઈ ખરાબ નહિ હોય?"

"તે તો ઈશ્વર જાણે"—**મેકેરનો** પડોસી બોલ્યો—"પણ કાલે સવારના ફાંસીને બિહામણે લાકડે લટકવું પડશે, સાત વાગ્યાનો સમય નિર્માણ થયો છે."

"એ શિક્ષા મુલ્તવી રાખી શકાય એમ છે?"

"નહિ"—તેણે નિશ્વાસ સહિત ઉત્તર દીધો.

મેકેર હવે થોડી વાર પોતાના પડોશીના ભાગ્ય વિષે વિચાર કરતો ગુપચૂપ ઉભો રહ્યો.

"તમે હજી ઉભા છો?"—શિક્ષા પામેલા પુરૂષે પૂછ્યું.

"હા—**મેકેરે** જવાબ દીધો—આવી જગ્યામાં પણ નિદ્રા વશ થતાં મને લેશ પણ અડચણ પડતી નથી, તે સાથે હું હિમ્મતથી કહી શકુંછું કે મારૂં આ સ્થળમાં રહેવું લાંબા વખતનું થશે નહિ."

"શું તમે પણ મારી વાંસેજ પંથ કાપશો?" બંધીવાને પૂછ્યું.

"ના, ના, તેથી તો તદનજ જૂદું"—**મેકેરે** કહ્યું—"પણ તમને ફાંસીની શિક્ષા થઈ તેનું શું કારણ? ખુનને માટે તો નહિજ થઈ હોય?"

"નહિ, નહિ, ખુન શબ્દજ સાંભળતાં મારાં અસ્થી કંપેછે."

મેકેર તેની સાથે સાહેબ સલામ કરી બિછાના ભણી ગયો. અને ટુંક વખતમાં ભર ઉંઘને આધીન થયો. સવારનો પહોર થવા આવ્યો હશે એટલામાં એક ભયંકર ચીસ તેને કાને પડ્યાથી તે જાગૃત થઇ બેઠો થયો અને એ અવાજ કયાંથી અને શા કારણથી ઉત્પન્ન થયો તેનો વિચાર કરવા મંડચો. તેને ઘણો વખત લાગ્યો નહિ ત્યાંતો કારણ સ્પષ્ટ દેખાઈ રહ્યું. એ શું હતું? શહેર સુધારા ખાતાનાં માણસો તે અભાગ્યા પડોશી બંધીવાનને ફાંસીની જગ્યાએ ઢસડી લઇ જતા હતા. તેથી તેની વેદનાયુક્ત ચીસો તથા પથ્થરસમ હૈયાના સિપાઈઓનાં પગલાં સંભળાતાં હતાં. થોડીજ વારમાં સઘળું શાંત થયું.

પાએક કલાક રહીને દરોગો **મેકેરના** ઓરડામાં દાખલ થયો અને ખુશી સમાચાર પૂછી બોલ્યો—"સાહેબને ચાહ કૉફી જોશે?"

"ભલે જમવાનુંજ લાવ"—**મેકેરે** પ્રતિઉત્તર દીધો—"જો કે મારૂં છૂટાપણું છીનવી લીધું છે તોપણ મારી મોજમઝા જનાર નથી. પણ મને કોઇ વિશ્વાસુ બેપીયો મળી સકશે? જે એક ચિઠી મારા મિત્રને હાથોહાથ પહોંચાડે?"

દરોગાએ ડોકું ધુણાવી હા પાડી અને **મેકેર** પોતાના સહવારનાં કપડાં પહેરી નીચે ઉતરવા તૈયાર થયો જ્યાં બીજા પણ બંધીવાનો ફરતા હતા.

એક જુવાન અને સાધારણ ઉંચાઇનો પુરૂષ એક પથ્થરે બેઠો રૂદન કરતો હતો, જ્યારે તેની સ્ત્રી હાથમાં બાલક તેડેલી ઉભી ઉભી શાંતિના શબ્દો તેને કહેતી હતી.

"તોપણ એક અઠવાડીયા અગાઉ તમારી સ્થિતિ કેવી હતી તેનો વિચાર કરો"—તે યુવાન સ્ત્રી બોલી—"તમેજ કહ્યું કે મરવા કરતાં તો જીંદગી બંધીવાન તરીકે કાઢવી તે વધારે સારી છે તો તે પ્રમાણે તમારા ઉપર ઈશ્વરે કૃપા કરી છે."—

"હા, હા"—તે બોલ્યો—"પણ તે વખતે મને ખબર નહીં હતી કે બંધીખાનું તે શું અને બંધન તે શું? પણ હવે હું બરાબર જાણું છું કે આ સ્થિતિમાં હું જીવી શકીશ નહીં."

આ વખતે દરોગાએ આવીને **મેકેરને** કહ્યું—"સાહેબ નાસ્તો તૈયાર છે, ખેપીયો પણ આવી હાજર ઉભો છે."

આપણી વાર્તાના નાયકે થોડીવારમાં જમી ક્ષુધા તૃપ્ત કરી અને લખવાનાં સાધનો મેળવી ઉતાવળે પણ વાંચી શકાય એવા અક્ષરે એક ચીઠી ઘસડી કાઢી અને કવરમાં નાંખી કાસદને આપી. એક કલાકના અરસામાં ખેપિયો પાછો આવ્યો.

"કેમ કોને આપી"—**મેકેરે** પૂછ્યું.

"દુકાનદારના હાથમાં આપી, તે જાતે ભઠીયારો હતો ખરૂં સાહેબ?"

"બરાબર એજ"—એમ કહી **મેકેરે** પોતાના ગજવામાંથી એક સિક્કો કાઢી આપી તેને વિદાય કર્યો.

"મારો વિશ્વાસુ મિત્ર આવી પહોંચે ત્યાંસુધી મારે થોભવુંજ જોઇએ મને તેના ડહાપણની પૂર્ણ ખાત્રી છે. ગઈ રાત્રે મેં ચોરાટીઆ મંડલમાં થોડીક રકમ આપી તેનો હવે ઠીક ઉપયોગ થઈ શકશે." એમ વિચાર કરતો **મેકેર** ચોકમાં ફરવા લાગ્યો.

પ્રકરણ—૨૫.

સ્ટેનમોર અને બ્લેનચી.

હવે આપણે સહજ **બ્લેનચી** તરફ ફરીયે. જેવાજ તેઓ પોતાને બંગલે પૂગ્યા કે તેની બે માસીયો આશરે ૩૦ થી ૩૨ વર્ષની ઉમરની **બ્લેનચી**ને મળવા આગળ દોડી આવી.

"તમારે માટે હું એક ઉમદા ભેટ લાવ્યો છું"—આ વૃદ્ધ **કાઉન્ટ બ્લેનચી** તરફ આંગળી કરી બોલ્યો—"આ તમારી ભાણેજી છે જેની માની જગ્યા હવેથી તમારે પૂરી પાડવી પડશે."

આ બેઉ સ્ત્રીઓ આગળ વધી અને હેતથી **બ્લેનચી**ને ભેટી પડી. **બ્લેનચી** પોતાની માજણી બેનજ હોય તેમ તેઓ તેને ચહાવા લાગી અને આગલી દુઃખદાયક સ્મૃતિ નિર્દોષ બિચારી **બ્લેનચી**ના કોમળ હ્દદય પરથી ભૂસાડવાનો તેઓએ પૂર્ણ પ્રયત્ન કીધો. એક સાફ અને સુશોભિત ઓરડો તેને સ્વાધીન કરવામાં આવ્યો એટલુંજ નહીં પણ **બ્લેનચી**ને ગમતાં અને બંધ બેસતાં વસ્ત્રાલંકારો બેઉ બેનોએ મહા આનંદ સહિત કાઢી આપ્યાં, હવે સઘળા આનંદમાં વાતો કરતાં દીવાનખાનામાં ગયાં જ્યાં **બ્લેનચી**એ પોતાનો પૂર્ણ ઇતિહાસ અથ ઇતિ કહી સંભળાવ્યો.

"મારી વહાલી **બ્લેનચી** તું ધીરજ રાખ, કાલે સૂર્ય ઉદય થતાં આપણે સઘળાં **સ્ટેનમોર**ને મળવા જશું"—એમ કહી કાલને માટે તૈયારી કરવાની કાઉન્ટે ગોઠવણ કીધી. આ ગોઠવણ થતાંજ **બ્લેનચી**ના હ્દદય ઉપરથી ઘણો ભાર ઓછો થયો. તેની મુખાકૃતિ પણ હવે વધારે વાર શોકયુક્ત જણાતી ન હતી. આંખો આનંદથી પ્રકાશતી કીરણો ફેંકવા લાગી અને છાતી હર્ષના આવેશમાં ધબકારા મારતી ઉંચી નીચી થવા લાગી.

સાંજના છ વાગતાં સઘળાં ઉઠયાં અને ભોજન ગૃહમાં દાખલ થયાં. એક વિશાળ ટેબલ ઉપર બત્રીસ ભાતની વાણીઓ રમી રહી હતી, દરેક બે રકાબી વચ્ચે આઈસક્રીમ અને શરબતના ગ્લાસો પડ્યા હતા. કેક અને બિસ્કીટ વિગેરે સ્વાદિષ્ટ મિષ્ટાન ભરેલો એક મહોટો થાળ મેજની બરાબર મધ્યમાં રાખ્યો હતો. સોનેરી નકશીથી દીપતાં વાસણો, દાડમ, જમરૂખ આદી નાના પ્રકારનાં ફળોથી ભરેલાં શોભતાં હતાં. ખરે આજનો દહાડો ઉત્સવથી પણ અધિક હતો એટલુંજ કહેવું બસ થશે કે બાકીનો દહાડો પણ એજ પ્રમાણે મોજ મજા અને આનંદમાં વ્યતીત થયો. સહવાર સૂર્યની પ્રકાશિત સ્વારી સહિત આવી પહોંચી તે સાથે નવ વાગ્યા કે કાઉન્ટની ગાડી ગગડાટ કરતી આવી ઉભી અને દરેકજણ મુસાફરીને માટે તૈયાર થયું. ગાડીમાં બેઠાં. જેમ જેમ પોતાનો અને **સ્ટેનમોર** વચ્ચેનો અંતર ઘટતો ચાલ્યો તેમ તેમ **બ્લેનચી**ની જીજ્ઞાસા વધારે ઉશ્કેરાવા લાગી અને અંતે જ્યારે તે ગામડાના ઘરોની ઉંચી ટોંચો તેની દ્રષ્ટીએ પડી ત્યારેજ **બ્લેનચી**ના ઉછળતા હૈયાને નિરાંત થઇ. થોડીજ વારમાં તે ગામડાની હૉટલ પણ આવી પહોંચી જ્યાં **સ્ટેનમોર** પોતાની ભયભિત માંદગી ભોગવતો પડયો હતો. કાઉન્ટ

બ્લેનચીને હાથ આપી નીચે ઉતારી પણ તે તો કોઇની વાટ જોયા વગર એકલી દાદર ચડી **સ્ટેનમોર**ના ઓરડામાં દોડી ગઈ. મિસીસ **ડેવરેક્સ** ઘણાજ હેતથી ચૂમીઓ લેતી ભેટી અને બોલી—"હું અત્યંત મગ્ન થઈ છું કે તમે ફરીથી આવ્યાં છો. જ્યારથી તમે ગયાં ત્યારથી **સ્ટેનમોર**ને મૂકી હું આ ઓરડામાંથી ખસી નથી તેમાં ગઈ કાલનો દહાડો અફસોસ તેની બચવાની પણ આશા રહી નહોતી. ખરે **બ્લેનચી** તમે તેને બહુ વહાલાં છો."

બ્લેનચી તરતજ આંસુ લૂછી મીસીસ **ડેવરેક્સ**ને લઇ નીચે આવી. કારણ કે તેને હવે યાદ આવ્યું કે કાઉન્ટ અને તેની દીકરીઓ નીચે ખોટી થઇ ઉભાં હતાં.

"જે ભલી બાઈ વિષે હું કહેતી હતી તે બાઈ આ"—**બ્લેનચી**એ ઓળખાણ કરાવવા માંડી—"અને આ મારા નાના કાઉન્ટ **મોરાનવલ** અને આ તેઓની બે દીકરીઓ છે જેઓ મારી સાથે માસીના સગપણથી જોડાયેલી છે."

"સદ્‌ગુણી અને કૃપાળુ બાઇ"—કાઉન્ટ તેનો હાથ પકડી બોલ્યો—"મારી પુત્રીની સંભાળને માટે હું તમારો હદપાર આભારી છું."

એલાઈસ અને **ઇસાબેલે** પણ એજ પ્રમાણે વારા ફરતી ઉપકાર માન્યો અને સઘળાઓ **સ્ટેનમોર**ના ઓરડામાં ગયા. જેવાજ તેઓ અંદર પેઠા કે **સ્ટેનમોર** જાગી ઉઠયો. **બ્લેનચીને** જોતાંજ તેનો ચેહેરો દીપી નીકળ્યો. તેની આરોગ્યતા પણ ચમત્કૃતિક રીતે સુધરી આવી તેની સ્મરણશક્તિ પાછી આવી. તેણે પોતાની વર્ત્તમાન સ્થિતિનો વિચાર કર્યો અને મોટેથી બોલ્યો—"**બ્લેનચી બ્લેનચી** તું ભલે આવી."

બ્લેનચી પણ બિછાનાની બાજુમાં પડેલી ખુરસીપર બેઠી અને હર્ષનાં આંસુ પડ્યાં. **સ્ટેનમોરે** પણ તેનો હાથ પકડી તેનું હેતથી ચુંબન કીધું.

આ વખતે વૈદ પણ ઓરડામાં દાખલ થયો. અને પોતાના દરદીની તબીયતમાં આ ન ધારેલો સુધારો જોઈ બોલ્યો—"બાઇ તમે જાણો છો કે જે અસર કેટલીક વાર ઔષધથી થતી નથી તે સુંદર ચેહેરાથી થાયછે."

તરતજ એક બીજી ગાડી તૈયાર કરવાનો હુકમ આપ્યો. ગાડી તૈયાર થઇ આવી અને સઘળા નીચે ઉતર્યા. કાઉન્ટ, **બ્લેનચી** અને **સ્ટેનમોર** પોતાની ગાડીમાં બેઠા, જ્યારે તેણે મીસીસ **ડેવરેક્સ**ને તથા પોતાની બે દીકરીઓને બીજી ગાડીમાં બેસાડી. જતાં જતાં વૈદ્ય અને હૉટલના પૈસા ચૂકવી આપ્યા. થોડી વારમાં તો ગાડી **પેરિસ**ના રસ્તાપરથી પસાર થતી કાઉન્ટ **મોરાનવલ**ના ઘર આગળ આવી પહોંચી. **સ્ટેનમોર** આખે રસ્તે ગાડીમાં સૂતોજ હતો તેથી ઉતરતી વેળા તેને ઉપાડીને સુવાના ઓરડામાં લઈ જવામાં આવ્યો. સાંજને સમયે **સ્ટેનમોર** જાગ્યો જે વખતે તેની શરીરપ્રકૃતિ સુધરતી માલમ પડી. તેણે પોતાના સઘળા વિચારો એકસ્થ કર્યા અને તેને સ્મરણ થઇ આવ્યું કે **મારગેરેટ ચેમબ્રુયલ**ના જંગલમધ્યે બાંધેલીજ રહી ગઇ હતી. આ બનાવ તેણે વગર વિલંબે કાઉન્ટને જાહેર કીધો જેણે **સ્ટેનમોર**ને ધિરજ આપવા તે જંગલમાં શોધને માટે એક માણસ મોકલ્યું. કાસદ સાંઝના પાછો આવ્યો. અને તેણે કાઉન્ટને એકાંતમાં કહ્યું—"એક સ્ત્રીનું મુએલું શરીર એક મહોટા ઝાડના થડ આગળ બાંધેલું પડયું છે અને ધારવામાં તો તે તેજ સ્ત્રીનું શરીર હશે."

થોડીક વાર રહી તેજ ચાકર **સ્ટેનમોર**ના ઓરડામાં દાખલ થયો. પણ ખરી વાત સાંભળી તે ઉશ્કેરાય નહિ માટે "ત્યાં તો કોઇએ નથી" એમ ખોટું કહી માંડી વાળ્યું. **સ્ટેનમોર** આ સાંભળી સંતોષ પામ્યો કે તે છૂટી થઇ નાશી ગઈ હશે પણ જ્યારે થોડા દિવસ પછી ખરી વાત જાહેર કરવામાં આવી ત્યારે તેનું મુખ ચિંતાથી પીળું થઇ ગયું.

સ્ટેનમોરની તબીયત હવે ઘણીજ સુધરતી હતી અને એક સવારે તે પોતાના ઓરડામાં એકલો બેઠો હતો તેવામાં **બ્લેનચી** દાખલ થઈ.

"આવી તકનેમાટે મેં અત્યંત લાંબા કાળસુધી વાટ જોઇ છે"—**સ્ટેનમોર** તેના સુંદર ચેહેરા તરફ જોઈ બોલ્યો—"ખરેજ **બ્લેનચી** મારી માંદગીમાં તેં અદ્‌ભુત સંભાળ લીધી છે."

"મેં લેશ પણ ઉપકાર કર્યો નથી"—**ઍલેનચી** સુંદર વાણીથી બોલી. જ્યારે તેની કોમળ છાતી આનંદના તરંગથી ઉભરાતી હતી.

"ખચીત હું તારો હદપાર આભારી થયો છું"—**સ્ટેનમોર ઍલેનચી**ના સુંદર અને કોમળ હાથપર ચુમી લઈ બોલ્યો—"હા તેં મને મૃત્યુના જડબામાંથી બે વાર બચાવ્યો છે. તારા સિવાય આ સૃષ્ટિમાં મને બીજું કોઈ પણ સુખનું સાધન દેખાતું નથી. **ઍલેનચી** હવે માત્ર તારા મધુર સ્વરે એટલુંજ બોલ કે તારાથી હું ભિન્ન નથી.

"હું તમને ચોકસ રીતે કહી તો નથીજ શકતી"—**ઍલેનચી**એ ઉત્તર વાળ્યો—"મારે મારા નાનાની સલાહ અવશ્ય લેવી જોઇએ."

"કાઉન્ટ તને પોતાની દીકરી સમાન ગણેછે"—**સ્ટેનમોરે** કહ્યું—"અને તેથી તારા અને મારા સુખમાં તે કદી પણ વિરૂદ્ધ વિચારે નહીં. માટે હું પોતેજ તેની સાથે તેવિષે વાત કરીશ જ્યારે મારી પૂર્ણ ખાતરી છે કે તે ના પાડશે નહીં."

આ પ્રમાણે વાત કરતાં **ઍલેનચી**નો હાથ **સ્ટેનમોરે** ગ્રહણ કરી રાખ્યો છે એટલામાં કાઉન્ટ **મોરાનવલ** અંદર આવ્યો.

"**કાઉન્ટ** સાહેબ"—**સ્ટેનમોર** તરતજ બોલ્યો—જે વાત મેં તમારી **ઍલેનચી**ને કહી છે તેજ વાત તમને પણ કહેવાની મને યોગ્ય તક મળી છે. હું કહેવાને શરમાતો નથી કે મને **ઍલેનચી** મારા પ્રાણથી પણ અધિક પ્રિય છે અને હમણાં તેને હું તમારી પાસેથી માગી લઉંછું.

"મારા વહાલા **ચાર્લસ**"—કાઉન્ટે ઉત્તર દીધો—"હા પાડવામાં હું કંઇ વાંધો જોતો નથી. પણ તે અગાઉ મારે **ઍલેનચી**ની ઇચ્છા જાણવી જોઇએ."

કાઉન્ટે **ઍલેનચી**ના મુખ ઉપરથીજ તેની ઇચ્છા જાણી લીધી અને હસતાં હસતાં બોલ્યો. "તમે તો સઘળી ગોઠવણ અગાઉથીજ કરી રાખી લાગેછે. માત્ર મારી હા નાની ખોટી હતી જેમાંનું પહેલું હું તમને આપુંછું. હાલના જુવાનીઆઓની કોણ જાણે એવીજ રીત પડી લાગેછે, પણ **એલાઈસ** અને **ઇસાબેલ** આવેછે તેને પણ આપણે આજના બનાવથી વાકેફ કરીયે."

"શું કંઈ અસાધારણ બનાવતો નથી બન્યો"—આ બેઉ છોકરીઓ એક અવાજે બોલી પડી.

"માત્ર એટલુંજ કે **ઍલેનચી** હવે તમારી આગળ ટુંક મુદત રહેશે"—**કાઉન્ટ** આંખના પલકારા મારતો બોલ્યો.

"હા મને પણ એવુંજ ભાસે છે"—**ઈસાબેલ** બોલી—"થોડા દિવસ અગાઉ મને સ્વપ્ન આવ્યું હતું કે આપણા કુટુંબમાં લગ્નનો પ્રસંગ નીકળશે."

"લગ્ન શાનાં"?—મીસીસ **ડેવરેક્સ** પણ દૈવયોગે આવી લાગી.

"જોઇએ તેવું થયું. સઘળાં વગર બોલાવે હાજર થઇ બેઠાં"—**મોરાનવલે** કહ્યું—"હું સર્વને હર્ષપૂર્વક વિદિત કરૂંછું કે આ યુવાન જોડાનાં ભાગ્ય અને કિર્ત્તી એકમેક સાથે જોડાય છે.

સાંજના ચારેક વાગ્યા હશે ત્યારે કાઉન્ટે પોતાની ગાડી મંગાવી. કાઉન્ટ **ઍલેનચી, સ્ટેનમોર** અને **એલાઇસ** બેઠાં તેઓએ જમણી બાજુનો રસ્તો લીધો. અને અંતે **ઍલેનચી**ની માની કબર આગળ આવી પુગ્યા. **ઍલેનચી**ના નેત્રોમાંથી અશ્રુની રેલા ચાલી કારણ કે તેને પોતાની માવિષે સાંભળેલું સર્વ સ્ફુરી આવ્યું, ઉપરાંત તેને ખબર હતી કે તેની માએ દુઃખી જીંદગી ગુજારી હતી અને માત્ર નિરંતરની બળતરાથી બળતા હૃદયના રોગથી તેનું કવખતનું મૃત્યુ થયું હતું. આ વેળાએ પોતાની માને ઘોરમાંથી ઉઠાડવાને **ઍલેનચી** પોતાની જીંદગીનાં થોડાં વર્ષ! ના, અર્ધ આયુષ! ના, ના, આખી જીંદગી પણ આપી દેવા અત્યંત ખુશી થાત. આ પ્રમાણે શોકાતુર ચેહેરે પાએક કલાક વ્યતીત કર્યા બાદ તેઓ ઘરે પુગ્યાં. સઉ કોઇએ પોતાનાં શોકજનક શ્યામ વસ્ત્રો ઉતારી બીજાં પેહેર્યાં એટલામાં ચાકરદાખલ થયો અને કહ્યું—"કાઉન્ટ સાહેબ, વકીલ તમારી મુલાકાતે આવ્યા છે અને કાંઈ ઘણીજ અગત્યની બાબતસર તમારી સાથે વાત કરવા ઇચ્છે છે" વકીલે આવીને કાઉન્ટને વિદિત કર્યું કે **રૉસીવેલ તે કોઇજ નહીં** પણ જગત્ પ્રસિદ્ધ ચોર અને લુટારો **રૉબર્ટ મેકેર છે.** ત્યાર પછી તેના જાણવામાં આવ્યું

હશે તે પ્રમાણે **મેકેરને** થયેલી શિક્ષા, બંધિખાનેથી તેનું નહાસી જવું વગેરે અગત્યની બાબતો કહી જતો રહ્યો. આ સાંભળી કાઉન્ટ ઘણો વિસ્મય થયો અને **બ્લેનચીરૂ**પી પોતાનો અમૂલ્ય ભંડાર, **મેકેર** જેવા દૈત્યના હાથમાંથી પોતાને પાછો મળ્યો તે માટે ઈશ્વરનો ઉપકાર માની શાંત થયો. આ વાત તેણે **સ્ટેનમોર** તેમજ **બ્લેનચીને** પણ કહી નહીં.

પ્રકરણ—૨૬.

મેકેરનો મિત્ર.

હવે એક વાર વાંચનારનું લક્ષ **મેકેર** તરફ ખેંચાયે જેને આપણે બંધીખાનાની ચાલમાં તેના મિત્રની આતુરતાપૂર્વક વાટ જોતો ઉભો રાખ્યો છે. બપોરના ત્રણ વાગ્યાનો સમય થવા આવ્યો જ્યારે એક બળવાન બાંધાનો પુરૂષ દરોગા આગળ દાખલ થવાની પરવાનગી માંગતો હતો. તેણે ભપકાયુક્ત વસ્ત્રો ઘડિયાળ સાંકળી વિગેરે પેહેર્યાં હતાં. પોતાનો ભભકાનો દોર બતાવવા આ ગ્રહસ્થે પોતાની તપખીરની સુનાની ડાબલી ઉઘાડી એકાદી ચપટી લીધી વળી ગુલાબી રંગનો રેશમી રૂમાલ ખેંચી કાઢી નાક મોઢું સાફ કીધું અને એક નહાનું પણ શોભીતી મીનાકારી વાળું સુવર્ણનું ઘડીઆળ કાઢી જોયું. આ પ્રમાણેનો પોતાનો દમામ બતાવતો આ ભપકાદાર પુરૂષ રજા મળતાં દરવાજામાં દાખલ થઇ આગળ આવ્યો અને **મેકેરને** શોધી કાઢયો.

"મારા પ્રિય મિત્ર તને જોઈ મને અત્યંત આનંદ થયો છે" એમ કહી **મેકેર** તેને પોતાના ઓરડામાં લઈ ગયો. અને પેસતાંજ દરવાજો બંધ કરી વાતો કરવા બિછાનાઉપર બેઠા.

"હવે કામે મંડીયે"—**મેકેરે** વાતનો આરંભ કીધો—"જો **મારટીની,** ઝાઝી વાતનાં ગાડાં ભરાય. સંક્ષેપમાં એટલુંજ કે આજ રાત્રે મ્હારે આંહીંથી નાસવું જોઈએ."

"આજ રાત્રે"—**મારટીનીએ** તેજ શબ્દો વિસ્મયમાં ફરીથી ઉચાર્યા—"તે તો સહજ કઠણ છે, પણ આ બારી કઈગમ આવેલી છે?"

"ડંકા ઉપર"—**મેકેરે** જવાબ દીધો—"આ ઓરડો ભોંયતળિયાનો હોવાથી જમીનની સપાટીથી દશફૂટ ઉંચો થશે અને તેથી બારીદ્વારા નાસવું વધારે સુગમ થશે. પણ નીચે ફરતા પોહરેગીરનું વિઘ્ન ન નડે તેની તપાસ તો તારેજ રાખવી પડશે."

"તારો વિચાર કઈ તરફ દોડેછે, **મેકેર**" "દરોગાને મારીને નાસવું શું તારા ધ્યાનમાં નથી આવતું"—**મારટીનીએ** પૂછ્યું.

"નહીં, નહીં, એ તો વિચારીશજ નહીં"—**મેકેરે** કહ્યું—"કદાચિત્ દરોગાને તો આપણે વશ કરશું પણ ચાલમાં રહેતા પોહરેગીરનું કેમ થાય. આખો દહાડો અને રાત્ર ત્યાંતો ચોકીજ બેઠી છે. ઉપરાંત ભરેલી બંદૂકો ત્યાં તૈયાર રખાય છે."

"ચાલો ત્યારે તો બારીજ રહી"—**મારટીની** બોલ્યો—"શું કરવું તે દર્શાવ, હું અવશ્ય તે અનુસાર કરી લાવીશ. કદાચ ડોકું જાય તો પણ શું?"

"સાંભળ આપણા ભાઈબંધ ગાડીવાળાની ગાડી ભાડે કરજે અને ભઠીયારાના ઘેર આગળ ઉભી રાખજે તે સાથે એક છુપો પેહેરવાસ પણ લેતો આવજે, ભૂરા રંગની મોટી ટોપી, લીલાં ચસ્માં અને ખોટી મૂછો. આ સઘળી સામગ્રી ભઠીયારાને ત્યાં તૈયારજ રાખજે અને તે નક્કી કર્યા પછી બે તિક્ષ્ણ કાનસો અને તેજાબની (acid) શીશી મારી પાસે લાવજે. ત્યાર પછી પાછો મધ્યરાત્ર એટલે બરાબર ૧૨ વાગતાને અમલે તારા બે મિત્રો સહિત આંહિં આવજે. મને કહેવું ન પડે કે તું અને તારા મિત્રો છૂટા છૂટા અને ચોકસ તફાવતે ચાલજો. તુંજ માત્ર આ બારી નીચે આવજે, સમીપના ઘડીઆળમાંથી ૧૨ નો ટકોરો થાય કે એક તીક્ષ્ણ સિટી સાવધાનીના ચિન્હ તરીકે વગાડજે અને હું ઉતરવાનું શરૂ કરીશ. નીચે ફરતા પોહરેગીરને કબજામાં રાખવું એટલુંજ તને સોંપવામાં આવેછે."

"ઠીક. મારે તેમાં કિંચિત્ માત્ર પણ વાંધો નથી બસ વાત તો એટલીજ કે."

"હા"—**મેકેરે** ઉત્તર વાળ્યો—"લે આ પૈસા, જેથી જોઇતું કારવતું લેજે."

"લાવ, હવે હું જાઉં અને વગર વિલંબે તારી આજ્ઞા અનુસાર કરૂં"—**મારટીની** પૈસા બાંધતાં બોલ્યો—"કોઈ સિપાઈ અથવા વટેમાર્ગુઓની આવજાવની આગળથી ખબર આપવા હું તારા કહ્યા પ્રમાણે મારા બે વિશ્વાસુ મિત્રોને લેતો આવીશ અને પુલ ઉપર ઉભા રાખીશ. એટલુંજ નહીં પણ પોહરેગીરની તપાસને માટે બીજા ત્રણ ખાસ લેતો આવીશ."

"હું ધારૂંછું કે તું બરાબર સમજ્યો છો"—**મેકેરે** કહ્યું—તને મારી ચાલ વિષે બરાબર ખબર છે કે હું ભલાઇને માટે યશ અને બુરાઇને સિક્ષા આપુંછું."

"એમ કહેવાની જરાએ જરૂર નથી"—**મારટીની** બોલ્યો—જો તને છોડાવવાનો મારો વિચાર ન હોત તો અત્યારે હું લાલચથી કે ધમકીથી આવત નહીં એ તારે પક્કું જાણવું.

"ઠીક ઠીક, હમણાં તો તું જા. તારી વાટ જોતો બેઠો છું."

મારટીની મેકેરના ઓરડામાંથી બહાર નીકળતો દમામમાં નીચે ઉતરી દરોગાના હાથમાં એક રૂપાનો સિકકો સરકાવતો જતો રહ્યો. એક કલાકમાં તે પાછો ફર્યો પણ આ વખતે સાથે તરેહવાર ફળોનો એક મોટો સુંદર થાળ, ચોપડીયોનું બંડલ વિગેરે લેતો આવ્યો, જેથી **મેકેર**ના નાસી જવાના વિચાર વિષે કોઇને લગાર પણ શક આવે નહીં. અગાઉની જેમજ ઘડિઆળ જોતો, રૂમાલ ડાબલી કાઢતો **મારટીની**, **મેકેર**ના ઓરડામાં દાખલ થયો. મેવો ચોપડી વિગેરે એક કોરે ખૂણામાં ગોઠવી **મારટીની**એ કાનસ તથા તેજાબ સોંપ્યા. બારી વાટે જોતાં સ્પષ્ટ જણાયું કે વાદળાં થઈ આવ્યાં હતાં અને પવન પણ જોરમાં ફુંકતો હતો. જમવાનું લાવવાનો હુકમ કરવામાં આવ્યો જે દરોગાએ તાબડતોબ બજાવ્યો. ભોજન લઈ રહ્યા પછી **મારટીની** ઉભો થયો અને દરોગાને કોઇ પણ પ્રકારનો સંશય ન પડે માટે બોલ્યો—"ભાઈ **મેકેર** તમે ચિંતા નહીં કરો, કાલે વળી તમારી પાસે આવી પહોંચીશ. હમણાં તો નાચની બેઠકમાં જવાનો છું તેથી રજા લઉંછું સાહેબ." એમ કહેતો **મારટીની** જતો રહ્યો.

"મારા બિછાનામાં માકડો ઘણા થયા છે"—**મેકેરે** દરોગાને કહ્યું જે જમવાનાં વાસણો ઉપાડતો હતો—"અને તે ઉપર પાથરવાનો ઓછાડ પણ ઘણો મેલો થવા આવ્યો છે."

"તમે લેશ પણ કચવાશો નહીં, હું બીજો ઓછાડ લાવી આપું."

"તો તો બહુજ સારૂં"—**મેકેર** બોલ્યો—".જરા લાંબો લાવજો. હમણાનો સેજ ટુંકો છે, સાથે એક બે સીગારેટ પણ ઉપાડતા આવજો."

ઠીક કહેતો દરોગો જતો રહ્યો અને આસરે પાંચેક મિનિટમાં ઓછાડ તથા ચીરૂટો આપી જતો રહ્યો. હવે **મેકેર** પોતાના વિચાર દોડાવવા બેઠો. કાનસો ઉપાડી જુવે તો અતિશે તીક્ષણ અને બરાબર ધારણા પ્રમાણેજ આવી હતી. આઠ વાગ્યાનો સમય થવા આવ્યો પવનના ફુંફાટા સંભળાવા લાગ્યા અને મેઘરાજાએ પોતાનું બળ દેખાડવા માંડયું. અંધારૂં પણ એટલું થયું કે દૂરનાં ઘરો પણ દેખાતાં બંધ પડ્યાં. જરા જરા વારમાં વિજળીના ચમકારા દેખાઈ ગગડાટ થતો. **મેકેર** આ વેળા ઉઠયો, અને જે ભાગ આગળથી સળીઆઓ ઘસી કાઢવા ધાર્યા હતા તે જગાએ તેજાબ લગાડી રાખ્યું. આ પ્રમાણે પાએક મિનીટ પસાર થઈ ગઈ અને **મેકેર** પણ પોતાને કામે મંડયો. કાનસો અતિ તેજ હોવાને લીધે પોણાકલાકમાં અડધો સળીયો ઘસાઈ રહ્યો. બાજુના ઘડિઆળમાંથી નવનો ટકોરો થયો. જે પવનના સુસવાટા સાથે ભળી જઈ ઘણોજ ધીમે સંભળાયો. વિજળી અને ગગડાટ ઉપરા ઉપરી થવા લાગ્યાં. **સીન** નદીનું શ્યામ દેખાતું પાણી પણ કિનારા સાથે યુદ્ધ કરતું ઉછળતું હતું. આ પ્રમાણે બીજો અર્ધો કલાક પ્રસાર થઈ ગયો અને બે સળીયાઓની નીચેની બાજુ ઘસાઈ રહી. હવે **મેકેરે** કાનસોને સળીયાના ઉપલા ભાગમાં લગાડી. જેમ જેમ પવન તથા ગાજનો અવાજ વધતો ગયો, તેમ તેમ **મેકેર** પણ વધારે આનંદ અને હિમ્મતથી કામ કરવા લાગ્યો. સવારના આ ઓરડો ખાલી માલમ પડ્યાથી દરોગો કેટલો વિસ્મય થશે તેના વિચારથી તેને વારે ઘડીએ હસવું આવી પડતું. દશ વાગ્યા અને **મેકેરે** દરોગાના પગલાં સાંભળ્યાં. સળીયા ઘસવાનું કામ એક કોરે મૂકી જાણે જાણતોજ ન હોય તેમ પોતાના મિત્રની આપેલી ચોપડીઓ ઉથલાવવા બેઠો.

"**રાત્ર તોફાની છે**"—તાળામાં કુંચી ફેરવતાં દરોગો બોલ્યો—"આવા તોફાન છતાં તમને નિદ્રા આવશે એવી મારી ખાતરી છે અને જો, કહો તો બીજા ઓરડામાં સૂવાનો સંજોગ કરી આપું"—એમ કહી સર્વે દ્રષ્ટી ફેરવી, સહિસલામતીની ખાતરી કરી, દરવાજાને તાળું મારી, જતો રહ્યો. થોડીજ વાર રહીને **મેકેર** પાછો પોતાને વંધે વળગ્યો. પૂલ ઉપર આવેલી બત્તીઓનું અજવાળું પણ હવે ઘણું ઝાંખું દેખાતું. આ વખતે ૧૧ નો ટકોરો ઘણીજ મહેનતે સંભળાયો. એટલુંજ માત્ર કહેવું બસ થશે કે **ફ્રાન્સ**માં એવું તોફાન અગાઉ કદી પણ થયું ન હતું. અડધો કલાક પસાર થઈ સાડાઅગીઆર થયા અને સળીયા પણ ઉપર અને નીચે મળીને ચાર ઠેકાણેથી ઘસાઈ રહ્યા. નિર્ણય કરેલા સમયને માત્ર ત્રીસજ મિનિટ બાકી રહી અને જેટલી અધીરજ અટલા વખત સુધીમાં ન થઈ હતી તેટલી હવે થવા લાગી. એક એક પળ કરતાં એ અડધો કલાક વહી ગયો. અને મહાઆનંદથી તેણે બાર ટકોરા ગણ્યા. એક પળ પસાર થઇ અને બીજી પણ ચાલી અને કાંઈ નિશાની સંભળાઈ નહીં, અધિરજે અને ગુસ્સામાં **મેકેરે** પોતાના દાંત કચકચાવ્યા. એમ કરતાં દશ મિનિટ બીજી પણ ગઇ અને કંઈ એંધાણ મળે નહીં. હજી પણ પાંચ મિનિટ વાટ જોવાનો તેણે નિશ્ચય કર્યો. એક પછી એક મહા મુશ્કેલીએ પાંચ મિનિટ પણ પ્રસાર થઇ અને અંતે એકલાજ ઉતરી પડવાનો તેણે ઠરાવ કીધો. તેને બરાબર ખબર હતી કે નજદીકમાં પહેરો ભરાય છે જે પોતાની બંદૂક ટાંકીને ફોડવા કદી ભૂલશે નહીં. આની પણ દરકાર કર્યા વગર **મેકેર** ઉતરવા જતો હતો એવામાં વળી ધાસ્તી લાગી કે **મારટીની**એ સઘળું કહી તો દીધું ન હોય. જરૂર તેણે સઘળું પ્રસિદ્ધ કીધુંજ હશે, નહીં તો દરોગો બીજા ઓરડામાટે શા સારૂ પૂછે? અવા વિચારોથી તેની હિમ્મત પડી ભાગી પણ માત્ર એકજ પળ. બીજી પળે તો પોતાના બિછાનાનું ઓછાડ તેણે ખેંચી લીધું અને તેને વચ્ચેથી ચીરી દોરડું વણ્યું. એક છેડો બારીના મજબૂત સળીયા સાથે બાંધી બીજો લટકતો રહેવા દીધો. પોતાની પાકીટબુક જેમાં બેંકની નોટો વિગેરે અગત્યના કાગળો રહેતા હતા, તેનું વરસાદથી રક્ષણ કરવા અર્થે તેણે પોતાની ટોપીમાં મૂકી ટોપી પહેરી લીધી. બેઉ કાપેલા સળીઆઓ ત્યાંથી હવે દૂર કરી તેણે ઉતરવાનો માર્ગ કીધો. એકાએક આ વખતે બારીની નીચેથી એક ઝીણી સિટી સંભળાઈ અને તત્કાળ **મેકેર**ના મનપરથી સેંકડો મણનો બોજો હલકો થયો. તેની ખાત્રી થઇ કે **મારટીની**એ પોતાનું વચન પૂર્ણ રીતે પાળ્યું છે. બીજી પળે **મેકેર** બારીઉપર ચડી ઓછાડ પકડી ડંકાની સપાટી ઉપર ઉતરી પડચો.

"સઘળું સમાધાન છે"—**મારટીની**એ ઉત્તર દીધો—"પોહરેગીરને બાંધી ડુચો મારી તેને તેનીજ ઓરડીમાં પુરી રાખ્યો છે"

"હવે વિલંબ કરે સાર નથી"—એમ કહી **મેકેર** અને **મારટીની**એ ઉતાવળે પગલે પૂલ પસાર કરવા માંડયો અને થોડીજ વારમાં **સીન**નદીના દક્ષિણ કિનારે આવી પહોંચ્યા. ત્યાંથી પણ ઝપાટા બંધ આગળ ચાલતાં એક સાંકડા મહોલામાં પેઠા, જ્યાં એક ગાડી ઉભેલી હતી. આ વાહન **મેકેર**ના કહ્યા અનુસાર ભઠીયારાના ઘર આગળ ઉભું હતું. ગાડીવાળાએ પુષ્કળ લાંચ લીધી હતી, તેથી તેપણ હાંકવાને તૈયાર થઇ ઘોડાઉપર સ્વાર થઇ બેઠો હતો, અને વટમાર્ગુઓને વહેમ ન આવે માટે તે ભઠીયારાના બે માણસો બે મ્હોટી પાકીટો પકડી દરવાજા આગળ ઉભા હતા કે જાણે કોઈ મુસાફરીએ જતું કેમ હોય. **મેકેર**ને આ ઘરનો ખુણે ખૂણો યાદ હોવાને લીધે તે અંદર પેઠો અને પોતાને માટે તૈયાર કરેલો વેષ ધારણ કરી બહાર નીકળ્યો અને **મારટીની**ને તેની આ નીમક હલાલ સેવાના બદલામાં હજાર હજાર ફ્રેંકની પાંચ નોટો આપી ગાડીમાં ચડી બેઠો.

પ્રકરણ—૨૭.

ચોરનો ભાઈ ઘંટીચોર.

જે દિવસે **મેકેર પેરિસ** જવા **લંડન**માંથી નીકળ્યો તેને બીજે દિવસ **બરટેડ** હમેશ ક-

રતાં બીછાનામાંથી મોડો ઉઠયો અને પોતાના મિત્ર **મેકેર**ની ગેરહાજરીમાં વખત શી રીતે ગાળવો તેની યોજના કરવા બેઠો. એક પછી એક તેને તરેહવાર વિચારો આવ્યા. અને અંતે કોઈ પાસેના જોવા લાયક ગામે સેહેલ ધાએ જવાનો નિશ્ચય કર્યો, ઉતાવળે ગમતાં વસ્ત્રો પેહેરી લીધાં અને નાસ્તાના ટેબલપર આવ્યો. **લન્ડન**માં કયાંથી **ગ્રીનવીચ** જવું અને ત્યાં પહોંચ્યા પછી કઈ હૉટલમાં ઉતરવું તે વિષે મીસીસ **પૉકલિંગટને બરટ્રેંડ**ને સંપૂર્ણ રીતે વાકેફ કર્યો. **બરટ્રેંડ** સઘળું ધ્યાનથી સાંભળી તરતજ દાદર ઉતરી નીચે આવ્યો અને ધીમે ધીમે વિચાર કરતો **લંન્ડનબ્રિજ** આગળ આવી પહોંચ્યો, જ્યાં **ગ્રીનવીચ** જતી સ્ટીમબોટને માટે તેણે પૂછા કીધી. તરતજ એક ખલાસી તેની પાસે આવ્યો અને તેને બોટઉપર મૂકી આવ્યો. થોડોક વખત રહી સ્ટીમબોટ ઉપડી અને એકાદું શેરીવાઇનનું ગ્લાસ પીવાના વિચારથી **બરટ્રેંડ** કેબીનમાં ગયો. અહીં એક બીજો ગ્રહસ્થ પણ બેઠો હતો, જે તેનીજ પેઠે એકાદું ગ્લાસ ચડાવતો અને વર્તમાનપત્ર વાંચતો બેઠો હતો.

"તમે કેટલું થયા ઇંગ્લંડમાં છો?"—આ ગ્રહસ્થે પૂછ્યું.—"તમે મને ઓળખતા હશો? હું એક વ્યાપારી છું—એમ કહી તેણે પોતાના નામનો છાપેલ કાર્ડ કાઢી આપ્યો જે ઉપર "મી૦ **ઑકટેવસ લિન્ડસે**" છાપેલું હતું.

"અને આ મારૂં નામ છે"—**બરટ્રેંડે** પણ પોતાના નામનો સુનેરી સાહીથી છાપેલો કાર્ડ રજુ કર્યો.

"જરા ચપટી લેશો?"—**લિન્ડસે** પોતાની સુવર્ણ સમાન ડાબલી કાઢી બોલ્યો—"તમે પણ ભલું મારી પેઠેજ સેહેલગાહે નીકળ્યા લાગો છો."

ઑકટેવસે ભપકાદાર કપડાં તથા પથ્થર જડિત વીંટીઓ પહેરી હતી અને જ્યારે ઠંકા ઉપર ઉતરતાં બોટનું ભાડું ચુકાવવા તેણે પોતાની પાકીટ ખોલી ત્યારે તેમાં એક બાજુએ ખાણામાં રૂપાનો એક સિકો પડેલો હતો. જ્યારે બીજી બાજુના ખાણામાં એક કાગળીયાનું બંડલ પડેલું હતું જે બેંકની નોટોના ચોળા જેવું લાગતું હતું. **લિન્ડસે**એ જોયું કે **બરટ્રેંડ**ના ગજવામાં આઠથી દશ પાઉંડ પડેલા હતા તથા એકાદું સુનાનું ઘડિઆળ પણ લટકી રહ્યું હતું એટલુંજ નહીં પણ એક હીરાની વિંટી **બરટ્રેંડ**ની ચોથી આંગળીપર રહી ગઈ હતી. **લિન્ડસે**ની વીંટી, સુના સરખી ડાબલી તથા જેને તે બેંક નોટો સમજતો હતો તે સઘળું તફળાવી લેવાનો **બરટ્રેંડે** વિચાર કીધો, અને જાણે અત્યારથી તેના કબજામાં સર્વે આવી ગયું કેમ હોય તેવું તેને લાગ્યું. ફરતાં ફરતાં **ઑકટેવસે** તો પોતાના ઘોડા ગાડી બે સુમાર ચાકરો બંગલા વાડી વગેરેની ટાઢાપોરની ડીંગો મારવા માંડી. થોડીક વાર સુધી ફર્યા બાદ પાછા હૉટલ તરફ પગલાં લીધાં પણ રસ્તામાં **બરટ્રેંડ**ને ઉભો રાખી **ઑકટેવસ** બાજુમાં આવેલી એક રસાયણીની દુકાને ગયો. ચાર મિનીટમાં તો તે પાછો આવ્યો, અને બંને જણે ચાલવા માંડયું.

"આ હૉટલ ઘણીજ નામીચી છે"—**આકટેવસ** ખુરશી સમીપ ખેંચતાં બોલ્યો. જેનો વિચાર પણ **બરટ્રેંડ**ની વીંટી, ઘડિઆળ તથા પાઉંડો પડાવવાનો હતો. ગ્લાસોના ગ્લાસો ખાલી થવા લાગ્યા અને **બરટ્રેંડે** હર્ષપૂર્વક વિચાર્યું કે હમણાં **લિન્ડસે** છાકટો થઈ પડશે. અને પછી અહીં કેવી મઝા!! તેણે ધાર્યું કે વખત નજદીક આવ્યો છે. તેથી બહાનું કાઢી ઓરડામાંથી બહાર ગયો અને સ્ટીમબોટ કયે વખતે મળેછે તે હૉટલકીપરને પૂછયું કારણ કે હમણા સાત વાગ્યા હતા.

"હજી બે કલાક છે. સારી તક લાગી હો"—એમ બોલતો **બરટ્રેંડ** પાછો ઓરડામાં પેઠો અને અતિશે ખુશી થઈ જોયું તો **ઑકટેવસે** પીવાનું જારી રાખ્યું હતું.

"કાઉન્ટ, આપણે હવે **લંન્ડન** તરફ પાછા ફરવું જોઇએ"—**ઑકટેવસ** બોલ્યો. "પણ તે અગાઉ એકેકું ગ્લાસ પીતા જઈએ. ત્યાર પછી બિલ ચુકવી ચાલતા થશું"

"કબુલ છે"—**બરટ્રેંડે** ખુશીથી જવાબ દીધો; કારણ કે તેણે નિશ્ચય ધાર્યું કે એક બીજો ગ્લાસ તો **ઑકટેવસ**ને પૂરો છાકટો કરશે.

"લ્યો ત્યારે"—એમ કહી **ઑક્ટેવસે** બે ગ્લાસો ભર્યા જેમાંનો એક **બરટ્રેંડ**ને આપી બીજો પોતે પીધો. દશેક મિનીટ રહી **બરટ્રેંડ**ની આંખમાં ઉંઘ ભરાઈ માથું ફરવા માંડયું અને પોતાની આ સુસ્તી હટાડવાનો તેણે ઘણો પ્રયત્ન કીધો પણ ફોકટ અને અંતે ખુરશીપરજ નિદ્રાવશ થઈ ગયો. **લિન્ડસે** એ જોયું કે **બરટ્રેંડ** ભાઈ નિદ્રાથી ઘેરાયો છે કે તરતજ ઘંટ વગાડી ચાકરને બોલાવ્યો.

"એક કાગળનો કટકો અને પેનસિલ લાવ"—**લિન્ડસે**એ કહ્યું—"મારે અગત્યનું કામ આવી પડયું છે. મારા મિત્રને તેની ઉંઘમાં વિઘ્ન કરવા ઈચ્છતો નથી તેથી તેના ઉપરની આ ચીઠી મૂકી જાઉછું. બીલના પૈસા તે ઉઠતાં ચૂકવશે."

લિન્ડસેએ એક સંક્ષિપ્ત કાગળ લખી કવરમાં નાંખી તે ઉપર સીલ મારી ટેબલપર મૂકયો. આ પ્રમાણે કરી લીધા પછી તેણે **બરટ્રેંડ**નું ઘડિઆળ, સાંકળી, વીંટી તથા પાકીટ લઈ લીધાં અને તેના બદલામાં પોતાની પાકીટ પોતાનું ઘડિઆળ અને પોતાની વીંટી મૂકી ઠંકા તરફ ચાલતો થયો.

પ્રકરણ—૨૮.

મેકેરનું હવે શું થશે?

બરટ્રેંડ આંખો ચોળતો ચોળતો ઉઠયો. અને આસપાસ નજર કરી તો બે મીણબત્તીઓ બળતી હતી. સેહેજમાં તેને સઘળું સ્મરણ થઈ આવ્યું. તરતજ તેણે ઉભા થઈ ઘડિઆળ જોવા ગજવામાં હાથ નાંખ્યો. તો કાંઈ ભારી વસ્તુ હાથને અડી. બહાર કાઢી જોયું તો **ઑક્ટેવસ**ની તપખીરની ડાબલી. એકાએક પોતાના આંગળાપર દ્રષ્ટીગઈ તો વીંટી મળે નહીં. અને તેને બદલે એક મહોટી વીંટી ડાબા હાથના આંગળાપર રહી ગઈ હતી તે વીંટી પણ તેણે ઓળખી કાઢી. આ સઘળા બનાવથી બાવરો બની **બરટ્રેંડ** ટકોરી વગાડવા ટેબલ તરફ દોડયો, તો ત્યાં એક ચીઠી પડેલી દીઠી. કવર ફોડી નીચે પ્રમાણે વાંચવા માંડયું:—

"હું કહેવાને અત્યંત ખુશી છું કે તમને મારી વીંટી તથા ડાબલી ઘણીજ પસંદ હતી, જે મેં તમો સાહેબને અર્પણ કરવા છૂટ લીધી છે. મારી આશા છે કે તે સઘળું તમને તમારા ધાર્યા કરતાં પણ વધારે મન માનતું થશે. બીજું, મારી વસ્તુઓના બદલામાં તમો નામદારનું મને નિરંતર સ્મરણ રહે એવા હેતુથી મેં તમારૂં ઘડિઆળ, તથા વીંટી લીધી છે, જે તમે હમણાં નહી તો પછી પણ અવશ્ય મનેજ આપી હોત. તમે યાદ રાખજો કે, જયારે આપણે બેઉ ભેળા થયા ત્યારેજ મેં પારખી લીધું કે તમે મારા જેવાજ યશવંત અને પ્રમાણિક છો. ત્રીજી વિનંતિ એ છે કે મારી પાકીટ પણ વારેઘડીયે તમારી આતુર દ્રષ્ટીનું આકર્ષણ કરતી હતી જે અદલ બદલ કરવાની મેં મહેરબાની કરી છે. હવે ચોથું અને છેલું હું તમારો અત્યંત આભારી થયો છું અને તેનું મુખ્ય કારણ કે તમે મને તમારે ખર્ચે પેટ ભરી જમાડયો છે."

"તે લુચ્ચાએ મને ઠીક ઓળખ્યો"—એમ ગુસ્સામાં બોલતાં **બરટ્રેંડે** **ઑક્ટેવસ**ની પાકીટ તપાસવા માંડી. એક ખુણામાં ૧૮ પેનીનો રૂપાનો સિકકો, અને ઘડીઆળની ચાવી પડેલી હતી. બીજા ખુણામાં જે નોટના બંડલ સમાન લાગતું હતું તે તો ઘરેણા વ્યાજે રાખ્યાની રિસીટો તથા જુગાર સંબંધી હિસાબના કાગળો હતા. ત્યાર પછી તેણે વીંટી તપાસવા માંડી તો હીરાને બદલે એક મહોટો કાચનો કટકો સફાઈથી જડેલો માલમ પડયો. ડાબલી તો શુદ્ધ પીતળની નીવડી. ઓછામાં પૂરૂં આખા દિવસનું ભેજણનું જમવા વિગેરેનું બીલ ચૂકવવું અને ગાંઠમાં તો પેની ૧૮ જ. હવે કરવું કેમ? કોને કેહેવું? સઘળી વાત હૉટલકીપરને કહ્યામાં પણ સાર નથી તેમ લંડન પણ અવશ્ય જવું જોઇએ એવા વિચારોમાં તેણે ઘંટ વગાડી ચાકરને બોલાવ્યો. હવે તેને યાદ આવ્યું કે તેના દારૂમાં કોઈ કેફની વસ્તુ પડી હશે, નહીં તો **ઑક્ટેવસ** રસ્તામાં મને ઉભો રાખી પોતે એકલોજ રસાયણીની દુકાને શા સારૂ જાય?

"ઠીક છે હું રાત્રે તો અહીંજ પડયો રહીશ પણ સવારના એક કાસદ જોશે."—તેણે ચાકરને કહ્યું.

"કયાં મોકલશો?"—ચાકરે પૂછયું.

"લંડનવાળા શેઠ **પૉકૂલિંગટનને** ત્યાં, સબુર હું હમણાં ચીઠી લખી આપુંછું."—એમ કહી તેણે નીચે મુજબ લખવા માંડયું:—

હું હૉટલમાં ઉતર્યો છું ત્યાં કંઇ બનાવટને લીધે મારા પૈસા જતા રહ્યા છે, માટે આ ચીઠી લાવનારની સાથે પાંચ પાઉન્ડ અવશ્ય મોકલશો.

આ પ્રમાણે ચીઠી લખી કવરમાં નાંખી અને તે ઉપર સરનામું કરવા તેણે ચાકરને કહ્યું, કારણ કે પોતે તો કલમ ઝાલીને થકિત થઈ ગયો હતો. આ સઘળું કરી લઈ **બરટ્રેંડ** બીછાને ગયો જ્યાં થોડીજ વારમાં તેને ઉંઘ આવી. કાસદ સવારના અગ્યાર વાગતે પૈસા લઇ હૉટલમાં આવ્યો. **બરટ્રેંડ** પણ જાગ્યો હતો તેથી પૈસા લઈ ઠેકાણે રાખ્યા અને બીલ ચૂકવી ટંકા તરફનો રસ્તો લીધો. જ્યારે તે **પૉકૂલિંગટનને** ઘેર પહોંચ્યો ત્યારે તેણે ચોર સંબંધી હકીકત કેહેવા માંડી. "બાઇ સાહેબ"—**બરટ્રેંડ** બોલ્યો—"જે સહાસ કર્મો મેં અને **લિક્યુએ** કર્યાં છે તે આગળ તો આ કશા બીસાદમાં નથી. સૂર્ય આગળ દીપક સમાન છે. તમે માનશો? કોઈ કોઇ વાર તો મેલ ગાડીઓને પણ અમે ઉભી રાખી દેતા. કોઈ વાર તો માઇલોના માઈલો સુધી અમારે દોડવું પડતું."

"ચોરના હાથમાંથી છટકવાને"—**પૉકૂલિંગટનની** સ્ત્રીએ પૂછ્યું—"તેઓ **ફ્રાન્સમાં** ઘણા મહોટા જથામાં છે."

કંઈ પણ કથન કરવા યોગ્ય બનાવ વગર થોડાક દિવસ થઇ ગયા અને એક સાંજનાં વ્યાપારી, તેની સ્ત્રી, **મેરિયા**, અને **બરટ્રેંડ** દીવાનખાનામાં બેસી તરેહવાર વાતો કરતાં હતાં. એકાએક નીચે દરવાજા આગળ આવી ઉભી રહેતી ગાડીનો ગગળાટ સંભળાયો એટલુંજ નહીં પણ ત્યાર પછી તરતજ દાદરપર પગલાં સંભળાયાં અને દ્વાર ઉઘડયો. લાંબાં પગલાં ભરતો **મેકેર** અંદર દાખલ થયો. પ્રેમરસમાં પ્રવૃત્ત છે ચિત્ત જેનું એવી **મેરિયા** તરતજ સામે દોડી તેને ભેટી અને જેમ સૂર્યના દર્શનથી કમળ પ્રફુલ્લિત થાય, તેમ તેનો સુંદર ચહેરો દીપી રહ્યો. સઘળાઓને યથા યોગ્ય પ્રણામ કર્યા બાદ **મેકેરે બરટ્રેંડ** સાથે હસ્તમેળાપ કર્યો. આ પ્રમાણે રાત તો અનેક પ્રકારના વિનોદથી આનંદમાં ગત થઇ. હવે **મેરિયા** અને તેના ધારેલા ભરથાર **લિક્યુના** લગ્નની તૈયારી થવા માંડી. લગ્ન પછીના દહાડા ખુશાલીમાં ગુજારવા અર્થે તેણે એક શોભિતો બંગલો ભાડે લીધો. વીવાહ માટે દિવસ પણ ઠરાવવામાં આવ્યો. આમંત્રણની ચીઠીયો વહેંચવામાં આવી. આ સઘળી ધામધુમો પછી એક મહોટું જમણ થવાનું હતું, જ્યાર પછી એક ગાડીમાં બેસી આ નવું પરણેલું જોડું ભાડે લીધેલ બંગલે જવાનું હતું. ગાડી પણ **મેકેરે** ખરીદી રાખી હતી. **બરટ્રેંડનો** તો હરખજ સમાય નહીં અને લગ્નને દિવસે કયા કપડાં પહેરવાં તેનોજ વિચાર કરવા બેઠો. અંતે ધારેલી સવાર પૂર્ણ દબદબા સાથે આવી અને જેમ ચંદ્રને જોઇ મહાઆનંદને લીધે સમુદ્ર પોતામાં ન સમાય તેમ **મેરિયા** અતિશે ઉમંગને લીધે પોતામાં સમાતી ન હતી. હર્ષથી ધપકતી છાતીએ ક્રિયા અનુસાર સણગાર સજવા તે ઓરડામાં ગઇ. પહેરવાસ કરતાં તેનો ચહેરો વધારે શોભતો હતો અને જે ઓરડામાં પરોણાઓ બેઠા હતા ત્યાં આવી ત્યારે તેના નેત્રો હર્ષના કિરણો ફેંકતા હતા. નીચે ગાડીઓ પણ જથ્થાબંધ આવી લાગી જેમાંની એક આપણા **મેકેરની** હતી.

બરટ્રેંડ તો બારીયે ઉભો ઉભો ગમત મેળવતો હતો પણ એકાએક તે ચોંકયો જે **મેકેરના** જોવામાં આવ્યું અને તરતજ **બરટ્રેંડ** આગળ દોડી ગયો અને ઉસ્કેરાટથી પુછ્યું—"છે શું?"

"ચા—ચા—ચાઅ—ચાર્લસ સ્ટેનમોર આવ્યો"—**બરટ્રેંડ** ધ્રુજતે કંઠે બોલ્યો. **મેકેર** પણ તરતજ કાંઈ બહાનું કાઢી દિવાનખાનાની બહાર ગયો. અને ઘણીજ ત્વરાથી દાદર ઉતરી **સ્ટેનમોરને** મળ્યો. આ યુવાન અને સદ્ગુણી અંગ્રેજનાં મુખ ઉપર આનંદનાં ચિન્હો રમી રહ્યાં હતાં. **મેકેર** તેને બાજુમાં આવેલા ઓરડામાં લઈ ગયો, જ્યાં તેઓ એકલા બેઠા.

"લુચ્ચા, પ્રપંચી!"—**સ્ટેનમોર** શાંતિથી પણ જુસ્સા સહિત બોલ્યો—"શું હજી તારૂં છળ પ્રસિદ્ધ નથી થયું?"

"તમારા શબ્દ પરથી હું જાણી શકુંછું કે તમને સઘળું માલમ પડયું છે"—**મેકેરે** પ્રત્યુત્તર દીધો—"અને આપણે હવે શત્રુ થયા છીએ, પણ મને કહો, કે **મેરિયા** તમને મૂકી મને ચાહે તેમાં મારો કાંઇ અપરાધ છે?"

"હું જાણુંછું, **મેકેર** હું જાણુંછું"—**સ્ટેનમોર** બોલ્યો—"તું—

"હા, મને પણ એજ સંશય હતો"—આપણી નવલનો નાયક **સ્ટેનમોરને** મોઢેથી પોતાનું ખરૂં નામ સાંભળી બોલ્યો—"જો કોઇ પ્રકારે મેં તમને હાની કરી હોય તો તેના વૈર લેવાના બીજા ઘણાએ સમય આવશે—

"કંગાળ! તું મારો બરોબરીયો હોય તેમ વાત કરવા કેમ હામ ધરેછે?"—**સ્ટેનમોરે** ક્રોધમાં ઉત્તર વાળ્યો—"હવે સાંભળ, મારે તને ઘણું કહેવાનું છે, મારૂં વૈર હું આહીં લઈશ એટલુંજ નહીં પણ—

"જે અબળાએ તમને કોઇ પ્રકારે દુ:ખી કરી નથી તેને તમે કેમ દુ:ખી કરોછો?" **મેકેરે** કહ્યું.

"મારા સઘળા વિચારો હું તને કહુંછું તે સાંભળ. તારી આશાનો ભંગ થઈ તેના કટકે કટકા થઈ જતાં જોવાને મારૂં હૈયું તલપેછે, હા, અને તેમજ થવું જોઇએ."

"હજી મને થોડા મિનીટનો અવકાશ છે"—**મેકેરે** ઘડિઆળ જોતાં ઉત્તર વાળ્યો. કારણ કે તેની ખાત્રી હતી કે દેવળે જવાના સમય સુધીમાં પોતાના અણગમતા પરોણાને તે દૂર કરી શકશે.

"હું એક વાર ફરીથી કહુંછું તે સાંભળ. જે ખુલાસો મારે તારી આગળ કરવાનો છે તે ઉપર ધ્યાન આપ, સાંભળ. હું **ફ્રાન્સ** ગયો હતો, ત્યાંથી ગઇ રાત્રેજ આવ્યો છું. **પેરિસમાં** ખોળ કરતાં મને તારા અને તારા દુષ્ટ મિત્રના ખરા નામોની જાણ થઇ છે, અને તે પણ ખુદ **બરસ્ટેડની** માને મોઢેથી, નહીં, **મેકેર** ઉતાવળો નહીં થા. હજી ચોંકવાનું તો વાંસે છે. **કેલેસની** મેલ ગાડીમાં હું કોનાથી લૂંટાયો? કયા ઉપાયોથી આ ગૃહમાં તું પ્રવેશ કરવા પામ્યો, તારી ઠગાઈ હજી શાથી પકડાઇ નથી, અને ખરા **લિબ્યુનું** શું થયું તે સર્વે હું જાણુંછું. સંક્ષેપમાં કેહેતાં હવે તારી દગલબાજીનો અંત આવશે."

"નહીં, કૃપા કરી સઘળું પ્રકાશ નહીં કરશો"—**મેકેર** દયામણે ચેહેરે અને પડી ગયેલે અવાજે બોલ્યો.

"શું, એમ બોલવાની હજી તું હિમ્મત ધરેછે?"—**સ્ટેનમોરે** પોતાના વચનરૂપી બાણો ફેંકવા માંડ્યાં—"નિરંતર તારોજ વિચાર કર્યાથી મને કેટલું ખમવું પડયું છે, તારેજ લીધે મારે શું શું માંદગી ભોગવવી પડી છે. હા, તે તો તારા વિચારોને જય કરવા સહાય થાત, પણ બિચારી **મેરિયાને** તેના ફાંસામાંથી છોડાવવાને ઇશ્વરે મને માંદગીમાંથી ઉભો કર્યો છે. તારા લગ્નની ગાંઠ ન બંધાય માટેજ મને આટલી ત્વરાથી આવવું પડયું છે. એ લગ્ન થવા દેવા એવો મહારો પહેલો વિચાર હતો. પણ હાલ તે તદ્દન ફેરવાઇ ગયો છે."

"અને આગળ શું પગલાં ભરવાં તેનો તમે વિચાર કરી રાખ્યો છે?"

"હા, અને તે કદી ફરનાર નથી; પણ તે ઇચ્છા અમલમાં આવે તે અગાઉ મારે તને કેટલુંક કેહેવું છે."

"બસ હવે બંધ કરો"—**મેકેર** ઉતાવળે બોલ્યો—"હું જાણુંછું. આ અભાગ્યવાન છોકરીની લજ્જા સાચવવાનો મને કાંઈ ઉપાય સુઝતો નથી, તોપણ મારે તમને કહેવું જોઇએ કે તેણે પોતાની આબરૂનો મારા પ્યારને ભોગ આપ્યો છે તેથી તમારા આ વિચારો તેને દુ:ખના મહાસમૂહરૂપ થઈ પડશે."

"હું તો એ કયારનો ધારી બેઠો હતો. તે દિવસનો નાટકશાળાનો બનાવ પણ મને હૈયે છે. હે નીચ! હું તારાં કાવતરાં સફળ થવા નહીં દઉં. એક શ્રીમંત અને યશવાળા માણસને તેના સહકુટુંબ કેમ દુ:ખી થવા દઈશ. માબાપ વગરની છોકરી કે જેના માત્ર દેજને અર્થે તું તલપેછે, તેને સાહસ કર્મી, કપટી, ચોર, નિર્દય અને હૈયા વગરના ખુની **રૉબર્ટ મેકેરની**

સ્ત્રી થવા દઉં? કદી નહીં, એવો તો તારા સ્વપ્નમાં પણ વિચાર આણીશ નહીં."

"ખુની શાથી?"—**મેકેર** ફીકે ચેહેરે બોલ્યો.

"તું ખુની છેજ ,હું ફરીથી કહુંછું કે તું એકથી વધારે વાર ખુની છે"—**સ્ટેનમોર** પોતાની મૂઠવાળી ગુસ્સા ભેર **મેકેર** તરફ જોતો બોલ્યો—"કંગાળ, દયાહીન, મેં તને નહીં કહ્યું કે મારે કહેવાનું બાકી છે. **એમબ્રુચલ** વનના મુખ આગળ આવેલા ઝુંપડામાં એક અંગ્રેજ મુસાફરનું તેં અને તારા મિત્રે ઘાતકી રીતે ખૂન કીધું, તે શું તું ભુલી જાયછે?"

આ સાંભળી **મેકેર**ની વાચા બંધ થઇ ગઈ. તેનો ચહેરો ઘડીકમાં ભયંકર અને ઘડીકમાં હૃદયભેદક થઇ જતો.

"તું સ્પષ્ટ જુએ છે કે હું સઘળું જાણુંછું"—**સ્ટેનમોરે** આગળ ચલાવ્યું—"હા મને સર્વે બીના પ્રગટ છે. હવે એક બે શબ્દ વધારે કહેવા દે. પછી જેઓને તેં આટલા દીર્ઘ કાળપર્યંત, નહીં, છેલ્લી ઘડી સુધી છેતર્યાં છે, તેઓને આપણી સમક્ષ બોલાવીને સઘળું કહેશું. અરે દુષ્ટ! તને એટલો પણ વિચાર કે દયા ન આવી કે બીચારા એ વૃદ્ધ પુરૂષનો તે એક વાળસરખો પણ સાજો ન રાખ્યો. તુંને એટલું પણ યાદ ન આવ્યું કે એની વાંસે એની હેયાતી ઇચ્છનારા સગાઓ બેઠા હશે? તને શું ખબર કે એના ગુમ થવાથી બીજાઓને શું શું ખમવું પડશે. હશે! બસ, તેં તો માત્ર તારી ઇચ્છારૂપી લગામ છૂટી મૂકી. તારા દુષ્ટ હૃદયને આધીન થઈ તે બીચારાનું તેં ખૂન કીધું."

"મને બચાવો, મને છૂટકારો આપો."—**મેકેર** જેણે આખી ઉમ્મરમાં નમ્રતા આજેજ ઉચ્ચાર કરી હતી તે બોલ્યો. જ્યારે તેનું મુખકમળ પણ કરમાવા લાગ્યું—"મને છોડી મૂકો. હું આ દેશ મૂકીને પણ જવા તત્પર છું. હું તમારી સઘળી આજ્ઞાઓને આધીન થવા ખુશી છું, એટલુંજ કે હમણાં કૃપા કરી જવા—

"શું તને જવા દઉં."—ગુસ્સાથી દંત કચકચાવતો **સ્ટેનમોર** બોલ્યો.—"તને જવા દઉં, નહીં, એ વ્યર્થ આશા તો તારે રાખવીજ નહીં. જે વૃદ્ધ તારી ગુફામાં આશ્રય અર્થે આવ્યો, તેને પણ તેં જવા દીધો નહીં. તેં તે તરફની એકાંતનો લાભ લઈ તેને તારા ભક્ષ તરીકે ગણી તેના કાલાવાલા અને કરૂણાજનક શબ્દો ન સાંભળવા કાન આડા હાથ કર્યા, મધ્યરાત્રે કે જ્યારે તેની સહાતાયે કોઈ આવી ન શકે એવે વખતે તેં તેને ઠાર કર્યો. એટલું સઘળું છતાં તું મને દયા કરવાનું કહેછે, મારી આગળ ક્ષમા માગેછે, તે હું શી રીતે આપું? હે કંગાળ! હે પાપી! જે બુઢાને તેં માર્યો તેને તું ઓળખતો નથી. તે મારો પિતા થાયછે."

મેકેર તરતજ તેના ચરણકમળમાં પડયો. **સ્ટેનમોર** તરફ દ્રષ્ટી કરવાની પણ તેનામાં હિમ્મત રહી નહીં, ખરે! આ વખતે **સ્ટેનમોર**નો કોપ તેના મન ઉપર શીશાથી અધીક બોજ ધરાવતો હતો.

આ દુષ્ટ માણસ જે શસ્ત્રોની સામે પણ હાસ્ય કરતો, જેના લોહ સમાન હૈયાને ઠપકાતો "પાડા પૂઠે પાણી" સમાન થતાં તે આ વેળાએ અશ્રુ ટપકાવતો, **સ્ટેનમોર**ના ચરણ સમીપ પડયો હતો. એકાએક દરવાજો ઉઘડયો અને **પૉર્લિંગટન** દાખલ થયો. આ દેખાવ જોઈ તેને હદપાર અચરતી થવા લાગી. થોડી વાર તો તે ઉંબરઉપર સ્થિત થઈ ઉભો પણ તરતજ અંદર પ્રવેશ કરી **સ્ટેનમોર** અને **મેકેર**ના મુખ તરફ વારા ફરતી નજર કરવા લાગ્યો.

"તમે આ પ્રશ્ન પૂછવા ભલે પધાર્યા જે માટે હવે તો ઘણું મોડું થયું છે."—**સ્ટેનમોરે** વ્યાપારીને કહ્યું—"જેને તમે મારા પગ આગળ પડેલો જુઓ છો, જેના હસ્ત લોહીથી ખરડાએલા છે, જેના હેયામાં નર્કનું ઘોર અંધારૂં વાસ કરેછે, જેણે તમારા ઘરમાં પ્રવેશ કરી અપાર સંકટોની વૃષ્ટી કરી છે, જેણે તમારી ભોળી ભત્રીજીનું અંતઃકરણ હરણ કર્યું છે, જેને તમે એમ **લિબ્ચુના** નામથી ઓળખોછો તે પુરૂષ સહાસ કર્મી, અને દયાશૂન્ય ખુની **મેકેર** છે."

"**રૉબર્ટ મેકેર**"—**પૉર્લિંગટન** આધાર અર્થે બાજુના ટેબલ ઉપર ટેકીને બોલ્યો—"એમ કેમ બને?"

"અફસોસ! હું પણ એવુંજ ઇચ્છું છું કે આ પુરૂષ **મેકેર** ન હોય પણ મહાશ વ-હાલા હું તમને શોકયુક્ત સમાચાર કયાં આપું? હું જાણુંછું તે સર્વ ઉચ્ચારવાને મારી જીભ કેમ ઉપડે? અને.—

"અરે, તત્કાળ બોલ અને મારા ઉકળતા હૈયાને ટાઢક કર"—**પૉક્‌લિંગટન** ધ્રુજતાં ધ્રુજતાં બોલ્યો—"કૃપા કરી આ ભેદ ભર્યો પડદો ઉંચકી લે. અને જે સંતાઈ રહ્યું છે તે મને સર્વ જોવા દે."

"તમને પરીપૂર્ણ જાણ છે કે મારા પિતાશ્રી પોતાની સઘળી મિલકત મૂકી વ્યાપાર અર્થે **ફ્રાન્સ** ગયા હતા. ત્યાં રસ્તામાં હૉટલ તરીકે વપરાતા ઝુપડામાં તેણે આશ્રય લીધો. જ્યાં રાત્રને સમયે તેનું ખૂન કરી, મુએલા શરીરની ઘણીજ અયોગ્ય વ્યવસ્થા કરી. આ કંગાળ કે જેને તમે મિત્ર તરીકે રાખ્યો છે, તેજ દુષ્ટ **મેકેરે** પોતાને હાથે નહીં તો પોતે સામેલ રહી આ સઘળું કર્યું છે, અને મને કેલેસની મેલ ગાડીમાં લૂટનારો પણ એજ દુષ્ટ હતો, જે આજે તમારી નિર્દોષ ભત્રીજીને પોતાની કીર્તિ સાથ જોડનાર હતો. હજી મારે કહેવાનું બાકી રહ્યું છે ત્યાર પછી જેમ તમારા વિચારો આજ્ઞા કરે તેમ સુખે કરજો. જે છુપી વાત હવે કહેવી બાકી છે, તે ક્રોધ અને કમકમાટ ઉપજાવશે પણ મારો ધર્મ સમજી મારે કહેવી જોઇએ. સંક્ષેપમાં આ હ્દદય રહિત **મેકેરે** તમારી ભત્રીજીના કુમારપણાનો પણ ભંગ કર્યો છે."

"શું! ફરીથી કહે!"—**પૉક્‌લિંગટન** આ અન્યાયનું વૃત્તાંત સાંભળી હોઠ કરડતો બોલ્યો—"શું મારી ભત્રીજી નિર્લજ થઈ? નહીં નહીં, એમ કેમ બને! તને તેણે ઠગ્યોતો નથી? આ સ્વપ્ન તો ન હોય! એક વાર વધારે વિચારી જુઓ. અરે નિર્દય **મેકેર**! મેં તને આ સિવાય સઘળું માફ કર્યું હોત."

આ પ્રમાણે થોડી મિનીટ પસાર થઇ ગઈ અને હવે **મેકેર**નું શું કરવું તે વિચારવાનો સમય આવ્યો. **પૉક્‌લિંગટન** તો જાણે પૂછતો હોય તેવું મોઢું કરીને **સ્ટેનમોર** ગમ એક નજરે જોયા કરતો હતો.

"મારો વિચાર પૂછતા હો તો"—**સ્ટેનમોર** વ્યાપારીની મતલબ સમજી ગયો—"હું આ દુર્મિત **મેકેર**ની વિરૂદ્ધ ઇંગ્લંડમાં કંઈ પગલું ભરી શકું તેમ નથી. જે વાંકને માટે તે અપ-રાધી છે તેને માટે મને પૂર્ણ આશા છે કે કોઇ દિવસ તેને પૂરતું વેઠવું પડશે. હા, અને મને પણ ત્યારેજ સંતોષ થશે. હવે તમારા વિષે પૂછતાં હોતો બહેતર કે એને પોલીસ સ્વા-ધીન કરો; પણ નહીં, એથી તો **મેરિયા**ની વર્તણુક શેહેરમાં પ્રસિદ્ધી પામશે."

"ત્યારે તો એ લજ્જા રહિતને જવા દેવો જોઇએ. એને મારીવતી પરમેશ્વર શિક્ષા કરશે."

"હવે સાંભળ"—**પૉક્‌લિંગટન, મેકેર** તરફ નજર કરી બોલ્યો—"હે નીચ! હે કૃતઘ્ન? જો તારા હૈયામાં શુદ્ધ લાગણીનો એક બીંદુ પણ બાકી રહ્યો હોય, જો તને તારી વહાલી જીં-દગીની હવે પછી કદર હોય, અથવા જે માણસપર તેં સંકટરૂપી ધગધગતી રાખના ઢગલા ઢોળ્યા છે તેને વધારે દુઃખી ન કરવો હોય, તો આ ઘરમાંથી બહાર નીકળ કે જ્યાં તેં વ્યથાના વૃક્ષો વાવ્યાં છે. હા, તું અને તારો નીચ સાથી બેઉ અહીંથી જાઓ. હું ઉપર જઈ પરોણાઓને બહાનું કાઢી વિદાય કરીશ. આજની લગ્નક્રિયાનો ભંગ કરનાર **સ્ટેનમોર**નો આભાર હું અં-તઃકાળ સુધી વીસરીશ નહીં, જેને તારા હસ્તોએ નબાપો કર્યો છે. હે દુર્મતિ! અહીંથી ની-કળ અને તારી ભૂંડાઈ જે તેં અમારી ભલાઇના બદલામાં આપી છે, તેનો પસ્તાવો કર."

તરતજ ઘંટ વગાડી **પૉક્‌લિંગટને બરટેડ**ને હેઠે બોલાવ્યો અને ત્યાર પછી ઉપર જઈ **બરટેડ** અને **મેકેર**ના ઓરડામાંથી તેઓની ટોપી લાવી હાજર કરી. **મેકેર** અને તેના સાથીએ ડોકું નીચું રાખી **પૉક્‌લિંગટન**ના હાથમાંથી ટોપી લીધી અને ચાલવા માંડ્યું. એટલામાં તેઓને વ્યાપારીએ ફરીથી બોલાવીને કહ્યું—"**મેકેર**, મારી એવી ઇચ્છા નથી કે તારી કોઇ પણ વસ્તુ મારી પાસે દબાવી રાખું, જો કે જરૂર તે સર્વ તેં મારેજ પૈસે ખરીદી હશે. જા અને એક ભેપિયો મોકલજે જેની સાથે હું તારી મુસાફરીની પાકીટ મોકલી દઇશ. પાકીટ

પુગતાંજ તારે આ નગરમાં એક પળ પણ થોભવું નહીં. જા અને તારો ધિક્કારને પાત્ર ચેહેરો ફરીથી દેખાડીશ નહીં."

મેકેર અને **બરટ્રેડ** નીચી દ્રષ્ટી રાખી બહાર નીકળીને રસ્તે પડ્યા, પણ જેમ પાષાણ ઉપર પાણી રેડ્યાથી અંકુર ફૂટતો નથી તેમ તેને કાંઈ પણ સુમતિ આવી નહીં.

પ્રકરણ—૨૯.

કાકો અને ભત્રીજી.

આ ઉપર લખ્યો બનાવ બનતો હતો ત્યારે જે જે ગાડીઓ આવવાની હતી, તે સઘળી એક પછી એક આવી પહોંચી. પરોણાઓ પણ ન ધારેલી આ ઢીલને માટે ઘણા બેચેન થવા લાગ્યા. હવે પરોણાઓને કેમ દૂર કરવા અને શું બહાનું કહાડવું તેનો વિચાર થયો. વ્યાપારીએ તરતજ પોતાની સ્ત્રીને દિવાનખાનામાંથી બોલાવીને સઘળી બાબતનો ઉપર ટપકે સંક્ષેપમાં ખુલાશો કહ્યો અને ત્યારપછી દિવાનખાનામાં જઇને કહ્યું—"સાહેબો, મને કહેવાને અત્યંત ખેદ થાયછે કે, મિસ્તર લિબ્યુ અને તેના મિત્ર આ ઘર છોડી જતા રહ્યા છે, અને પાછા આવે તેવું લાગતું નથી. શું કારણ હશે તે તો ઈશ્વર જાણે."

ટેબલપર આવેલું ભોજન સઘળાઓએ જમી લીધું. અને બે ઘડી વાતો કરી રજા લઈ ચાલતા થયા. દિવાનખાનામાં **સ્ટેનમોર** સિવાય હવે બીજું કોઈ રહ્યું નહીં એટલે **પૉફ્લિંગટન** પોતાની ભત્રીજીના ઓરડામાં દાખલ થયો. તે પોતાની ભત્રીજીને કેવળ નિર્દોષ અને **મેકેર**ના ખરા વૃત્તાંતથી અજાણી સમજતો હતો. **મેરિયા** પોતાનું મોઢું હાથ ઉપર ટેકી, રૂમાલવતી અશ્રુઓ લુછતી હતી.

"મારી પુત્રિ સમાન **મેરિયા**, તારે માટે ખેદકારક સમાચાર લાવ્યો છું."

"મારા પ્રિય કાકા, શું તમે સર્વે જાણ્યું? તમે એની લુચ્ચાઈ પારખી?"

"શું? તુંપણ તેના નામ કામથી જાણીતી છો?"—**પૉફ્લિંગટને** પૂછ્યું—"અરે આ કેવું આશ્ચર્યકારક કે તું જાણી જોઈ એક લુચ્ચાને આપણા ગૃહમધ્યે રહેવા દીયે."

"મને મારી નાંખો, મને કચરી નાંખો."—**મેરિયા** એમ બોલતી તેના ચરણ સમીપ પડી—"હું તમારી માયાળુ ચાલને પાત્ર નથી. મેં તમારા ઉપર શરમરૂપી વાદળાં ઘેરાવ્યાં છે. ખરે હું એક મહા કંગાળ અને બેશરમી છું. મારા કાકા, મારા મન ઉપર મારૂં રાજ્ય ચાલતું નથી. હવે તમારે જોઇએ તો કાઢી મૂકો, ગમે તે કરો પણ ઠપકો દેશો નહીં."

"**મેરિયા**"—વ્યાપારી પોતાની જગ્યાએથી ઉઠતો તથા હડસેલતો બોલ્યો—"જોકે તું સારી રીતે જાણતી હતી કે **મેકેર** મારી પુંજીનું સત્યાનાશ વાળતો હતો; તોપણ તું મુંગીજ રહી. મેં તને બાલ્યાવસ્થાથી ઉછેરી પાળીને મોટી કરી, તારા તરફ નિરંતર માયાળુ અને પ્યાર ભરી નજર રાખી, તારા સુખ અર્થે અનેક દુઃખો વેઠયાં, તે સઘળાનો તું આ પ્રમાણે અમને બદલો વાળે છે?"

"મારા કાકા, મારા પ્રિય કાકા"—**મેરિયા** પગે લાગતી બોલી—"તમે ધારોછો તેવી હું ગુન્હેગાર નથી. તમને તે લૂટતો હતો તે મેં આજેજ જાણ્યું છે, હું ઉત્પન્ન કરનારના સોગન લઈ કહુંછું કે આ સઘળું મેં જાણી જોઈ કીધું નથી."

"**મેરિયા** તારી આ ધડપચ જવા દે હું તારા પીતા સમાન છું તેની પણ દરકાર ન કરતાં તેં એક લુચ્ચા ચોરનું ભલું ઇચ્છ્યું, હવે તારે જોઇએ તો તેની સાથે અથવા મરજી પડે ત્યાં જજે. તારા એક પગલાને માટે પણ મારે ત્યાં જગ્યા નથી. આજથી જીંદગીપર્યંત હું તને તજી દઉં છું."

"અરે મારાપર કરૂણા કરીઆ વચનરૂપી બાણો ફેંકવાં બંધ કરો. **મેકેર** મારા ભરથાર સમાન છે. એટલુંજ નહીં પણ મારા ભવિષ્યના પુત્રનો એ પિતા થશે." આ પ્રમાણે બોલતી **મેરિયાએ પૉફ્લિંગટનનો** એક હાથ પકડી તે ઉપર ચુમીયો લીધી તથા પશ્ચાત્તાપ કરી માફી માગી.

"કદાચ તમને એવો સંશય હોય"—**મેરિયા** ફરીથી બોલી—"કે હું તમારી પુંજીનો નાશ કરવામાં સામેલ હતી તો વારસામાં મળેલી મારી સઘળી મત્તા હું આજથી તમને આપુંછું. જો મારી હાજરી તમને કોઈ પણ પ્રકારે અણગમતી હોય તો હું અહીંથી જતી રહી કોઈ દૂરના ગામવિષે નિવાસ કરીશ. એટલું કરતાં પણ તમે મારી ન આપી શકો તો મારા કાકા, બીજું તમે કહો તેપણ કરી આપવા તૈયાર છું."

આ અતિ નમ્ર અને દયા ઉપજાવનારી વાણી સાંભળી વ્યાપારીનું પણ હૈયું પીગળી ગયું અને **મેરિયાને** પોતાની છાતી સાથે દાબીને બોલ્યો—"મને તું ક્ષમા કર હું જોઇએ તેથી વધારે ઘાતકી થયો છું, તને દિલાસો આપી તારા સુખમાં વધારો કરવાને બદલે મેં તારા દુઃખમાં વધારો કર્યો છે."

"અરે મારા બાપ સમાન"—**મેરિયા** એક લાંબો શ્વાસ ખેંચી બોલી—"જો કે તમે મારી છાતીએથી ભારી બોજો ઉપાડી લીધો છે, તોપણ મને એવું લાગેછે કે હવે વધારે દિલાસો નકમો છે, કારણ કે મારી ઘાયલ થયેલી જુવાન અવસ્થા મને વધારે જીંદગી ભોગવવા આપશે નહિ અને આજના બનાવથી લાગેલો આંચકો મારાથી લાંબો વખત ખમાશે નહીં."

"**મેરિયા,** તું આવા શબ્દો ન ઉચ્ચાર"—વ્યાપારી નેત્રો લૂંછતો બોલ્યો—"ઈશ્વર તારેમાટે લાંબી અને સુખી જીંદગી આપે."

"પરમેશ્વર તમારી ઇચ્છા તૃપ્ત કરે"—**મેરિયા** બહારથી હસમુખો ચેહેરો કરી બોલી જો કે અંતરમાં તો આતશના ભડકા ઉઠતા હતા—"હવે હું તદન શાંત છું મને કહો કે તમને આ વાત કોણે કહી? **સ્ટેનમોર** હમણાં આવ્યો તેણે તો તમને નથી કહી? મારા અપમાનની પણ તેને ખબર છે?"

"હું અસત્ય તો કહેનાર નથી તે સઘળી બીનાથી જાણીતો હોવા છતાં તારે માટે ઉચો અને દયાળુ વિચાર ધરાવેછે. **મેકેર** અહીંથી જતો રહ્યો છે અને તેને ફરીથી જોવા તારે આશા રાખવી નહિ"—એમ કહી વ્યાપારી **સ્ટેનમોર** પાસે દિવાન ખાનામાં ગયો. "મારૂં **લન્ડનમાં** રહેવાનું થોડું થશે, પણ હું જાઉં તે અગાઉ મારે કહેવું જોઈએ કે હું તમારા **પેરિસના** આડતીયાની મુલાકાતે ગયો હતો"—**સ્ટેનમોરે** વાત ચલાવી.

"હં, હં"—**પૉક્લિંગટન** બોલી ઉઠયો—"અને ત્યાં શું તમે ખરા **લિબ્યુને** જોયો?"

"નહિ, એમાં તો વળી કંઈ બીજોજ ભેદ સમાયલો છે"—**સ્ટેનમોરે** ઉત્તર દીધો—"**લિબ્યુ** આજથી છ સાત અઠવાડીયાં અગાઉનો આપણી તરફ આવવા માટે રવાને થયેલ જણવામાં આવ્યો છે. **મેકેર પેરિસ** પણ આવ્યો હતો, અને તેણે **લાલમેન્ડને લિબ્યુ** વિષે આડું અવળું સમજાવ્યું, એટલુંજ નહિ પણ સટ્ટાને બહાને સાત આઠ હજાર પાઉન્ડ પણ પડાવી ગયો. ધૈર્ય મોટી વાત છે અને વખત ગયે સૌ સારૂં થશે."

"પણ ખરા **લિબ્યુનું** શું થયું હશે? **મેકેરે** તેનું ખૂનતો નહિ કર્યું હોય? પણ તેવું બને તેમ નથી કારણ કે **મેકેર** કોઇ દિવસે કે રાત્રે લાંબો વખત બહાર રહ્યોજ નથી."

"ધારણા બાંધવી નકામી છે"—**સ્ટેનમોર** બોલ્યો—"વખત જતાં સઉ ખુલ્લું થશે" એમ કહી તથા **પૉક્લિંગટન** સાથે શેકહેંડ કરી **પેરીસ** જવાના મનસુબાથી નીચે ઉતર્યો.

પ્રકરણ—૩૦.

પત્ર વ્યવહાર.

સ્ટેનમોરના કહી દેવાથી અને પોતાના આશારૂપી કિલ્લાઓનો નાશ થવાથી **મેકેરની** મતિ મુંઝાઈ ગઈ અને ચિત્રમાં આળખેલી પ્રતિમા હોય તેમ સ્થિર થઈ બેઠો, પણ થોડાજ વખતમાં તેની બુદ્ધિ પાછી ઠેકાણે આવી ત્યારે **સ્ટેનમોર** અને પોતા વચ્ચે બનેલો સઘળો બનાવ **બરટ્રેંડને** પોતે કહ્યો. **મેકેરનો** આવો શોકાતુર અને પડી ગયેલો ચેહેરો **બરટ્રેંડે**

આજેજ જોયો. ધનનો સમૂહ દૃષ્ટીએ પડયો હતો, પણ અફસોસ! હાથ લંબાવતાંજ જતો રહ્યો. એટલું છતાં પણ **મેકેર** ઉત્સાહ રહિત થયો નહિ. **મેરિયા** તથા તેની પુંજી હજી પણ તેના હાથમાં આવશે એવી તેની પૂર્ણ ખાતરી હતી. ઉપરાંત **મેરિયાનો** પ્રેમ પણ તેની તરફ ઘણો ઘાટો હતો. આ પ્રમાણે ખુશીના તારા એક પછી એક તેના હૃદયમાં પ્રકાશવા માંડ્યા, અને એ યત્ન જીવિતપર્યંત ચાલુ રાખવા તેણે નિશ્ચય કર્યો. પોતાની ખુશી દર્શાવવા **બરટ્રેંડની** પીઠ ઠોકી તે બોલ્યો.—"ખુશી થા મારા મિત્ર, હજી કંઇ સઘળું ગયું નથી. મારાપર ભરૂસો રાખ, અને જય થવો ચોકસ છે."

"જ્યારે પણ આપણો રચેલો ઘાટ વ્યર્થ જતો"—**બરટ્રેંડે** કહ્યું—"ત્યારે તું પ્રત્યેક વખતે મને દીલાસો આપતો. પણ આજના બનાવથી હું તદ્દન ઉત્સાહ રહિત થયો છું."

"**બરટ્રેંડ**, તું હિમ્મત રાખ"—**મેકેરે** ફરીથી દિલાસો દીધો—"જ્યાંસુધી આપણે સ્વતંત્ર છઇએ ત્યાંસુધી કોની દરકાર છે? કેમ બોલતો નથી."

"આપણે કયે રસ્તે અને કયાં જવું ધાર્યું છે?"—**બરટ્રેંડે** પૂછ્યું.

"**બોરો** તરફ, કારણ કે છુપાઈ રહેવા માટે તે જગ્યા ઘણી સારી છે. મેં મારા મનમાં અનેક યુક્તિ રચી છે જેથી **મેરિયા** હજી મારા હાથમાં આવશે. તરત વેળા ખર્ચ માટે ૨૦૦ પાઉન્ડ મારી પાસે છે."

મેકેર અને તેનો સાથી ઉતાવળાં પગલાં ભરતાં **બોરોમાં** યુનીયન મહોલ્લાના નાકાપર આવી લાગ્યા, **મેકેરે** આસપાસ નજર કરી ખાત્રી કરી કે આ મહોલ્લો તેઓને જોઇએ તેવો હતો. થોડુંક આગળ ચાલી તેણે એક ઘરનું બારણું ઠોકયું જે એક વિધવાએ આવીને ઉઘાડ્યું.

"કોઈ ઓરડો ભાડે આપવાનો છે?"

વીધવા હા પાડતીકને તેઓને ઉપલે માળ લઈ ગઈ.

"હા આ જગ્યા અમને ચાલશે"—**મેકેર** સઘળે જોઇને બોલ્યો—"ભાડું શું"?

"અઠવાડીયાની એક ગીની, મારૂં નામ **ડિલકીન** છે. પણ ભાડું આગળથી લેશું."

"આ રહ્યા પૈસા મીસીસ **ડિલકીન**, હવે એક મજૂર જોઇએ જે મારે આગલે ઉતારેથી મારો સામાન લઇ આવે. પણ તે માણસ વિશ્વાસપાત્ર જોઇએ, કેમકે ગામમાં મારાપર અર્ધ લાખનું કરજ છે, તેથી મારૂં નામ તથા ઠેકાણું હું જાહેર કરવા ઇચ્છતો નથી."

"તે માટે તો તમે ચિંતારહિત થાઓ, હું માણસ લાવીશ તે ઈમાનદારજ હશે અને મારે વિષે પૂછતા હોતો હું તો મુદ્દલ બોલકણી નથી અને ખાસ કરીને મારૂં ભાડું ચડેચડયું મળ્યું તો હું મુંગીજ થઈ બેસું."

"બહુ સારૂં મીસીસ **ડિલકીન**"—**મેકેરે** જોયું કે સાંભળનાર હોયતો ડોસીની વાતો ખૂટે તેમ નથી—"હવે માણસ તાકીદે લાવો."

મેકેર અને **બરટ્રેંડે** ઓરડો સાફસુફ કરાવી પા એક કલાક આશાએશમાં ગાળ્યો. એટલામાં એક મજૂર આવ્યો.

"લે, આ ચીઠી બતાવ્યાથી તને મારો સામાન આપશે તે લઈ આવજે."—**મેકેરે** કહ્યું—"અને તું કયાંથી આવ્યો તે પૂછવામાં આવે તો કેસ્ટલ હૉટલનું નામ દેજે. બીજું અમે આજેજ રાત્રે સાત વાગતે **ડોવર** ખાતે ઉપડી જનાર છઈએ, તેપણ તેઓને જાણ કરજે."

"ઠીક સાહેબ"—એમ કહી તે માણસ જતો રહ્યો.

મેકેર તથા **બરટ્રેંડ** વાતોમાં ગુંથાયા હતા એટલામાં ઉપરના માળ ઉપર રહેતો ભાડુત, દાદરના કઠેરાપર નમીને બોલ્યો—"મીસીસ **ડિલકીન**, નાસ્તો તૈયાર હોયતો જલદી લાવો, સાથે તાજું માંખણ, ગરમ કાફી તથા દૂધ, પા એક રતલ મલાઈ અને સવારનું નીકળતું વર્ત્તમાનપત્ર લેતાં આવજો."

આ અવાજ આપણા **બરટ્રેંડે** ઓળખી કાઢયો અને ઝપાટા સહિત દાદર ચડી તેની ઓરડીમાં જઈ બોલ્યો—"અરે **આાકટેવસ**!"

"શું કાઉન્ટ, તમે પણ અહીં આવી લાગ્યા"—વગર શરમાયે **લીન્ડસે** એ ઉત્તર દીધો.

"તે બધું ઠીક પણ તે દિવસે તમે ઠીક રમત રમ્યા હો."

"પણ તે સઘળું વ્યવહારિક રીતીથી કીધું છે."—**આકટેવસે** જવાબ દીધો—"કારણ કે હું તરતજ તમારી કાઉન્ટની પદવી સમજી ગયો પણ હવે એ સઘળું પડતું મૂકી આપણે સલાહ કરી મિત્ર થઈએ. મારા જેવો બીજો મિત્ર મળવો દુર્લભ છે."

"કોની સાથે વાતો માંડી **બરટ્રેંડ**, એને આપણા દિવાનખાનામાં લેતો આવ."—**મેકેરે** કહ્યું.

"આ મીસ્ટર **લીન્ડસે** છે"—**બરટ્રેંડે** પરસ્પર ઓળખાણ કરાવવા માંડી.—"અને આ મારા મિત્ર મોનશ્યુર (શેઠ) **મેકેર** છે."

"છો, નામની શી જરૂર છે"—**લીન્ડસે** બોલ્યો—"જેમ આપણે વારે ઘડીયે ઘર બદલીએ છીએ તેમ હું તો નામ પણ બદલું છું મને તો ગમે તે નામથી બોલાવો."

"ધન્ય છે, તમારૂં કહેવું બોલે બોલ વાસ્તવિક છે"—**મેકેરે** કહ્યું.

"તમને ધીમે ધીમે માલમ પડશે હું કેવો ઉપયોગી માણસ છું."

"ખરે તમે મને કામ લાગી શકશો, એવું ધારૂંછું."—**મેકેર**ને સેહેજ ભરૂસો આવ્યો—"જેમ તમે **બરટ્રેંડ**ને ઓળખ્યો, તેમ હું તમને ઓળખી શકુંછું."

"મને પણ એટલુંજ જોઇએ છે."

"ઠીક ત્યારે સાંજના છ વાગતે તમે અમારી સાથે ભોજન લેજો. અને ત્યાર પછી હું તમને મારા કામથી વાકેફ કરીશ"—**મેકેરે** કહ્યું.

"કબુલ છે, એમ કહી **આકટેવસ** જતો રહ્યો અને **મેકેર** એક ચીઠી લખવા બેઠો.

"મારી વહાલી મેરિયા, જો કે હું તારાથી વિખૂટો પડયો છું તોપણ મારૂં રૂદય તારાજ વિચારથી ભરપૂર પડ્યું છે, એટલુંજ નહીં પણ તારા કોમળ શરીર અને ચંદ્રસમાન તેજસ્વી મુખનો પરતપો મારા હૈયામાં નિરંતર પ્રકાશે છે. જો કે મારા શત્રુઓના કાવાદાવાથી આપણા સુખકર કિલ્લા પડી ભાગ્યા છે, તોપણ મારી પ્રિય મેરિયા તું તારા જુલમગાર સગાઓના ઘરમાંથી નહાશી તારા આશકને અવશ્ય આવી મળીશ એવી મારી પૂર્ણ ખાત્રી છે. બીજું તને ખબર છે કે અત્યાર સુધીમાં હું તારી સાથે ઠગાઇ રમ્યો નથી, મારૂં નામ સુદ્ધાં પણ મેં તને જાણવા દીધું છે એટલુંજ નહીં પણ આ જીંદગીનો રસ્તો કાંટા અથવા ફૂલથી ભરેલો હોય તોપણ મારી સાથે કાપવાના તેં પવિત્ર સોગન ખાધા છે. અવી દુ:ખી સ્થિતિમાં હું કોની સહાય માગું. છેલ્લું, મારી પ્રાણ સમાન મેરિયા, જો તું તારા સોગન અને વચન સ્મરણ કરી તે પ્રમાણે નહીં વર્ત્તીશ તો હું થેમ્સ નદીના શીતળ પાણીમાં પડી આત્મઘાત કરી તું વિનાની મારી આ કંગાળ જીંદગીનો અંત આણીશ. તારી સાથે પત્ર વ્યવહાર છુપી રીતે કેમ કરવો તેવિષે જો કોઇ ગોઠવણ થાય તો મારા વિચારો હું તને ઘણી ખુશીથી દર્શાવીશ. આ પત્રનો ઉત્તર પણ તેના લાવનારનેજ આપજે. એ ચીઠીનો પ્રત્યુત્તર મને જરૂર જોશે, અને તેમ ન થયું તો મારા મોતના સમાચાર સાંભળવા સજ્જ થજે. જેમ જવાબપર મારૂં ખરૂં નામ તથા ઠેકાણું લખવાની અગત્ય નથી, તેમ મારી પ્રિય મેરિયા આ ચીઠીમાં લખનારનું નામ ન હોયતો તું પણ આશ્ચર્ય થઇશ નહીં."

"લખી રહ્યા પછી તેની બને તેટલી નહાની ઘડ વાળી, જેથી **મેરિયા**ના હાથમાં સરકાવી દેવાને સુગમ થાએ.

આ પ્રમાણે થઈ રહ્યા પછી **મેકેર**નો શોકાતુર ચેહેરો એક વાર ફરીથી ખુશીમાં આવ્યો અને તેની આશાના અંશો પણ એક પછી એક પ્રકાશવા લાગ્યા. એક કલાક પ્રસાર થયો. અને તેઓએ મોકલેલો મજૂર સામાન લઇ પાછો આવ્યો.

"સાહેબ, એક બુઢો જે ઘરધણી જેવો લાગતો હતો તેણે આ સઘળી ચીજો બાંધીને તૈયાર રાખી હતી. તેણે તમારૂં ઠેકાણું પૂછ્યું, અને મેં તમારા શીખવ્યા પ્રમાણે સઘળો ઉત્તર દીધો."—આ પ્રમાણે કહી તે જતો રહ્યો અને **મેકેરે** જમવાનું લાવવાનો હુકમ કર્યો.

"**આકટેવસ** ઘણો ભલો માણસ છે"—**મીસીસ ડીલકીને** વાત કરવા માંડી—"આજે

બે વર્ષ અગાઉ જ્યારે મારા રૂપાના કાંટા ચમચા ખોવાઈ ગયા ત્યારે તેનીજ ખોળમાં બિચારાએ આખી રાત કાઢી"

"આજે તો કંઈ જબરી ભૂખ લાગી છે"—**લીન્ડસે** ડપોડપ કોળીઆ ઉતારતો બોલ્યો.

અર્ધ કલાકમાં સઘળાં જમી રહ્યાં, અને **લીન્ડસે** પણ સમજાવટ અનુસાર **મેકેર**નો કાગળ લઈ ચાલતો થયો.

પ્રકરણ—૩૧.

પત્રનો ઉત્તર.

મીસીસ **પૉકલિંગટન** તથા **મેરિયા** ચુલા આગળ બેશી ટાઢની નિવૃત્તિ કરતા હતા. માત્ર થોડાજ કલાકના બનાવથી **મેરિયા**ના વિચાર તથા દેખાવમાં અજબ ફેરફાર થઈ ગયો. બીડાયેલા કમળમાં ભ્રમરની પેઠે તે પોતાના આવાસમાં ખેદથી બેઠી હતી. તેનો ચહેરો તદ્દન ફીકો લાગતો હતો. એક હાથ ખુરશીપરથી નીચે ઝુલ્યા કરતો, જ્યારે જમણો હાથ તેના વિખરાયલા બાલો કે જે સમારવાની તેને હવે દરકાર હતી નહીં તે સાથે રમ્યા કરતો હતો કારણકે તે બાલોની સફાઈ, ચળકાટ, અને ગુંથણીની પ્રસંશા કરનાર આ પ્રસંગે હતો નહીં તેમ તેને ફરીથી મળવાનો પણ સંભવ ન હતો. ટૂંકમાં તેનું મન દુઃખદાયક વિચારોનું ભોગ થઈ પડયું હતું. પોતાની આબરૂ તથા માન પાછું મેળવવાનો રસ્તો **મેકેર**થી હમેશાં છૂટાં રહેવાનો છે, એવું તેને જાણ હોવા છતાં તે **મેકેર**ને પોતાના પ્રાણથી વધારે ચહાતી હતી. **મેકેર**ની પાકીટો લેવા આવનાર મજૂર અને પોતાના કાકા વચ્ચેની વાતો પણ તેણે સાંભળી હતી અને તેમાં મુખ્ય કરીને આજેજ રાત્રના **મેકેર**નું **ફ્રાન્સ**માટે ઉપડી જવું તેને ડંખ સમાન લાગ્યું. એકાએક તેઓએ પોતાની વાતો બંધ કરી કારણકે કોઇએ દરવાજો ઠોકયો. ચાકરે આવીને કહ્યું—"**લીન્ડસે** નામનો કોઈ ગૃહસ્થ તમારી સાથે વાત કરવા ઇચ્છે છે."

"તું અહીંથી જતી રહે **મેરિયા**"—**પૉકલિંગટન**ની સ્ત્રી બોલી.

મેરિયા તરતજ ઉઠી અને જ્યાં **લીન્ડસે** ઉભો હતો તે ચાલમાંથી જવા લાગી.

"શું? તમારૂં નામ **મેરિયા**"—**લીન્ડસે** ધીમે સાદે બોલ્યો જેને **મેકેરે** પોતાની પ્રિયાના મધૂર ચેહેરાનું પૂરતું એંધાણ આપ્યું હતું.

"હા"—મેરિયાએ ઉત્તર દીધો.

"હું તમારી કાકી સાથે ગપાટા મારતો અર્ધો કલાક કાઢીશ"—**લીન્ડસે** ચીઠી આપી બોલ્યો, અને તરતજ વ્યાપારીની સ્ત્રી આગળ ગયો.

"આ મારા કવખતના પગ પેસારા માટે ક્ષમા માગુંછું"—**લીન્ડસે** નમનતાઈથી બોલ્યો—"હું ધારૂં છું કે નામદાર વ્યાપારી **પૉકલિંગટન** અહીંજ રહેછે? મારે કંઈક વ્યાપારસંબંધી કામ છે. હું **લિવરપુલ** સાથે મોટા પાયા ઉપર વ્યાપાર ચલાવું છું તેમાં ખાસ કરીને ફ્રેંચવાઈન–કાપડ અમેરિકાનું રૂ, હિંદુસ્થાનની પેદાશ, ચીનાઇ અજાએબીઓ, જરીકામ, રેશમ વગેરે બીજું ઘણુંએ ચડાવું છું."

"હં, હં"—**પૉકલિંગટન**ની **સ્ત્રી** બોલી—"અહીં બાજુમાંજ મીસ્ટર **પૉકલિંગટન** ઑફીસ મધે બેઠા છે. તમે તેની સેહેલથી મુલાકાત કરી શકશો."

"મારૂં નામ **લીન્ડસે** છે"—આ ચતુર પુરુષ ઑફિસમાં પેસતાંજ બોલ્યો—"હું **લિવરપુલ**નો વ્યાપારી છું અને તમને મારા આડતીયા તરીકે નીમવાનો વિચાર છે."

"પ્રથમ તો મારે તમને જણાવવું જોઈએ"—વ્યાપારી વચ્ચમાંજ બોલી ઉઠયો.—"કે હાલ મારે માથે એક જબરૂં કુંટુંબી અભાગ્ય આવી પડયું છે—

"અરે"—**લીન્ડસે** એ જેમ બને તેમ વાત લંબાવવા માંડી—"મને પણ તમારી જેમ અગાઉ ઘણુંએ ખમવું પડેલ છે. મારી વહાલી સ્ત્રીને ગુજરી ગયે—

"દુઃખ તો સૌને હોય"—વ્યાપારી શોકજનક ચેહેરે બોલ્યો—"પણ માફ જરા વધારે ભારી છે. ખરૂં પૂછો તો મારે ધંધો બંધ કરી થોડાજ દિવસમાં લન્ડન છોડી જવું છે."

"ત્યારે તો હું દલગીર છું કે આપ મારા આડતીયા થઇ નહિ શકો. સાહેબજી આ પ્રમાણે બોલતો **લીન્ડસે** **મેરિયા**ના ઓરડા આગળથી પ્રસાર થયો. પગલાં સાંભળી **મેરિયા** પણ બહાર ચાલી આવી અને **લીન્ડસે**ના હાથમાં એક ચીઠી આપી જતી રહી. **લીન્ડસે** નીચે ઉતરી બગી ભાડે કરી મીસીસ **ડીલકીન**ને ત્યાં ઉતર્યો અને ત્રણ ત્રણ પગથીયાં ચડતો **મેકેર**ના ઓરડામાં આવ્યો. તરતજ ચીઠી ટેબલપર નાંખી દઇ જાણે બહુ થાકયો હોય તેમ ખુરશીપર બેઠો. **મેકેરે** અધીરજથી ચીઠી ઉપાડી ખોલી અને વાંચવા માંડયું.

"હું તદન મુંઝાઇ ગઇ છું અને શું કરવું તે સૂઝતું નથી. મારા અંધારા મગજમાં પ્રકાશ પડતો નથી, મારો કાકો મને વારેઘડીયે કહેછે કે આ તારો અભાગ્યો પ્યાર તારા પૈસા આબરૂ અને સુખનો શત્રુ છે, અને જો હું પણ તેઓની સલાહ માનું તો મારે તમારા વિષેના સર્વે વિચારનો પરીત્યાગ કરવો જોઇએ. મારી વર્તમાન સ્થિતિ સુડી વચ્ચે સોપારી સમાન છે. જેમ તમને ના પાડી શકાતી નથી તેમ મારા કાકાનું વેણ ઉલંઘન કરી શકતી નથી એટલું છતાં પણ મને તમારા દર્શન યોગ્ય પત્રથી મળ્યા તુલ્ય મહા આનંદ સહિત દિલાસો મળ્યો છે. તમે મ્હારી સાથે કંઇ પણ છળ રમ્યા નથી, એ સત્ય છે. તમારા સુખ દુઃખમાં ભાગ લેવાનું મેં અંગીકાર કર્યું છે. ખરેજ તમારી પૂંઠે આવવાનો મારો પૂરતો વિચાર છે, પણ હજી મારે થોડો વધારે વિચાર કરવો બાકી છે, જે અરસામાં તમે વધારે લખાણ કરશો નહિ. તમને કંગાળ થતાં મારાથી કેમ જોઇ શકાય, મારા શીરતાજ, આપઘાતનો ભયંકર વિચાર અમલમાં લાવવો તમે માંડી વાળજો. દાસી ચારલોટ મારી વિશ્વાસુ થઇ છે, અને મારે માટેની ચીઠી તે સહીસલામત આપશે."

"બરાબર જેવું જોતું હતું તેવુંજ થયું. મારા મિત્ર, લે આ વિંટી"—**મેકેરે** **આકટેવસ**ને કહ્યું, જે ભેટ લઇ જતો રહ્યો.

પ્રકરણ—૩૨.

મેકેરની હાર.

આ ઉપલા બનાવને એક પખવાડીયું થઈ ગયું જે અરસામાં **મેકેરે** પત્રવ્યવહાર ચાલુજ રાખ્યો હતો, જેમાં વારે ઘડિયે નહાસી આવવા **મેરિયા**ને તે લખતો. **મેરિયા**એ જાણ્યું કે હવે માતા થવાની વેળા આવશે અને ખરે! તે વિચારોથી તે ઘણીજ મગ્ન થતી, પણ તે દિવસ દીન પ્રતિદિન સમીપ આવવા લાગ્યો, જરૂર તેનો કંઈક પણ ઉપાય કરવો જોઈએ. **મેકેરે** તો વળી એક બીજી ચીઠી લખી મોકલીઃ—

"આપણા હવે પછી જન્મનાર પુત્રના સમ આપી કહુંછું કે તારે વગર વિલંબે તારા કાકાના ઘરમાંથી નહાસી આવી મારી સાથે ધારા અનુસાર પણ છૂપી રીતે લગ્ન કરવાં. ઉપરાંત હું તને તારા વચન તથા પ્રતિજ્ઞા યાદ આપી કહુંછું કે જો તેમાં તું નિષ્ફળ ગઇ તો નિઃસંશય જાણજે કે હું આ સૃષ્ટિમાં હતોજ નહીં. હવે છેલ્લું એટલુંજ કહુંછું કે આવતી કાલે રાત્રે દશ વાગતે તું તારા કાકાના ઘરમાંથી નહાશી મને એકસચેંજ આગળ મળજે, જ્યાં હું તારી વાટ જોતો ઉભો રહીશ."

આ પત્ર વાંચતાંજ **મેરિયા**ના પ્યાર અને ધર્મ વચ્ચે લડાઈ જાગી. પોતાના ભવિષ્યના ભરથાર જોડે મળવાનું તેને ઘણુંજ પ્રિય હતું પણ તે સાથે પોતાના તરફ માયાળુ અને મીઠી નજરે જોનારાં સગાંઓને કેમ તજી દેવાય? વળી તેને **મેકેર**ના આપઘાતનો પણ ભય લાગતો તેમ નહાસી જતાં પકડાઇ જવાની પણ અતિશે ધાસ્તી લાગતી. અંતે જોખમ ખેડીને પણ ઠરવેલે વખતે **મેકેર**ને મળવાનો તેણે નિશ્ચય કર્યો. આ કાગળ **મેરિયા**ને મોડી સાંજના મળ્યો હતો. જે ઘરમાં તે બચપણમાંથી ઉછરી મોટી થઈ હતી તેમાં હવે માત્ર ચોવીસ કલાક કાઢવા બાકી હતા. આ વેળાએ તે પોતાના ખાનગી ઓરડામાં બેઠી હતી, કે જે ઓરડાની ચારે દિવાલોએ પણ તેને છોકરીમાંથી સ્ત્રીપણામાં આવતી જોઇ હતી, એટલુંજ નહીં પણ જ્યાં વિચારવા, રૂદન કરવા, હાસ્ય કરવા વગેરે પોતાને મન ગમતું કરવાને તે શક્તિમાન હતી. તેણે

વિચાર્યું કે જો તે પોતાની મરજીને આધીન નહીં થાય, તો શોકરૂપી કીડો દિનપ્રતિદીન મહોટો થઈ પોતાના ચહેરાની ખુબસુરતીનો અહાર કરશે એટલુંજ નહીં પણ જે નેત્રો હમણાં દીપકસમાન તેજસ્વી લાગેછે, તેપણ નિરંતર વહેતી અશ્રુની ધારાથી ઝાંખાં પડશે.

એવી કલ્પના કરતી તે ચોંકીને ઉઠી પણ તરતજ શાંત થઈ બાકીનાં કપડાં પહેરી લઈ નાસ્તાનેમાટે ટેબલ આગળ ગઇ, તેનો કાકો જે હમેશ આ વખતે ઑફીસમાંજ રહેતો, તે પણ ટેબલપર બેઠો હતો. **મેરિયા**ને આવતી જોઇ તે ઉઠયો અને ઘણાજ હેતથી **મેરિયા**ને ભેટીને તેના શ્વેત કપાળપર ચુમી લઇ બોલ્યો—"મેં ઑફીસનો કાર્યભાર બંધ કીધો છે, અને તેથી કાલે સવારના કેન્ટરબરી જવાનો વિચાર રાખ્યો છે, તું પણ તૈયાર થઇ રહેજે."

આ સાંભળી તેણે એક ઉંડો નિશ્વાસ મૂકયો. પણ કંઇ ઉત્તર આપ્યો નહિ; ધીમે પગલે સવાર જતી રહી. એકફેર પોતાના કાકાને પગે પડી પોતાના નહાસી જવાના વિચાર માટે માફી માગવાનો તેને સેંકડો વાર વિચાર થતો, પણ શું કરે! લાચાર, કારણ કે બીજી ફેર **મેકેરે** તો આપઘાત કરવાના સોગંન લીધા હતા.

રાત્રે વાળુ કરવાનો વખત થયો અને મિનીટો પણ પસાર થતી કલાકને અથડાવા લાગી. હવે તો સૂવા જવાનો પણ વખત આવ્યો. તે પોતાના કાકા તથા કાકીને ભેટી સુવાના ઓરડામાં ગઇ. વ્યાપારી પણ હમેંશ કરતાં વહેલો સૂતો. સઘળું શાંત અને ચૂપ હતું એવામાં પાસેના ઘડિઆળમાંથી દશનો ટકારો થયો. **મેરિયા**એ તરતજ તૈયાર થઈ એકાદું ગરમ કપડું ઓઢી લીધું અને સાથે લેવાની થોડી ચીજોનું એક પોટલું પણ બાંધી સાથે લીધું. વગર અવાજે અને હલકે પગલે એક હાથમાં મીણબતી અને બીજામાં પોટલું લઈ તે દાદર ઉતરવા લાગી. રસ્તા તરફનો નીચેનો દરવાજો ઉઘાડી મીણબતી ઓલવીને પડતી મૂકી. બહાર નીકળી સંભાળથી દ્વાર પાછો બંધ કીધો અને આગળ પગલાં ભર્યાં. રસ્તામાં આવજાવ હતી નહિં અને થોડીજ વારમાં **મેરિયા** નિયમિત સ્થળે આવી પુગી. હવે એક મોટા ઝબામાં વિંટાએલો આકાર તેની તરફ આવવા લાગ્યો.

"શું! **મેરિયા**?"—**મેકેર**નો ધીમો અવાજ સંભલાયો.

મેરિયાએ કંઇ ઉત્તર દીધો નહિં પણ ઘણીજ હરખાતી તેની આગળ દોડી ભેટી પડી.

"મારી વહાલી"—**મેકેર** બોલ્યો—"તને તારી રાત્રની ચાલથી પસ્તાવું પડશે નહિં, પણ ચાલો આપણે જતા રહીયે. મેં એક સારી જગ્યાની સગવડ કરી રાખી છે, જ્યાં તું આજનો અવશેષ સમય વ્યતીત કરજે અને સવારના મારી સાથે રીતસર લગ્ન કરજે."

આ વખતે દૈવયોગે સામેથી એક બીજો કોઇ માણસ આવ્યો જેણે **મેરિયા**નો ચેહેરો ઓળખી કાઢયો.

"શું **મેરિયા**!"—તે અત્યંત સમીપ આવીને બોલ્યો.

"**સ્ટેનમોર**!"—**મેરિયા** રાડ પાડતી પોતાના આશકને વળગતી બોલી.

"તું શું કામ આવ્યો"—**મેકેર** બોલી ઉઠયો.

"અરે! **મેકેર** અને **મેરિયા**!!"—**સ્ટેનમોરે** **મેકેર**નો પણ સાદ ઓળખી કાઢયો—"ખરે, આતો ભાગ્યશાળી થયું કે મારૂં **પેરિસ** જવાનું કોઈ કારણસર અટકયું. લુચ્ચા! વળી મારે તારી આશાનો ભંગ કરવો પડશે."

"માત્ર મારેજ ખાતર તમે એને કાંઇ અઘટિત કહેશો નહિં, તેમ હરકત પણ કરશો નહિં, હું તમે કહો તેમ કરવાને તત્પર છું."

"હું એને કાંઈ પણ હરકત કરીશ નહિં"—**સ્ટેનમોરે** કહ્યું—"પણ તે એકજ સરતે કે તું મારી સાથે પાછી ચાલ અને જો એ આડે આવશે તો, હું પ્રતિજ્ઞાપૂર્વક કહુંછું કે તરતજ એ દુષ્ટને સિપાઇને હવાલે કરીશ."

"આપણે ફરીથી પણ ભેળા થશું"—એમ કહી **મેકેર** લાંથી ચાલતો થયો. રસ્તે

ચાલતાં **મેરિયા** તથા **ચાર્લસ** વચ્ચે એક શબ્દ પણ બોલાણો નહિ. **પૉર્કલિંગટનના** ઘર આગળ આવતાં **સ્ટેનમોરે** તેનો દરવાજો ઠોકયો જે દાસી **ચારલોટે** ઉઘાડયો.

"**મેરિયા**"—**સ્ટેનમોરે** કહ્યું—" જો તારી ઓરડીમાં જઇ પુગ. તારા કાકાને એ વાતની ખબર પડી નહિ હોય. **ચારલોટ** તારે પણ આ વાત છૂપીજ રાખવી. ને લે આ તેનો બદલો "—એમ કહી **સ્ટેનમોરે** થોડીક રકમ કાઢી આપી અને જતો રહ્યો.

મેરિયા પણ ચુપાચુપ આવી હતી તેમ પાછી ઓરડામાં પેશી ગઈ. હવે તેની વૃત્તિ જરા શાંત થઈ અને સુવા જવાનો વિચાર કીધો. ઉંઘ તરતજ આવી, જે ઘણી શાંત હાલતમાં ગુજાર્યા બાદ તે સવારના આનંદિત પ્રકૃતિ સહિત ઉઠી. કપડાં પહેરી **મેરિયા** નાસ્તામાટે નીચે ઉતરી, અને અપાર હર્ષ સહિત વિચાર્યું કે ગઈ રાત્રનો બનાવ હજી અંધારામાંજ હતો. આઠ વાગવા આવ્યા. પ્રવાસનેમાટે મંગાવેલી ગાડી પણ આવી પહોંચી. **મેકેર** ઉપરની એક ચીઠી લખી **મેરિયાએ** પોતાની વિશ્વાસુ ચાકરડીને આપી અને હવે સઘળા ગાડીમાં બેઠા. થોડી વારમાં તો ગાડી **ડોવરના** રસ્તાપરથી દોડી જતી હતી.

પ્રકરણ—૩૩.

ડેન જોન.

ઉપલા પ્રકરણમાં દર્શાવેલ બનાવને થોડાક દિવસ થઇ ગયા અને વ્યાપારી તેની સ્ત્રી તથા **મેરિયા કેન્ટરબરીના ડેન જોન** નામના રસ્તાપર વિવિધ વિષયો ઉપર ચરચા કરતાં આગળ વધતાં હતાં. થોડી વારમાં સામેથી એક વૃદ્ધ દેખાવનો પુરૂષ તેઓની સમીપ આવ્યો અને અત્યંત નમૃતાપૂર્વક પૂછ્યું.—"કૃપા કરી કહેશો કે આ **ડેન જોન** ઉપર કોઈ **સ્મિથ** નામનો ગ્રહસ્થ રહેછે."

આ વૃદ્ધ જે અટલો વખત થયો **મેરિયા** તરફ નિહાળી નિહાળી જોતો હતો તે સર્વેને નમી સલામ કરતો જતો રહ્યો. આ વૃદ્ધ પુરૂષે ભૂરા વર્ણની ઝુલતી ટોપી પહેરી હતી. ડગલો જોઇએ તેથી વધારે મોટો અર્થાત્ ઢીલો પડતો હતો. ચહેરા ઉપર ડાઢી તથા મુછ સારી પઠે અને ઘાટા વનની પેઠે ઉગી હતી, જે કુદરતી અથવા તો રસાયણી બળથી ધોળી કરવામાં આવી હતી. બહુરંગના મોટા કાચવાળો ચસ્મો નાક ઉપર રહી ગયો હતો. આ પુરૂષ બરડામાંથી થોડો નમેલો, અને વાત પણ સહજ ધ્રુજતાં ધ્રુજતાં કરતો હતો.

પ્રિય વાંચનાર આ સઘળો ભેદ ખુલ્લો કરવો એ થોડાજ શબ્દનુ કામ છે. આ વૃદ્ધ ગ્રહસ્થ તે કોઇજ નહીં પણ આપણો હિમ્મતવાન અને ચતુર ચોર **મેકેર** હતો.

મેકેરની મરજી એવી હતી કે એવા દેખાવમાં **પાર્કલિંગટન** સાથે મળતાવડા થઈ એક વાર ફરીથી પણ તેના ઘરમાં પ્રવેશ કરવો, અને **મેરિયા** સંબંધી પોતાની ધારણા પાર પાડવી. **બરટ્રેંડને** તો ઈંગ્લંડમાંજ મૂકી આવી પોતે કેન્ટરબરીની **રોઝ** હૉટલમાં ઉતર્યો હતો. બીજે દીને પણ **પાર્કલિંગટન** તથા તેનું કુંટુબ, એજ રસ્તાપર ફરવા નીકળ્યું હતું, જ્યાં વળી સામેથી એજ ઘરડો પુરુષ ગઈ કાલનીજ જગ્યાએ પાછો ભેળો થયો અને હવા તથા દેખાવની થોડી વખાણ કરી ચાલતો થયો. હવે **પાર્કલિંગટન** વગેરે ચાલતાં એક ટેકરી આગળ આવી પુગ્યાં. જે ઉપર ધીમે ધીમે અને સંભાળથી તેઓ ચઢ્યાં અને ત્યાં પેલોજ વૃદ્ધ પુરૂષ (**મેકેર**) એક બાંકડા ઉપર બેઠો ચોપડી વાંચતો હતો. થોડીવારમાં **મેકેર** અને વ્યાપારી વાતોમાં ગુંથાયા અને તેમાં **મેકેરે** દર્શાવા માંડયું—"હું જાતે જરમન છું અને વિનોદ અર્થે યુરોપનાં ગામડે ગામડાં જોવાનો મેં વિચાર રાખ્યો છે. કેન્ટરબરીનો દેખાવ વધારે સુંદર અને રળિયામણો છે, તેથી અહીંતો હું બે ચાર અઠવાડીયાં રહીશ."

મેકેરની ધારણ કરેલી આ ધ્રુજતાં બોલવાની ઢબ **મેરિયાને** આશ્ચર્યકારક લાગી પણ બીજીજ પળે તેની આંખ આગળથી ભ્રમનો પડદો ખસી ગયો. અને તેના બેહદ સફાઇવાળા

અને ચતુરાઈથી ધારણ કરેલા વેશ છતાં પણ તેને ઓળખી કાઢયો. **મેકેરની** તિક્ષણ બુદ્ધિએ **મેરિયાના** વિચારો સમજી લીધા અને થોડીવાર પછી જાણે તેઓએ એક બીજાને ઓળખી લીધા હોય તેમ પરસપર ઈશારતો કીધી. **મેરિયાનો** તો હર્ષજ સમાય નહિ. બીજી સહાંજે પણ આ ત્રણે જણ ત્યાંથી ફરવા નીકળ્યા અને તે બૂઢો ગૃહસ્થ પણ ત્યાંજ બેઠો હતો. આ વખતે તો તેઓ વચ્ચે વાત જરા લાંબા વખત સુધી ચાલી જેમાં આ બુઢા ગૃહસ્થને પોતાને ઘેરે આવવાનું વ્યાપરીએ નોતરૂં આપ્યું. **મેકેરને** બીજું શું જોઇએ? આ તેડાનો લાભ લઈ **મેકેર** ઘણું કરી દરરોજ **પૉર્કલિંગટનને** ત્યાં જતો. જ્યાં ધર્મ, નીતિ અને વ્યવહારસંબંધી વાતોપર ચર્ચા કરી સૌને મગ્ન કરતો. તેથી વ્યાપારીને પણ **મેકેર** વિષે ઉંચો વિચાર બેઠો, એટલુંજ નહિં પણ આ બેઉ જણ વચ્ચે મિત્રાચારીની ગાંઠ વધારે દૃઢ પાયાઉપર બંધાણી આટલા દિવસ થયાં **મેરિયા** સાથે એકાંતમાં વાત કરવાની તેને તક મળી ન હતી. એવી તકને માટે તો **મેરિયા** પણ અત્યંત આતુર હતી, અને તે કેમ મેળવવી તેની એક યુક્તી શોધી કાઢી. એક સવારના તે ઉઠી અને માથું દુખેછે તેથી ફરવા અવાશે નહિં એવું બહાનું કાઢી ઘરેજ બેસી રહી. વ્યાપારિ અને તેની સ્ત્રી તો હમેશના રાબેતા પ્રમાણે રેનજોનના રસ્તાપર આવ્યા. **મેકેર** આજ વખતે તેજ રસ્તાઉપર દૂર ઉભો હતો, પણ તેમને **મેરિયા** વગર આવતા જોઇ પછવાડેને રસ્તેથી ચાલતો થયો. ખરૂં કહેતાં તે **મેરિયાની** ગોઠવણ બરાબર સમજ્યો.

"અંતે આપણે ઈશ્વર કૃપાથી પાછા મળ્યા છીએ, મારી પ્રાણ પ્રિય"—**મેકેરે** કહ્યું—"તે દુઃખદાયક રાત્ર વિત્યા પછી, મેં એક પળ પણ સુખમાં નિર્ગમન કરી નથી."

"મારા વહાલા **રાબર્ટ**, તમને મહારા કરતાં પણ વધારે ખમવું પડયું છે. તે દિવસે પણ હું **ચાર્લસ**—

"**મેરિયા**! **ચાર્લસનું** તો નામજ મારી આગળ તારે હવેથી કહેવું નહિ. તે મારો શત્રુ છે, જેણે મારા લીસા અને સાફ રસ્તાઉપર કાંટાની વાડો પાથરી છે."

મેકેરના આભારસહિત શબ્દો સાંભળી **મેરિયા** નમ્ર અવાજે બોલી ઉઠી.—"તે રાત્રની એની માનવંત ચાલ મને એની તરફેણમાં ખેંચેછે. તમારા સ્વાધીનમાંથી મને છીનવી લેતાં એ પોતાના ધર્મ અનુસાર વર્ત્યો છે."

"હવે **સ્ટેનમોરની** વાત પડતી મૂક અને શું ગોઠવણ કરવા ધારી છે તેનો વિચાર કર."

"તમે કંઇ નિશ્ચય કરી રાખ્યો છે"—**મેરિયાએ** પૂછયું—"હું તો તમારી આજ્ઞાને આધીનજ પડીછું, પણ ઓ **રાબર્ટ**, અટલું થયું આપણા પ્યાર અને યશને દુઃખ તથા ધિક્કારના દુઃસહ ફટકા લાગ્યા કરેછે, અને તે માટેજ આપણે એક મેકથી છૂટાં પડીયે તો.—

"તારા વચન અને પ્રતિજ્ઞા તું આ રીતે પાળીશ?"—આ વખતે **મેકેરની** છાતીમાં નાસીપાસી ઉભરવા લાગી—"જે તને પોતાના પ્રાણથી પણ અધિક ચાહેછે તેને શું તું રખડતો કરી તજી મૂકવા ઇચ્છે છે?"

"**રાબર્ટ** તમને મારા મનની ખબર નથી. સૃષ્ટિને આ નાકેથી પેલે છેડેસુધી તમારી સાથે આવવાને હું અત્યંત તત્પર છું, એટલુંજ નહીં પણ મારૂં સુખ હું તમારી સ્ત્રી થવામાંજ સમજું છું, હું ધારૂંછું મારા પ્રાણનાથ, કે ત્યાર પછી તમે તમારી દુષ્ટ ચાલ અને છળયુક્ત વિચારોનો પરિત્યાગ કરી તમારી શ્વેત આબરૂને લાગેલો શ્યામ રંગ ધોઈ કાઢવા ચુકશો નહીં; ત્યાર પછી આપણને ઓળખે નહીં એવા કોઈ એકાંત ગામમાં જઇ આપણે વાસ કરશું. જ્યાં બાકીનું આયુષ્ય સુખશાંતિ અને સલાહ સંપમાં ગુજારશું."

"હા, **મેરિયા**, આપણી ભવિષ્ય વર્તણુકનું તે ઉમદા ચિત્ર દોર્યું છે, અને તે અમલમાં લાવવું તારાજ હાથમાં છે. લગ્ન ક્રિયાને લગતી સઘળી સામગ્રી હું તૈયાર કરી રાખીશ તે સાથે આપણા કાયદા અનુસાર લગ્નને માટે જોઈતો સાક્ષી પણ શોધી કાઢીશ. બસ, તું હા પાડે તેટલીજ વાર છે. અને આજથી આઠ દિવસની અંદર તું મારી અને હું તારો થઈશ.

"હું તમારા વિચારને તદ્દન મળતી છું, મારા **રાબર્ટ**, મને પૂર્ણ ખાત્રી છે કે આ ચાલને માટે મને પશ્ચાત્તાપ કરવો નહીં પડે."

"તું ધારેછે તેમજ થશે. તું નિશ્ચિત રહે"—**મેકેરે** ઉત્તર દીધો—"મારો જવાનો વખત થયો છે. તેમ તારા કાકાનો આવવાનો વખત થયો છે."

"ઠીક તમારો વખત થયો હોય તો તમે સુખેથી પધારો, પણ ધ્યાન રાખજો કે આ ત્રીજી વારની ગોઠવણમાં નિષ્ફળ ન થવું પડે."

"બસ તું મારાપર વિશ્વાસ રાખ"—એમ કહી **મેકેર મેરિયાને** ભેટયો અને મુલાકાતનું પરિણામ ફતેહભર્યું થયું, તેથી આનંદ પામતો ચાલતો થયો. એક અઠવાડીયું પસાર થયું, અને **મેકેર પૉક્લિંગટનનો** માનીતો મિત્ર થઇ ગયો.

પ્રકરણ—૩૪.

લાલેમન્ડનું વૈર.

એક સાંજરે **પૉક્લિંગટન** હમેશ કરતાં મોડો ઘેર આવ્યો. કારણ કે એક મિત્રને ત્યાં તેને જમવા જવું પડયું હતું.

પૉક્લિંગટન, ઘરના દ્વાર આગળ આવી પહોંચ્યો. અને જોયું તો કોઈ માંદુ માણસ ત્યાં પડેલું હતું. પૂછપરછ કરતાં માલમ પડયું કે તે માણસ કેટલાક દિવસનો ભૂખ્યો અને અતિશે ટાઢથી ઘેરાયલો હતો. રાતની રાત નિવાસ કરવાને જગ્યા મેળવવાનાં પણ સાધન તેની પાસે હતાં નહીં. તેની અતિશે દીનતા જોઈ **પૉક્લિંગટન** દયાયુક્ત થયો, અને સાજો થાય ત્યાંસુધી તેને આશ્રય આપવા વિચાર કીધો. અને તરતજ ચાકરને બોલાવી, તેને બિછાનાપર સુવરાવ્યો. ટાઢ નિવૃત્ત કરવા ગરમ ગુણવાળા ઔષધોનું પાન પણ કરાવ્યું. આ માણસની ઉમ્મર આશરે ત્રીસ અને ચાલીસની વચમાં હતી તોપણ તેનો ચહેરો ઘણો ફીકો, ગાલ બેસી ગયેલા અને આંખો ઉંડી ઉતરી ગયેલી હતી. આ સઘળું તે બિચારાની કંગાળ સ્થિતિ દર્શાવતું હતું. આવતી કાલે સવારના પહોરમાં **મેરિયાએ** પોતાના કાકા આગળથી એક કલાકની રજા માગી. **પૉક્લિંગટન** પોતાના ઘરના કામમાં રોકાયેલો હતો એટલુંજ નહીં પણ પોતાની સંભાળ અને આશરા તળે રહેલા દરદીને જોવાને તે ઘણોજ આતુર હતો. આ કારણથી **મેરિયાને** તેણે એકલી જવા દીધી. નાસ્તો કરી તે ગરીબ ભિક્ષુકના ઓરડામાં દાખલ થયો અને તેની શરીરપ્રકૃતિમાં સુધારો જોઈ અત્યંત મગ્ન થયો. આ ભિક્ષુકને ભોજન લાવી આપવામાં આવ્યું, જે તેણે ક્ષુધાપૂર્વક ખાધું અને સમજાય ન સમજાય તેવા શબ્દોમાં ઉપકાર માન્યો. **પૉક્લિંગટને** જોયું કે હવે તેની શુદ્ધ જરા ઠેકાણે આવી છે, અને પ્રશ્નના ઉત્તર આપી શકે તેમ છે, તેથી પૂછ્યું—"તારી એવી સ્થિતિ થવાનું શું કારણ છે?"

"અફસોસ! હું ઘણોજ અપરાધી છું અને તે માટે ઈશ્વર મને યોગ્ય શિક્ષા આપેછે."

"નહીં, તું ધૈર્ય રાખ, પસ્તાવો કરવાનું કદી પણ મોડું થતું નથી. પણ તેં એવા તે કયા મોટા અપરાધો કર્યા છે?"

"હું સઘળું તમારી પાસે માંડીને કહીશ"—ભિક્ષુકે ઉત્તર દીધો—"અને હું ધારૂંછું કે ત્યારેજ મારૂં મન શાંત થશે. હું મારી એવી સ્થિતિમાં વધારે જીવી શકું તેમ નથી અને તેટલાજ માટે જે ખુલાસો તમે માંગોછો તે હું મોટી ખુશી સાથે કહીશ. "મારૂં નામ **જોન્સ** છે. મારા માબાપે દુર્દશાથી ઘેરાઈ દુષ્ટ ટેવો ગ્રહણ કરી હતી અને તેથી મને પણ તેઓ પોતા જેવોજ ઉછેરે તેમાં નવાઈ નહીં. વારે ઘડીયે, મને તેઓ મહોલામાં ચોરી કરવા મોકલતા, અને રાત પડતાં જો કોઈ રેશમી રૂમાલ, બીજી કોઇ કિમ્મતી વસ્તુ કે થોડાક પૈસા ઘેર લાવું નહીં તો જમવાનું પણ નહીં મળતાં ભૂખ્યાજ સૂઈ જવું પડતું. મારો પિતા ઘોડા ચોરવાની કળામાં ભારે ચપળ હતો, અને અંતે મરણ પણ તેમાંજ પામ્યો. મારી વહાલી મા મદિરાનો ભોગ થઈ આ સૃષ્ટિમાંથી જતી રહી. અગ્યાર વર્ષની ઉમરે હું માબાપ વગરનો એકલોજ રહ્યો.

સારે ભાગ્યે એક માણસ સાથે મારી ઓળખાણ થઇ અને તેની સાથે હું ઓરોમાં રહેવા ગયો જ્યાં દર રાત્રે એક ચોકસ ઠેકાણે ચોર લૂટારા લુચ્ચા, ખીસા કાતરૂ વગેરે દુષ્ટ માણસોની મંડળી મળતી. હું મારા શેઠની દીકરી જોડે પરણ્યો અને બે ત્રણ ઘોડા લઇ જુદેજ ઠેકાણે રહેવા ગયો. એક દિવસે મારા બે ઘોડા મેં એક માણસને ભાડે આપ્યા જેનું મને મન માનતું ઈનામ મળ્યું હતું. દિન પ્રતિદિન ઘોડાઓ ભાડે આપવાનું મ્હારૂં કામ વધતું ચાલ્યું અને બીજા સઘળા ધંધા પડતા મૂકી હું એજ ધંધો લઈ બેઠો. મહિના જતાં જતાં વરસો વહી ગયાં અને એક દીને કોઈ એક અજાણ્યો ગ્રહસ્થ મારે ઘરે આવ્યો અને રાત્રની સવારીમાટે બે ઘોડા ભાડે માંગ્યા ઉપરાંત મોટા ઇનામની લાલચ પણ દેખાડી. તે માણસ જાતે પરદેશી હતો, તેથી અંગ્રેજી બોલતાં જરા આડેઅવળે ઠેકાણે ભાર આપી વાત કરતો. વગર ઢીલે મેં તેની માંગણી સ્વીકારી. રાત પોતાના શ્યામ વસ્ત્ર ધારણ કરી દોડતી આવી, જે સાથે તે માણસ પણ આવ્યો. આ વખતે તે પોતાની જોડે એક મિત્રને પણ લેતો આવ્યો હતો. મેં ઘોડા બહાર કાઢી આપ્યા જે લઈ તે બેઉ જણ ચાલતાં થયાં અને પરોઢીયા અગાઉ મને પાછા આપ્યા. તે રાત્રનો બનાવ હું કોઇને ન કહું માટે તેઓએ મને પુષ્કળ લાંચ આપી. આ બનાવને થોડા દિવસ થઇ ગયા અને મારા જાણવામાં આવ્યું કે તે ચોકસ રાત્રનાજ ગ્રેવસ્ટેંડની બાજુમાં કોઇનું ખૂન થયું હતું. તરતજ મારો શક પેલા બેઉજણ તરફ ખેંચાયો અને મેં નિશ્ચય કીધો કે તે કર્પીણ કામના જરૂર તેઓજ કર્ત્તા છે. અફસોસ! કે અજાણપણે ઘોડા આપી હું એ કામમાં સામેલ થયો?"

"તારો કહેલો બનાવ મેં પણ પરિપૂર્ણ સાંભળ્યો છે અને ધારવામાં તો હજી સુધી તે ખૂન કરનાર પકડાયા નથી."

"નહીં"—**જોન્સે** જવાબ થીધો—"ત્યારથી મ્હારો દહાડો ફરી બેઠો છે. જ્યાં ત્યાં મારૂં ભૂંડૂંજ થાયછે. આ પ્રત્યક્ષ થતી શિક્ષા જગદીશ્વર વિના બીજું કોણ કરે! એ બનાવ પછી એકાદે મહિને મારી સ્ત્રીપણ માંદી પડી મરણ પામી અને જે લૂટારાઓ ખુદ મારી સંગતમાં હતા, તેઓએજ મધ્યરાત્રે આવી મારા ઘરમાં ખાતર પાડ્યું, અને ઘોડા સુદ્ધાં સર્વસ્વ ચોરી લીધું. એક સિલીંગ સરખું પણ મારા ગજવામાં રહ્યું નહીં. મારૂં ઘર લૂટાયું સાંભળી, લેણદારો દોડતા આવ્યા અને ચાંપતી ઉઘરાણી કરવા માંડી અંતે મ્હારી રહેવાની જગ્યાનું પણ તેઓએ લીલામ કરાવ્યું. મારી દુર્દશાની હું શું વાત કરૂં. **લન્ડન**માં થોડા દહાડા જેમતેમ પૂરૂં પાધરૂં ખાધા વગરજ ગુજાર્યા અને ભવિષ્યમાં શું કરવું, તેનો વિચાર કરવા બેઠો.

"માત્ર તારા વિચારજ પરમેશ્વર આગળ તને ક્ષમા અપાવશે"—**પૉફ્લિંગટ**ને દિલાસો આપ્યો.

"મને પણ બીજું કશું જોતું નથી. ત્યાર પછી હું **લન્ડન** છોડી જંગલો પસાર કરતો ચાલતો થયો. મારા પહેરેલાં કપડાં પણ એક પછી એક વેચી કાઢી, ભૂખ તૃસ કીધી. હવે બાકી કંઈ પણ રહ્યું નહીં કે ભોજનનો એક કોળીયો પણ મેળવી શકું. એવી સ્થિતિમાં છત્રીશ કલાક થયાં રોટલાનો એક કટકો પણ ચાખ્યો નહોતો તેથી અતિશે ભૂખ, થાક અને માંદગીનો માર્યો હું તમારા દ્વારે આવીને પડ્યો અને દરિદ્રતાનાં અસહ્ય દુઃખોનો પરિતાપ વેઠવા લાગ્યો. તમે કૃપાળુએ જો દયા ન કરી હોત તો રાતનાજ યમરાજના તેડાને માન આપી તેના રાજ્ય વિષે મને ગમન કરવું પડત. તે બેઉ ચોરોને પકડી કાઢવામાં મારી આજની વાત તમને કોઈ પણ પ્રકારે કામ લાગે એવી મારી અંતઃકરણની ઇચ્છા છે"—આ પ્રમાણે બોલી રહ્યા પછી થાકને લીધે તેણે પોતાની આંખો બંધ કરી અને તરતજ ઉંઘી ગયો.

એક કલાક પછી તે જાગ્યો અને તેની તબીયતમાં ઘણો સુધારો થયેલો માલમ પડયો. તેણે ખુલ્લી હવામાં જરા ફરવાની ઇચ્છા દેખાડી. તેથી **પૉફ્લિંગટ**ને તેને પોતાના કપડામાંથી એક જોડ કાઢી આપી અને તેના આશિર્વાદથી મગ્ન થઈ ઉપર દિવાનખાનામાં ગયો. જ્યાં પાંચ મિનિટ થઇ નહિ ત્યાં તો દરવાજો ઠોકયો અને એક વૃદ્ધ પુરુષ દાખલ થયો.

"મારૂં નામ **લાલેમન્ડ** છે"—તે બૂઢો ગૃહસ્થ બોલ્યો—"અને ધારવા પ્રમાણે તમે **પૉક્લિંગટન** છો, જેની સાથે હું આટલો લાંબો વખત થયો વહીવટ ચલાવુંછું."

"હા સાહેબ, **પૉક્લિંગટન** તે હુંજ"—એમ કહી તેણે **લાલેમન્ડ**ને શેકહૅન્ડ કરી.

"તમારો છેલ્લો પત્ર વાંચી મારા પ્રિય મિત્ર અને ભાગીદાર **લિબ્યુ** વિષે મને અતિશે બેચેની થઈ અને તેથી હું તેની શોધ કરતો ઈંગ્લંડ આવ્યો; જ્યાંથી પણ પૂછપરછ કરતાં અત્રે આવ્યો છું. મને એટલે સુધી પત્તો મળ્યો છે કે એ **લિબ્યુ** તારીખ ૨૯ મી આગષ્ટને દિને કેન્ટરબરી આવ્યો અને **રોઝ** હૉટલમાં ઉતર્યો હતો.

"ખરે એતો ઘણું આશ્ચર્ય કારક છે"—**પૉક્લિંગટને** કહ્યું—"ખરૂં પૂછો તો મેં તમારા **લિબ્યુ**ને હજીસુધી દીઠા નથી. પણ ધારૂંછું કે **સ્ટેનમોર**—"

"હા તે સઘળું હું જાણુંછું"—**લાલેમન્ડે** ઉત્તર વાળ્યો—"હું કહેવાને ઘણો દિલગીરછું કે એ લુચ્ચા અને દુષ્ટ ચોર **મેકેર**ને હાથે તમને ઘણું ખમવું પડયું છે. મારો વિચાર વળી ફેરવાય છે, આવતી કાલે પાછો **લન્ડન** જઇ બરાબર તપાસ કરતો મારા **લિબ્યુ**નું પગલે પગલું શોધી કાઢું. મને તો વળી તેની હૈયાતી વિશે પણ ચિંતા રહેછે. તમને તો ખબર છે કે હમણાં હમણાં કેવાં ભયંકર ખૂનો થવા માંડ્યા છે. હજી તો ટૂંક મુદત ઉપરજ એક પરદેશીને ગ્રેવસ્ટેંડ આગળ મારી નાંખવામાં આવ્યો."

"તમે એવું કહો છો કે તમારા **લિબ્યુ**ની મેલ ગાડીએ કેન્ટરીબરીમાં ૨૯ મી આગસ્ટને દીને ઘોડા બદલ્યા?"—**પૉક્લિંગટન** બોલતાં બોલતાંજ વિચારમાં પડયો અને એક પછી એક ભયભિત સંશયો તેના મગજમાં પેસવા માંડ્યા. ક્ષમા કરજો હું હમણા આવુંછું."—એમ કહી **પૉક્લિંગટન** ઓરડામાંથી જતો રહ્યો. થોડીક વારમાં પોતાની સાથે પેલા દરિદ્ર ભિક્ષુક **જોન્સ**ને લઈ દિવાન ખાનામાં આવ્યો.

"આ કુરસીપર બેસ"—**પૉક્લિંગટને જોન્સ**ને કહ્યું—"જે દિવસે બે પરદેશીઓએ તારા ઘોડા ભાડે લીધા અને ખૂન થયું તે દિવસ તને યાદ છે?"

"તે દિવસ તો મારી છાતીમાં કોતરાઈ રહ્યો છે"—**જોન્સે** ઉત્તર દીધો—"એ ૨૯ મી આગષ્ટ હું મારી જીંદગીપર્યંત ભૂલીશ નહિ."

"**જોન્સ**, હવે જે પરદેશી તારે ત્યાંથી ઘોડા લઈ ગયા તેઓના ચહેરાનું વર્ણન કરીશ?"

જોસ્સે આનાકાની કર્યા વગરજ સઘળો બનાવ તથા તેઓના ચહેરાનું પૂર્ણ વર્ણન કર્યું.

"**જોન્સ**ના કહેવા પ્રમાણે તો એ બેઉ પરદેશીઓના ચેહેરા **મેકેર** અને **બરટ્રેંડ**ને આબેહુબ મળતા આવેછે. અફસોસ હવે તો મને પણ તમારી જેમ **લિબ્યુ**ના ખૂનનો સંશય પડેછે."

લાલેમન્ડે આ સાંભળી કંઈ જવાબ દીધો નહિં પણ મહા ઉંડા વિચારોથી ઘેરાયો.

આ વખતે દરવાજો ઉઘડયો અને **મેરિયા** તથા **મેકેર** જે પોતાના વેશમાંજ હતાં તે દાખલ થયાં. **મેરિયા** વેહેલી વેહેલી પોતાના કાકાને પગે લાગવા જતી હતી, પણ પાસે કોઇક અજાણ્યા પુરૂષને બેઠેલો જોઇ અટકી ગઈ. **મેકેરે** તો તરતજ **લાલેમન્ડ**ને ઓળખ્યો, અને ઓરડામાંથી બહાર જવા પગલું ભર્યું. એક સેકન્ડ થઇ નહિ ત્યાં તો **લાલેમન્ડ** પણ ખૂરશી ઉપરથી ઉઠયો—"આતે શું? લુચ્ચા **લાગરી પારડીર**! અરે નીચ **મેકેર**!!" આપ્રમાણે બોલતો **લાલેમન્ડ મેકેર** તરફ ધસ્યો અને એક હાથે તેને ગળામાંથી પકડી બીજા હાથે તેની ટોપી તથા ચસ્મો ખેંચી કાઢયો. હવે માત્ર ધોળી દાઢી અને મુછોજ કાઢવી બાકી રહી, જે કાઢી નાંખવાની વધારે અગત્ય હતી નહિ કારણ કે હવે તો **પૉક્લિંગટને** પણ તેને ઓળખી લીધો. આ દેખાવ જોઇ **જોન્સ** પણ કુદકો મારી ઉઠયો અને મોટે સાદે કાલાવાલા કરતો બોલ્યો—"એ દુષ્ટને પકડો. મારા ઘોડા ભાડે લઈ જનાર પુરૂષ એજ છે."

મેકેરે નહાસી જવાનો અત્યંત પ્રયત્ન કર્યાં પણ કાંઈ વળ્યું નહીં, કયાં ત્રણ અને કયાં એક.

"મારા કાકા, એને છોડી મૂકો. તમે કોને પકડો છો તે તમને ખબર નથી. એ માણસ મારો ભરથાર થાયછે, અને મને કાયદા અનુસાર પરણ્યો છે"—**મેરિયા** બોલી.

"ત્યારે તો હવે બમણો, નહીં, ત્રમણો વેર લેવો જોશે"—**પૉક્‌લિંગટન**નો ગુસ્સો એટલો તો વધી પડચો કે તે હાથમાં રાખવો ઘણો કઠણ થઈ પડચો—"મારી આ અભાગી ભત્રીજીનું સઘળું નાણું આ લુચ્ચા અને ખૂનીના હાથમાં જાય, તે કરતાં એની વિરૂદ્ધ કોર્ટના ખર્ચમાં વપરાય તો હું વધારે ઉચિત ગણીશ."

"શું! ખૂની!"—**મેરિયા** ચીસ પાડતી બોલી—"નહીં નહીં, એવો નિરાધાર આરોપ ન મૂકો. એવો ભયંકર અપરાધ તેનાથી નહીં થયો હોય."

"**ચાર્લ્સ સ્ટેનમોર**નો પિતા પણ આ નિર્દય **મેકેર**નેજ હાથે મરણ પામ્યો"—**પૉક્‌લિંગટને** કહ્યું—"અને બીજા કેટલાક બનાવો એને ખરા **લિબ્યુ**ના ખૂની તરીકે ચીંધે છે. હા, સચ્ચાઈ તો હવે પ્રકાશી. તું તારા શુભઇચ્છકનું વેણ ન ગણકારી એક ખૂનીને પરણી બેઠી ? ભલે!

"અહીં ઉભી રહી, **મેરિયા**ની સંભાળ રાખજે"—વ્યાપારીએ પોતાની સ્ત્રીને કહ્યું.—"ચાલો હવે આપણે આ **મેકેર**ને પોલીસ આવી પુગે ત્યાંસુધી કોઈ બંદોબસ્તવાળી જગ્યામાં મૂકી આવીયે" **મેકેર**ને દાદરપરથી નીચે ઢસડી લઈ જવામાં આવ્યો. જે કોટડીમાં **જોન્સે** વાસો કર્યો હતો અને જ્યાં બારીને લોહના મજબૂત અને જાડા સળીયા જડેલા હતા, તે કોટડીમાં તેને નાંખી, દરવાજો બંધ કરી બબે તાળાં લગાડ્યાં. મી૦ **પૉક્‌લિંગટન** કૉન્સટેબલને બોલાવવા દોડચો, જ્યારે **લાલેમન્ડ** એક પહેરેગીરની પેઠે કોટડીને એક છેડેથી બીજે છેડેસુધી ફર્યા કરતો હતો.

પ્રકરણ—૩૫.

મેકેરે તો ઘાણ કાઢ્યો.

પૉક્‌લિંગટનના રેહેઠાણની બાજુમાં એક બીજું ઘર હતું જેમાં એક ધર્મગુરુ રહેતો હતો. રવીવારનો દહાડો સમીપ હોવાને લીધે દેવળમાં ભાષણ કરવાની સર્વ તૈયારી કરતો એક પછી એક ફકરા લખતો હતો જ્યારે બીજી તરફ ઉપલા પ્રકરણનો બનાવ બનતો હતો.

આ વખતે એકાએક ઓરડાનો ધુમાડો જવાની ચીમનીમાં* કંઈક ખળભળાટ સંભળાયો અને તરતજ કાળો મસ સરખો એક આકાર તેમાંથી હેઠે ઉતર્યો.

"સાહેબ"—**મેકેરે** કહ્યું (કારણ કે તે આવનાર પુરૂષ **મેકેર** હતો.)—"કૃપા કરી મારી રક્ષા કરો. ધર્મસંબંધી વાદ કરતાં આ પડોશી કેથોલીક ધર્મના માનનારા મને જીવથી ઠાર કરવા આવેછે."

"શું! કેથોલીક?"—પાદરી અચંબો પામતો બોલ્યો—"હા! કેથોલીક ધર્મ પાળનારા હમેંશ ઝનુની અને નિર્દય હોયછે, અને મહા દુષ્ટકર્મો કરતા ફરેછે. ખરે તેઓ તારી પુંઠે લાગ્યા હશે તેમાં સંશય નથી. ચિંતા નહીં બોલ તને જોઇએ તે આપું."

"થોડુંક પાણી અને તમારા કપડાની જોડ"—**મેકેરે** જવાબ દીધો.

"મારી સાથે આવ"—એમ કહી પાદરી તેને કપડાં પહેરવાના ઓરડામાં લઈ ગયો—"લે આ કપડાં અને તૈયાર થા."

મેકેર હવે એકલોજ હતો તેથી તેનો લાભ લેવાનો તેણે નિશ્ચય કર્યો. હાથ મોઢું સાફ કરી, પાદરીનો વેશ ઘણી ચાલાકીથી તેણે ધારણ કર્યો અને પછી તરતજ ત્યાં પડેલા કબાટની તથા પેટીઓની કળો ભાંગી માંહેથી પચાસ પાઉન્ડ, રૂપાની ડાબલી, અને એક હીરાની વીંટી ઉપાડી; તે સાથે બાજુમાં પડેલું એક નહાનું તાળું; "સંઘર્યો સાપ પણ કામ આવે" એ કેહેવતને અનુસરીને તેણે ગજવામાં મૂક્યું. આ કામ કરતાં માત્ર થોડીજ મિનિટ લાગી અને તૈયાર થઈ પાદરીનો નમ્રતાપૂર્વક આભાર માની પાછલે દરવાજેથી તે જતો રહ્યો. જે કોઈ માણસ સામેથી આવતું મળતું તે તરતજ આપણા **મેકેર**ને મોટા પાદરી સાહેબ સમજી ટોપી

*ઓરડામાંથી ધૂંમાડો જવા દેવા માટે છાપરામાં એક મોટું ભૂંગળુ મૂકેલું હોયછે.

ઉંચકી સલામ કરતું. **મેકેર** જ્યારે લગભગ શહેરના દરવાજા આગળ આવ્યો ત્યારે ત્યાંથી જંગલ તરફનો રસ્તો લઈ ઝપાટા બંધ આગળ ચાલ્યો. કેન્ટરબરી તો હવે આશરે નવ માઈલ વાસે રહ્યું હતું, જરાક દૂર એક ઝુંપડા ઉપર **મેકેર**ની દ્રષ્ટી પડી. ઉતાવળે ચાલતાં ત્યાં આવી પુગ્યો અને અંદર દાખલ થયો જ્યાં એક બુઢી સ્ત્રી બેઠી હતી. **મેકેરે** તેને થોડાક સિક્કા કાઢી આપી જમવાનું આણવા કહ્યું. **મેકેરે** ઓરડામાં આસપાસ નજર કરી તો સામે ભીંતના ખુંટાઉપર એક મેલી અને ખેડુતને પહેરવા યોગ્ય કપડાની જોડ દીઠી. પાદરીના વેશમાં ફર્યા કરતાં ખેડુતના વેશમાં ફરવું, તેને વધારે સહિસલામત ભાસ્યું.

"આ કપડાં મને આપશો?"—**મેકેરે** પૂછયું—"તેના બદલામાં હું મારાં તમને આપી જઈશ, ઉપરાંત થોડા પૈસા પણ લેજો."

"તમારી જો એવીજ ઇચ્છા હોય તો એ કપડાં તમે લ્યો. તેના બદલામાં મને કંઈ પૈસા જોઇતા નથી. સાટામાં માત્ર તમારાંજ કપડાં બસ થશે."

આ બુઢી બાઈએ **મેકેર**ને પછવાડેનો ઓરડો બતાવ્યો. **મેકેરે** મન ગમતી રીતે કપડાં બદલાવ્યાં. ટોપી પણ ખેડુતનીજ પહેરી લીધી. જમવાનું પાસે મૂકયું તે પણ પેટ ભરી જમી લીધું અને આગળ કુચ કીધી. પોતાના રક્ષણાર્થે બાજુમાં ઉભેલા વૃક્ષોમાંથી બે જાડી લાકડીઓ કાપી સાથે રાખી. ઘણી ઝડપથી આગળ ચાલતાં રસ્તો બમણો કપાયો અને લગભગ **લન્ડન**ની નજદીક આવી પહોંચ્યો. **કેન્ટરબરી**થી **લન્ડન** આવતાં પ્રથમ **સીટીંગબોર્ન** અને પછી **ચેથેમ**નાં ગામડાં આવેછે. પાંચ વાગ્તે તો **સીટીંગબોર્ન**માં તે પેઠો અને ત્યાંથી પણ વિશ્રાંતિ લઈ તથા ખોરાક મેળવી મુસાફરી શરૂ કરી. **સીટીંગબોર્ન**થી પણ આગળ વધતાં આઠ વાગ્યા અને **ચેથેમ** આવ્યું. થાક અને ક્ષુધાથી ઘેરાયલા **મેકેરે** ત્યાંની કોઈક હૉટલમાં રાત વાસો કરવાનો નિશ્ચય કર્યો. હૉટલ નજદીક હતી. જેમ તેમ કરી ત્યાં પુગી જમવાનું મંગાવ્યું. ચાકરે તેને જાહેર દિવાનખાનામાં બેસવાને કહ્યું, જ્યાં બીજા ચાર પાંચ મજૂરો બેઠા હતા.

"કેવું ચમત્કારિક"—તે મજૂરો માંહેનો એક બોલ્યો.

"પણ તારી ખાત્રી છે કે તે માણસ ધુમાડાની ચિમનીમાંથી નાઠો?"—બીજા માણસે પૂછયું.

"તદ્દન ખાત્રી છે"—પહેલાએ જવાબ દીધો—"જે વેપારીની દીકરીને બળાત્કારથી તે **ડનસન**ના દેવલમાં પરણ્યો તે વેપારીને ખબર પડી કે એતો કોઇ ફ્રેંચ ચોર હતો. તેથી તેઓ તેને નીચેના ઓરડામાં પૂરી પોલિસના વડાને તેની ખબર આપવા ગયા. આ ઓરડામાં પણ એક ચિમની હતી તેમાંથી એ ચોર ઉપર ચડી છાપરાને મથાળે પહોંચ્યો અને તરતજ બાજુમાં આવેલા પાદરીના ઘરના છાપરા ઉપર ઠેકી તે ઘરની ચિમની વાટે અંદર ઉતરી ગયો. ત્યાંથી પણ તેણે થોડીક રૂપાની ડાબલી, ત્રણ ચાર હિરાની વિંટીઓ અને ચારસો પાઉન્ડ ચોર્યા. પોલીસના અમલદારો ભૂખ્યા ડાંસની પેઠે તેની પૂંઠે લાગ્યા છે અને પકડ્યા વગર પણ મૂકનાર નથી."

મેકેર સવારના છ વાગતે ઉઠયો અને ઉતાવળે કપડાં પણ પહેરી લીધાં. બાજુના ઓરડામાં પણ એક બીજો પ્રવાસી હતો જે મોડી રાત્રે આવ્યો હતો. **મેકેર**ને તો સંશય પડયો કે અવશ્ય એ કોઇ પોલીસનો ઉપરી હશે. પણ કપડાં પહેરી બહાર આવતાં જોયું તો **લાલેમન્ડ**નો ન ભૂલાય તેવો ચેહેરો નજરે પડયો.

"અરે લુચ્ચા"—**લાલેમન્ડે** **મેકેર**ને તરતજ ઓળખી કાઢયો—"ભલે આવ્યો, હવે નહાશી જવાનું કંઇ એવું સુગમ નથી."—આપ્રમાણે બોલતો **લાલેમન્ડ** આપણા **મેકેર** તરફ ધસ્યો અને મદદને માટે બૂમ પાડવા મોઢું ઉઘાડયું. પણ જેમ મોતથી ઘેરાએલા પુરૂષને કોઈનો ભય રહેતો નથી તેમ **મેકેરે** સિંહ સરખા બળથી **લાલેમન્ડ**ને એક હાથે ઉંચો કર્યો અને બીજે હાથ તેના ઉઘાડેલા મોઢા ઉપર જોરથી દાબી રાખ્યો. જરા પણ વખત ન ગુમાવતાં **મેકેર** તેને તેનાજ ઓરડામાં લઇ ગયો અને મોઢામાં રૂમાલનો ડુચો નાંખી, ખાટલાના પાયા સાથે ઓછાડવતી મજબૂત બાંધ્યો. તરતજ બહાર આવી દરવાજો બંધ કર્યો

અને પોતાના ગજવામાંથી તાળું કાઢી કામે લગાડ્યું. આ સઘળું બન્યા કેડે પૈસા ચૂકવી પવન વેગે દોડતો **મેકેર** આગળ ચાલ્યો. હમેંશના રાખેતા પ્રમાણે તેણે ઝાડીનો વાંકોચૂંકો રસ્તો લીધો. ગલી ગુંચીયો તેણે પસાર કરી શેહેરમાં પેસવા માંડયું. પણ સબર વળી તેને કંઇ વિચાર સુઝ્યો. તેણે હમણાંજ સાંભળ્યું હતું કે પોલીસ તેની પૂંઠે પડી છે અને તેથી પોતાની જીંદગી એટલી સહેલથી સોંપી ન દેતાં બને તેમ મોંઘી વેચવાનો વિચાર કર્યો. મહોલાને નાકે હથિઆર બનાવનારની દુકાન આવેલી હતી, તે તરફ **મેકેરે** પોતાનાં પગલાં ભર્યાં અને બે પીસ્તોલો ખરીદ કરી. જ્યાંસુધી દિવસનું અજવાળું હોય ત્યાંસુધી ખેતરોમાંજ ભટકી રાત્ર પડતાં લન્ડનમાં પેસવાનું તેણે ઉચિત ધાર્યું. આ તેનો વિચાર અતિ ઉત્કૃષ્ટ હતો. હવે વિશ્રામની જગ્યા શોધવા તે નીકળી પડયો. સારે ભાગ્યે બરાબર સામે પણ જરાક દૂર એક નહાનું સરખું ઝુંપડું તેની દૃષ્ટીએ પડયું. થાક ઘણો ચઢયો હતો અને આગળ ચલાય તેમ નહોતું. પણ શું કરે! મહા કષ્ટ વેઠી આગળ ચાલ્યો અને ઝુંપડા આગળ પહોંચ્યો. દરવાજો ખુલ્લો તથા અંદર કોઈ હતું નહિ. એક ખુણામાં દર્ભાશય કરી તે ઉપર પોતે લાંબો થઇ સુતો અને વિચાર રૂપી ઘોડા દોડાવવા માંડ્યા. નિદ્રા આવતાં કંઇ ઘણો વખત લાગ્યો નહિ અને જાગ્રત થઇ જોયું તો સૂર્યનારાયણે અંતરધ્યાન થઇ રાત્રનો શ્યામ પડદો ધીમે ધીમે ચોફેર ફેંકવા માંડયો હતો. ઉભા થઇ આગળ ચાલવા માંડયું. પીસ્તોલો પણ ભરી તૈયાર રાખી. આસપાસ સહજ ઝળઝળું રમી રહ્યું હતું તેથી અટકળ બાંધી કે છ વાગ્યા હશે. લન્ડનમાં જઈ **આર્કટેવસને** કેન્ટરબરી મોકલી ખબર અંતર મેળવી અને જો **મેરિયાના** ચિત્તની હાલત તેવીજ હોય તો તેનો પૂરો લાભ લેવો એવો તેનો વિચાર હતો. અહીંથી ઘણે દૂર નીકળી જતાં દશ વાગ્યાનો અમલ થવા આવ્યો ફરીથી પણ વિશ્રાંતી માટે એક મોટા પથ્થર પર તે બેઠો. તેને એક પછી એક વિચાર આવવા લાગ્યા; તે જાણતો હતો કે ચોરો તથા લૂટારાઓ આ રસ્તે ઘણા દેખાય છે. પણ પોતેબી તેવોજ તેથી શું! હજી એવા વિચાર તેના મનમાં ભમતા હતા ત્યાં તો કોઇકે તેને પછવાડેથી પકડયો.

"એને મારો"—એકસાદે કહ્યું અને એટલામાં તો સામેથી કોઇ ઉંચો પુરૂષ તેની તરફ ધસ્યો.

આપણી નવલનો નાયક એક જબરા ઝટકાથી બંનેને નીચે નાંખી છૂટો થયો. વળી તે બેઉ માંનો એક જણ ઉભો થઇ ફરીથી સામો થયો અને **મેકેરે** પણ જોયું કે તત્કાળ ઉપાય લેવો જોઈએ. પીસ્તોલો બહાર ખેંચી કાઢી અને સામે થનાર તરફ ફોડી.

બિચારો એક શબ્દ પણ ઉચાર્યા વગર પૃથ્વીપર પડયો.

"હું શરણ થાઉંછું"—બીજો બોલ્યો—"કંઇ નાણું તો મહારી આગળ છે નહિ."

આ શબ્દ સાંભળી **મેકેરને** ભયની અત્યંત પ્રાપ્તિ થઈ કારણ કે તેણે જાણ્યું કે એ અવાજ **આર્કટેવસનો** હતો.

"અરે!"—**મેકેર** બોલ્યો—"એમ કેમ બને."

"મને તમારો શાદ સેહેજ ઓળખાયછે"—**આર્કટેવસે** કહ્યું, અને પછી થોડીવાર વિચાર કરી મહોટેથી બોલ્યો—"અરે પરમેશ્વર! શું **મેકેર**!!"

"હા, હા"—આપણા બહાદૂરે જવાબ દીધો અને પગથી ચરણ વેર કંપવાટ છૂટયો.

"તેં તારા બંધુનેજ ઠાર કર્યો"—**આર્કટેવસ** શોકયુક્ત સાદે બોલ્યો.

"અરે **બરટ્રેંડ**"—**મેકેર** અતિશે રડાફૂટ કરવા લાગ્યો—"નહિ, નહિ એમ નહિ કહે કે મેં એનું ખૂન કર્યું છે" આપ્રમાણે જોરથી બોલતો **મેકેર** પોતાના મિત્રના શબ ઉપર પડયો અને પોકે પોકે રોવા લાગ્યો.

"જરા શાંત થા"—**આર્કટેવસ મેકેરનો** હાથ ખેંચી બોલ્યો—"ઉઠ આપણે ચાલતા થઇએ."

"કદી નહિ, મને મૂકી તને જવું હોય તો ભલે જા"—**મેકેર બરટ્રેંડના** શરીરને વળગી બોલ્યો—"હવે મને ભલે પકડી જાઓ. એક કૂતરાની પેઠે મને ફાંસીએ ચડાવો. હું આ કં-

ગાળ જીંદગીથી કંટાળી ગયો છે. મારે હવે એક પળ પણ જીવવાની દરકાર નથી. **બરટ્રેંડ**! જો કે તું તારાં આચરણે અને ભાષણમાં મૂર્ખ હતો તોપણ હું તને મારી માજણ્યા ભાઈ સમાન ગણતો હતો. અરે ઈશ્વર આ વિસ્તાર પામેલી બહોળી સૃષ્ટીમાં તેં મને મિત્ર રહિત કર્યો છે. અરે **બરટ્રેંડ**! તે દુષ્ટ પ્યારે તારી જીંદગીનો અંત આણ્યો છે. તારા દુઃખદાયક વિયોગથી મારા અંતઃકરણમાં એક મહોટો ખાડો પડયો છે જે કોઈથી પૂર્યો પૂરાશે નહિ. અરે, **બરટ્રેંડ**! તારા વગરનો હું જીવી શું કરૂં! હવે મોત પણ ક્યારે આવે!!!

આપ્રમાણે રૂદન કરતો **મેકેર** ડુસકાં ભરતો હતો જે જોઇ મકમ છાતીવાળા **આકટેવસનું** હ્રદય પણ પિગળ્યું અને જળ રેલા નેત્રોમાંથી પડવા લાગી. અંતે **મેકેર** ઉભો થયો અને બોલ્યો "જ્યાંસુધી હું મારા પરમ પ્રિય મિત્રનું શરીર મારે પોતાને હાથે દાટું નહિ ત્યાંસુધી મારે આ સ્થળ છોડવું નથી."

"**મેકેર** એ તારા વિચાર ઘેલા છે"—**આકટેવસ** બોલ્યો—"જમીન ખોદવાનાં સાધનો પણ આપણી પાસે હાજર નથી."

"તું તે વિષે ચિંતારહિત થા, મારા નખથી પણ હું એને માટે ખાડો ખોદવાને શક્તિમાન છું, તું બીહતો હો તો ભલે ચાલ્યો જા."

હવે તેઓએ બિચારા **બરટ્રેંડનું** નિર્જીવ શરીર ઉંચકી બાજુની ઝાડીમાં મૂકયું અને ત્યાંથીજ બે જાડી લાકડીયો કાપી લઇ મુંગા મુંગા ખોદવા બેઠા. જમીન પોચી હતી તેથી ખોદવી ઘણી સુગમ થઈ તોપણ એ કામમાં ચાર કલાક વહી ગયા. વારે ઘડીયે લાકડીઓ બાજુમાં મૂકી, ખોદેલી માટી પોતાના હાથરૂપી પાવડાથી ઉંચકી બહાર કાઢતા. જેમ કરતાં આંગળાં છોલાઇ રૂધીર પણ વહેવા લાગ્યું. બે વાગ્યા ત્યારે તેઓએ **બરટ્રેંડનું** શીતળ શરીર ધરતી માતાને સ્વાધિન કીધું. ખાડો પૂરી મૂકયો અને રસ્તામાં પડેલા લોહીના ડાઘ પણ ઉખેડી કાઢચા.

પ્રકરણ—૩૬.

સ્ટેનમોરનાં લગ્ન.

સુજ્ઞ વાંચનારને સ્મરણ હશે કે **ચાર્લસ સ્ટેનમોરને લન્ડનમાં** ધાર્યા કરતાં વધારે ખોટી થવું પડયું હતું, જે અરસામાં તેણે **મેરિયાને બ્રાંડ**સ્ટ્રીટમાં આવેલા તેના કાકાના ઘરમાંથી નહાસી જતી અટકાવી હતી. **કાઉન્ટ ડી મોરાનવલ** હવે **ઍલેનચીને** એટલો તો ચાહવા લાગ્યો કે તેને પોતાથી વેગળી જોવા પણ ઇચ્છતો નહીં, આ કારણથી લગ્ન સમાપ્ત થએ એ સુખી જોડું **પેરિસમાંજ** રહે એવું **ચાર્લસને** કહેવામાં આવ્યું જેથી તેણે **લન્ડન** અને બીજા દેશાવરનો ધંધો બંધ કીધો. હવે વધારે લંબાણ ન કરતાં આપણી વાતનો તાંતણો ફરીથી ગ્રહણ કરીએ.

"કાકા, કૃપા કરી તમે મારા લગ્ન પ્રસંગે હાજર રહેશો?"—**ચાર્લસે** પૂછ્યું.

"નહીં, મારા વહાલા હું હવે વૃદ્ધ થયો છું, જોઇએ તેથી વધારે ઘરડો થયો છું"—તેના કાકા **રૂમફૉર્ડે** કહ્યું—"હું એવું માગુછું કે ઈશ્વર તને સુખી રાખે. શું એ વાત ખરી છે કે **મોરાનવલ ઍલેનચીને** દર વરસે આઠસો પાઉન્ડ આપવા ધારેછે?"

"હા, કાકા **એમ. ડી. મોરાનવલ** દિલનો ઉદાર, દયાળુ અને સરળ સ્વભાવનો છે. તેને વારસ તરીકે બે દીકરીઓ છે. તે ઉપરાંત પોતાની દીકરીની દીકરી **ઍલેનચીને** પણ આટલું આપે એ કાંઇ થોડું નથી."

"ઠીક, ઠીક"—**રૂમફૉર્ડ** હસતાં હસતાં બોલ્યો—"વરસ દહાડે આઠસો, હં, હં, એ કંઈ ઘણી ઘણીઆણીને માટે પૂરતું થતું નથી. પણ હાલ તારી પોતીકી કેટલી પુંજી છે?"

"કાકા તમે અગાઉ મને થોડુંક નાણું ધીર્યું હતું તેમાં હાલ ઘણો વધારો થયો છે અલબત પાંચેક હજાર પાઉન્ડ બધા મળીને થયા હશે."

"છટ, છટ,"—**રૂમફોર્ડે** કહ્યું—"હું કંઈ તારો એટલો સમીપનો સગો નથી. માત્ર તારો કાકો થાઉંછું. તું સમજે છે કે તારા જેવા યુવાન અંગ્રેજને એક ફ્રેંચ્ છોડી કે જેના માબાપ તારા કરતાં વધારે સુખી ગણાય, તેની સાથે પરણવા દઉં? નહીં, નહીં, **રૂમફોર્ડ** વિષે એવો શબ્દ પણ નીકળવો ન જોઇએ. ચિંતા નહીં તારે નામે થોડા પાઉન્ડ હું અહીં ઇંગ્લંડમાં વ્યાજે મૂકીશ.

"મારા પ્રિય કાકા, તમારી ઉદાર દ્રષ્ટીનો બદલો હું કેમ વાળી શકીશ."

હં, હં, હું સમજું છું કે તને **પેરિસ** જવાની ઘણી ઉલટ છે, હા, **અલેનચીને** જોયા વગર તો તને અન્ન પણ ભાવશે નહીં અને તેથી દરેક પળ તને દિવસ જેટલી લાંબી લાગેછે. ચાલ મારા કહ્યા પ્રમાણેની રકમ આપણે ભરી આવીએ."

ચાકરે બૂટ લાવી આગળ ધર્યા જે પહેરી **રૂમફોર્ડ** તૈયાર થઈ **સ્ટેનમોર** સાથે નીકળી પડયો અને થોડી વારમાં કામ પૂર્ણ કરી પાછા આવ્યા. પોતાના કાકાની રજા લઈ **સ્ટેનમોર** સ્ટીમબોટમાં બેઠો અને ત્યાંથી **પેરિસ** જવા મેલ ગાડીમાં તેણે બેઠક લીધી. લગ્ન પછી **પેરિસ**માંજ રહેવામાટે **આટયુલ**માં એક વાડીવાલો બંગલો તેણે ભાડે લીધો. હવે લગ્નનો દહાડો રમઝમ કરતો આવી પહોંચ્યો. મહિનો નવેંબરનો હતો તોપણ હવા શીતળ અને ખુશનુમાં હતી. આકાશ પણ વાદળાં વગરનું ખુલ્લું હતું અને સૂર્ય પોતાના તેજસ્વી મુખડાથી **પેરિસ**ના આખા શહેરને પ્રકાશતો હતો. **અલેનચી** દિવાનખાનામાં હાજર થઈ અને **ચાર્લસ સ્ટેનમોર** તેની બાજુમાં, અપ્સરાઓમાં જેમ ઇંદ્ર શોભે તેમ શોભતો હતો.

ચાર ગાડીની એક હાર દેવળ તરફ દબદબા સહિત ગઈ જ્યાં આ સુખી જોડું ગુઠણ વડીયે પડયું અને ધર્મગુરુનાં આશિરવચનો પ્રીતિપૂર્વક શ્રવણ કીધાં. ક્રિયા સમાપ્ત થતાંજ સઘળાં પાછાં ગાડીમાં બેઠાં અને **કાઉન્ટ ડી મોરાનવલ**ને ઘરે ઉતર્યાં. આઠનો ટકોરો સંભળાયો. આનંદમાં વાતો ચીતો કરતાં એક કલાક બીજો પણ વહી ગયો અને નવ વાગ્યા. ગાડીઓ ગડગડ કરતી દ્વાર આગળ આવવા લાગી. સંખ્યાબંધ ગૃહસ્થો અને બાનુઓ દાદરઉપર ચઢવા લાગ્યાં, જ્યાં તરેહવાર ફુલના કયારા તથા નાના પ્રકારના રંગોથી શોભીતી સતરંજીઓ પાથરી હતી. વળી પણ ઉપર લટકતી લાલ લીલી વિગેરે રોશનીથી એ દેખાવ ઇંદ્રપૂરી સમાન લાગતો હતો. એક કોરે પ્રફુલ્લિત ફૂલોના સુગંધવાળા પવનો ચાલ્યા કરતા હતા. અગ્યાર વાગ્યા કે બાજુની ઓરડીનો દરવાજો ઉઘડયો, જ્યાં એક લાંબી ટેબલ ઉપર વિવિધ ભાતનાં ફળફળાદિ મૂકયાં હતાં. જ્યારે બીજી કોર નાના પ્રકારનું મિષ્ટાન્ન ભોજન ગોઠવ્યું હતું જેમાંથી હ્રદયને તૃપ્ત કરે એવો પમરાટ છુટી રહ્યો હતો. સઘળા હસતે ચેહેરે જમવા બેઠા અને ક્ષુધા અનુસાર જમી ઉઠી પાછા દિવાનખાનામાં આવ્યા. **સ્ટેનમોર** નીચે ઉતરી ગયો અને કાઉન્ટ તથા મીસીસ **ડેવરેકસે અલેનચી**ને એક કપડું ઓઢાડી, ગાડીમાં બેસાડી. હવે આ સુખી અને સંતોષી જોડું **સ્ટેનમોર**ને ભાડે લીધેલે ઘરે પધારતું હતું.

પ્રકરણ—૩૭.

એક દ્રઢ નિશ્ચય.

પ્રિય વાંચનાર, હવે આપણે કેન્ટરબરી તરફ ફરીયે જે વખતે **મેરિયા** અને **મેકેર** લગ્નની ગાંઠથી જોડાઈ ઘેર આવ્યા, અને જ્યારે **લાલેમન્ડ** પણ ઓરડામાં બેઠો હતો. જ્યારે **મેકેર**ને ઓળખી કાઢી તેને નીચેની ઓરડીમાં પૂર્યો હતો. જ્યાંથી પણ આપણો નિડર પુરૂષ નહાસી ગયો, ત્યારે **મેરિયા** બેશુદ્ધ થઈ પડી હતી. હા તે સમયે તેની આગળ તેની કાકી પણ ઉભી હતી.

મેરિયાએ પોતાનાં નેત્રો ઉઘાડ્યાં અને ફાંફાં મારતી ચોપાસ જોવા લાગી. વળી જાણે કાંઈ વિચાર કરતી હોય તેમ આંખો મીંચી ગઈ. તરતજ બની ગયેલો બનાવ તેને સ્મરણ થઈ આવ્યો. પોતે એક ખુનીની સ્ત્રી થઇ હતી એ વિચાર તેના હ્રદયમાં ડંખવા લાગ્યો. એવા વિચારથી તેણે એક જબરી ચીસ પાડી અને ફરીથી પોતાનું ભાન તજી બેભાન થઈ

ખરે આ વખતે તો તેની જીંદગી ભયમાં હતી. વૈદે પણ તેના બચાવની આશા છોડી હતી; એવી સ્થિતિમાં જ્યારે પોણોકલાક પસાર થઇ ગયો ત્યારે શ્વાસ લેતી તેની કોમળ છાતી ઉંચી નીચી થવા લાગી. અવી સુદ્ધરહિત હાલત આશરે સાત દિવસ સુધી ચાલી જે અરસામાં તેને પોતાની આસપાસનાઓનું પણ ધ્યાન હતું નહીં. ધોળું, ભ્રમરોની પંક્તિવાળું અને પાકવાથી જેનાં પત્ર પ્રફુલ્લિત થયાં છે એવું કમળ જેમ ફીકું પડી જાય, તેમ **મેરિયાનો** સુંદર ચેહેરો દીનપ્રતિદિન કરમાવા લાગ્યો, એટલુંજ નહીં પણ શરદઋતુમાં જેમ નિર્મળ તળાવ દુબળું થઇ જાય, તેમ **મેરિયાનું** કોમળ શરીર ચિંતામાં પરવશ થઇ દુબળું થતું ચાલ્યું. આઠમો દિવસ ઉગ્યો તે સાથે તેની તંદરૂસ્તી પણ ખીલી ખરી; પણ જોઇએ તેવી નહીં. વૈદે પણ આ જોઈ તેને પોતાના ઓરડામાં સુવા જવાની રજા આપી. એક દાસી પણ ખાસ **મેરિયાની** સંભાળ માટે નીમવામાં આવી. રાત્રે સુવાને વખતે **મેરિયા** તથા તેની દાસી બંનેજણ પોતાના ઓરડામાં સુવા ગયાં. અડધી રાત્ર પસાર થઇ નહીં ત્યાંતો દાસી દોડતી દોડતી બહાર આવી અને **પૉફ્‌લિંગટનના** ઓરડામાં જઇ હાંફલી ફાંફલી થઇ કહેવા લાગી— "બાઇની શરીર પ્રકૃતિ જરા વધારે બગડેલી માલમ પડેછે."

આ સાંભળી વ્યાપારી તથા તેની સ્ત્રી બંનેજણ **મેરિયાના** ઓરડામાં ગયાં. **મેરિયાને** શાંત ઉંઘ તો માત્ર ચારજ કલાક આવી હતી. જ્યાર પછી તેને કંઈ યાદ આવ્યું હોય તેમ જાગી ઉઠી અને બરબડવા લાગી. અંતે તેને યાદ પણ આવ્યું કે **મેકેર** તો પોતાની સાથે જોડાયેલો છે, જેના ઉપર તેના કાકાએ ખુનનો આરોપ મૂકી પોલીસને સ્વાધિન કરવા નીચેના ઓરડામાં પૂર્યો છે. પોતાનો ધણી કે જેણે પોતાનું મન જીતી લીધું હતું, તેને વિષે એવા એવા વિચારો કરતી તે મહાવિક્ષેપને વશ થઇ હતી. પોતાના કેશોને ખેંચતી તથા છાતીને કુટતી પોતાના મનનો દુ:ખી ઉભરો બહાર કાઢતી હતી. દાસી બાજુમાંજ સૂતી હતી જે પછડાટ તથા ચીચીઆરીનો શબ્દ સાંભળી જાગ્રત થઇ અને પાસે જઈ **મેરિયાને** શાંત કરવા લાગી; પણ **મેરિયાનો** ઉશ્કેરાયેલો જુસો કોઇનું સાંભળે તેવો નહોતો. એવી બેશુદ્ધિ તથા પાર વિનાની દલગીરીનાં કંઈ થોડાં કારણ નહોતાં. તેના કાકાએ **મેકેરને** ખૂની ઠેરાવ્યો તેનો હજી તો તેના કાનમાં ઘંટસમાન શબ્દ થઇ રહ્યો હતો. પોતાના પ્યારને પણ વારે ઘડીએ સંકટરૂપી દુ:સહ ફટકા લાગ્યા હતા. વળી લગ્નક્રિયાના શુભ મૂહુર્ત્ત તરીકે માંદગીના બિછાનાની પ્રાપ્તિ થઇ અને ચોથું પોતાના માતાપિતા સમાન કાકા તથા કાકીનું દીલ દુ:ખવી તેઓની અકૃપા માથે લીધી હતી. તેના કોમળ અને તરતના ખીલતા મગજને ભમાવી નાખવા અટલાં કારણો કંઈ થોડાં નહોતાં. વૈદને બોલાવી મંગાવ્યો જેણે આ સઘળો ખેલ જોઈ કહ્યું—"તેના તન કરતાં તેનું મન વધારે પીડાય છે"—વૈદે **પૉફ્‌લિંગટનને** બાજુમાં લઇ જઈ કહ્યું—"જુવાની અને ચઢતા લોહીને લીધે તે સત્વર તંદરૂસ્ત થઈ શકશે પણ તેના મગજની વેદના દૂર કરવી એ કાંઈ સેહેલું નથી. તેને શું શું પીડા થાયછે તે તો હું નથી કહી શકતો પણ મેં એટલું તો સાંભળ્યું છે કે થોડા દિવસ ઉપર તે કોઈ ગૃહસ્થને પરણી આવી જે મહાદુષ્ટ હતો એવું પાછળથી માલમ પડ્યું. મારી શીખામણ માનો તો તેને પોતાના ભરથાર સાથે રહેવા દો અને મારી આશા છે કે તમારી **મેરિયા** પોતાના ભરથારને સુમાર્ગે ચલાવશે."

"અફસોસ! એ કાંઇ માત્ર લુચ્ચો, ચોર, કપટી અને લૂટારો નથી પણ એક નિર્દય ખૂની છે અને જેનું નામ લેતાં પણ મારી જીભ કપાવા માંડેછે."

"ત્યારે તો મારી સંમતિ તમને કામ નહિ લાગે. પણ તેને જીવાડવાનો માત્ર એકજ ઉપાય છે અને તે મેં તમને કહ્યોછે. તેની મરજી વિરૂદ્ધ કંઇ પણ કરવું એ ગોયા તેના મોતનું તેડું લાવવા સમાન છે."

આ સાંભળી પૉફ્‌લિંગટન મેરિયાના બિછાનાની બાજુએ પડેલી ખુરશીપર બેઠા, અને **તેનો હાથ પકડી શું ઇચ્છા છે તે પૂછ્યું. મેરિયાએ** આંખો ઉઘાડી પોતાના કાકા ગમ દૃષ્ટી

કરી. પ્રથમ તો તેને એવુંજ ભાસ્યું કે આ સ્વપ્નજ હશે કારણ કે તે પરિપૂર્ણ જાણતી હતી કે એવાં પ્રિતી અને દયા જનક વચનો પોતાના કાકાના મુખમાંથી હવે નીકળે નહિં.

"**મેરિયા**"—**પૉક્લિંગટન** બોલ્યો—"મને કહે, તું શું પૂછવા માગેછે. હું તારા સઘળા વિચાર સ્પષ્ટ જોઈ શકું છું, તને તારા ભરથારની ખબર અંતર પૂછવી હોય તો સુખે પૂછ, તે સહીસલામત છે, તે આપણા ઘરમાંથી નહાસી ગયો."

"જો કે તમે જાણતા હતા કે એ મારો પતી થાયછે"—**મેરિયા** બોલી—"તોપણ એને પોલીસના જડબામાં ધકેલવા તમે ઇચ્છા દેખાડી."

"**મેરિયા**! તે વખતે હું ક્રોધના બળથી અંધ થયો હતો, પણ સોગન ખાઇ કહુંછું કે આજથી એ માણસને મહારે કશી હરકત કરવી નહિં."

"તે માટે તમારો અત્યંત આભાર માનુંછું. ખરે! મારે માથેથી મોટો અને દુ:ખદાયક બોજો તમે ઉચકી લીધો છે, પણ **તેનું** હવે શું થયું હશે?"

"તે તો ઈશ્વર જાણે, પણ એટલું તો ચોકસ છે કે તે કોઇના હાથમાં સુગમતાથી સપડાય એવો નથી."

"કાકા, મહારા વહાલા કાકા, મારી એક માંગણી અંગીકાર રાખશો? માત્ર એકજ પ્રશ્નનો ખરો ઉત્તર દેશો?"

"હા! ખુશી સાથે બધું કહીશ અને બધું કરીશ. માત્ર એ **મેકેર**ને આપણા કુટુંબ સાથે જોડાવા દેનાર નથી તેમ આ ગૃહ વિષે ફરીવાર તેને પ્રવેશ કરવા દેનાર નથી."

"અરે! હું પણ એટલુંજ માગુંછું, મારાં દુ:ખી હૈયાંને એટલુંજ જોઇએ છે. તમે એનાવિષે મારાથી અધિક જાણોછો. તમે એનાં **ફ્રાન્સ**નાં સાહસ કર્મોથી જાણીતા છો. પણ મારા લગ્નને શુભ દિવસે તમે જે દોષ તેને માથે મૂકયો છે, કે જે શબ્દ બોલવાને મારી વાચા ઉઘડતી નથી, એ દોષ તમે શું આધારે મૂકોછો તેનું સર્વ વર્ણન મારી આગળ કૃપા કરી કહો. મારૂં તન અને મન હવે સહનશીલ થયું છે અને કોઈ પણ પ્રકારનું સંકટ ખમવા શક્તિમાન છે."

પૉક્લિંગટને જોયું કે તેની મરજી વિરૂદ્ધ જવું એ ઘણું જોખમ ભરેલું હતું, તેથી **ચાર્લસ સ્ટેનમોરે એમ**બ્રુયલના જંગલમાં કીધેલી પોતાના પિતાના ખૂનની શોધ વિષે સઘળી હકીકત કહી સંભળાવી. ત્યાર પછી તેણે ખરા **લિબ્યુ**નું વૃત્તાંત તથા તેને ઘોડા ભાડે આપનાર **જોન્સ**ની પણ વાત કહી.

"**મેરિયા,** તું હવે સ્પષ્ટ જુએ છે કે તારો ધણી અપરાધી છે. હજી પણ તું તારા વિચાર બીજીજ કોઈ નેહેરમાં તરતા મૂકી એ દુષ્ટનો પરિત્યાગ કર તો સારૂં."

"એવા શબ્દો તમારે ફરીથી બોલવા નહીં. એણે મારી પાસે સોગન ખાધા છે, વચન આપ્યાં છે, પ્રતિજ્ઞાઓ લીધી છે અને એટલુંજ મ્હારે માટે બસ છે."

"**મેરિયા** હજી તું બાળક છો, અને તેથીજ આ વિસ્તારવાળી સૃષ્ટિના કાવતરાંથી અજાણી છો. એક ઠગારાના વચન, સોગન અને ચેહેરાપર દેખાતી ભોળાઇથી શું થયું. અંદરનું તને શું ખબર પડે."

ગમે એટલું કરો પણ મારો પ્રેમ એના ઉપરથી કદી ખસવાનો નથી. મને દેહાંતશિક્ષા કરો પણ હું એને ચાહ્યા વગર રહેનાર નથી. મને એની વર્ત્તણુક પસંદ છે અને તેના અપરાધનેમાટે અતિશય અશ્રુ ખેરવા હું તત્પર છું. મારા પોતાના વિચાર પણ હવે મારે આધીન નથી. જેમ પૂર્વદિશાએ ઉગતો સૂર્ય પશ્ચિમે ઉગવો નથી, જેમ સિંહ કદી તૃણ ખાનાર નથી, ચંદ્ર શીતળતા મૂકી ઉષ્ણ થવો નથી, તેમ મારો પ્યાર પણ હવે ફરવાનો નથી. માટે મારા પ્રિય કાકા તમે તમારાં વચન અને સોગન પ્રમાણે બાંધ્યા રહી, એ મ્હારા પ્રાણને પકડાવવામાં કશો ભાગ લેશો નહીં. ન્યાયરૂપી શિકારી કૂતરાઓને એની વાંસે છોડવા તમે સહાય થશો નહીં, કે જેનું મૃત્યુ તે ખૂદ મ્હારી જીંદગીનો અંત છે."

કાકાનું વચન લઈ **મેરિયા** એક વાર ફરીથી શાંત થઇ અને ઉંઘવાની ઇચ્છા દેખાડી સૂતી. દાસીને અંદર બોલાવી તથા **મેરિયા**ની સંભાળ રાખવાનું કહી મીસીસ **પૉકૃલિંગટન** પોતાના ઓરડામાં ગઈ. સવારના દશ વાગ્યાનો સમય થવા આવ્યો ત્યારે **પૉકૃલિંગટન** તથા તેની સ્ત્રી નાસ્તાનેમાટે **મેરિયા**ના ઓરડાની સામે બેઠા. થોડી વાર થઇ નહીં ત્યાં તો **લાલેમન્ડ** અંદર દાખલ થયો.

"હું રાત્રે તમારી આગળ આવવાનો હતો"—**લાલેમન્ડે** સાહેબ સલામ કરી કહ્યું—"જ્યારથી હું તમારી આગળનો ગયો છું, ત્યારથી મને ઘણા વિચિત્ર બનાવો બન્યા છે. એક તો એ કે મેં **મેકેર**ને જોયો અને બીજું મેં મારા **લિબ્યુ**નું દાટેલું શરીર પણ નજરે જોયું."

"અહા"!!—**પૉકૃલિંગટન** બોલ્યો—"મેં પણ એ બાબતસર ખોળ કરાવી છે."

"ને મહારો સંશય દૂર કરવા એ શરીર મેં બહાર ખોદી કાઢ્યું. મુખાકૃતિ બેડોલ થઇ ગઈ હતી."

"અરે ઈશ્વર! **મેકેર**ને તે બીજાં શું કતુકો કરવાં બાકી હશે!!"

"હેયે ધીર રાખો"—**લાલેમન્ડ** ટેબલપર જોરથી પોતાનો હાથ પછાડી બોલ્યો—"એ ખુનીને હું પકડી કાઢીશ ત્યારેજ મને નિરાંત વળશે. તેણે મને **પેરિસ**માં લૂટયો. ઇંગ્લંડમાં ઘણીજ ખરાબ રીતે વર્ત્યો તથા મારા ભાગીદારને તેણે ઠાર કર્યો. એ લુચ્ચાનો શિકાર કરી ન્યાયરૂપી યજ્ઞમાં હોમ કરૂં નહીં ત્યાંસુધી હું જંપીને બેસનાર નથી."

આ પ્રમાણે બોલી રહ્યા કે તરતજ બાજુના ઓરડામાં ડચકાં જેવો શબ્દ સંભળાયો અને કંઇક ધબ દઇને જમીનપર પડયું. **પૉકૃલિંગટન** ચોંકયો, દરવાજા આગળ ધસ્યો અને પોતાની ભત્રીજીને બેહોશ સ્થિતિમાં ભોંયે પડેલી જોઈ. તે સમજી ગયો કે જોરથી થતી વાતો સાંભળી તથા તેમાં **મેકેર**નું નામ બોલાતું સાંભળી **મેરિયા** ઉઠી હશે. ખરે બિચારા આ અભાગ્યા કાકા ઉપર દુઃખરૂપી પવનના એક પછી એક સપાટા પડતા હતા. બીજા બધા વિચારો એક કોરે મૂકી તે તથા તેની સ્ત્રી બંનેએ થઇને **મેરિયા**નું બેશુદ્ધ શરીર ઉચકી પાછું બિછાને સુવાડ્યું. દૈવયોગે વૈદ્ય પણ તે વેળા કંઈ કાનસર આવી લાગ્યો હતો.

"નહીં, તમે તેને મારી આગળથી નહીં લઈ જશો"—**મેરિયા** ભાન વગર બોલવા લાગી—"નહીં, મને મારા પતીનો વિયોગ ન કરશો. અમે નિયમ અનુસાર લગ્નક્રિયા કરીને પરણ્યાં છીએ. કોની મગદૂર છે કે એને ફાંસીએ ચડાવે! એ શબ્દ બોલનાર તમે તો નહીં સાહેબ?"—તે વૈદ્ય તરફ ડોળા કાઢી બોલી—"નહીં એનો બચાવ કરવા વાળી હજી હું જીવતી બેઠી છું. તેના પાપનો પસ્તાવો કરવા, એને સુખી કરવા અને એને માટે પરમેશ્વર આગળ ક્ષમા માંગવા હજી મારે ઘણું જીવવું છે. અરે જગત્કર્ત્તા એના કર્મોની શિક્ષા તું મને કાં નથી કરતો." આમ બોલતી થાકથી તે જરા વાર ચૂપ રહી તકીઆપર માથું ટેકી બેઠી. એક પળ બીજી પળ થઈ ત્યાં તો આરામ લઈ તે પાછી ઉઠી અને બોલી—"તમે કહોછો કે પોલીસ અમલદારો તેની પૂંઠે છે? ભલે એનીવાસે દોડો. માથું ફોડી લોહી કાઢો પણ એ કાંઈ તમારે હાથ આવનાર નથી."—એમ કહી તે જોરથી હસી.

"તેનું ગાંડાપણું હવે વધતું જાયછે"—**પૉકૃલિંગટન** હળવેથી બોલ્યો—"અરે સરજનહાર એ છોકરીને દિલાસો દેતાં મને શીખવ."

"શું મને દિલાસો આપશો!?"—તે તિક્ષ્ણ અવાજે અને સામે જોઈ બોલી.—"મને દિલાસો આપે એવું તે કોણ છે! મને ધીમી પાડનાર કોઇ નથી; તેમ મારાં તન અને મનની વેદના પણ દૂર કરનાર કોઈ નથી. મારા કારીઘાનો રૂઝાવનાર આ પૃથ્વી વિષે મળવો નથી. સબર! મને ક્ષમા કરો, મારી ભૂલ થઇ છે. હા હજી એક જણ એવો છે ખરો કે જે મારા સંકટોની સાંકળ કાપી શકે. મારી મૂંઝાયલી મતી ઠેકાણે લાવે, મારા રોગીષ્ટ શરીરને નિરોગી કરે અને મારા આયુષ્યના અવશેષ દહાડા સુખમાં ગુજારે, તે મારો પ્રાણસમાન ભરથાર છે."—**મેરિયા**એ આસપાસ નજર કરી તો પોતાના કાકાનો દલગીર અને રડતો ચેહેરો પોતાની

સામે જોતો જોયો. એક વાર ફરીથી તેણે **પૉક્‌લિંગટન**નો હાથ પકડયો અને બોલી—"મારા વહાલા કાકા, થોડુંક અગાઉ તમે મને વચન આપ્યું હતું. મ્હારી સ્મરણશક્તિનો લોપ થયો છે. હું નથી કહી શક્તિ કે કયારે, પણ વચન આપ્યું હતું એટલું તો મને યાદ છે અને તે એકે તમારી ભત્રીજીનેમાટે તમારાથી થાય તેટલું તમે કરશો. બોલો શું એ ખરી વાત? તમારો ચેહેરો હાપાડતો જણાયછે. ઠીક ત્યારે તો તમારી કૃપાદૃષ્ટીની પૂરી પરિક્ષા લઇશ. તમે ધારોછો કે મારૂં કહ્યું તમે કરી શકશો? હા, તેની તમારાથી ના પડાશે નહીં. જો મારી ઇચ્છા પાર નહીં પડે તો હું દુઃખી સ્થિતિમાંજ મરણ પામીશ. મને એવું પણ ભાસે છે કે મારૂં આ સૃષ્ટીમાં રહેવું ઘણું થોડું છે. મારા હૃદયની રેતી દિનપ્રતિદીન શોકસમુદ્રમાં તણાતી જાયછે. તોપણ મારી એકજ ઇચ્છા બાકી રહી છે કે, આ ભૂમી છોડી ગયા અગાઉ મ્હારા પ્રાણપતિને સુમાર્ગે મૂકું. અરે! તમારૂં શરીર આ વાકય સાંભળી ધ્રુજે છે કેમ!"

"મારી દીકરી, હું તારી મરજી પ્રમાણે વર્ત્તવાનું વચન આપુંછું."

"ત્યારે તો મારા ભરથારને શોધી કાઢી મારી સનમુખ લઈ આવો"—**મેરિયા** મહાઆનંદ સહિત બોલી—"મારા કાકા, હું જાણુંછું કે તમે ધર્મવિષે પ્રીતિમાન તથા પ્રમાણીક છો. મારા જેવી મરણાંતે આવેલી અબળાને તો ઠગવાનો વિચાર નહીં કરો? એના દર્શનનેમાટે મને તીવ્ર ઉત્કંઠા થઈ છે. માત્ર એકજ પળ મને એનો દર્શન યોગ્ય ચેહેરો જોવા દ્યો. મારી આ નમ્ર વિનંતિ સાંભળી, મારી આ છેલી માગણી સ્વીકાર કરશો અને મારા પ્રાણપતિને એની મરતી સ્ત્રીના બિછાના આગળ અવશ્ય લાવજો. સોગન લઈ કહો કે તમે મને છેતરશો નહીં, તમારા આવ્યાની હું વાટ જોતી બેઠી છું."

"મારી વહાલી **મેરિયા** તારી જીંદગી બચાવવા હું મારી જીંદગીનો ભોગ આપવા તત્પર છું. તું મને ફરજંદ સમાન છે. હું ઉત્પન્ન કરનારના સોગન લઈ કહુંછું કે તારા ભરથારને લાવ્યા વિના પાછો ફરીશ નહીં."

મેરિયા ખુશી થતી પોતાના કાકાનો હસ્ત ચૂમી બોલી—"હવે સુખે જાઓ, ઈશ્વર તમને સહાય થાઓ."

પૉક્‌લિંગટન ત્યાંથી પોતાના ઓરડામાં જઈ ટોપી, ડગલો, બૂટ પહેરી નીચે ઉતર્યો. **લાલેમન્ડ** તો અર્ધો કલાક થયો જતો રહ્યો હતો. **પૉક્‌લિંગટન**ને **મેરિયા** ઘણીજ વહાલી હતી, તેથી તેના મોતનો વિચાર તેને ડંખ સમાન લાગતો. ચાલતાં ચાલતાં તે ખુલા મેદાનમાં આવી પહોંચ્યો. હવા ઠંડી હતી તેથી ચાલવાનું આનંદદાયક લાગતું. **મેકેર**ને લીધા વિના તો ઘેર જવાય તેમ ન હોવાને લીધે આખરે પોતે થાકથી ઘેરાઇ સ્ટૂર નદીના કિનારાપર બેઠો.

પ્રકરણ—૩૮.

દૈવયોગ.

પ્રિય વાંચનાર, હવે આપણે **મેકેર** અને **લિન્ડસે** આગળ જઇએ, જેઓ પોતાના મિત્ર **બરટ્રેંડ**ને દાટી, **બોરો**માં આવેલા પોતાના ઘરે સવારના છ વાગ્યે પુગ્યા હતા. **મેકેર બરટ્રેંડ**ને ભાઈ સમાન ગણતો તેથી તેની ગેરહાજરી તેને મહા દુઃખનું કારણ થઇ પડી. તેનો ચેહેરો અતિ શોકાતુર થઇ ગયો હતો, કારણ કે **મેરિયા**સંબંધી પોતાનાં પ્રયત્નો વ્યર્થ જાય તે કરતાં **બરટ્રેંડ**નું આ કવખતનું મોત તેને બહુ ખૂચતું હતું.

વિશ્રામની અત્યંત અગત્ય હતી, તેથી બીછાનાપર ગયો, પણ ઉંઘ શાની આવે! એક ગમથી બીજી ગમ પડખાં ફેરવતો પડયો હતો, અને મગજમાં પણ કંઈક ભારે ઉથલ પાથલ થતી હતી. ઘરની બહાર નીકળતાં પણ તેને ભય લાગતો. થોડા દિવસ તો ઘરમાંજ ભરાઈ રહેવાનું તેને ડાહપણ ભર્યું લાગ્યું. આ પ્રમાણે તે દહાડો પ્રસાર થઈ સવારના ઉઠતાં સૂર્યનાં કિરણો દેખાયાં. જેમ રાત્ર ઉંઘ વગરની ગઇ હતી, તેમ દિવસ પણ તેને બહુ ગમગીન લાગતો. ભોજનેમાટે ચોપડી લઈ વાંચવાનું પણ તેને ગમતું નહીં. બીજો દિવસ પણ પ-

સાર થઈ રાત પડી અને **મેકેર** બિછાનામાં ગયો. લેશ ભારતો ઉંઘ આવે! મુદ્દલ નહીં. સવારનું ઝળઝળું દેખાઈ રહ્યું હતું. કપડાં પહેરી, હાથ મોઢું ધોઈ મુસાફરીની પાકીટ પાસે રાખી તે બેઠો, જેમાં તરેહવાર જાતના વેશો ધારણ કરવાનાં સાધનો પડેલાં હતાં. જાત જાતની ટોપીઓ ડાઢી મુંછ વગેરે કેશની બનાવટો તથા નાના પ્રકારની દવાની શીશીઓ પડેલી હતી. અંતે એક વેશ તેણે પસંદ કર્યો. ધોળા ઝુલતા બાળ તેણે પહેરી લીધા. ખુણામાંથી એક નહાની બાટલી કાઢી તેમાંથી થોડુંક પોતાની મુંછોપર લગાડી તેને સ્વેત કીધી. આ પ્રમાણે એક વૃદ્ધ માણસનો દેખાવ ધારણ કરી તે **લિન્ડસે**ના ઓરડામાં ગયો. ભાઈ સાહેબ તો ઉઠયા અને એક બુઢાને પોતાના બિછાના આગળ ઉભેલો જોઈ ચોંકયા.

"બુઢા, જાયછે કે નહીં!—**લિન્ડસે** બોલ્યો—"તારે અહીં શું કામ પડયું! ચાલ, નીકળ, નહીં તો લાત ખાવી પડશે."

આ સાંભળી **મેકેર** તો બિછાનાની વધારે નજદીક ગયો. **લિન્ડસે** તો ખીજાયોજ હતો અને તેમાં વળી એ બૂઢા ગૃહસ્થની હઠીલાઈ જોઈ તેનો ગુસ્સો એકદમ ઉસ્કેરાયો. બિછાનામાંથી એકદમ કૂદી પડી મૂઠ ઉગામી તે સામો દોડયો; ત્યાં તો **મેકેર** બોલ્યો—"ધ્યાન રાખી મારજે."

"ઠીક, ઠીક, હું ધ્યાન રાખું તે કરતાં તુંજ રાખ. હવે છેલ્લી વખત કહુંછું કે તું અહીંથી જાય છે કે નહીં? યાદ રાખજે, લાત મારી દાદરેથી ગબડાવી દઇશ"—આ સાંભળી **મેકેર**થી હસવાનું થોભાયું નહીં તેથી **લિન્ડસે** પણ સમજી ગયો. પોતાના વેશની હવે તેને પૂરતી ખાત્રી થઈ અને એક વાર ફરીથી ખુલ્લી હવામાં નીકળવાની તેને હિમ્મત થઈ. **લિન્ડસે** સાથે સાહેબ સલામ કરી **મેકેર** ચાલતો થયો.

પવનની ધીમી લેહેકી આવતી હતી. તે સાથે આકાશ પણ સ્વચ્છ હતું. આસપાસના રમણિય દેખાવથી **મેકેર**ના શોકાતુર વિચારો ખુશીમાં આવ્યા પણ **બરટ્રેંડ**ના ભય ભરેલા મૃત્યુની યાદ વારંવાર તેની છાતીમાંથી નિશ્વાસ મૂકાવતી હતી. ચાલતાં ચાલતાં **રૉચેસ્ટર** પુગ્યો અને સાત વાગ્યા. કોઈ જાહેર હોટલ અથવા ધર્મશાળામાં ઉતરવાને બદલે એક સાધારણ વીશીવાળાને ત્યાં ગયો, જ્યાં પેટ ભરી ભોજન લઈ આશાએશ લીધી. બે ત્રણ દિવસ થયા ઉંઘ પણ આવી નહોતી; તેથી તેને હાલ ઝોલાં આવવા લાગ્યાં અને એક માણસને બોલાવી પોતાને પરોઢીયે જગાડવાની સૂચના કરી સુવાના ઓરડામાં ગયો.

અજવાળું થતાં અગાઉ તો આપણો બળવાન **મેકેર** જાગ્યો. અને નાસ્તાની વાટ ન જોતાં પૈસા ચૂકવી ચાલતો થયો.

એથેમથી બે માઈલ દૂર આવેલા એક નહાના સરખા ગામડામાં તેણે નાસ્તો કીધો અને કેન્ટરબરી આવતાં ત્યાંના દેવળના ઘડિઆળમાં બે વાગેલા દીઠા. હમણાં તો એટલામાંજ ભટકી નદીનાં નિર્મળ નીર નિહાળતાં તીર ઉપર ફરતાં સાંજ થવે શહેરમાં પેસવાનો તેણે મનસુબો કર્યો. તરેહવાર આકારના નાના મોટા ગોળ તથા લીસા પથરો કિનારાપર અગણિત પડ્યા હતા. આસપાસ હરિયાળી પથરાઈ રહી હતી અને પવનની લેંહેકીથી જળમાં નહાના નહાના તરંગો ઉઠતા હતા. વારે ઘડિયે બગલું પણ ઉડી ઉડી માછલીઓ પકડતું દેખાતું, એવા એવા ખુશનુમાં દેખાવ જોતાં સહાંજ પડવા આવી, એટલામાં તો થોડેક દૂર એક મહોટા પથ્થરપર તેણે એક માણસને બેઠેલો જોયો.

"રખેને આ માણસ કેન્ટરબરીનોજ રહેવાશી હોય? જરૂર તેની આગળથી થોડાક સમાચાર મળી શકશે"—એવા વિચારમાં **મેકેર** પેલા ગ્રહસ્થ આગળ ગયો.

પ્રિય વાંચનાર એની અજાએબીની હું શી વાત કહું, તેના ગભરાટનું પણ હું શું વર્ણન કરૂં! થોડીક વાર તો પોતાની સમયસૂચકતા પણ વિસરી તે ધ્રુજી પડયો. આ સઘળું થવાનું કારણ બહુ સુગમ હતું. એ પથ્થરપર બેઠેલો પુરૂષ **પૉકલિંગટન** હતો. તેણે **મેકેર**ને ઓળખ્યો નહીં પણ તેનો ગભરાયેલો ચેહેરો જોઈ વ્યાપારીને થોડોક સંશય પડયો અને વધારે બારીકીથી તપાસતાં તેણે **મેકેર**ને ઓળખી કાઢયો.

"શું! **મેકેર**! વળી તું આ ગામની સીમામાં છે?"

"હા, તમે ઠીક વર્ત્તી કાઢયું."—**મેકેરે** આસપાસ દ્રષ્ટી કરી ખાત્રી કરી કે સમીપમાં બીજું કોઈ માણસ ન હોય.—"કૃપા કરી ભૂતકાળના બનાવો યાદ લાવી તથા મને ઠપકો આપી ઉશ્કેરતા નહીં. તમે જાણો છો તેમ હું અંગબળમાં તમારાથી અધિક છું. બાજુમાં વહેતી નદીનાં નીર ઉંડાં છે અને તેથી તમારી બૂમો સંભળાશે નહીં."

"હું તને દુઃખ દેવા આવ્યો નથી. પણ જે ગૃહ વિષે તેં વિપત્તીનાં વેલાં રોપ્યાં છે ત્યાં તને લઈ જવા આવ્યો છું. અફસોસ તને **મેરિયા** આગળ લઈ જવાનું મેં તેને વચન આપ્યું છે. બિચારીની છેલ્લી ઘડી સમીપ છે—

"શું,"—**મેકેર** બોલી ઉઠયો—"શું તમારી ભત્રીજી, મહારી વહાલી અને જીવસમાન **મેરિયા** મરવા સૂતી છે!!"

"હા, વૈદને પણ બે પ્રકારની ચિંતા રહેછે. કાંતો તે ગાંડી થાય અથવા આ સૃષ્ટીને છેલા પ્રણામ કરે"—**પૉક્લિંગટને** ઉત્તર વાળ્યો અને બોર સરખાં ઉનાં ઉનાં અશ્રુ તેનાં નેત્રોંદ્વારા પડવા લાગ્યાં—"એવા મહા દુઃખ અને ભયને વખતે મેં તેને વચન આપ્યું છે. તેણે માગ્યું, ને મેં કબૂલ કર્યું છે."

"પણ મારી કેમ ખાત્રી થાય કે આ સઘળું છળકપટ નથી. અર્થાત્ મને ફસાવવાને પાથરેલી જાળ નથી? બોલો."

"મારી ઉત્કંઠા હું લુચ્ચાઇ અને દગલબાજીથી પાર પાડતો નથી. તું આટલા કાળ સુધી મારા ભેળો રહ્યો તોપણ તેં મને પૂરો ઓળખ્યો નથી. તું તો સૌને તારા સમાનજ ગણેછે, હું કંઈ તને પીડા કરવા આવ્યો નથી."

"ત્યારે તો હું તમારી સાથે આવવાને તૈયાર છું"—**મેકેરે** કહ્યું—"પણ વચન આપો કે તમારે **મેરિયાની** આગળ કંઇ ઠપકો આપવો નહિં એટલુંજ નહિં પણ પકડાઇ જવાના ભયની પણ મને હર પળે ચેતવણી આપવી."

"હું સોગન લઈ કહુંછું કે તારા કહ્યા પ્રમાણે થશે."

"અને **લાલેમન્ડ**નું"—**મેકેરે** પૂછયું.

"ખરા **લિબ્યુ**નું ખૂન કરનાર તુંજ છે એવું તેને મુદ્દા સહિત માલમ પડયું છે પણ જેમ એક શિકારી મૃગની શોધ સિંહની ગુફામાં કરે નહિં તેમ **લાલેમન્ડ** તને શોધવા કંઈ મ્હારા ઘરમાં આવે નહિં.

"ઠીક ત્યારે હું તમારી સાથે ખુશીથી આવીશ પણ યાદ રાખજો કે મારી પાસે તૈયાર ભરેલી બે પીસ્તોલો હાજર છે, અને તેથી દગલબાજીનો લેશ પણ સંશય પડતાં નિમેષમાત્રમાં એક તમારી તરફ ફોડી બીજીથી હું મ્હારા પ્રાણનો ત્યાગ કરીશ"—એમ વાતો કરી **પૉક્લિંગટન** તથા **મેકેર** આગળ ચાલ્યા. ધબકારા મારતી છાતીથી તેઓએ ઘરનું ઉંબર ઓળંગ્યું.

પ્રકરણ—૩૯.

મેકેરતો વળી પકડાણો.

જ્યારે **પૉક્લિંગટન મેકેર**ની શોધ માટે **મેરિયા**ના ઓરડામાંથી બહાર ગયો ત્યાર પછી **મેરિયા**ને ઘણીજ શાંત, ખુશનુમાં અને આશાએશ ભરેલી ઉંઘ આવી. **લાલેમન્ડ**ના મુખની ક્રૂર વાણી સાંભળી **મેરિયા** ઘણી ઉશ્કેરાઈ હતી અને તેથી તેનું તન અને મન બંને અતિશે થકિત થયું હતું. **પૉક્લિંગટન**ના દિલાસાએ તથા સોગન સહિત આપેલાં વચનોએ તેને શાંત નિદ્રાની પ્રાપ્તિ કરી. જાગી ઉઠતાં જે પહેલી ચીજ તેની દૃષ્ટીએ પડી તે પોતાનો ભરથાર હતો. અમૃતની પ્રાપ્તિ થયાથી, દુષ્કાળમાં વૃષ્ટી થયાથી, અંધને નેત્રો મળ્યાથી અને દરિદ્રને ધન મળ્યાથી જેટલો હર્ષ થાય તેથી પણ અધિક આનંદ આ વખતે **મેરિયાને** થયો. **મેરિયા મેકેર**ને બરાબર ઓળખી શકે માટે વેશ ઉતારી બાજુએ રાખવા **પૉક્લિંગટને** તેને કહ્યું હતું.

"અરે મારા પિતા તુલ્ય કાકા"—**મેરિયાએ** કહ્યું—"ખરે, તમે મને દિલાસાનું સાધન આપ્યું છે. હવે હું સુખેથી આ સૃષ્ટીને છેલા પ્રણામ કરીશ."

"અરે! મારા પ્રાણ!"—**મેકેરે** કહ્યું—"જ્યારે આપણે એક વાર ફરીથી ભેળા થયા છીએ ત્યારે તને આ ખેદકારક વચન ઉચ્ચારવાં ન ઘટે."

"મારા વહાલા ભરથાર"—**મેરિયા** થાકથી પોતાના તકીઆપર ટેકી બેઠી અને **મેકેર**નો હાથ પોતાની છાતી સાથે દાબી બોલી—"મારા શિરતાજ, મારા પ્રાણપતિ, તમને ખબર નથી કે તમારા ગયા પછી મને કેટલું ખમવું પડયું છે. ડપકા અને નાસીપાસ રૂપી એક જબરો ફટકો લાગ્યો છે જે રૂઝાવો ઘણોજ કઠણ છે. જો કે હું તમારી સાથે હમણાં વાતો કરૂંછું; તોપણ યમ રાજા પોતાની ફરજ બતાવતો મારી આ કંગાળ જીંદગીના દમ ઘટાડે છે. હું વધારે જીવીશ નહિં એવું મારૂં અંતઃકરણ કયારનું કહ્યા કરેછે, રાબર્ટ, તમારે માટે મારી જીંદગી વધારવા હું અત્યંત આતુરછું. વળી યુવાન અવસ્થાએ મરવું ઘણું દુઃખદાયક લાગેછે, પણ અફસોસ, હરીઇચ્છા આગળ માનવીનું જોર ચાલતું નથી."

"અરે મારી પ્રાણપ્રિયા"—**મેકેર**નું પથ્થર સરખું હૈયુ પિગળી અશ્રુ વહેવા લાગ્યાં "માત્ર મારેજ ખાતર તારી જીંદગી લંબાવજે અને એટલા દિવસસુધી મારે માટે જે શ્રમ અને સંકટો તેં વેઠયાં છે તેનો બદલો તને પરમેશ્વર આપશે. આપણા પરસ્પરના પ્યારનો બે ઘડી વિચાર કર. આપણે કોઇ એવા દૂરના અને ઉજ્જડ ગામડામાં જઇ રહેશું કે જ્યાનાં લોકો મારાં કર્પિણ કૃતુકોથી અજાણ્યાં હોય; ત્યાં જઇ બાકીના દહાડા અમન ચમન અને એશઆરામમાં ગુજારશું. **મેરિયા**, તું તારા અઘટિત શોકને હડસેલી કાઢ."

"સ્વામિરાજ તમારૂં દોરેલું આ સુખનું ચિત્ર જોઈ ખરે મને તમારાથી વિખૂટું પડવું ગમતું નથી."

"**મેરિયા**, તું હજી પણ જીવીશ. તારા શોકાતુર વિચાર તારી નબળી સ્થિતિ દર્શાવેછે."

"નહીં, પ્રાણનાથ"—**મેરિયાએ મેકેર**નો હાથ પોતાની છાતી સાથ વધારે જોરથી દાબ્યો જે હવે ઘણો ધીમે ધીમે ધબકતી હતી—"હું જીવવાની કેમ આશા રાખું! હું સત્ય કહુંછું કે મારૂં મૃત્યુ સમીપ છે. મને આ સૃષ્ટિમાંથી ઉપાડી લેવાની સઘળી તૈયારી થઇ ચૂકી છે. તમને પૂરેપૂરૂં યાદ છે કે મને ઘણું વેઠવું પડ્યું છે. હજી એક ઘા રૂઝાયો નથી ત્યાં તો બીજો, ત્રીજો, એ પ્રમાણે જખમો થવા લાગ્યાં. તમને કયાં ખબર નથી કે પુરૂષ કરતાં સ્ત્રીનું તનમન વધારે કોમળ છે."

"નહીં, પ્રાણવલભા, તું મોતના વિચારો બંધ કર કે જેથી મને શાંતિ થાય. તારા વિનાનો આ સંસાર મને શૂન્યવત લાગશે."

"નહીં, નહીં, તમે એવી ખોટી આશા રાખશો નહીં. મેં તમને હમણાંજ કહ્યું કે મોત નજદીક છે, તેથી મારા પ્રાણ, મોતના શિતળ હાથથી મારૂં રૂધીર ઠરીને બંધાઈ જાય તે અગાઉ મારાં બે વેણ સાંભળો."

"બોલ, બોલ,"—**મેકેર** ધ્રુજતે શરીરે તથા ગદગદ કંઠે બોલ્યો—"તું મને તારી મનવાંછના દર્શાવ અને હું કરતારના સોગન લઈ કહુંછું કે હું તારૂં વેણ ઉથલાવીશ નહીં."

"હા, ત્યારે તો હું સુખેથી મારા બાકીના દમ પૂરા કરીશ. **રાબર્ટ**, મને સઘળા કહેછે કે તમે ઘણાં ભયંકર અને ઘાતકી કામ કર્યા છે. તમે જાણોછો કે હું તમને ચહાતી હતી; અને હજી સુધી એ પ્યારમાં લેશ ભાર પણ ઘટાડો થયો નથી. હજી તમારી ઉમર પશ્ચાત્તાપ કરવાને લાયક છે. માટે પરમેશ્વર જે ભલાનું ભલું કરેછે તેના સોગન લઈ કહો, અને હું જે તમને મારા પ્રાણ સમાન ગણી તમારેમાટે અટલાં સંકટોમાંથી તરીછું તેના પણ સોગન લઈ કહો કે તમે પસ્તાવો કરી ઈશ્વર આગળ ક્ષમા મેળવશો અને આજ પછી દુરાચરણોનો પરિત્યાગ કરશો"—આ પ્રમાણે બોલી ઘણાજ થાકથી ઘેરાઈ તે પાછી પોતાના તકીયાપર પડી. જ્યારે **મેકેર** તેના શરીરપર પડી હુસ્કે હુસ્કે રોતો બોલ્યો—"મારી પ્રાણપ્રિયા, હું તારૂં મા-

જેલું વચન મારા ખરા અંતકરણથી આપુંછું." **મેરિયા**એ પોતાની આંખો ખોલી એક હાથ **મેકેર**ની ડોકમાં નાંખી બીજો હાથ પોતાના કાકા **પૉક્‌લિંગટન** તરફ લંબાવ્યો, જેનું તે વૃદ્ધ સ્નેહીએ પ્રીતિપૂર્વક ચુંબન કર્યું. **મેકેર** મહા વેદનાને વશ થઇ પોકેપોક રોવા લાગ્યો. **મેરિયા**એ એક વાર ફરીથી પોતાની ચક્ષુ ઉઘાડી. **મેકેર**ને પોતાની નજદીક લઇ તેના હોઠોપર છેલ્લી ચુમી લઇ દમ બંધ કીધો. આ વખતે **મેકેર**ની સ્થિતિ એક નાના બાળક જેવી થઈ. મહા મુશ્કેલીએ તેને ઓરડાની બહાર ખેંચી કાઢવામાં આવ્યો, અંતે જ્યારે વ્યાપારીની પણ શુદ્ધિ ઠેકાણે આવી ત્યારે તેણે કહ્યું—"જેમ મેં મારી ભત્રીજીની વાસના તૃપ્ત કરી, તેમ તું પણ તેનું કહ્યું કરજે. તેની મરતી વેળાની વાણી સાંભળવા તું ભાગ્યશાળી હોવાથી વખતપર બરાબર આવી પુગો અને જરૂર તને એટલો તો સંતોષ થશે કે **મેરિયા** શાંતપણે સ્વર્ગવાસી થઈ છે. તારા ચેહેરા, રૂદન અને આચરણપરથી તારૂં હૈયું ફેરવાયું લાગેછે. અને તેથી આવી દલગીર પળે તારી સાથે કઠોરપણે વર્ત્તી તને મારા ઘરમાંથી હાંકી કાઢવા ઇચ્છતો નથી. તું આ ઘર છોડી જાય તે અગાઉ હું તને એકસો પાઉન્ડ આપીશ અને વળી આવતે ત્રીજે મહિને બીજી એટલી રકમ મોકલીશ એ પ્રમાણે તને દર ત્રીમાસે ઠેરવેલી રકમ મળ્યા કરશે. જેથી કુકર્મ કરવાની તને અગત્ય રહેશે નહીં. **મેરિયા**નો સઘળો પૈસો મારીપાસે છે અને જો કે તે તારી સાથે મારી રજા વગર પરણી તોપણ તેની સઘળી પુંજી હું તારી વતી સાંચવી રાખીશ."

પૉક્‌લિંગટને બોલવાનું બંધ કીધું. અને **મેકેર** પાછો **મેરિયા**ના ઓરડામાં ગયો જ્યાં **મેરિયા**ના ફીકા પણ ખુબસુરત ચેહેરાપર એક છેલ્લી ચુમી લઈ બહાર આવ્યો. ખરે આ વખતે તેનું હ્રદય તદન બદલાઈ ગયું હતું. **પૉક્‌લિંગટન** સાથે હસ્તમેળાપ કરી તથા ઘણીજ આનાકાનાથી ઠેરવેલી રકમ સાથે લઇ દાદર ઉતરવા લાગ્યો પણ તે બુઢા વ્યાપારીએ તેને પાછો બોલાવ્યો અને તેને તેનો તજી દીધેલો વેશ જોર જુલમથી પાછો બરાબર પહેરાવી વિદાયા કીધો. **પૉક્‌લિંગટન** તેને નીચેના ઓરડાસુધી મૂકવા ગયો.

"આપણા બેઉ વચ્ચેના શત્રુભાવ અને ધિક્કારનો અહીં અંત આવેછે. પરમ કૃપાળુ પરમેશ્વર હજી પણ તને સુબુદ્ધિ આપી સુમાર્ગે દોરે"—એમ કહી તથા એક વાર બંને જણ ભેટી છુટા પડ્યા.

મેકેરે ડેનજોન તરફનો રસ્તો લીધો અને જે પથ્થર ઉપર **મેરિયા** હમેશ બેસતી હતી, ત્યાં બેઠો. **મેકેર**ની હિમ્મત તૂટી પડી હતી અને જેમ તુફાની હવામાં ધુંમાડો ઉડી જાય તેમ **મેકેર**ના સઘળા દુષ્ટ વિચારો ઉડી ગયા. હવે તેને પોતાના આગલા અપરાધો યાદ આવ્યા જે વિષે તેને અંતરમાં ઘણો પસ્તાવો થવા લાગ્યો. ધારણ કરેલો વેશ પણ ઉતારી ફેંકી ન્યાયની અદાલતના ડાચામાં સુખેથી પેસી પોતાની આ દુ:ખી જીંદગીનો તે અંત આણત, પણ નહિં! પોતાની વહાલી **મેરિયા**ના કહ્યા પ્રમાણે પસ્તાવો કરવા તેને હજી જીવવાની અગત્ય હતી. **મેરિયા**ની દયામણી તથા અસર કારક શીખામણરૂપી વીજળીએ **મેકેર**ના કાવત્રાં ભરેલા સઘળા વિચારો મૂળમાંથી ભસ્મ કર્યા હતા. બિચારો **બરટ્રેંડ** પણ પોતાને હાથે પડયો, તેમ **મેરિયા**નું મરણ પણ તેનેજ લીધે થયું. દિલાસો દેનાર પણ તેને કોઈ રહ્યું નહિં. એકાએક તેને કાંઇ વિચાર સૂઝયો અને વગર ઢીલે **ફ્રાન્સ** ઉપડવા તેણે વિચાર કર્યો. આ મનસુબો કંઈ ભૂંડા કારણસર ન હતો. બાજુના ઝાડ, પાન, ફૂળ ફળાદી જોતાં અને ટૂંકમાં પગલે પગલે પણ તેને **મેરિયા**નો હસમુખો ચેહેરો યાદ આવી તેની પ્રકાશિત આંખ્યોમાંથી દડ દડ આંસુ પડતાં. આપ્રમાણે ડુસકતો અને મહોટેથી રૂદન કરતો, આપણી નવલનો નાયક ગુઠણ વાલી બેઠો અને જન્મ પછી આ પહેલીજ વાર ઉત્પન્ન કરનારની પ્રાર્થના કીધી. હા, હવે તેનું મન જરા શાંત થયું ખરૂં. રૂમાલ કાઢી તેણે વહેતાં આંસુ લુછી કાઢયાં અને એકવાર ફરીથી રસ્તો આગળ કાપવા માંડયો. રાત્રીએ પણ પોતાની શ્યામ સ્વારી સહિત આસપાસના પહાડી દેખાવ પર ઘેરો નાંખવા માંડયો. **મેકેર**નો વિચાર પણ એવો હતો કે રાત્ર પડતાં **ડોવર** પુગી ત્યાંથી **ફ્રાન્સ** જવાની પેસેજ લેવી. મહા મહેનતે પોતાના થાકેલા

અવયવો દોડાવી બે કલાકમાં તે ડોવર પુગ્યો, જ્યાં રાત્રે વાળુ કર્યા બાદ સવારના પરોઢીયામાં સ્ટીમબોટમાં બેસી પોણાબે કલાકમાં કેલેસ આગળ ઉતર્યો. **ફ્રાન્સ**માં ધારેલું કામ પારપાડી, તે પણ છોડી દઈ હમેંશ સુધી **સ્વીટ્‌ઝરલેન્ડ**માં રહેવાનો તેણે નિશ્ચય કર્યો હતો. તેણે ભઠિઆરાની મારફતે પોતાના આગલા મિત્ર **મારટીની**ને પણ બોલાવ્યો.

"શું વળી તું **ફ્રાન્સ**માં"—**મારટીની** ચીઠી વાંચતાંજ ઠેરવેલી જગ્યાએ આવી પહોંચ્યો.

"હા, અફ્સોસ"—**મેકેરે** ઉત્તર દીધો.

"પણ તું શોકાતુર કેમ છે? શું તારાં ઈંગ્લંડનાં કાવતરાં નિષ્ફળ ગયાં અને તેથી કંઈ બીજી ગોઠવણ કરવી ધારી છે?"

"**મારટીની** એવી વાતો મારી આગળ કરવાનું તું માંડી વાળ. હવે હું અગાઉ જેવો નથી. મારા વિચાર ફેરવાઈ ગયા છે તેમજ મારી વર્તણુક પણ અત્યંત બદલાઇ ગઇ છે. જે કામસર હું **ફ્રાન્સ** આવ્યોછું તેમાં તારી સહાયતાની મારે જરૂર છે."

"નહિં, નહિં, તું મશ્કરી તો નથી કરતો! શું! **રૉબર્ટ મેકેર**! આપણી મંડલીનો પ્રમુખ પોતાના ફિલસુફી વિચારોપર પાણી ફેરવે!"

"આ તારૂં વ્યર્થ ભાષણ બંધ કર અને એક ચોકસ કામ કરીશ કે નહિ તેનો જવાબ દે. તું જાણેછે કે બદલો વાળતાં મને શીખવવું પડે તેમ નથી. સાંભળ, **રીયુડીફીલીસ**માં એક વકીલ રહેછે જેને "**કેપટન રૉસીવેલે** મને મોકલ્યો છે અને **બ્લેનચી ડીલાંગવીલી**નું શું થયું તે પૂછાવ્યું છે" એમ કહેજે. તેની પાસે કાલે સવારના જઇ સાંજના પાછો મને આ જગ્યાએ મલી ખુલાસો કરજે."

આ બેઉં જણ છૂટા પડયા. **મેકેરે** કોઈ ગરીબ માણસના ઝુંપડામાં રાતવાસો કીધો અને સવાર થતાં ઉઠચો પણ કયાંએ બહાર ગયાવગર ઝુંપડામાંજ દિવસ ગાળી સાંજનાં ઘણી આતુરતાપૂર્વક ઠેરવેલી જગ્યાએ પહોંચ્યો.

"મારે તને કહેવાનું ઘણું થોડુંછે"—**મારટીની**એ કહ્યું—"હું વકીલને ત્યાં ગયો, પણ પ્રશ્ન પૂછતાં કાંઈ ઉત્તર મળ્યો નહિં. અંતે મેં જવાબ લેવાની ઘણી હઠ કરી ત્યારે તે ગુસ્સામાં બોલ્યો—"તારે અને **રાસીવેલ**ને એ જુવાન છોડી સાથે કાંઈ લાગતું વળગતું નથી. એક અંગ્રેજ જોડે તે પરણી છે જેઓ **આટ્ચુલ**માં રહેછે."—એમ કહી તથા ઈનામ લઈ તે જતો રહ્યો.

"તે પરણી ચુકી!!!"—**મેકેર** ઉત્સાહ રહિત થઇ બોલ્યો—"ત્યારે તો મારી છેલી આશા પણ પૂર્ણ થઇ નહિં. અરે! હવે આ બહોળી દુનિઆમાં મને કોણ દિલાસો દેશે?

મેકેર વિચારરૂપી મોજાઓથી ઘેરાઇ ઉભો હતો એટલામાં એક માણસ તેની નજદીક આવ્યો. **મેકેરે** તેને તરતજ ઓળખ્યો કારણ કે તે પુરૂષ ત્યાંનો શસ્ત્રવૈદ્ય હતો. જેણે ગયે વખતે તેને પકડચો હતો.

"**મેકેર**! તું મારો બંધવો છે"—વૈદ્ય બોલ્યો, જ્યાર પછી બે પોલીસના અમલદારો આવી લાગ્યા, જેઓએ માત્ર ઘણાંજ સાદાં વસ્ત્રો પહેર્યાં હતાં.

"મારી વર્ત્તમાન સ્થિતિથી હું કંટાળી ગયોછું અને મારૂં શું થાય તેની મને હવે દરકાર નથી. માત્ર એટલોજ ઉત્તર દીયો કે મારા ધારેલા મિત્રે તો મારી હાજરીની તમને ચેતવણી નથી આપી?"

"નહિ, તું **પેરિસ**માં છે એ ખબર અમને મહા શ્રમપૂર્વક મળી છે, સવારના તારો મિત્ર વકીલને ત્યાં આવ્યો અને ત્યાંથી પાછો ઘેર જઇ, સાંજના એટલે થોડીવાર અગાઉ તારી આગળ આવ્યો. આ સઘળું એક સિપાઇએ આખો દહાડો એની પુંઠે પુંઠે જઈ જોયું."

"હું અતિશે ખુશી થયોછું કે મને મારા મિત્રે છેતર્યો નથી"—**મેકેર** બોલ્યો—"હવે આજ્ઞા કરો ત્યાં સેવક આવવાને તૈયાર છે."

તરતજ રસ્તે જતી એક ગાડી ભાડે કીધી જેમાં **મેકેર** તથા પેલા બે સિપાઇઓ બેઠા. ગાડી ચાલી અને અર્ધા કલાકમાં તો **મેકેર** ન્યાયાધિશની સન્મુખ આવી ઉભો.

પ્રકરણ—૪૦.

મેકરના અપરાધનું વર્ણન.

જેમ આગલે પ્રસંગે **મેકર**ની તપાસ થઇ હતી તેમજ આ પ્રસંગે પણ શરૂ થઈ.

"બંધવા"—**મેકર**નો વેશ ઉતારી નંખાવી ન્યાયાધિશે પૂછયું—"તને શું અપરાધ માટે પકડવામાં આવ્યો છે તે તું જાણે છે?"

મેકરે નાપાડી ઉત્તર દીધો.

"ત્યારે તો ધ્યાન દઇ સાંભળ"—ન્યાયાધિશે કહ્યું—"કારકુન, સઘળું વર્ણન વાંચી જા."

મેકર જાઇને કારકુન આગળ ઉભો જેણે એક ચોકસ કાગળની ફાઈલ બહાર કાઢી વાંચવા માંડી.—

"૧૮૨૯ નું વર્ષ બેસતાં **હેન્રી સ્ટેનમોર** નામનો એક અંગ્રેજ ગ્રહસ્થ ઈંગ્લંડમાં આવેલી પોતાની મિલકતો વેંચી વ્યાપારઅર્થે **ફ્રાન્સ**માં આવ્યો હતો. તેજ વર્ષના મે મહિનાની ૧૪ મી તારીખે તે ગ્રહસ્થ **પેરિસ**માં પુગ્યો અને હાટલ **ડી**એમબાસીમાં તે ઉતરચો. ત્યાં તેનો સાળો જેનું નામ **રૂમફોર્ડ** છે તે તેને મળવા આવ્યો અને જ્યાંથી **હેન્રી**એ પોતાના દીકરા **ચાર્લસ સ્ટેનમોર** ઉપર ઈંગ્લંડ પત્ર લખ્યો. આ સઘળું કહેવામાં એટલોજ તાત્પર્ય છે કે **સ્ટેનમોર** અને તેના કાકા **રૂમફોર્ડ**ની જુબાનીપરથી સિદ્ધ થઈ શકશે કે તે વેળા **હેન્રી**ના ગજવામાં ૫૦૦૦ પાઉન્ડની નોટો હતી એટલુંજ નહિં પણ તે નોટો સાથે લઇને **લા**એન્સ ખાતે વ્યાપાર સ્થાપવાના વિચારથી **હેન્રી** ઉપડયો હતો. ૨૫ મી મેને દીને **હેન્રી**એ એક ઘોડો ખરીદ્યો કારણ કે તેનો વિચાર કટકે કટકે મુસાફરી કરવાનો હતો. પ્રથમથીજ વહેમી અને સહજ તંગદીલનું માણસ હોવાને લીધે નાણું પોતાની સાથેજ રાખવાનું તેને ઉચિત ભાસ્યું. બપોરના બાર વાગતે **રૂમફોર્ડ**ની રજા લઇ તે મુસાફરીએ ઉપડયો. આ બનાવ હૉટલવાળાના ચોપડાપરથી સિદ્ધ થાયછે. તે દિવસથી તેના સાળા **રૂમફોર્ડે** અને તેના દીકરા **ચાર્લસે** એ **હેન્રી**વિષે કંઈ પણ સાંભળ્યું નથી.

ચાલતા વર્ષે ૧૮૩૪ ની ૧૨ મી આગષ્ટે **ચાર્લસ સ્ટેનમોરે, મેકર** અને તેનો મિત્ર જેનું નામ **પીરી બરટ્રેંડ** છે તે વિષે કંઇક જાણયું. આ વર્ષના સપ્ટેંબરની ૧૬ મી તારીખે **બરટ્રેંડે** કંઈક કારણસર અથવા ગભરાટમાં આવી એક જુની પાકીટબૂક **ચાર્લસ સ્ટેનમોર**ના હાથમાં મૂકી જે પોતાના પિતા **હેન્રી સ્ટેનમોર**ની છે એમ **ચાર્લસે** ઓળખી, એટલુંજ નહીં પણ જ્યારે તેનો બાપ મુસાફરી માટે નીકળ્યો ત્યારે તેજ પાકીટબૂક **રૂમફોર્ડે** પણ **હેન્રી**ના કબજામાં જોઈ હતી અને તેમાંજ તેણે પોતાની નોટોનો ચોળો રાખ્યો હતો. જ્યારે આ પાકીટબૂક **સ્ટેનમોર**ના હાથમાં આવી ત્યારે તેમાં તેની મા **મેડેમ બરટ્રેંડ** જે **પેરિસ**માં રહેછે તેનો આવેલો એક પત્ર હતો. ત્યાર પછી **ચાર્લસ પેરિસ** ગયો. અને **મેડેમ બરટ્રેંડ**ની મુલાકાત લીધી, જેમાં તે ડોસીએ એવું કહ્યું કે મારો પુત્ર એક દિવસે થોડા મિત્રો સહિત **એ**મબૂયલના જંગલના મુખ આગળ આવેલા ઝુપડામાં ગયો હતો અને જ્યાંથી પાછાં આવતાં તે પોતાની સાથે એક સુંદર કારીગરીની સુનાની સાંકળ લેતો આવ્યો હતો. આ સાંકળ પોતાના ગુમ થયેલા બાપની છે એમ **ચાર્લસે** તરતજ ઓળખી કાઢી. તે સાથે તેણે એટલુંજ વધાર્યું કે **બરટ્રેંડ**નો એક ખાસ મિત્ર છે જેનું નામ **રૉબર્ટ મેકર** છે. તારીખ ૨૦ મી સપ્ટેંબર ૧૮૩૪ ના **ચાર્લસ સ્ટેનમોરે** ઉપર કહેલા **એ**મબુયલના જંગલના મુખ આગળ આવેલા ઝુંપડા તરફ કુચ કીધી અને ત્યાં આવી રાત્ર માટે ઉતારો માંગ્યો તે વખતે ત્યાં ત્રણ જણ રહેતા હતા. **પૉલ**, તેની સ્ત્રી **મારગેરેટ** તથા ત્રીજી એક યુવાન છોકરી. **પૉલ** અને તેની સ્ત્રીએ પોતાના પરોણાને લૂટી લેવાનો વિચાર કર્યો; જેમાં તે જુવાન બાઈ આડે આવી. આ છળયુક્ત ગોઠવણી માટે થતી વાતો તથા તે જુવાન છોકરીની આનાકાની તથા તેનું વચ્ચે પડવું, તે સર્વ

ચાર્લસે ઉપલે માળથી સંતાઇને સાંભળ્યું. ત્યાર પછી **ચાર્લસ** અને **પૉલ** વચ્ચે મારામારી થઈ ને તેમાં ધરવણી માર્યો ગયો; **મારગેરેટ** ઝુંપડામાંથી નાસી ગઈ. પેલી યુવાન અબળાને એક સલામતી ભરેલી જગ્યાએ લઈ જવામાં આવી. બાદ **પૉલ લેમોની**નું મુવેલું શરીર ડાટવાનો હુકમ થયો. થોડા દિવસ પછી **સ્ટેનમોરે** પાછી તે ઝુંપડાની મુલાકાત લીધી, જ્યાં તેણે **મારગેરેટ**ને જોઈ, જેણે તેના પિતાના ખુનમાં લીધેલો ભાગ સ્વીકાર કર્યો, એટલુંજ નહીં પણ તે શરીર કઇ જગ્યાએ દાટયું હતું તેપણ બતાવ્યું. **ચાર્લસે** પાટીઆની દિવાલ ભાંજી અંદર પ્રવેશ કરી બતાવેલે ઠેકાણે ખોદવા માંડયું ત્યાંતો **મારગેરેટ** ઘરને આગ લગાડી નાસી ગઈ. તે તેની પૂંઠે દોડયો અને તેને પકડીને ઝાડ સાથે મજબૂત બાંધી. આ રીતે કરી રહ્યા પછી પોલીસના અમલદારોને આ બનાવ ચેતવવા અર્થે **ચાર્લસ** ગામમાં પાછો આવ્યો, પણ હૉટલમાં પુગતાંજ તે મનના થાક અને ઉસ્કેરાટથી માંદો પડી કેટલાક દિવસ સુધી બેશુદ્ધ અને ભયભરેલી હાલતમાં રહ્યો. જ્યારે તેની માંદગી દૂર થઇ ત્યારે તેણે કેટલાક માણસોને મોકલાવી ખબર કઢાવી, જેઓએ એક સ્ત્રીનું નિર્જીવ શરીર ઝાડ તળે પડેલું જોયું. આ શરીર દાટવામાં આવ્યું તે વખતે **ચાર્લસ, કાઉન્ટ ડી મોરાનવલ**ને ત્યાં હતો.

અકટોબરમાં **ચાર્લસ સ્ટેનમોર, પૉક્‌લિંગટન**ને ત્યાં ગયો, જ્યાં તેણે **મેકેર**ને ફરીથી જોયો, અને "મારા પિતા **હેન્રી**નું ખૂન કરનાર તુંજ છો" એવું તેણે જણાવ્યું. **મેકેરથી તે** વાતની ના પાડી શકાઈ નહીં, પણ સઘળું ધીમે ધીમે તેણે કબૂલ કીધું.

૧૮૨૯ ના વર્ષના મે મહિનાની ૨૯ મી તારીખે સવારના પહોરમાં **જેકવેલીરે** નામના સરાફ આગળ એક જણ આવ્યો જેણે **ફ્રાન્સ** બેંકની નોટો વટાવી રોકડા પૈસા લીધા. **લીરે** એ નોટો ગણી જોઇ તો હજાર હજાર ફ્રેંકની પચાસ નોટો હતી. તેણે તરતજ હિસાબ ગણી ચલણી નાણું ગણી આપ્યું અને રીતિ અનુસાર નોટોના નંબર લખી લીધા. આ સરાફે આવીને અમને કહ્યું—"તે માણસનો ચેહેરો એવો તો વિચિત્ર હતો કે હમણાં પણ હું એને જોતાંવારજ ઓળખી શકીશ" તેણે તે માણસના ચેહેરાનું વર્ણન લખાવ્યું છે, જે **રાબર્ટ મેકેર**ના ચહેરાને બોલેબોલ લાગુ પડેછે.

૨૩ મી મે ૧૮૨૯ ને દીને **હેન્રી સ્ટેનમોર** પોતાની ઈંગ્લંડની નોટો બદલાવવા **ફ્રાન્સ** બેંકમાં ગયો હતો, જ્યાં પણ **રૂમફોર્ડ** તેની સાથેજ હતો. જે કહેછે—"**હેન્રી**એ બેંકમાં હજાર હજાર પાઉન્ડની પાંચ નોટો આપી તેના બદલામાં હજાર હજાર ફ્રેંકની ૫૦ નોટો લીધી જેના નંબર બેંકના ચોપડામાં નોંધાયા છે." આ નંબરો માહેલા કેટલાક, સરાફ **જેકવેલીરે**ને ત્યાં **મેકેરે** વટાવેલી નોટોના નંબરને મળતા આવેછે.

એમબ્રુયલના જંગલથી ત્રણ માઈલને છેટે આવેલા ગામડાનો હૉટેલકીપર કહેછે—"૧૮૨૯ ના મે મહિનાની ૨૫ મી તારીખે બે માણસો પગે ચાલતાં મારે ત્યાં ઉતર્યાં જ્યાં તેઓ માત્ર મદિરા પીવાને ખોટી રહ્યાં" હાટલકીપરે કરેલું આ બેઉ જણના દેખાવનું વર્ણન **મેકેર** અને **બરટ્રેંડ**ને બરાબર મળતું આવેછે.

વળી તેણે ફરીથી કહ્યું—"ત્યાર પછી એક બીજો મુસફાર હૉટલમાં દાખલ થયો અને જોકે ઉપર કહેલા બે જણ તથા આ મુસાફર એક બીજા સાથે જાણીતા નહોતા; તોપણ તેઓ થોડીવારમાં વાતો કરવા લાગ્યા. આ જોઈ મને સંશય પડયો અને મેં દરવાજા વાંસે સંતાઇને સાંભળ્યું તો **મેકેર** સરખા દેખાવવાળો પુરૂષ તે મુસાફરને કહેવા લાગ્યો—"અહીંથી ત્રણ માઈલને છેટે એક બીજી સારી હૉટલ છે જ્યાં તમને ઉતરવાનું વધારે સગવડ ભરેલું થશે. બાજુનો દેખાવ પણ રળિઆમણો છે." આ ઉપર કહેલી સઘળી ખબર અંતર મેળવતાં **સ્ટેનમોરને** ઘણીજ મહેનત પડી હતી, અને જે એકઠી કરવામાં સરકારી વકીલના હુકમથી પોલીસની પણ સારી સહાય મળી હતી. જે કાગળ ઉપર આ ઉપલું વર્ણન લખેલું હતું તે ઉપર સરકારી વકીલની સહી જોવામાં આવતી હતી અને હમણાં તેની નીચે ન્યાયાધિશે પણ પોતાની સહી કરી.

"હવે તારી તપાસ વડા ન્યાયાધિશ આગળ ચાલશે, માટે તને વાંચી સંભળાવ્યું છે તે વિષે કંઇ બોલવું હોય તો કહે?"

"મારે કાંઈ કેહેવાનું નથી"—**મેકેરે** જવાબ દીધો.

"જ્યાંસુધી તારી તપાસ ચાલુ રહે ત્યાંસુધી તને **લાફોર્સ**ના બંધીખાનામાં રાખવાનો હુકમ કરૂંછું. ઉપરાંત તારૂં નાસી જવું અટકાવવામાટે તારી આસપાસ ચોકી રાખવામાં આવશે. કાલે સવારના તું પાછો મારી આગળ આવજે એટલે બાકી રહેલાં પ્રશ્નો હું તને પુછી લઈશ."

મેકેર નમ્યો અને અમલદારો, તેને કહેલે બંધીખાને લઇ ચાલ્યા. **લાફોર્સ**નું બંધીખાનું એવી તો સફાઈ, સુઘડતાઈ, મજબૂતી અને સંભાળથી બાંધવામાં આવ્યું છે કે, તેનું સવિસ્તર વર્ણન મારે વાંચનારને અવશ્ય આપવું જોઇએ. આ બંધીખાનું આઠ ખુણીયું બાંધેલું છે અને તેમાં વળી અંદર આઠ ખુણીઓ ચોક રાખી આસપાસ દિવાલ ચણી લીધી છે. હવે બહારની દિવાલને ખૂણેથી અંદરની દિવાલના ખુણાસુધી ઓરડીઓની હારો બાંધી લીધેલી છે જેમાં બંધવાઓને રાખવામાં આવેછે. આ દરેક હારમાં ચાર ચાર ઓરડાઓ આવી રહ્યા છે. દરેક ચાર ઓરડાના બંધીવાનોના ઉપયોગને માટે એક એક નાનો ચોક છે જેના દરવાજા મોટા ચોકમાં ઉઘડેછે. આ દરેક ચોકમાં એક એક પાણીની ટાંકી છે જેમાં બંધીવાનોનાં કપડાં ધોવામાં આવેછે. દરેક નાના ચોકને દરવાજે પહેરેગીર (sentinel) ને રહેવામાટે નાની ઓરડી હોયછે. આપ્રમાણે આઠ નાના ચોક અને એક વચલો સૌથી મોટો ચોક જેમાં બંધીવાનોને ફરવા હરવા મળેછે, તે મળી નવ ચોક થાયછે. બંધીવાનોના ઓરડાનાં છાપરાં ઘણાંજ ઢળતાં તથા લીસાં છે અને ત્યાંથી વરસાદનું પાણી વહેવા માટે ફરતી એક મજબૂત પણ સીસાની નળી મૂકેલી છે. આ નળીને આઠ ખૂણે આઠ ખીલાથી ટકાવી દિવાલથી એક ફૂટ વેગળી રાખવામાં આવી છે. જે બંધવાઓની તપાસ થઈ રહી હોય અને જેઓની થવી બાકી રહી હોય તેઓને જુદા જુદા ભાગોમાં રાખેછે. બંધીવાનને પોતાની ઇચ્છાનુસાર ધંધો કરવા મળેછે અને તેમાંથી પેદા થતા પૈસા બંધવામાટે સાચવી રાખવામાં આવેછે જેમાંથી તે બંધવા તરફના વકીલ વગેરેનો ખર્ચ અપાય છે. જે બંધીખાનું આપણે આટલી બારીકીથી તપાસી આવ્યા ત્યાં **મેકેર**ને લઈ જવામાં આવ્યો. **મેકેર**ના ઓરડાનો દરવાજો અંદરની બાજુએ ઉઘડતો હતો તથા તેને બહાર મોટી આડદરાપ તથા જાડી સાંકળ જડેલી હતી. આપણે વાંચી ગયા તેમ તે ચોકમાં એક પહેરેગીર ભરેલી બંદૂકસહિત ફરતો હતો. તરતજ જેલનો ઉપરી હાથમાં ફાનસ લઇ આપણા **મેકેર**ને એક ઓરડામાં લઇ ગયો. **મેકેર**ને અંદર દાખલ કરી તે જેલનો ઉપરી ફાનસ લઈ બહાર આવ્યો, અને દરવાજો બંધ કરી તેઉપર આડદરાપ તથા સાંકળઉપર તાળું મારી જતો રહ્યો. **મેકેર** ઘણો થાકી ગયો હતો એ કાંઇ વાંચનારથી અજાણ્યું નથી. તેને તરતજ બિછાને જતાં ઘણી શાંત અને સ્વપ્નરહિત ઉંઘ આવી ગઈ. સવાર થતાં આંખ ખોલી તો સામેથી ૧॥ ફૂટની ચોરસ બારી મજબૂત સળીઆથી જડેલી હતી, જે વાટે સવારનું ખુશનુમાં અજવાળું થોડું થોડું આવતું હતું. ઓરડો ઘણો સ્વચ્છ તેમ બિછાનું પણ સારૂં હતું. પાણીનો એક કુંજો બિછાનાની બાજુમાં પડયો હતો. **મેકેરે** કપડાં પહેરી લીધાં કે દરવાજો ઉઘાડયો અને બે સિપાઈ દાખલ થયા જેઓ તેને પોલીસના ન્યાયાધિશ આગળ લઈ ગયા.

"બંધવા"—ન્યાયાધિશે પૂછ્યું—"**પીરી બરટેંડ**નું શું થયું?"

"તે મરણ પામ્યો સાહેબ"—**મેકેરે** નમ્રતા અને સત્યતાપૂર્વક જવાબ દીધો.

"ક્યાં અને કેમ મરણ પામ્યો?"

"ઈંગ્લંડમાં તે મારે હાથે માર્યો ગયો"—**મેકેરે** સચ્ચાઈથી ઉત્તર દીધો કારણ કે, અસત્ય બોલી પાપોમાં વૃદ્ધિ કરી પોતાની સ્ત્રીની મરતી વેળાની શીખામણનું ઉલંઘન કરવાની તેને હવે ઇચ્છા હતી નહીં.

"તારે હાથે કેમ કરતાં માર્યો ગયો"—ન્યાયાધિશે પ્રશ્ન કીધો.

ઉત્તરમાં **મેકેરે** સઘળી બનેલી વાત કહી દીધી.

"ખરે! આતો અગત્યનું છે, કારણ કે હવે એના મિત્ર **બરટ્રેંડ**ની હાજરી તથા જુબાની વગરજ વડીઅદાલતમાં તપાસ ચાલી શકશે? બંધવા, મારે હવે વધારે કહેવાનું નથી હું તને ફરીથી એજ બંધનગૃહવિષે લઈ જવાનો હુકમ આપુંછું. તારી પાસેથી જે પૈસા અમારે હાથ લાગ્યા છે તે જેલના ઉપરીને સ્વાધીન થશે અને જો તને તારા બચાવમાટે વકીલ અથવા બૅરીસ્ટર કરવો હોય તો તેના ખર્ચ વગેરે માટે તે પૈસા વપરાશે."

મેકેરને બગીમાં બેસાડી પાછો બંધીખાને લઈ જવામાં આવ્યો. સૌને ભોજન સાદું તથા પુષ્ટિકર મળતું હતું અને તે બધું પૂરતું તથા નિયમિત વખતે અપાતું. બંધવાઓને મળવા આવનારનો તથા પોતપોતાના વકીલોની સલાહ લેવાનો ભિન્ન ભિન્ન વખત નીમાયેલો હતો. સંક્ષેપમાં સઘળું કામ નીયમીત ચાલતું, જેથી દિવસ વગર અડચણે અને વગર મુંઝવણે પાણીન રેલાની પેઠે વ્યતીત થતો. **મેકેરે** સચ્ચાઇને એટલી મજબૂત બાથ ભીડી હતી કે તેમ કરતાં ગમે તો દેહની વૃદ્ધિ થાય અથવા નાશ થાય તેની તેને દરકાર ન હતી. બપોરનો વખત થયો અને જેલનો ઉપરી **મેકેર**ના ઓરડામાં આવ્યો.—"કેમ તમને કોઈ બૅરીસ્ટરની અગત્ય છે?"

"હું એવા કોઈ પ્રખ્યાત બૅરીસ્ટરને ઓળખતો નથી."

"મારા ધ્યાનમાં એક છે ખરો. તે હમણાનોજ પસાર થયેલો ઓગણત્રીશ વર્ષની ઉમરનો છે. તેની બુદ્ધિ ઘણી વિચક્ષણ તથા ભાષણની શક્તિ હદપાર છે. તેને હજી ઘણું કામ મળતું નથી તેથી અવશ્ય તમારા મુકરદમા ઉપર તે પૂરતું ધ્યાન આપશે."

"ઠીક ત્યારે તો એને બોલાવો"—**મેકેરે** કહ્યું.

આવતી કાલે બેરીસ્ટર **એમ. ડી. મોનટૉલ્ટ** તમારી આગળ હાજર થશે"—એમ કહી બંધીખાનાનો ઉપરી જતો રહ્યો. બીજે દિને સવારના વળી પોતાની સાથે **એમ. ડી. મોનટૉલ્ટ**ને લઈ આવ્યો અને તેની **મેકેર** સાથે ઓળખાણ કરાવી જતો રહ્યો.

"**મેકેર,** તમે શું ધારોછો"—બૅરીસ્ટરે પૂછ્યું—"તમારી વિરૂદ્ધ પડેલી જુબાની પરથી કેટલુંક સિદ્ધ થઈ શકેછે?"

મેકેરે સઘળી બીના કહી અને પછી પૂછ્યું. "આ મુકરદમા વિષે તમારો કેવોક અભિપ્રાય છે."

"તે હું હમણાં કેમ કહી શકું, પણ તમારા કહ્યા પ્રમાણે વિરૂદ્ધ પડેલી જુબાનીપરથી મને કેટલીએક એવી બારીક બાબતો સુઝે છે, કે જેથી ઘણું કરી તમારા છુટકારાની આશા બાંધી શકાય."

"પણ હવે વડા ન્યાયાધિશ આગળ મારી તપાસ ક્યારે થવી છે."

"આસરે એક મહિનો રહિને"—બૅરીસ્ટરે જવાબ દીધો—"તમે કહો તો એ મુદત વધારે લંબાવવામાટે કોર્ટને અરજ કરીએ."

"નહીં નહીં, મારી એવી ઇચ્છા છે કે આ સંશય ભરેલી વેળા સત્વર જતી રહે. હું બધું ખમી શકુંછું. શસ્ત્રોના પ્રહારસુધાં સહન કરવા શક્તિમાન છું પણ સંશય અને બળતરા જે માનવીના હ્દયનું રૂધિર ધીમે ધીમે ચૂસી લેછે તે મારાથી ખમાય તેમ નથી."

થોડા દિવસ પછી **મેકેરે, લિન્ડસે**ને પોતાની પાકીટ મોકલી આપવા લખ્યું જે **લિન્ડસે** એ તરતજ રવાને કરી. સાથે દિલાસાનો એક પત્ર પણ લખ્યો. **મેકેર** કાગળ વાંચી રહ્યો કે તરતજ દરોગો પોતાની સાથે એક બીજા માણસને લઈ આવ્યો અને પાછો જતો રહ્યો.

"**મેકેર!** તારી આ સ્થિતિ જોઈ મને ઘણો ખેદ થાયછે કે તું આપણી મંડલીનો પ્રમુખ એક નામર્દની પેઠે બંધીખાને પડયો રહે."

"**મારટીની**"—**મેકેરે** ઉત્તર દીધો—"મારા આગલા પાપોમાં વૃદ્ધિ કરવાનો મારો વિચાર નથી. મેં મારાં દુષ્ટ આચરણોનો ત્યાગ કર્યો છે."

"તે તો ઠીક; પણ પોતાના બચાવ અર્થે બંધીખાનેથી નાસવું એ અપરાધ ગણાય નહિં" **મારટીની** હસતાં હસતાં બોલ્યો—"મેં મારા મગજમાં સઘળો ચોકઠો રચી રાખ્યો છે.

માત્ર ખોટીપો તારી હાનો રહ્યો છે. ગમે તે થાઓ જોઈએ તો જીવ જાઓ પણ તને બચાવવો, એવા સોગન કેટલાક મિત્રોએ ધર્મપોથીપર હાથ રાખી લીધા છે.

"તારી આ કૃપાનેમાટે તારો હદપાર ઉપકાર માનુંછું; પણ—"આ તારૂં બાયલાપણું એક કોરે મૂકી, તું મારી વાત ધિરજથી સાંભળ"—**મારટીની**એ કહ્યું—"જો કે આ બંધીખાનેથી નાસવાનું કામ અગાઉ જેવું સુગમ નથી તોપણ હું હિમ્મતથી કહી શકુંછું કે તે કામ અઘરૂં નથી. આખા ઇંગ્લંડમાં કે ફ્રાન્સમાં એવી એકે જેલ નથી કે જેમાંથી હિમ્મતવાન પુરૂષ નાશી ન શકે."

"ગમે તે થાય પણ પ્રથમ તો હું મારી તપાસનું પરિણામ જોઈશ. કદાચ દેહાંતદંડની શિક્ષા થઇ તો નાસવાનો વિચાર કરીશ."

"ભલે, જેમ તારી મરજી. હું હાલ તો રજા લઉં છઉં. તારી તપાસને દહાડે મને ભઠીયારાની મારફતે સમાચાર મોકલજે નહિં તો બીજે દીને હું વગર બોલાવે ચાલ્યો આવીશ."—એમ કહી તથા ઉત્તર લીધા વગરજ **મારટીની** જતો રહ્યો. અંતે **મેકેર**ની તપાસ શરૂ થવાનો દિવસ આવ્યો. મુકરદમાની ટીપમાં **મેકેર**નું નામ પહેલું હતું. આ દીલગીર કામને માટે તે સવારે વહેલો ઉઠયો અને પોતે સ્વચ્છ કપડાં પહેરી તૈયાર થયો. **મોનટાલ્ટ** બૅરીસ્ટરે પણ જે જે સૂક્ષ્મ બાબતો બંધવાની તરફેણમાં હતી તે ગોખી રાખી. આપણે કહ્યું તેમ **મેકેર** વહેલો ઉઠયો અને મન શાંત કરી નિરાકાર, સર્વવ્યાપક અને સર્વશક્તિમાન ઈશ્વરની પ્રાર્થના કરી સજ્જ થયો. નવ વાગ્યાનો ટકોરો થયો અને બે અમલદારો તેને ગાડીમાં બેસાડી ન્યાયાધિશ આગળ લઈ ચાલ્યા. થોડાક વખતમાં ગાડી હાઈકોર્ટના દરવાજા આગળ ઉભી રહી તેમાંથી **મેકેર** ઉતર્યો; અને બેઉ અમલદારોની સંભાળ તળે આગળ ચાલ્યો.

પ્રકરણ—૪૧.

મેકેરની તપાસનો આરંભ.

બે અમલદારોની સાથે **મેકેર** મોટા દિવાનખાનામાંથી પસાર થતો જ્યાં તપાસ ચાલવાની હતી ત્યાં આવ્યો. આજ દીને **મેકેર**ની તપાસ થશે એવું જુદા જુદા વર્તમાનપત્રોએ પ્રસિદ્ધ કર્યું હતું જેથી લોકોની ભારે ઠઠ જામી હતી, પણ **મેકેરે** ન ડાબી કે ન જમણી તરફ નજર ફેરવી. તેમ ડોકું પણ નીચું નાંખ્યું નહીં. આ વખતે તેનો ચહેરો શાંત તથા આનંદિત હતો. અમલદારોએ તેને એક બાજુના ખૂણામાં ઉભો રાખ્યો જેની અડોઅડ જુરીનેમાટે ખુરશીઓ મૂકી હતી. **મેકેર**ના જમણા હાથ તરફ સરકારી વકીલ પણ બેઠો હતો. દશ વાગ્યા કે એક પ્રમુખ અને બીજા ચાર ન્યાયાધિશો દાખલ થયા અને નિયમિત જગાએ બેઠા.

જુરીનાં બાર માણસોનાં નામ વંચાઈ રહ્યાં કે **મેકેર**ને પૂછવામાં આવ્યું—"તમને આ જુરીવિષે કાંઈ વાંધો છે?"

મોનટાલ્ટે ના પાડી અને કારકુને મુકરદમો વાંચવા માંડયો જે વાંચનારથી અજાણ્યો નથી. છેલો ફકરો વંચાઈ રહ્યો અને એકઠી થયેલી ઠઠમાં ભારે હલામલ મચી.

"તમારૂં નામ શું?"—પ્રમુખે બંધવાને પૂછ્યું—"અને તમે શું ધંધો કરોછો?"

"મારૂં નામ **રૉબર્ટ મેકેર** છે. મને મારા બાપે દેવલના કામમાટે ઉછેર્યો હતો; પણ **તેના** મુવા પછી આ પવિત્ર ચાકરીનો ત્યાગ કરી મેં બીજા ઘણા વંધા કીધા છે."

"૧૮૨૯ ના વર્ષનો મે મહિનો તમે કયાં કાઢયો?"

"તે મહિનાના થોડા દિવસ મેં **ફ્રાન્સ**માં કાઢયા."

"તમે મે મહિનાની ૨૫ મી એ કયાં હતા?

"સાહેબ, અમારૂં કુળ એવાં પ્રશ્નોના ઉત્તર દેશે નહીં"—**મેકેર**નો બૅરીસ્ટર બોલ્યો—"તમારે એનો અપરાધ સાક્ષીદ્વારા સિદ્ધ કરવો જોઇએ, નહીં કે એને પોતાનેજ મોઢેથી. તમારે એની પાસેથીજ સઘળું પૂછી લેવું હોય તો બીજું બધું પડતું મૂકી પરબારૂં એમજ પૂછી લ્યો કે **હેન્રી સ્ટેનમોર**નું ખૂન તેં કીધું? બંધવો કંઈ પોતાને અપરાધી ઠેરવશે નહીંજ અને ના

પાડશે, તો તમે ક્યાં તેના વચનપર વિશ્વાસ રાખનાર છો? માટે એવાં અઘટિત પ્રશ્નો તમારે પૂછવાં ન જોઇએ."

"નહિં, નહિં, પણ મારા પ્રશ્નનો ઉત્તર મળવોજ જોઇએ"—સરકારી વકીલ બોલ્યો.

આપ્રમાણે તે બંને વચ્ચે તકરાર થતી હતી, એટલામાં પ્રમુખ બોલ્યો—"ઠીક ત્યારે હું બીજી રીતે પ્રશ્ન પૂછીશ."

"બંધવા, ૨૫ મી મે ૧૮૨૯ ને દીને શરાફ **જેકવેલીરે**ને ત્યાં નોટો વટાવનાર પુરૂષ તું હતો?"

"હા, સાહેબ."

"તેં **ફ્રાન્સ** બેંકની કેટલી નોટો વટાવી?"

"હજાર હજાર ફ્રેંકની ૫૦ નોટો."

"પણ તે નોટો તારી આગળ કેમ આવી?"

"તે પ્રશ્નનો ઉત્તર આપવા હું ના પાડુંછું"—**મેકેરે** હિમ્મતથી જવાબ દીધો.

"બંધવા, આ ચૂપ રહેવું તારી વિરૂદ્ધ જાયછે"—પ્રમુખે કહ્યું—"બોલ તું **હેન્રી સ્ટેન-મોરને** ઓળખે છે?"

"મારે કોર્ટને જણાવવું જોઈએ"—**મેકેર**નો બૅરીસ્ટર બોલ્યો—"અમે હવે બીજા કોઈ પણ પ્રશ્નનો ઉત્તર દેનાર નથી. અમારો અપરાધ અમે કબૂલ કરશું નહિં તેમ જૂઠું પણ બોલશું નહિં."

"જ્યારે બંધવો એવીજ હઠ પકડે છે ત્યારે તમે સાક્ષીઓ લેવા માંડો"—પ્રમુખે સરકારી વકીલને કહ્યું. તરતજ તેણે ઉભા થઈ **ચાર્લસ સ્ટેનમોર**ને બોલાવ્યો જે સાક્ષીના પાંજરામાં જઈ ઉભો. જેટલી બાબત તે પોતે જાણતો હતો તેટલી તેણે કોર્ટને કહી સંભળાવી, જે વાંચનારથી અજાણી નથી.

મેકેરનો બૅરીસ્ટર હવે **સ્ટેનમોર**ને ઉલટપાલટ તપાસવા ઉભો થયો—"તમે કહોછો કે આ તપાસ તમે કીધી ને આમ કર્યું ને તેમ કર્યું એ સઘળું ઠીકજ છે; પણ ત્યાં કોઈ મનુષ્ય શરીર દાટેલું તમે નજરે જોયું? તમે કહોછો કે **મારગેરેટે** તમારી આગળ સઘળું કબુલ કર્યું; પણ અમે તે કેમ માનીએ? અમારી તે વિષે ખાત્રી કરી આપશો? તે વખતે ત્યાં બીજો કોઇ હાજર હતો? ધારો કે તે કંગાળ સ્ત્રીએ કબૂલ કર્યું કે ત્યાં શરીર દાટયું હતું; પણ તેણે કોઇનું તમને નામ કહ્યું?"

"તે વખતે હું એટલો તો ઉશ્કેરાયો હતો કે તેને એ પ્રશ્નો પૂછવાની મારામાં શુદ્ધ ન હતી. પણ જ્યારે હું શાંત થયો ત્યારે તેને એ સર્વ પ્રશ્ન મેં પૂછયાં; પણ તેમાંનો એકનો પણ ઉત્તર મળ્યો નહીં."

બીજો સાક્ષી કે જે પાંજરાના દાદરપર ચડયો તે **સ્ટેનમોર**નો કાકો **રૂમફોર્ડ** હતો. જે ઘટતી જુબાની આપી હેઠો ઉતર્યો. ત્રીજો સાક્ષી હાટલ ડી. એમબાસીનો માલેક હતો જેણે પોતાના ચોપડા ઉપરથી **હેન્રી સ્ટેનમોર**ના આવવા તથા જવાની તારીખ કહી આપી હવે **મેડેમ બરટ્રેંડ**ને સાક્ષી આપવા ઉભી કરી. તે એવી તો નિર્બળ થઈ ગઈ હતી કે ઉભા રહેવાની પણ તેનામાં શક્તિ નહોતી. આવતાં વાર તે તદન મુંઝાઇ ગઈ જેથી ન્યાયાધિશે તેને શાંત થવા થોડો વિસામો આપ્યો. પોતાની સાથે તે સુનાની સાંકળ પણ લેતી આવી હતી. જે કોર્ટને બતાવવામાં આવી.

"આ સાંકળ મારો પુત્ર ૧૮૨૯ ના વર્ષની અધવચમાં લાવ્યો હતો અને તેનો હમેશનો સાથી **મેકેર** હતો"—**બરટ્રેંડ**ની મા બોલી.

હવે **ફ્રાન્સ**ની બેંકનો કારકુન પોતાની જુબાની આપવા ચઢયો. જેણે પોતાના ચોપડાપરથી સાબેત કર્યું કે ૧૮૨૯ ના વર્ષના મે મહિનાની ૨૩ મીએ તેણે ઈંગ્લંડની બેંકનોટો બદલી **ફ્રાન્સ** બેંકની આપી હતી. જે રકમ મી૦ **રૂમફોર્ડ**ની જબાનીને મળતી છે. ત્યાર પછી શરાફને બોલાવવામાં આવ્યો.

"તમે આ બંધવાને ઓળખો છો"—પ્રમુખે પૂછ્યું.

"હા, સાહેબ ૧૮૨૯ ના વર્ષના મે મહિનાની ૨૬ મીએ સવારનાં તેણે મારી પાસે નોટો વટાવી હતી."

"હું ધારૂંછું કે જેટલાં માણસો તમારી પાસે નોટો વટાવવા આવેછે તેના ચહેરા તમે યાદ રાખતા હશો"—**મેકેર**ના બારીસ્ટરે તેને ઉલટ પાલટ તપાસવા માંડ્યું.

"નહીં, એમ મને કંઈ બધાના ચહેરા યાદ રહેતા નથી"—શરાફ **જેકવેલીરે** એ જવાબ દીધો—"પણ તે માણસનો ચહેરો એવો તો વિચિત્ર હતો કે મને બરાબર યાદ રહી ગયો છે."

"તમે એને કોઇવાર અગાઉ કે ૨૫ મી મે પછી તે કોઇ દિવસ તમારા જોવામાં આવ્યો હતો."

"નહિં."

"તમે તેને છેલે જોયો ત્યારથી તેનામાં કંઈ ફેરફાર માલમ પડેછે?—બૅરિસ્ટરે પૂછ્યું.

"હા, હમણાં તે સેજ પાતળો થયો દેખાય છે."

હવે છેલ્લો શાક્ષી પાંજરામાં ઉભો થયો તે **ચેમબ્રુયલ**ના જંગલથી ત્રણ માઇલને છેટે આવેલી હૉટલનો માલેક હતો જેને ત્યાં **ચાર્લસ** માંદો પડયો હતો એટલુંજ નહિં પણ તેનો બાપ **હેન્રી સ્ટેનમોર** પણ અગાઉ ત્યાંજ ઉતર્યો હતો. અહીં તેના કહેવા પ્રમાણે **મેકેર** અને **બરટ્રેંડ** આવ્યા હતા જે તે મુસાફરને ફોસલાવી **ચેમબ્રુયલ**ના જંગલના મુખ આગળ આવેલા ઝુંપડામાં લઇ ગયા.

"શાક્ષી"—**મેકેર**ના બૅરીસ્ટરે પૂછ્યું—"તમારી યાદશક્તિ તો કંઈ ભારે અદ્ભુત લાગેછે. મારા બે ચાર પ્રશ્નોના ઉત્તર દેશો? તમારે ત્યાં જે મુસાફર ઘોડેસ્વાર થઇને આવ્યો તેનો દેખાવ કેવો હતો?"

"સાહેબ, તે મને યાદ નથી"—તેણે જવાબ દીધો.

"ઠીક એ યાદ ન રહ્યું ત્યારે આ બંધવો અને તેનો મિત્ર કેમ યાદ રહ્યા. તે વખતે કદાચ તેઓને મોઢે હીરા જડ્યા હતા?"

"નહિં સાહેબ, મને નુકસાન કરનાર પુરૂષ હું હમેંશા યાદ રાખુંછું. તેઓ ફોસલાવીને મારા ગ્રહાકને લઈ ગયા હતા."

"નુકસાની કરનારનો ચેહેરો તમે યાદ રાખો છો એતો તમારી ભલી ટેવ લાગેછે, પણ તે ઘોડેસ્વાર મુસાફર તમારી હૉટલ છોડી ગયો એટલે તેણે પણ તમને નુકશાની કીધી. છતાં તેનો ચેહેરો તમને કેમ યાદ ન રહ્યો?" બોલો એ ઉંચો હતો કે ઠીંગણો.

"એ હું બરાબર જાણતો નથી."

"નથી જાણતા ત્યારે શાક્ષી શા આધારે આપવા આવ્યા? ઠીક તમે નીચે ઉતરો."

"હવે મુકરદમો પુરો થયો છે"—સરકાર તરફનો વકીલ બોલ્યો—બંધવા તરફથી કોઇ શાક્ષી છે.?"

"હા સાહેબ" **મોનટાલ્ટે** ઉત્તર વાળ્યો.

મેકેરને પણ ખબર નહીં હતી કે પોતા તરફનો તે કોણ શાક્ષી હશે. તરતજ શાક્ષીનું નામ બોલાવવામાં આવ્યું જે કમ ભાગ્યે **મેકેર**ને કાને પડયું નહિં. પણ જ્યારે તે સાક્ષી પાંજરે ચઢયો ત્યારે **મેકેર**ની અચરતીની હું શું વાત કરૂં. તેણે તરતજ **ઑકટેવસ લિન્ડસે**ને ઓળખ્યો.

"તમે શું ધંધો કરોછો અને કયાં રહોછો?"

"ધંધામાં ખાવું પીવું અને મોજમઝા, અને નિવાસ **લન્ડન** વિષે છે."

"તમે આ બંધવાને કેટલું થયા ઓળખોછો"—**મોનટૉલ્ટે** પૂછ્યું.

"લગભગ અગીઆર વર્ષ થયાં."

"તમે **ફ્રાન્સ** જોયું છે."

"નહિ સાહેબ, આ પહેલીજ વાર છે"—**ઑકટેવસે** ઉત્તર દીધો.

"તમે કહોછો કે એ બંધવાને તમે દશ વર્ષની ઉપર થયું જાણોછો"-**મેકેર**ના બૅરીસ્ટરે પૂછયું—"તે કોઇ વાર તમારે ત્યાં ઉતર્યો હતો વારૂ ?"

"હા સાહેબ ઘણીએ વખત."

"પાંચ વર્ષ અગાઉ આ બંધવો તમને ક્યારે મળ્યો હતો"?

"૧૮૨૯ ના મે મહિનામાં."

"૨૫ મી અને ૨૬ મીને દીને તમારે ત્યાંથી તે ક્યાં ગયો હતો"?

"ક્યાંએ નહિ, મારેજ ઘેર હતો"—**ઑક્ટેવસે** હિમ્મતથી જવાબ દીધો.

સાંભળવા આવનારાઓમાં મહા ક્ષોભ મચી રહ્યો અને જ્યુરીનાં માણસો એક બીજા ગમ જોવા લાગ્યાં. આ સાંભળી સરકારી વકીલની તો વાચાજ બંધ થઈ અને ન્યાયાધિશો પણ એક બીજામાં હળવે હળવે વાતો કરવા લાગ્યા. **મેકેર**ના બૅરીસ્ટર **મોનટૉલ્ટે ઑક્ટેવસ** તરફ સંતોષદર્શક દૃષ્ટિ કરી. ખરે આ વેળાએ તો **મેકેર**ના અંધારા હેયામાં પણ આશારૂપી તારો પ્રકાશી રહ્યો. ઘણું મોડું થયાથી પ્રમુખે તપાસ આવતી કાલ માટે મુલ્તવી રાખી અને જોવા આવનારાઓ **મેકેર** છુટી જશે એવા સંકલ્પ કરતા પોતાના ઘર તરફ ચાલતા થયા. બંધવાને પણ **લાફોર્સ**ને બંધીખાને લઈ ગયા. તેની રાત્ર ઘણી અશાંત રીતે વ્યતીત થઈ કારણ કે તેના હૃદયમાં આશા અને નિરાશા વચ્ચે લડાઈ થઇ રહી હતી.

પ્રકરણ—૪૨.

મેકેરની તપાસનો બીજો દિવસ.

બીજે દિને સવારના ગઈ કાલ કરતાં પણ વધારે મોટી ગડાભીડ થઈ કારણ કે જે લોકો આ મુકરદમાથી અજાણ્યા હતા તે સઘળાઓને પણ હવે પૂરી ખબર પડી હતી. ન્યાયાધિશો આવી પોતાને સ્થાને બેઠા. **મેકેર**ને તેની ગઇ કાલની જગ્યાએ ઉભો રાખવામાં આવ્યો. **ઑક્ટેવસ** જુબાની આપવા પાંજરામાં આવ્યો જેને વળી **મોનટૉલ્ટે** પૂછવા માંડયું.—"બંધવો તમારે ત્યાં કયે દિવસે આવ્યો ?"

લિન્ડસેએ પોતાની પાકીટબૂક ખેંચી કાઢી થોડાં પાનાં ઉથલાવી ઉત્તર દીધો—"મે મહિનાની ૧૫ મીએ."

"અને તમારે ત્યાંથી જતો ક્યારે રહ્યો"?

"૨૯ મીએ."

"એ તો ઠીક, પણ તમે તારીખ વારને માટે આટલા બધા ચોકસ કેમ દીસોછો"?

"જુદા જુદા બનાવોની યાદી ટપકાવવાની મારી ટેવ છે. આ પાકીટબૂક ૧૮૨૯ ના વર્ષની છે જેમાં તે વર્ષના મારી સાથે બનેલા બનાવોનું સર્વ વર્ણન છે."

હવે સરકાર તરફનો વકીલ ઉભો થયો. અને **લિન્ડસે**ની જુબાની ફરીથી તપાસવા મંડયો.

"તમે પૈસાદાર માણસ દીસોછો"?

"હા સાહેબ તમારી વાત ખરી છે."

"**પેરિસ**માં તમારા કોઈ મિત્રો રહે છે"?

"નહિ સાહેબ, મેં તમને આગળથીજ કહી દીધું કે મારૂં **પેરિસ**માં આવવું પહેલવહેલુંજ છે."

"તો પણ અહીં ઘણા અંગ્રેજ કુટુંબો રહેછે. તેમાંના કોઈની સાથે તો તમારે ઓળખાણ હશે"?

"તેનો જવાબ મારાથી અપાય તેમ નથી કારણ કે હું કોઈને ઓળખતો નથી."

"ઠીક ત્યારે તો ગઈ કાલે જેનાં નામ મેં મેળવી આ કાગળ ઉપર લખ્યાં છે તે વાંચી જુઓ. એમાંનો કોઇ પીછાનવાળો છે"—સરકારી વકીલે પૂછયું.

લીન્ડસે તરતજ કાગળ લઇ તે ઉપર નજર ફેરવી બોલ્યો—"નહિં સાહેબ આ માંહેના

કોઈને પણ હું ઓળખતો નથી. **લન્ડન**માં મારી ઘણી વગ છે. લૉર્ડ **ફીજરાલ્ડ** મારો મિત્ર થાયછે. મારક્વીસ આફ બરલીંગટન મારો શાળો થાયછે. **સર વિલીયમ,** ડ્યુક આફ ડીન, **લીંગોબીલીંન** વગેરે બીજા ઘણા સાથે મારી ઓળખાણ છે."

"તે તો તમારી મહેરબાની પણ તેઓને કંઇ **લન્ડન** હમણા લખવા અવકાશ નથી."—સરકાર તરફનો વકીલ બોલ્યો—"તમે **પેરિસ** આવ્યા તે જાતભાઇ તરફ તમારી ફરજ અદા કરવા આવ્યા કેમ"?

"હા સાહેબ."

"તમે વિચાર્યું પણ હશે કે તમારે જુબાની આપવા પાંજરામાં ઉભું રેહેવું પડશે"?

"હા સાહેબ, તેની તો મને તદ્દન ખાત્રી હતી."

"અને તમે એમ ધાર્યું હશે કે તમારી પાસેથી કોર્ટ બીજા સારા માણસ ઉપરની ભલામણ પણ માંગશે"?

"નહિં સાહેબ તે વખતે હું એટલો તો ઉશ્કેરાયો હતો કે તે વિચારને મારા મગજમાં પેસવાને જગ્યા પણ મળી નહિં.

"ત્યારે હવે તમારી પાસે બીજું કોઈ સાધનો છે કે જેથી તમે આબરૂદાર છો એવી કોર્ટને ખાત્રી થાય અને જેથી તમારી જુબાનીને વજન અપાય."

"નહિં સાહેબ મારી પાસે હાલ ગજવામાં પણ બેંકની હુંડી પડેલી છે તે તમે જુઓ"?

"પણ તેથી કંઈ ખાત્રી થાય નહિ તમે હવે સુખેથી ઉતરો"—સરકારી વકીલ ખુશી થઈ બોલ્યો—"તમારાથી કોર્ટની ખાત્રી કરી શકાતી નથી."

સઘળા માણસોમાં નાસીપાસીનો પોકર ઉઠી રહ્યો કે તેણે કોર્ટની ખાત્રી કરી નહિ. બંધવાના બારીસ્ટરનો ચહેરો પણ પડી ગયો હતો અને **મેકેર**ને પણ પોતાની આશા પડી જતી દેખાઈ. હવે સરકાર તરફનો વકીલ એક વાર ફરીથી ઉભો થયો અને અટલી વારસુધી પડેલી જુબાનીને ટેકો આપવા લાગ્યો—"તમે જાણોછો કે **મારગેરેટે** સર્વ બીના **સ્ટેનમોર**ને સવિસ્તર કહી છે, એ વાત કાંઈ જૂરીથી ના પાડી શકાશે નહિં. દીર્ઘ દૃષ્ટિથી તમે જાણયુંજ હશે કે **હેન્રી**નું ખૂન કરનાર **રૉબર્ટમેકેર**જ છે. કારણ કે તમે હમણાજ હૉટલ ડી. એમબાસીના માલેકને મોઢેથી સાંભળ્યું કે એક સાંજે કોઈ ઘોડેસ્વાર મુસાફરે તેને ત્યાં ઉતારો લીધો હતો અને ત્યાંથી બે પુરૂષો તેને "અહીંથી ત્રણ માઇલને છેટે એક બીજી હૉટલ છે જ્યાં ઉતારો ઘણો સગવડવાળો તથા સસ્તો મળેછે" એમ કહી તેને લઇ ગયા હતા અને ત્યાંથીજ તે ગુમ થયો છે ઉપરાંત તે બેઉ માણસોની મુખાકૃતિનું વર્ણન આ બંધવા **મેકેર** અને તેના સાથી **બરટ્રેંડ**ને મળતું આવેછે. હું ધારૂંછું કે જુરી કાંઇ આ સિદ્ધિકરણો સામે આંખ આડા કાન કરશે નહિં. ત્રીજું, જૂરીથી એમ પણ નહીં કહેવાય કે નાણાવટી **જેકવેલીરે** ખોટા છે. સૌ તેને ઓળખે છે કે એ પ્રતિષ્ઠિત અને પ્રમાણિક છે. વળી તેના ચોપડામાં માંડેલા નંબરો પણ મળતા આવેછે. એટલુંજ નહીં પણ જે પુરૂષ તેની પાસે નોટો બદલી ગયો તેનો દેખાવ બરાબર **મેકેર**ને લાગુ પડેછે. **બરટ્રેંડ**ની મા પણ હમણાજ કહી ગઈ—"મારો પુત્ર ૧૮૨૯ ના વર્ષના અધવચમાં આ સુનાની સાંકળ લાવ્યો હતો"— અને સદ્ગૃહસ્થો, સઘળી જુબાનીથી સિદ્ધ થાયછે કે સાંકળ **હેન્રી સ્ટેનમોર**નીજ હતી. બોલો આ કાંઈ ઓછી સાબેતી છે"? વળી આપણે બંધવાને પૂછ્યું—"**જેકવેલીરે** આગળ નોટો તેં વટાવી"? ઉત્તરમાં બંધવાએ હા પાડી. વળી જ્યારે પૂછ્યું કે એ નોટો તારી આગળ કેમ આવી તો તેનો જવાબ આપવા તેણે સાફ નાપાડી. બોલો જો બંધવો ખુન કરનાર ન હોત તો અવશ્ય તે વાતનો ખુલાસો તે કયારનો પોતાની મેળેજ કરત. આ પ્રમાણે કેટલીએક સંખ્યાબંધ જુબાનીઓએ તેને એવો તો ઘેરી લીધો છે કે તેમાંથી તેને બહાર નીકળવું અતી દુર્ઘટ છે."

જ્યારે તેણે ઉપલું ભાષણ અટલી છટાથી કરવા માંડ્યું ત્યારે લોકો એવા ચુપ તથા આતુરતાથી સાંભળતા હતા કે જો તે વખતે એક ટાંચણી પણ ભોંયે પડત તો તેનો શબ્દ સંભ-

બાયા વગર રેહેત નહીં. **મેકેરે** પણ પોતાની સઘળી આશા મૂકી. મોત આવી લાગ્યું છે એવી તેને પૂર્ણ ખાત્રી થઈ અને અફસોસ, પોતાની પ્રિયાની મરતી વેળાની મરજી તૃપ્ત નહીં થાય એવા વિચારો તેની ચળકતી ચક્ષુમાંથી નવધારા અશ્રુ પાડતા.

સરકારી વકીલ ઉભો થયો. અને ભાષણ આગળ ચલાવ્યું—“બંધવા તરફનો સાક્ષી કેવો વિચિત્ર છે. તેને કોઇ ઓળખતું નથી તેમ પોતે પણ બીજાને ઓળખતો નથી. કેવું આશ્ચર્યકારક કે **લંડ**નમાં મારી ફલાણા સાથે ઓળખાણ છે અને ફલાણો તો મારો સાળો થાયછે, વગેરે ડફાંસો તો તેણે દમબાંધી ઠોકી પણ એક ભલામણ જેવું નિર્જીવ સાધન મેળવી શકયો નહીં. એવા બોલવે ચપળ તથા ભપકાદાર માણસને એટલો પણ વિચાર ન આવ્યો કે કોર્ટ કોઈ યોગ્ય માણસ ઉપરની ભલામણ માગશે. સંક્ષેપમાં બધી બાબતો પરિપૂર્ણ સિદ્ધ થઈ ચૂકી છે અને બંધવાને દેહાંતદંડ ઘટેછે.

સરકારી વકીલનું ભાષણ સમાપ્ત થયું અને લોકસમૂદાયમાં વાતો ચાલી. **મેકેર**ની આંખોમાંથી અશ્રુ ટપકી તેની છાતીએ પડવા લાગ્યાં પણ હે વાંચનાર! એ અશ્રુ કંઈ મોતના ભયથી પડતાં નહતાં. સાંજ પડવા આવી અને સેસન ઉઠી પોતાને ઘરે ગઈ. **મેકેર**ની બીજી રાત્રી પણ મહા દુઃખ અને બેચેનીમાં પસાર થઇ. સવારના પહોરે પોતાનું ઝળઝળું બારીના સળિઆમાંથી **મેકેર**ના ઓરડામાં દાખલ કીધું. હવા શીતળ હતી જે તેના બરડાના હાડકાને પણ ધ્રુજવતી હતી. બે અમલદારો દાખલ થયા, અને **મેકેરને** છેલ્લી વાર કોર્ટ હજૂર ઉભો કીધો.

લોકોની ઠઠ ઓછી નહીં પણ વધારે હતી. સઘળાઓએ જાણ્યું કે **મેકેર**ના કલાક ગણાઇ ચુકયા છે. તેના બૅરીસ્ટરનો ચહેરો પણ ઉતરી ગયો હતો. અને તેની આંખો જરા જરા રક્ત થઇ આવી હતી, કારણ કે આખી રાત્ર ઉજાગરો કરી **મેકેર**ના બચાવનો તેણે અભ્યાસ કીધો હતો—ન્યાયાધિશો આદિક સર્વ પોતાને સ્થાને બેસી ગયા. બંધવાને પણ તેની જગ્યાએ ઉભો કીધો. સઘળું ચુપાચુપ હતું એટલામાં **મેકેર**નો બૅરીસ્ટર ઉભો થયો, અને શાંતિથી પોતાનો ડગલો શરીરની આસપાસ વિંટાળી **મેકેર**ના બચાવના ભાષણનો તેણે આરંભ કીધો.

પ્રકરણ—૪૩.

મેકેરની તપાસનો ત્રીજો દિવસ.

“જુરીના સદ્‌ગૃહસ્થો મારે તમને કહેવાની કશી અગત્ય નથી કે તમને અહીં શા માટે બોલાવ્યા છે. તમે સૌ જાણો છો કે તમારે એક જાતભાઇને ન્યાય આપવો છે, યાદ રાખજો કે બંધવાની જીંદગી ઘણી જોખમમાં આવી છે, અને તેનો અંત લાવવો અથવા તો તે લંબાવવી એ તમારા હાથમાં છે. હું નથી કહેતો કે તમારે પક્ષ ખેંચી અભિપ્રાય આપવો, નહીં, પણ બંન્ને બાજુના શાક્ષીઓનું તમારા ઉમદા મગજમાં બરાબર વજન કરવું. તમારો અમુલ્ય વખત વધારેવાર વ્યર્થ ન કરતાં હું સંક્ષેપમાં કહુંછું કે સરકારી વકીલના શાક્ષીઓ કેવા નિરાધાર અને ઘડા વગરના છે! હું કબુલ કરૂંછું કે **સ્ટેનમોરે** પોતે શ્રમ લઈ સઘળી શોધ કીધી છે. તે પોતેજ કહેછે કે દિવાલની બાજુમાં એક માટીનો ઢગલો હતો પણ તેની તળે તેણે મનુષ્ય શરીરનું કાંઇ પણ એંધાણ જોયું નથી. એટલું છતાં સરકારી વકીલ હિમ્મતથી કહેછે કે તે માટીના ઢગલા તળે શરીર હતું! તે શરીર પણ મનુષ્યનું! અને તે મનુષ્ય, **સ્ટેનમોર**નો બાપજ હતો! આ સઘળા વજનદાર શબ્દો તે શા આધારે બોલેછે!! શું **સ્ટેનમોર** આગળ પેલી કંગાળ સ્ત્રીએ સઘળો ખુલાસો કર્યો તે ઉપરથી? નહીં, નહીં, તેમ કંઈ થાશે નહીં. એ વિષે પણ તેની પાસે કંઈ સાબેતી નથી કે જેથી મારી ખાત્રી થાય કે **મારગેરેટે** તેને સઘળી વાત કહી છે.—હા, તમે **મેકેર** ઉપર **હેન્રી સ્ટેનમોર**ની ચોરીનો વાંક મૂકી શકશો પણ ખૂનનો કેમ મૂકાય! એવું પણ બનવા જોગ છે કે **હેન્રી સ્ટેનમોર** હજી આ પૃથ્વીના બીજાજ કોઇ ભાગ વિષે જીવતો હોય!! તેના કાગળ પત્ર આવતા નથી તેથી કાંઈ એમ સિદ્ધ નથી

થતું કે તે મરણ પામ્યો છે.—કદાચ એમ ધારો કે **મારગેરેટે, ચાર્લ્સ** આગળ સઘળી વાત કબૂલ કરી. પણ તેમાં તે એવું કશુએ બોલી નથી કે તે ખુનમાં **મેકેરે** પણ ભાગ લીધો હતો.—હું તમારા આગ્રહ વગરજ સ્વીકારી લઉંછું કે **બરટ્રેંડ, મેકેર**નો સાથી હતો. એવું પણ અત્યંત શકય છે કે ચોરી તથા ખૂન બંને **બરટ્રેંડે**જ કર્યાં હોય. નહીં તો એની આગળ પાકીટબૂક તથા સાંકળ કયાંથી આવે? એમ કહેવાની કોઇની હિમ્મત નહીં ચાલે કે **બરટ્રેંડ** અને **મેકેર** મિત્ર હતા તેથી **મેકેરે** પણ તે કર્મમાં ભાગ લીધો હશે! માટે **મેકેર**નો જીવ હું ત્યારેજ જોખમમાં જોઇશ કે જ્યારે સરકારી વકીલ મારી ખાત્રી કરી આપશે કે તા. ૨૫ મી મેને દિને **મેકેર** પોતે **ચેમબુચલ**ના જંગલમાં આવેલા ઝુંપડામાં હતો—સદ્ગૃહસ્થો આ ઉપરથી તમને સ્પષ્ટ માલમ પડશે કે સરકારી વકીલના શાક્ષીની જુબાની કેવી લુલી લંગડી છે. આ મારૂં ઉપર કહેલું સાંભળી એક નિર્દોષ બાળક પણ કહી શકે કે **મેકેર** નિરપરાધી છે.—હવે આપણે હૉટલ ડી. એમબૉસીના માલિકની જુબાની તરફ ફરીએ. તેણે કહ્યું—"૨૫ મેને દિવસે એક ઘોડેસ્વાર મુસાફર મારે ત્યાં ઉતર્યો હતો જેના રંગ રૂપ અને નામ મને યાદ નથી અને જ્યાં બીજા બે પુરૂષો થોડીવાર સુધી ઉતર્યા હતા" એમ કહેવાની કોની મગદૂર છે કે તે ઘોડેસ્વાર પ્રવાસી **હેન્રી**જ હતો. તમે કહેશો કે એક જણ ૨૫ મી તારીખે **પેરિસ**થી ઉપડી, **લાએન્સ**ના રસ્તા તરફ ગયો તેથી તે **હેન્રી**જ હતો. નહીં! તમારી ભૂલ છે. કારણ કે તમને આ નગરની વસ્તી તથા આવજાવની બરાબર ખબર છે. એ રસ્તા પરથી આવા તો દશ મુસાફરો એક કલાકમાં પસાર થતા હશે અને શું તે બધાને **હેન્રી**જ ગણશો! શું એવું બનવા જોગ નથી કે તે દિવસે બીજોજ કોઇ મુસાફર ત્યાંથી પસાર થઈ તેજ હોટલમાં ઉતર્યો હોય? ખરે! આ બીના કેવી મળતી આવેછે? પણ શું મળતાપણા માટે એક નિરપરાધીનો જીવ લેવો?—તમો સ્પષ્ટ રીતે જાણો છો કે હજી સુધી એવી કોઇ શાક્ષી પડી નથી કે જેથી હૉટલમાં ઉતરનાર **હેન્રી**જ હતો એ સિદ્ધ થાય. તદન બનવા જોગ છે કે એ કોઇ ભળતોજ મુસાફર હોય, જેણે **ચેમબુચલ**ના જંગલના મુખ આગળ આવેલા ઝુંપડામાં વાસો કર્યો હોય અને જ્યાં તેનું ખુન પણ થયું હોય. જો કોઈ મારી ખાત્રી કરી આપે કે એ ઝુંપડામાં માર્યો ગયેલો મુસાફર **હેન્રી**જ હતો તો તે બાબત હું મારા અંતઃકરણથી કબૂલ રાખીશ—પણ એમ ધારો કે **મેકેર** અને **બરટ્રેંડ, હેન્રી**ને લૂટી, તેની નોટો, પાકીટબૂક, સાંકળી વગેરે ચોરી ઝુંપડામાં ગયા હોય. અને ત્યાં જઈ બીજાજ મુસાફરનું ખૂન કર્યું હોય તોપણ શું તમે એમજ કહેશો કે તેઓએ **હેન્રી**નુંજ ખૂન કીધું!! જુઓ કે શરાફ **જેકવે લીરે**ની જુબાની પરથી **મેકેર**ની ચોરી સિદ્ધ થાયછે પણ ખૂન નહિ. હવે એમ ધારો કે જાણે હૉટલ ડી. એમબાસીમાં ઉતારો લેનાર ગ્રહસ્થ **હેન્રી**જ હતો અને ત્યાં આવનાર બે પુરૂષ **મેકેર** અને **બરટ્રેંડ** હતા, જેઓ તેને સમજાવીને પોતાના ઝૂંપડા તરફ લઈ ચાલ્યા. શું એમ પણ બનવા જોગ નથી કે દાદર ઉતરી નીચે આવ્યા પછી **બરટ્રેંડે**જ માત્ર તેને ઝુંપડા તરફ લઇ જઇ તેનું ખૂન કર્યું હોય, અને **મેકેર** તો કોઈ બીજેજ રસ્તે ચાલતો થયો હોય? આટલી બધી ખુલ્લી સાબેતીઓ છતાં પણ શું તમે બંધવાને અપરાધી ઠરાવશો. નહિ, પરમેશ્વરે તમને પણ બુદ્ધિબળ આપ્યું છે, જે તમને એમ બોલતાં અટકાવશે. જ્યાંસુધી મારી ખાત્રી થાય નહિં ત્યાંસુધી હું બંધવાનો અપરાધ કદાચિત્ પણ કબૂલ કરનાર નથી. ચાલો આપણે જરા શરાફની જુબાની જોઇએ કે જેની જુબાની ફક્ત ચોરીજ સિદ્ધ કરેછે અને ખૂન તો નહિજ. હું કબુલ કરૂંછું કે **મેકેર** નોટો વટાવવા તેની પાસે ગયો, જે તેણે પ્રમાણિકપણે તો નહિંજ મેળવી હોય. કદાચ **હેન્રી**નું ખૂન થયું હશે તો તે **બરટ્રેંડ, મારગેરેટ**, તથા તેના ધણીએજ કર્યું હશે. એમ સમજો કે **બરટ્રેંડે હેન્રી**નું ખૂન કીધું જ્યાંથી તેની નોટો ચોરી લઈ માત્ર વટાવવા માટેજ **મેકેર**ને આપી હોય જ્યારે **મેકેર**ને તે વિષે લેશ પણ ખબર હોય નહિં. અત્યાર સુધી **બરટ્રેંડ** પાસે **હેન્રી**ની પાકીટબૂક હતી તેની પણ **મેકેર**ને ખબર ન હતી તેજ પ્રમાણે આં નોટો વિષે પણ તે જાણતો ન હોય કે તેનો સાથી કયાંથી લાવ્યો હતો. આથી **મેકેર** ઉપર ચોરીનો પણ વાંક લાગુ

ન પડતાં કેવળ નિરઅપરાધી ઠરેછે. હજી સુધી વકીલ સાહેબે એવી એકે જુબાની લીધી નથી કે જેણે તે માટીના ઢગલા તળે દાટેલું મનુષ્ય શરીર જોયું હોય. હા. **મેકેર**ની આસપાસના બનાવો ઘણી રીતે મળતા આવેછે પણ તેથી કાંઈ **મેકેરે** કીધેલા ખૂનની સાબેતી થતી નથી. જુરીના સદ્ગૃહસ્થો જરા બંધવા તરફના શાક્ષી ગમ દ્રષ્ટિ ફેરવો, જે ગઇ કાલે સાંજેજ મારી ઑફીસમાં આવ્યો અને પોતાનો વિચાર મને કહી સંભળાવ્યો. ખરે તેણે મુર્ખતા કીધી કે સાથે એક ભલામણ લાવ્યો નહિં. સરકારી વકીલે જ્યારે કહ્યું કે **ઑક્ટેવસ** જૂઠો છે ત્યારે મને ઘણુંજ આશ્ચર્ય લાગ્યું. શું ભલામણ નહિં હોય તો તેથી જૂઠો કહેવાય? સરકાર તરફના વકીલનું એ વેણ કેવું અઘટિત અને અણવિચાર્યું છે! આજે અહીં ઘણાં પ્રતિષ્ઠિત માણસો એકઠાં થયાં છે જેઓને પૂરતી રીતે જાણ છે કે કેટલાક માણસોને પોતાની આબરૂ વિષે એવો તો વિશ્વાસ હોય છે કે બીજા પાસે જઈ પોતા માટે ભલામણ માંગવાનું તેઓને યાદ પણ આવતું નથી. **ઑક્ટેવસ** પણ આબરૂદાર હોવાને લીધે બીજાની ભલામણ ન લાવ્યો તેથી શું તેને જૂઠો કહી તેની જુબાની રદ કરાય? આ બંધવા તરફનો સાક્ષી એટલો તો ભલો છે કે તેને અત્યારસુધીમાં એકે વખત કોર્ટે ચડવું પડ્યું નથી અને તેથી તે કોર્ટના નિયમોથી કેમ જાણીતો હોય કે ત્યાં ભલામણની અગત્ય પડેછે? જો તેને તે વિષે ખબર હોત તો એક નહિ પણ એકસો ભલામણ તે લેતો આવત. હું દલગીર છું કે સરકારી વકીલે અમારા સાક્ષીને વગર આધારે જૂઠો કહી અપમાન લગાડ્યું છે. જો સાચો છે એમ કહે તો મુકરદમો રદ જઈ **મેકેર** નિરપરાધી ઠરે. જુરીના સભાસદો તમારો અમુલ્ય વખત ન ગુમાવતાં કહેવું પડેછે કે આ સઘળું સાંભળી બંધવો તમને અવશ્ય નિરપરાધી લાગશે અને જે તેને ખરો ન્યાય આપેલો કહેવાશે. બસ મારે બીજું કશું જોતું નથી. માત્ર સરકારી વકીલ એટલુંજ સિદ્ધ કરી આપે કે તે માટીના ઢગલાતળે મનુષ્યનું શરીર દાટેલું હતું."

આ પ્રમાણે વિસ્તારવાળું ભાષણ કરી **મેકેર**નો બૅરીસ્ટર થાકથી ઘેરાઈ એક ખુરશીપર બેઠો. તેનું ભાષણ સાંભળી સઘળાઓએ જાણ્યું કે **મેકેર**ને છોડી મૂકવામાં આવશે. જ્યારે ભાષણ સમાપ્ત થયું ત્યારે સઘળાઓએ હર્ષની તાળી પાડી માન આપ્યું અને જુરીના અભિપ્રાયો પણ એક બીજામાં બદલાવા લાગ્યા. સરકારી વકીલ ઉભો થયો અને બંધવાના બચાવનું ખંડન કરવા માંડ્યું.—"સાહેબો હું કબૂલ કરૂંછું કે આ યુવાન ચતુરવક્તાએ પોતાના કુળના બચાવમાં જે ભાષણ કર્યું છે તે ખરે ઘણુંજ છટાદાર અસરકારક અને સુશોભિત છે, અને તે માટે તેને ધન્યવાદ ઘટેછે. પણ જુરી પોતાનો અભિપ્રાય આપે તે અગાઉ હું એક બીજો સાક્ષી ઉભો કરવા ઇચ્છું છું."

"ખુશીથી"—**મોનટૅલ્ટે** કહ્યું—"મારે કશી હરકત નથી. એક મૂકી દશ લાવો. મારી ખાત્રી થાય તે જેવું ઉત્તમ હું કશુંએ માનતો નથી."

તરતજ એક માણસ દાખલ થયો અને પાંજરાનો દાદર ચડી અંદર ઉભો રહ્યો.

"તમારૂં નામ શું"?—સરકારી વકીલે પૂછ્યું. "તમે શું ધંધો કરો છો?"

"મારૂં નામ **જીનમોર્યું** છે. હું રસાયણીનો ધંધો કરૂંછું."

"લાકડાની રાખમાં મનુષ્ય શરીરની રાખ ભેળાઈ ગઈ હોય તે તમે પારખી શકો છો"?

"હા સાહેબ, તે તો અત્યંત સુગમ છે. માત્ર થોડા રસાયણી પદાર્થોની સહાયતાથી તેનું શોધન કર્યું હોય તો તે જાણી શકાયછે."

"તમારા કહેવાપરથી એવું જણાયછે કે એ પ્રકારનો પ્રયોગ તમે અજમાવી જોયો છે?"

"હા સાહેબ"—તેણે ઉત્તર દીધો અને કચેરીમાં અપાર વિસ્મય પથરાઈ રહ્યો.

"તમે એ પ્રયોગ ક્યાં ક્યારે અને કોની સાથે કરી જોયો?"

"**એમ્મ્યુ**યલના જંગલના મુખ આગળ આવેલું ઝુંપડું જે થોડુંક થયું બળી ગયું છે ત્યાં ગઈ કાલે તમારી સંમતિથી બે બીજા રસાયણી તથા પોલિસ અમલદારોને મારી સાથે રાખીને એ પ્રયોગ મેં કર્યો હતો."

"તે રાખમાં તમને કંઈ માલમ પડચું?

"હા સાહેબ, ઘણા શ્રમ થકી મેં જાણ્યું કે તે સાથે મનુષ્ય શરીરની રાખ ભેળાયલી છે."

આ સાંભળી સઘળાઓમાં અચરતીનો શોર ઉઠયો અને સઘળા **મેકેર** તરફ જોવા લાગ્યા. **મોનટૉલ્ટ**નો ચહેરો પડી ગયો અને **મેકેરે** પોતાનું મોઢું બે હાથે ઢાંકી મૂકયું. **મેકેર**નો બૅરીસ્ટર ઉભો થયો તેણે તે રસાયણીને ઉલટ પાલટ તપાસતાં ઘણી મહેનત લીધી પણ તેની જુબાનીને સહજ પણ હીલવી શકયો નહીં. તેણે ફરીથી પોતાનું ભાષણ ચલાવ્યું પણ હવે તેમાં પ્રથમ જેવી હ્દદયભેદક છટા રહી નહીં. અગાઉ જેવા ધ્યાનથી તેને કોઈ સાંભળતું પણ નહતું. આ પ્રમાણે ભાષણ કરી **મોનટૉલ્ટ** બેશી ગયો. પ્રમુખની આજ્ઞાથી સઘળાં જુરીનાં માણસો પોતાના ઓરડામાં ગયાં જ્યાં **મેકેર**નો અપરાધ, તેની વિરૂદ્ધ તથા તરફેણમાં પડેલી સાક્ષીઓનો બરાબર તોલ કરી અર્ધ કલાકમાં પાછા બહાર આવ્યા.

"તમારી દ્રષ્ટીમાં બંધવો અપરાધી દીસેછે કે નિરપરાધી?"—પ્રમુખે પુછ્યું.

"અપરાધી"—સૌએ પ્રતિઉત્તર દીધો.

આ શબ્દ પહેલે તો **મેકેર**થી ખમાયો નહીં પણ તરત તે શાંત થયો, કારણ કે તેનો સંશય હવે દૂર થયો અને તે વગર અડચણે શ્વાસ લેવા લાગ્યો.

"બંધવો ખુની ઠર્યો છે અને ધારા પ્રમાણે પેનલકોડના બીજા ભાગના પહેલા પ્રકરણની બસેંને છનુંની કલમ અનુસાર તેને દેહાંત શિક્ષા થાયછે."

મેકેર સઘળાઓને નમન કરી બે સિપાઈઓ સાથે પાછો ફર્યો જેઓ તેને **લા**ફોર્સના બંધીખાનામાં લઈ જવા લાગ્યા. **એમ. ડી. મોનટૉલ્ટ** તેને રસ્તામાં સામો મળ્યો જે તેનો હાથ પકડી બોલ્યો—"**મેકેર** મેં તને બચાવતાં પૂરતો પ્રયત્ન કીધો પણ દિલગીર છું કે રસાયણીની જુબાની મારાથી રદ થઈ શકી નહીં."

"ખરે તેં એક દેવતાની પેઠે ભાષણ કર્યું છે. મારી આટલી લાંબી ઉમરમાં મેં ઘણાએ વકીલો, ભાષણ કર્ત્તા, જજો, બૅરીસ્ટરો વગેરે જોયા છે પણ ખરૂં કહુંછું કે જેમ સૂર્ય આગળ દીપક ઝાંખો પડેછે તેમ તે સઘળા તારી આગળ રદ છે. તારી અસરકારક ભાષાથી એકવાર હું પોતાને પણ નિરપરાધી માની બેઠો હતો. હું મારા કતુકોનાં ફળો હવે સંતોષથી ચાખીશ-યાદ રાખજે કે હું મરણ પર્યંત તારો અભાર ભૂલનાર નથી"— આમ બોલી **મેકેર** તે સિપાઇઓ જોડે પાછો ગાડીમાં બેશી ચાલતો થયો.

પ્રકરણ—૪૪.

મેકેરનો મિત્ર.

મેકેર પોતાના ઓરડામાં દાખલ થયો કે તરતજ પોતાના બિછાનાપર બેઠો અને તેને આવતું રૂદન જે તેણે આટલીવાર સુધી દાબી રાખ્યું હતું તેને માર્ગ આપ્યો. તેને મોતની સજા થઈ હતી અને બચાવનાર કોઈ હતું નહિ. ફાંસીનું બીહામણું લાંકડું દર પળે તેની સમીપ આવતું લાગ્યું એટલુંજ નહિ પણ **મેરિયા**ની શિખામણનો ઉપયોગ કર્યાવગર મરવું એ તેને ઘણું ભારી લાગતું. તે પોતાના બિછાનાપર પડયો અને મહાશોકના સમુદ્રથી ઘેરાયલો આળોટતો હતો એટલામાં તો કોઇક અંદર દાખલ થયું.

"અરે! શું તું આવી પુગ્યો"—**મેકેર** ડોક ઉચી કરી બોલ્યો.

"હા હું આવ્યો છું જે તને એક કૂતરાની પેઠે મરણ પામતો જોવા ઇચ્છતો નથી"—**મારટી**ની બોલ્યો.

"મારો બીજો ઉપાય નથી. મારૂં મોત નકી થઇ ચૂકયું છે અને તે કેમ ફરશે?"

"આ માત્ર તારી બુદ્ધિની હીણતા છે. **મેકેર** તારી સ્વાભાવિક હિમ્મત કયાં ગઈ! તારા બુદ્ધિબળનું શું થયું! તારૂં પ્રપંચી ચિત્ત કયાં ન્હાસી ગયું! શું તારામાં ચતુરાઈનો એક છાંટો પણ નથી રહ્યો કે તું આપ્રમાણે દીનતાથી બોલેછે?"

"મારી જીંદગી લંબાવવા અર્થે પ્રતિમાસે મારા શરીરના એક એક અવયવનો ભોગ આપી દેવા પણ હું તત્પર છું. મને જો કોઇ વધારે જીંદગી ભોગવવા આપે તો રસ્તે બેશી પથ્થર ફોડવા, ભારી ભારી ગાડીઓને એક સ્થળેથી બીજે સ્થળે ખેંચી જવા અને એક જંગલી પ્રાણીની પેઠે આખો દિવસ અને રાત્ર એ કામ કરવા હું અત્યંત ખુશીછું."

"તારૂં કહેવું સત્ય છે. જીંદગી સૌને વહાલી છે"—**મારેટીની** તેને ઉસ્કેરાવા અર્થે બોલ્યો—"માણસ સુખી કયારે થાય કે તેને પોતાની મરજી પ્રમાણે નિરઅંકુશ ફરવા હરવા મળે."

"બોલ, ત્યારે હવે હું શું કરૂં"—**મેકેર** હાથ ઘસતો બોલ્યો—"જો હું એકવાર આ બંધીખાનેથી છૂટું તો તરતજ અહીંથી **સ્વી**ટઝરલેન્ડ જઈ કોઈ એકાંત અને પહાડી જગ્યા શોધી ત્યાં ઝુંપડું બાંધી મારા બાકીના દમ સત્યરૂપ પ્રભુની પ્રાર્થનામાં કાઢું. ખરે મને પશ્ચાત્તાપ કરવાની ઘણીજ અગત્ય છે."

"**મેકેર** તારી મરજી પાર પાડવાના પહેલા પગલાં તરીકે તારે અહીંથી નાસવું જોઇએ. એ પ્રકારનું કામ તેં અગાઉ અનેકવાર કર્યું છે અને તેથી નાસવું એ કંઇ તને નવીન વિદ્યા નથી તોપણ હું કહું તે સાંભળ. આપણે સઘળી તૈયારી કરી આપણો નિશ્ચય પણ આજ રાત્રે અમલમાં લાવશું."

"આજ રાત્રેજ"—**મેકેરે** કહ્યું.

"હા આજે કાં કદી નહીં"—**મારટીની**એ ઉત્તર વાળ્યો—"કાલે સવાર થતાં તો તને ફાંસીએ ચડાવવાનો હુકમ આવશે અને તેથી જે કાંઇ કરવું હોય તે આજેજ થાય."

"ઠીક હું તારા હાથમાં છું તને ગમે તે કર."

"આ દરવાજો ઘણો જાડો છે"—**મારટીની**એ બચાવની યોજનાઓ કરવા માંડી—"અને અંદરની બાજુએ બંધ થાયછે તેથી હું નથી ધારતો કે તું બળ કરી ઉઘાડી શકે તેમ તેનાં જાડાં મીજાગરાં પણ કાંઇ તારાથી છ કલાકની અંદર વહેરી શકાય નહીં. ચિંતા નહીં. પણ આ ચોકમાં કેટલા પોહરેગીર છે?"

"માત્ર એકેજ"—**મેકેરે** ઉત્તર દીધો—"પણ તેને મારવો નહીં. હું નાસવાનું તોજ કબુલ કરીશ જો તેને નહીં મારવાનું તું વચન આપીશ."

"તેની તું કાંઈ ચિંતા નહીં કર. તું જાણે છે કે તારી ગઈ વેળાની નાસ વખતે પણ આપણે તે પોહરેગીરને માર્યો નહતો"—એમ કહી શું શું કરવું તે વિષે **મેકેરને** પૂર્ણ રીતે જાણીતો કીધો. તરતજ ટૂંક સમયની રજા લઈ **મારટીની** જતો રહ્યો. નીચે ઉતરતાં તેણે જોયું તો ચોકના મધ્યમાં પાણીની એક ખાલી ટાંકી દીઠી આ ટાંકીનો પોતાના કામસર ઉપયોગ કરવાનો તેણે વિચાર કર્યો. ત્રણ કલાક પસાર થઇ ગયા. અને **મેકેર** અધિરાઈથી વાટ જોતો ફરતો હતો. તેણે વિચાર્યું કે આવતી કાલે ફાંસીની શિક્ષા અમલમાં આવશે માટે જો નાસતાં પકડાઇ જઇએ તો તેથી કાંઇ અધિક શિક્ષા થનાર નથી. આવા વિચારો કરતો **મેકેર** પગલાં ભરતો હતો ત્યાં **મારટીની** પાછો આવ્યો.

"યોજના અનુસાર સર્વ કીધું"—એમ કહી તેણે પોતાના ડગલા તળેથી બે ઝીણી પણ તિક્ષણ કરવતો, વીંધ પાડવાનું તેજદાર હથિઆર, મીણબત્તી, કાંડીનું બાકસ વગેરે તેણે બહાર કાઢયાં અને છેલ્લે કમ્મર ઉપર વિંટાળેલું જબરૂં દોરડું કાઢી **મેકેરને** સોંપ્યું જે સઘળું તેણે પોતાના બિછાનાના ગાદલા તળે સંતાડયું.

"દરવાજાને કયે વખતે કુંચી મારવામાં આવેછે"—**મારટીની** એ પૂછયું.

"આઠ વાગતે."

"ઠીક છે. તું હિમ્મત રાખજે અને હું જે નિશાની કરૂં તે સાંભળજે"—એમ કહી **મારટીની** નીચે ઉતર્યો અને ચોકમાં આવી લાગ્યો. આસપાસ દ્રષ્ટિ કરતાં જોયું તો કોઈ હતું નહીં. તરતજ તે પાણીની ટાંકીમાં કૂદી પડી એક ખુણે ભરાઇ રહ્યો. થોડીક વાર પસાર થઇ ગઈ અને આઠનો ટકોરો સંભળાયો. સઘળા દરવાજાને ચાવી મારવામાં આવી. **મેકેર** બિછા-

નામાથી ઉઠયો અને કપડાં પહેરી લીધાં તેણે જાણ્યું કે **મારટીની** પોતાનું બળ મોડી રાત્રે અજમાવશે. અનેક સંકલ્પ કરતો **મેકેર** અપાર અધિરાઇથી ખુરશીપર બેઠો. આખરે એ-પ્રમાણે વખત જતાં અગીઆર વાગ્યા. **મેકેરે** ઉઠીને ધ્યાનથી સાંભળ્યું તો પોહરેગીરનાં ? ગલાં સંભળાતાં નહતાં. હજી આ પ્રમાણે વિચાર કરેછે ત્યાં તો કંઈ અથડા અથડીનો તથા જોરથી પડતાં પગલાંનો ધીમો ઘોંઘાટ તેને કાને પડયો. બે પળ થઇ નહીં અને સઘળું શાંત થયું. એકાએક પગલાં દરવાજા ભણી આવતાં જણાયાં. પહેલું પગલું બીજું પગલું ત્યાં તો બારણાપર ત્રણ ટકોરા વાગ્યા. **મેકેર** તરતજ દ્વારભણી ગયો.

"પહોરેગીરનો હવે લેશ પણ ભય રાખીશ નહીં. તું તારૂં કામ કર્યાં જા."

આ સાંભળી **મેકેરે** મીણબત્તી કાઢી સળગાવી. ત્યાર પછી વિંધ પાડવાનું હથીઆર હાથમાં લીધું અને તે વતી બારણામાં જડેલી ચાવી મારવાની કલની બરાબર ઉપર વિંધ પાડવા માંડયું. લાકડું નવું તથા ચિક્કટ હોવાથી પા કલાક મહેનત કરવી પડી પણ અંતે વેહ પડી બારણું આરપાર વિંધાયું. જરા પણ વિસામો લીધા વિના તેણે પેલી ઝીણી કરવત સંતાડેલ ઠેકાણેથી બહાર કાઢી જેનો એક છેડો વીંધ દ્વારા દરવાજાને પેલે પાર કાઢયો. **મારટીની**એ તે છેડો પકડયો કે તાળાની આસપાસનું લાકડું વહેરી કાઢવાની ક્રિયા ચાલુ થઈ.

આ કામ પૂર્ણ કરતાં અર્ધો કલાક બીજો લાગ્યો. અને પરિણામે કળ જડેલો ભાગ નીકળી પડી દરવાજો ખુલ્લો થયો. **મેકેર** વગર ઢીલે બહાર આવ્યો અને દૃષ્ટિ કરી તો પોહોરેગીર બાંધેલો તથા ડુચો મારેલો પોતાના બાંકપર પડયો હતો.

"રાતના અગીઆર વાગ્યાનો સમય થયો ત્યારે હું મારી સંતાવાની જગ્યાએથી બહાર નીકળ્યો અને ઉપર ચડી જોયું તો પોહરેગીર પોતાના બાંક ઉપર નિર્વિઘ્ન નિદ્રામા સૂતો હતો." **મારટીની**એ કહ્યું—"મેં તો તરતજ રૂમાલ કાઢી તેનો ગોટો વાળી તૈયાર કીધો. બીજી પળે તો તેનું મોઢું ખોલી તેમાં ડુચો દઇ દીધો. અંતે ઘણીજ મહેનતે તેને તેના બાંક સાથેજ બાંધવામાં હું સફળ થયો. મહા શ્રમનો એક ડુંગર તો આપણે ઓળંગી આવ્યા છીએ અને હવે તેથી ઉંચો અને વધારે ભયંકર ડુંગર ઓળંગવો વાંસે છે. હવે વરસાદનું પાણી જવાની સીસાની નળી છે તે ઉપર ચડવાનો આરંભ કરો."

તરતજ **મેકેરે** દોરડું કાઢી નળીને અટકાવવા અર્થે મારેલા ખીલા ઉપર નાંખ્યું અને તરતજ ઘણી સુગમતાથી ઉપર ચડી ગયો. થોડી વારમાં **મારટીની** પણ ચડી ઉપર આવ્યો.

"કેમ તું તૈયાર છે?"—**મેકેરે** પૂછ્યું.

"તદ્દન"—**મારટીની**એ જવાબ દીધો—"મેં દોરડું પાછું ખેંચી લીધું છે."

"તું મારી વાંસે આવીશ નહીં"—**મેકેરે** સીસાની નળીપર ધીમે ધીમે ચાલતાં કહ્યું—"મને આ નળીનો પૂરો ભરૂસો નથી કે આપણા બેઉનો ભાર ખમી શકે."

મેકેરે પોતાના હાથ બંધીખાનાના ઢળતા પણ લીસા છાપરાપર ટેકી ધીમે ધીમે આગળ વધવા માંડયું જેમ કરતાં સીસાની નળી પગલે પગલે નીચે વળી જશે અને આપણો ભાર ખમશે નહીં એવા વિચારોથી ભયભીત થઇ ત્યાંજ ઉભો રહી ગયો.

"તુંને શું થયું છે **મેકેર**?"

"આ નળી આપણો ભાર ખમે તેમ નથી તેમાં મુખ્ય કરીને મધ્ય ભાગે."

"તોપણ જોખમ ખમવુંજ પડશે જે થાએ તે ખરૂં. પાછું તો ફરાયજ નહીં."

"એ નળીએથી પસાર થવું મોતમાંથી ઉગરવા સમાન છે"—**મેકેરે** કહ્યું—"હું ઉભેલો છું ત્યાંજ આ નળી એક ફૂટ નમી ગઈ છે."

"દોરડું, દોરડું"—**મારટીની**એ કહ્યું—"પેલા સામે દેખાતા નજીકના મિનારાની આસપાસ આ દોરડું નાંખી, એક છેડો હું અહીં ખેંચી રાખીશ જ્યારે બીજો છેડો તું પકડી તે ઉપર ટેકતો ધીમે ધીમે આગળ વધજે."

તરતજ **મેકેરે** દોરડું લીધું અને તેનો એક છેડો નળી સાથે બાંધી બાકીનો સઘળો વીંટો

બેઉ હાથે પકડી ઘણાજ જોરથી ફેંક્યો. ખરે ધારવા પ્રમાણે થયું. તે દોરડાનો છેડો મિનારાની આસપાસ ફરી વળી પાછો **મારટીની** તરફ પડ્યો જે તેણે પકડી લીધો. હવે **મેકેર** પોતા તરફનો છેડો નળીપરથી છુટો કરી તે ઉપર આધાર માંડી આગળ ચાલ્યો. જ્યારે તે બરાબર મધ્યભાગે આવ્યો ત્યારે નળી દોઢ ફૂટ નીચી નમી ગઇ પણ સારા ભાગ્યે શીશાની હતી તેથી ભાંગી નહિં. થોડીવાર પછી **મેકેર** બંધીખાનાના પૃષ્ઠ ભાગ વિષે આવી પહોંચ્યો જ્યાં માણસોની આવજાવ હતી નહિં. પોતાનો મિત્ર સહીસલામત પેલેપાર જઈ પહોંચ્યો તેથી મગ્ન થતો **મારટીની** પણ ધીમે ધીમે ચાલતો દોરડાની સહાયતાથી નળી પસાર કરી **મેકેર** આગળ આવ્યો. વધારે વિચાર કર્યા વગરજ દોરડું પાછું ખેંચી લીધામાં આવ્યું અને આ બેઉ ચોર વિશ્રામઅર્થે સહજવાર છાપરાપરજ બેઠા. હવે દોરડાનો છેડો બાંધી નીચે ખુલ્લા મેદાનમાં ઉતરવાનીજ ખોટી હતી. આ વખતે મિનારાના ઘડિઆળમાંથી બેનો ઘંટ થયો. વગર ઢીલે દોરડાનો એક છેડો નળી સાથે બાંધી **મેકેર** તે ઉપર લટકતો નીચે ઉતર્યો. બીજીજ પળે **મારટીની** પણ તેની પૂંઠે આવી ઉભો.

"**મારટીની**"—કોઇક બોલ્યું.

"શું ફ્રેડરીક છે"—તેણે પૂછ્યું.

"હા એજ અમે અમારી ફરજ મુશ્કેલીથી પણ થોડીજ વારમાં બજાવી છે. લે આ પોટલું.'

મારટીનીએ પોટલું લઈ **મેકેર**ને આપી કહ્યું—"મારા પ્રિય સાથી, લે આ મધ્યેથી તારે માટે એક ગુપ્ત વેશ નીકળશે જે તું ધારણ કરી લેજે."

મેકેરે તરજ વસ્ત્રો ધારણ કર્યાં અને **મારટીની**નો પ્રેમપૂર્વક ઉપકાર માની તથા તેને હેતપૂર્વક ભેટી ચાલી નીકળ્યો.

પ્રકરણ—૪૭.

ખુલાસો.

આપણે કહી ગયા છીએ કે **ચાર્લસ સ્ટેનમોર** તથા તેની સ્ત્રી **એલેનચી આટ**ચુળ આગળ આવેલા પોતાના સુંદર બંગલામાં રહેતાં હતાં. આંહીં **એલેનચી**ને સર્વે વાતે સુખ હતું છતાં પણ આજે તે ખેદયુક્ત લાગતી હતી કારણ કે તેનો પ્રાણ સમાન પ્યારો ભરથાર કોર્ટના કામમાં રોકાયેલો હોવાથી ઘરમાં વધારે વખત ગાળતો નહતો. હમણા પણ તે એકલીજ બેઠી બેઠી તરેહવાર વિચારના તરંગ ઉભા કરતી હતી એટલામાં તેની દૃષ્ટિ બાજુમાં પડેલી સારંગી ઉપર પડી જે ઉપાડી એકાદું મનરંજન ગીત તેણે વગાડવા માંડચું. આ પ્રમાણે પંદર મિનિટ પસાર થઇ ગઇ અને વાજીંત્ર એક કોરે મૂકી, તે ઉભી થઇ અને પોતાના પતિની વાટ જોતી બારીએ ડોકાઇ જોવા લાગી. થોડીવારમાં સામે ઘણે દૂરથી આવતા એક માણસને તેણે દીઠો, જેનો ડગલો ઘણો ઢીલો તથા ટોપીની કિનારી મોઢા તરફ ઢળતી હતી. તે પુરૂષે તરતજ દરવાજા આગળ આવી ઘંટ વગાડચો અને **એલેનચી** અંદર જતી રહી.

"શેઠાણીબાઇ ઘરમાં છે?"—આ અજાણ્યો પુરૂષ આજ્ઞા કરતા અવાજે બોલ્યો.

"**મિસિસ સ્ટેનમોર**ની પૂછા કરોછો?"

"**મિસિસિ સ્ટેનમોર**!"—આ નવો આવનાર પુરૂષ સહજ વિસ્મય પામ્યો. પણ તરતજ પોતાની અચરતી દાબી ધીમે સાદે બોલ્યો—"ઓ ઈશ્વર! તારી ગતિ તો ન્યારીજ છે. હવે હું જીવતો રહું એવું લાગેછે."

"**મિસિસ સ્ટેનમોર**! ઘરમાં છે, પણ **મિસ્ટર સ્ટેનમોર** ઘરમાં નથી"—ચાકરે કહ્યું.

"ઠીક, મને શેઠાણી આગળ લઇ ચાલ."

ચાકર તરતજ આ અજાણ્યા પુરૂષને **એલેનચી**ની સમક્ષ મૂકી જતો રહ્યો.

"**હા હવે હું બચ્યો છું**"—આ ત્રાહીત માણસ જરા મોટે સાદે બોલ્યો પણ તરતજ જોયું કે જે બાઇની સાથે તેને વાત કરવી હતી તેની હજૂરમાં તે ઉભો હતો ત્યારે તેણે ફરીથી

કહ્યું—"બાઇ મારા અર્થરહિત શબ્દો ક્ષમા કરજો. હું ધારૂંછું કે તમે મને આ વેશમાં ઓળખી શકશો નહિં."—એમ કહી તેણે ટોપી ઉતારી બાજુની ખુરશી ઉપર મૂકી તથા ખોટા બાલો કાઢી નાંખી બાજુએ રાખ્યા. પ્રિય વાંચનાર! **ઍલેનચી**ની શું અજાએબી! તે કેટલી અચરતી પામી હશે! તે સાથે તેને કેટલી ધાસ્તી લાગી હશે કે જ્યારે તેણે કેપટન **રૅાસીવેલ**ને ઓળખ્યો. તે તરતજ ઘંટ વગાડવા દોડી પણ તેમ કરતાં **મેકેરે** તેને અટકાવી થોભી રાખી અને નમ્ર સાદે બોલ્યો—"તું બીહીતી ના. હું તને દુઃખ દેવાની ધારણાથી આવ્યો નથી."

"તને મારી આગળથી શું ઇચ્છા છે?"—**ઍલેનચી**એ પૂછ્યું કારણ કે બિચારી હજી સુધી જાણતી ન હતી કે **રૅાસીવેલ** ને **મેકેર** તે એકજ હતા.

"ભોજન, વિશ્રામ, અને આશ્રય."

"હું કાંઈ આ ઘરની શેઠાણી નથી. ઉપરાંત મારો પતિ આવે અવશ્ય મારા ઉપર કોપાયમાન થશે."

"તારો ભરથાર જાતનો અંગ્રેજ છે? **ચાર્લસ સ્ટેનમોર**?"—**મેકેરે** પૂછ્યું.

"હા એજ, પણ એ પ્રશ્ન પૂછવાની તમારે શું અગત્ય પડી? તમે જાણોછો કે એ માયાળુ સ્વભાવનો—

"અરે **ઍલેનચી**, તારો વર મારા પ્રાણનો વેરી છે જે મને છેક ઘોરના દ્વારવેર ખેંચી ગયો હતો. મારી જીંદગીનો તે તરસ્યો છે. હા હમણા તો એ મને મુવેલોજ સમજતો હશે."

"નહિં તારી ભૂલ છે. એનો કોઈ પણ શત્રુ હોય એવું મેં અત્યારસુધીમાં સાંભળ્યું નથી. પણ નહિ, આ બહોળી સૃષ્ટિમાં તેનો માત્ર એકજ શત્રુ છે જે હાલ **લા**ફોર્સના બંધીખાનામાં પોતાના કુકર્મોપર રૂદન કરતો હશે."

"નહિં તે તો આંહીંજ છે. જે માણસ વિષે તું બોલેછે તે કાંઇ બંધીખાને નથી. તે તો આજ ગૃહમાં અને તારી સનમુખ ઉભો છે."

"**મેકેર**!!! શું **રૅાસીવેલ** અને **મેકેર** એકજ!!! અશકય."

"હું કહુંછું તેવુંજ છે. પણ તારા ઘરમાં કોઇ જાસુસો ફરેછે?"—એમ બોલતો **મેકેર** ચોંકયો કારણ કે દરવાજા આગળ તેને કંઇ ખખડાટ સંભળાયો. તેણે તરતજ દરવાજા આગળ દોડી જઇ જોયું તો કોઇ હતું નહિ તેથી તે પાછો આવી પોતાની જગ્યાએ બેઠો.

"અફસોસ, હવે હું શું કરૂં"—**ઍલેનચી** ગભરાટમાં બોલી—"જેને અત્યારસુધી હું મારા વાલી તરીકે ગણુતી તેને મારાથી કેમ દુઃખ દેવાય. તેમ મારા પતિના શત્રુને પણ મારાથી ઘરમાં કેમ રખાય?"

"નહિ. તું મને પોલીસને સ્વાધીન નહિં કરીશ. અરે નહિ, હું કે જે બંધીખાનેથી મહાશ્રમ વેઠી નાસી આવ્યો છું તેને બંધીખાને પાછો નહીં નાંખીશ."

"જેણે મારા સસરાનું ખુન કીધું, તેને મારા ઘરમાં કેમ આશરો અપાય?"

"અરે મને ધમકાવી કાઢ, મારી તરફ ધિક્કારની દૃષ્ટી કર, મને હડસેલી કાઢ" **મેકેરે** કહ્યું—"પણ મને બંધીખાને મોકલવાનો વિચાર તું માંડી વાળ."

"હું નથી જાણતી કે તારી સંભાળ તળે હું કેમ આવી હોઇશ,—

"પણ એ છુપા ભેદનો ભર્મ ખુલ્લો કરવાજ હું તારી આગળ આવ્યો છું"—**મેકેર** પોતાની ખુરશી **ઍલેનચી**ની નજદીક ખેંચી બોલ્યો—"બીહ ના હું તને કનડનાર નથી. હું સોગન ખાઇ કહુંછું કે મારૂં હૃદય બદલાઈ ગયું છે. મેં દુષ્ટ, પાપી અને પ્રપંચી વિચારોનો પરિત્યાગ કર્યો છે. હું પકડાયો તે અગાઉ તારી મુલાકાત કરી તને મારી સાથે લઈ જવાનો મારો સંકલ્પ હતો—

"મને લઈ જવાનો"—**ઍલેનચી** ગભરાટથી નેત્ર વિકાસ કરી બોલી—"મને શું તારે હાથે થોડું વેઠવું પડયું છે."

"તારી ખુરશી વધારે સમિપ લાવ અને હું જે કહું તે તું લક્ષપૂર્વક સાંભળ. તું નથી જાણતી કે મારો ખુલાસો કેટલો અગત્યનો છે. મેં તને કહ્યું કે મારો વિચાર તને મારી સાથે લઈ જવાનો હતો. હું **પેરિસ**માં આવ્યો ત્યારે તારે માટે ખબર કઢાવતાં માલમ પડયું કે તું પરણી ચુકી છે અને તેથી તું મારો સાથી અને દિલાસો દેનાર થઇ શકે તેમ નથી."

"પણ ખુલાસો જે કરવો હોય તે સત્વર કરો."

"**ઍલેનચી**, તું જાણે છે કે તું કાઉન્ટ **મોરાનવલ**ની દીકરીની દીકરી થા."

"હા, તે હું સારી પેઠે જાણુંછું, એટલુંજ નહીં પણ હું મારી પ્રિય માના કબરના દર્શને પણ જઈ આવી છું."

"અરે! તેં તારી માતુઃશ્રીની કબર પણ દીઠી!—ખરે, તારી મા નસીબે અભાગણી હતી."

"એવી દુર્ભાગ્યવાળી તે શાથી થઈ"—**ઍલેનચી**એ ઘણીજ આતુરતાથી પુછ્યું.

"સાંભળ, હું તને સંપૂર્ણ રીતે સર્વ કહીશ. તારી મા એક એવા પુરુષને ચહાતી હતી કે જે તેના બદલામાં તેને ચહાતો ન હતો. દિન પ્રતિદિન તારી મા **જુલિયા**ને મહિના રહ્યા જે નિર્લજ્જ વાત તેના માબાપે પણ જાણી લીધી. ત્યાર પછી કાઉન્ટે પોતાની દીકરીના આશકની સઘળે ખોળ કરાવી જેમ કરતાં તે એક લુચ્ચો, કપટી અને દુરાચરણી છે એવું તેને માલમ પડયું."

"અફસોસ, મારી વહાલી મા"—**ઍલેનચી**ની આંખેથી અશ્રુ ટપકતાં દેખાયાં.

"પિતાએ પુત્રીને તરછોડી કાઢી જે આંચકો તે બિચારીથી ન સહન થતાં, **ઍલેનચી**, તને જન્મ આપી, તે આ ભૂમી છોડી ગઇ, એટલું છતાં પણ તારા નાનાને સંતોષ વળ્યો નહીં અને તારો પણ પરિત્યાગ કરવાનો તેણે દૃઢનિશ્ચય કીધો, કારણ કે તારી હાજરી તારી માની લજ્જારહિત વર્ત્તણુકની યાદ આપતી હતી."

"અને મારા બાપનું શું થયું?—હજી **ઍલેનચી** વધારે પૂછવા જતી હતી એટલામાં સામે પણ ઘણે દૂરથી આવતા **સ્ટેનમોર** પર તેની દૃષ્ટી પડી.

પ્રકરણ—૪૮.

છેવટ.

પ્રિય વાંચનાર તારા મુખકમળ ઉપર અધિરજની છાપ કેમ પડી રહી છે? **ઍલેનચી**ના બાપ વિષેનો ભેદ ભરેલો ભરમ જાણવા તું આટલો આતુર કેમ છે? શું તું એમ ધારેછે કે તેનો ખુલાસો થયા વગરજ આ વાર્તારૂપી નાટકભૂમીનો પડદો બંધ થશે? નહીં. તું હૈયે ધૈર્ય રાખ અને સૌ સારૂં થશે. તું ધારેછે તેમ તને અંધકારમાં પડતો નહીં મૂકયે. તું સર્વ જાણીશ.

સ્ટેનમોર જ્યારે સવારના પોતાને ઘરેથી નીકળી વકીલને ત્યાં ગયો હતો ત્યારે તે હાજર ન હોવાથી **સ્ટેનમોર** નીચે ઉતર્યો અને સમય ગાળવા થોડીવાર મહોલામાંજ ફરવા લાગ્યો. આપ્રમાણે વિચાર કરતો તે આગળ ચાલ્યો. જ્યાં સામે કોઇ એક માણસ ખબરપત્રો વેચતું હતું. આ ખબરપત્રને મથાળે આપ્રમાણે છાપેલું હતું—"પ્રસિદ્ધને માટે અગત્યની ખબર જેમાં **લાફોર્સ**ને બંધીખાનેથી **મેકેર**ના નાસીજવાનું સવિસ્તર વર્ણન છે."

"શું! અહીંથી પણ તે દુષ્ટ નાઠો!!—**સ્ટેનમોર** અચરતીમાં લીન થઈ મનમાંજ બોલ્યો—"એ **મેકેર** જેવો હિમ્મતવાન પુરૂષ આ સૃષ્ટીમાં કોઈ થયો નથી અને થવો નથી."

તરતજ **સ્ટેનમોર** ઉતાવળે પગલે ચાલીને વકીલને ઘેર પુગ્યો. આ વખતે વકીલ પણ હાજર હતો જેને તેણે સઘળી વાતથી જાણીતો કર્યો. પા એક કલાક સુધી વાતો કર્યા પછી **સ્ટેનમોર** નીચે ઉતર્યો અને બગી ભાડે કરી પોતાના ઘર તરફ હાંકવાનો હુકમ કર્યો. **સ્ટેનમોર** હજી અધવચ્ચે આવ્યો નહીં ત્યાં તો તેનો ચાકર દોડતો આવતો સામે મળ્યો. ગાડી ઉભી રખાવી નીચે ઉતરી તેણે ચાકરને પૂછ્યું જેનો ચેહેરો ગભરાટ અને ઉતાવળથી રક્ત થઇ ગયો હતો.

"**જરમીન**, શું થયું જલ્દી બોલ."

"તમે પ્રભાતે બહાર ગયા પછી થોડીવારે એક અજાણ્યો પણ વિચિત્ર દેખાવનો પુરૂષ આવ્યો અને—

"તેનું શું?"—**સ્ટેનમોરે** ઘણીજ અધિરાઈથી પૂછયું.

"તેણે ઘણાંજ સાદાં વસ્ત્રો પહેર્યા હતાં અને દરવાજે આવી તેણે બાઈની પુછા કરી—

"તારી વાત જલદીથી પુરી કર"—**સ્ટેનમોર** ઉસ્કેરાઈને બોલ્યો.

"હું તેને શેઠાણી આગળ મૂકી આવ્યો, પણ મને તેનો ચેહેરો એટલો તો વિચિત્ર લાગ્યો કે જ્યાં તેઓ વાતો કરતા હતા ત્યાં મેં દરવાજા વાંસે ઉભા રહી સાંભળવા માંડયું. તે માણસે વાતો કરતાં પોતાનું નામ—

"શું નામ કહ્યું? શીઘ્ર કેમ બોલતો નથી"

"**મેકેર**"—**જરમીને** ઉત્તર દીધો.

"**મેકેર** મારા ઘરમાં!!!"—**સ્ટેનમોર** ગુસ્સામાં આવી બોલ્યો—"**જરમીન** તું આજ બગીમાં બેશી પોલીસના વડા પાસે જઇ તેને સઘળી હકીકત કહી સિપાઇની એક ટૂકડી લેતો આવ. હું ઘેરે જઈ તે કંગાળને પકડી રાખુંછું. **મેકેર** એકવાર ફરીથી મારા હાથમાં આવ્યો છે"—એમ કહેતો **સ્ટેનમોર** ઘર તરફ ચાલ્યો અને **જરમીને** પોલિસ સ્થાન તરફ પગલા ભર્યાં. આપણે એકવાર ફરીથી **સ્ટેનમોર**ને ઘર તરફ આવતો મૂકી **બ્લેનચી** અને **મેકેર** વચ્ચે થતી વાતો સાંભળીયે.

"અને મારા પિતાનું શું થયું?"—તે ધ્રુજતે કંઠે બોલી જ્યારે તેણે લાંબેથી **સ્ટેનમોર**ને આવતો દીઠો.

"શું તારા પિતાના સુખ દુઃખમાં ભાગ લેવાની તને ઉત્કંઠા છે?"—**મેકેર** તેની તરફ એક નજરે જોવા લાગ્યો કે જાણે તેના સઘળા વિચારો સમજી લેવાની તેનામાં શક્તિ કેમ હોય.

"ગમે તેવો પણ તે મારો બાપ થાય"—**બ્લેનચી** બોલી—"મારી મા પણ તેને અતિપ્યારથી ચહાતી હતી અને એટલુંજ મારે બશ છે. તે કાંઇ એટલો દુષ્ટ નહીં હોય."

"તું ધારે છે તેથી દશ હજાર ગણો વધારે અપરાધી તે માલમ પડયો છે. શું તારી ઇચ્છા એવી છે કે તને તારા બાપના સમાચાર સંભળાવું? તું તેના દુઃખમાં દિલાસો આપીશ? ગમે તેટલા ગુન્હા છતાં પણ શું તું તેને તારા પિતા તરીકે ગણીશ? તેના બધા અપરાધ શું તું ક્ષમા દૃષ્ટિથી જોઇશ? લે **બ્લેનચી** હું તારી ઇચ્છા વગર વિલંબે તૃપ્ત કરૂંછું. તારો પિતા, તારો કંગાળ અને મોટા દુઃખના સમુદ્રમાં ડુબેલો પિતા તારા ચરણ આગળ છે."—એમ કહી **મેકેર** તેના પગ આગળ પડયો અને તેનો કોમળ હસ્ત પકડી સહસ્ર ચુમીઓ લઇ પોતાની આંસુ ભરી ચક્ષુએ અડાડયો. **બ્લેનચી** પોતાની શ્રેષ્ઠ લાગણીઓને શરણ થઈ ઉભી થઈ અને પોતાના બાપની ડોકમાં હાથ પરોવી હરખનાં પ્રકાશીત અશ્રુ પાડ્યાં. તેના સઘળા ભયભિત ગુનાહો તેની પવિત્ર દૃષ્ટિ આગળથી અલોપ થયા.

"બેઠા થાઓ, મારા પૂજ્ય પિતા. હું તમારૂં ફરજંદ થાઉં તેની આગળ તમારે નમન કરવું ઘટે નહિં."

"નહિં, તારી આગળ તારો કંગાળ પિતા ક્ષમા ચાહેછે જેણે તારા શિર ઉપર સેંકડો સંકટો પાડી તારા મધુર અને સ્વચ્છ નામને નિર્લજ્જતાનો કાળો ડાઘ લગાડયો છે."

"અફસોસ, મારા પ્રાણસમાન પિતા. તમે ભયંકર અપરાધો કીધા છે પણ પરમકૃપાળુ પરમેશ્વર તમને અવશ્ય ક્ષમા કરશે. પસ્તાવો અને પ્રાર્થના જ્યારે કરો ત્યારે વહેલા છે."

'અરે મારી **બ્લેનચી**"—**મેકેર** હૃદયભેદક શબ્દે બોલ્યો—"જે સુંદર સ્વરૂપથી શોભિતી **મેરિયા**એ મને સારે ધોરણે મૂકયો છે તેનાજ વચનામૃતનું તું સ્મરણ કરાવે છે."

"ઉઠો, ઉઠો, મારા પ્રાણ પ્રિય પિતા. તમારૂં મારી આગળ આ નમન હું જોઇ શકતી નથી."

"મારી દીકરી, હું તારા વચનને આધીન છું. જરૂર તું તારા આ કંગાળ બાપને મોટેરા

તરીકે ગણીશ નહિં અને તું કોટી શાપો આપીશ, પણ નહિં; તે અગાઉ મને તારી આગળથી જતો રહેવા દે.”

“તમે હજી તમારી દીકરીને યથાસ્થિત ઓળખતા નથી. તમે ગમે એટલા પાપી હો, ગમે એટલા ઢગલાબંધ દુષ્ટકર્મો તમારા હાથતળે પસાર થયાં હોય, તોપણ મગદૂર કે મારા આ હોઠો મારા બાપ વિરૂદ્ધ અઘટિત શબ્દો ઉચ્ચારવા ઉઘડે! નહિં! તેમ કદી થનાર નથી.”

“ખરે તારા આ મીઠા શબ્દો મને મહા આનંદ અને હર્ષની પ્રાપ્તિ કરેછે. શું તું મારાં કુકર્મો વિસરી જઈશ. તું જાણે છે તેમ તારો ભરથાર મને છેક ઘોરવેર તાણી ગયો હતો અને જરૂર પોલીસ પણ તેની વાંસે હશે. હું કે જે મહા મહેનતે બંધીખાનેથી માંડ છૂટચો છું–

“નહિં, નહિં,”—**એલેનચી** પોતાના બાપને વળગીને બોલી—“નહિં, તેઓ તમને મારી આગળથી બળાત્કારે ખેંથી જશે નહિં. તમારે માત્ર પશ્ચાતાપ અર્થે ખાસ લાંબું જીવવું છે. મારો પતિ આવે હું તેને પગે પડી તમારી દુઃખી સ્થિતિપર દયા કરવા કહીશ. તે મને અત્યંત ચહાય છે અને તેથીજ મારા બાપને ફાંસીએ ચઢાવી મારૂં જીવતર ધુળ કરવા તે કદી ઇચ્છશે નહિં.”

“અરે ઉદાર દિલવાળી. તું તારે શરણે આવેલા માવતરને તજીશ માં કે જેનો આ આખી વિશાળ પૃથ્વીની સપાટી ઉપર કોઈ મિત્ર કે ધૈર્ય દેનાર રહ્યો નથી.”

“મારા બાપને તજું એવો વિચાર મારા હૃદયમાં પેસવોજ અશકય છે. તમે પસ્તાવો કરશો અને સર્વ શક્તિમાન્ પરમેશ્વર તમારૂં કલ્યાણ કરશે. આજથી આ સ્થાન તમારૂંજ ગણજો. તમને એમ લાગે કે અહીં રહેવું જોખમ ભર્યું છે તો ચાલો આપણે બીજેજ ઠેકાણે રેઠાણ કરીએ. હું ફરીથી કહું છું કે મારો ધણી મને અપાર પ્રીતીથી ચાહેછે અને તેથી મારા વચનનું ઉલંઘન કરી મને દુઃખી કરશે નહિં. તેને એટલી પણ ખબર નહીં હશે કે **ફાંસીવેલ** તે **મેકેર** છે.”

“**એલેનચી**, તારા વચ્ચે પડવાથી અને તારેજ ખાતર તારો ભરથાર મને ક્ષમા કરશે; પણ બીજી નજરે તો તે મારી તરફ ઘણાજ ધિક્કારથી જોશે. હું તેની સામે શું મોહું ધરૂં! **એલેનચી**, દુનિઆમાં જેટલું મેં જોયું છે તેટલું તેં સ્વપ્નમાં પણ જોયું નહિ હશે. તારા કરતાં દુનિઆનો અનુભવ મને અધિક છે.”

“મારા ભરથારનાં લક્ષણ તમે કહોછો તેવાં નથી. તમે મારા બાપ થાઓછો એ ખુલાસો જ્યારે હું તેની આગળ કહીશ અને જ્યારે તે દીલોજાનથી તમને ક્ષમા કરશે ત્યારે તેના ઉત્તમ લક્ષણનો તમને પરિપૂર્ણ અનુભવ થશે.”

“ઈશ્વર તારૂં કહેલું બોલબોલ પાળો મારી વહાલી પુત્રી”—**મેકેર** ગગન ભણી દૃષ્ટિ કરી બોલયો—“મારી આખી જીંદગીનાં દુઃખ અને સંકટોને આજનો આ આનંદી કલાક વિશારી નાંખેછે. બંધીખાના, અપજશ, ખુનનો બટો, ચોરીના વાંક, લૂંટફાટના અપરાધ વગેરે દુઃખદાયી વિચારોને માત્ર હમણાની આ આનંદી પળ મારી દૃષ્ટિ આગળથી ઢાંકી મૂકે છે. અને કદાચ તારૂં વેણ રદ જઇ તારો ભરથાર ફાંસીને બીહામણે લાકડે મને ઢસડી જાય; તો પણ તેની હવે મને વધારેવાર દરકાર નથી. હું સુખેથી અને સંતોષથી પરલોકમાં ગમન કરીશ. કારણ કે મને પૂર્ણ ખાત્રી છે કે મારે માટે રૂદન કરનાર, મારે માટે પરમકૃપાળુ જગદીશ્વર આગળ માફી માંગનાર, તથા મારી એકાંત ઘોર ઉપર દર અઠવાડીયે એકાદા ફૂલની કળી મૂકનાર વાંસે બેઠું છે.”

“મારા વહાલા બાપ, આ ભયંકર ચિત્ર તમે ભૂસાડી નાંખો. મારાથી તે કેમ સહન થાય. પરમેશ્વર ન કરે ને કદાચ મારો ભરથાર તમને આ ગૃહમાંથી બહાર કાઢે તો પણ તમે યાદ રાખજો કે તે કદી પણ તમને ફરીથી પોલીસ સ્વાધીન કરશે નહિં. એવી દુર્દશામાં મારા પિતાનું મૃત્યુ હું જોઇ શકનાર નથી, અને કદાચ જો એમજ સરજ્યું હશે તો તમારી પુત્રી પણ તમારે પગલે જશે.”

ઍલેનચીએ પોતાનું વાક્ય પૂરૂં કીધું નહિં ત્યાં તો **સ્ટેનમોર** આવી પુગ્યો. નીચેનો દરવાજો જોરથી ઉઘડચો અને ઘણીજ ઉતાવળે તથા મોટા પગલાં ભરતો **સ્ટેનમોર** અંદર દાખલ થયો.

"લુચ્ચા, દુષ્ટ, તું આ ઘરમાં આવ્યો તે તેં ઠીક કીધું. હવે તારો આંટો ખૂટયો લાગેછે."

"મારા પ્રાણ પતિ"—**ઍલેનચી** ગદગદ કંઠે બોલી—"એને છોડી દ્યો. એ માણસ દયાને પાત્ર છે."

"કદી નહિં."

"તમારી સ્ત્રી તમને કરગરીને આટલું આટલું કહેછે તે શું તમે સાંભળશો નહીં?"

"એણે મારા બાપનું ખૂન કીધું છે અને—

"તો પણ હું કહું તે જરા ધૈર્યથી સાંભળો કે—

"નહિં, **ઍલેનચી** તું આ વ્યર્થ માથાફૂટ કરવી જવા દે, હું તારૂં બીજું બધું સાંભળીશ."

"આ માણસ કોણ છે તે તમે જાણતા નથી"—**ઍલેનચી**એ કહ્યું.

"અને તું પણ નથી જાણતી. નહિં તો આમ વચ્ચે પડવું તને સૂઝે નહિં."

"હું સત્ય કહુંછું કે તમે એને મારા જેટલું જાણતા નથી. એના ઉપર કૃપા કરો-

"કૃપા કરવી, પણ કોના ઉપર—

"મારા પિતા ઉપર"—**ઍલેનચી** પોતાના પતિના પગપર મસ્તક રાખી બોલી.

"શું એ તારો બાપ થાય?"—**સ્ટેનમોરે મેકેર**નો હાથ પણ મૂકી દીધો.

"હા એ મારો બાપ થાયછે જેને મારી મા પ્રીતિપૂર્વક ચહાતી હતી અને જેને આટલા વર્ષપર્યંત આપણે **રૉસીવેલ**ના નામથી ઓળખતા હતા."

"અરે **ઍલેનચી**! જેમ એણે મારા બાપનું ખુન કીધું તેમ મેં તારા બાપનું મોત આણ્યું છે."

"અરે નહિં! એમ શા સારૂ બોલો છો!! એને હજી જીવવા દ્યો. પોલિસરૂપી ભૂખ્યા અને ક્રૂર શિકારી કુતરાઓને એનાથી વેગળા રાખજો."

"હું કેવો અભાગ્યો છું"—**સ્ટેનમોર** દલગીર અવાજે બોલ્યો—"સિપાઇઓ તો આવી પહોંચ્યા હશે."

"નહીં, તમે એને મારી આગળથી ખેંચી જશો નહીં. એ મારા શરીરનો જન્મ આપનાર છે; એને પસ્તાવો કરી પોતાનાં આગલાં પાપો ધોઇ કાઢવાની ઘણી જરૂર છે."

"ત્યારે આપણે એક પળ પણ ખોવી ન જોઈએ"—**સ્ટેનમોર** જેટલો તેને મારવાને તત્પર હતો તેથી અધિક હવે તેને બચાવવા આતુર થયો.

"શું તમે મારા મિત્ર થાઓછો"—**મેકેર** આંસુના ભારથી નમેલી ચક્ષુઓ **સ્ટેનમોર** તરફ ઉચી કરી બોલ્યો.

"છેલા પ્રણામ, મારી વહાલી દીકરી. જો અહીંથી હું નાશી જવામાં સફળ થયો તો પછી તું તારા પિતા વિષે વધારે સાંભળનાર નથી. આજથી મારૂં બાકીનું આયુષ્ય હું પસ્તાવો અને પ્રાર્થનામાં કાઢીશ."

"વહાલા, તમે **સ્વીટ**ઝરલેન્ડ જજો, જ્યાંથી પ્રતિ મહિને એકાદો શબ્દ લખવા ભૂલશો નહિં. જ્યારે તમારી ચર્ચા આ ગામમાં થતી બંધ પડશે ત્યારે વળી તમે આંહીં આવી તમારી દીકરીને તમારા પુન્ય દર્શન કરાવજો"—એમ કહી **ઍલેનચી**એ એક ઉંચા દારૂનો પ્યાલો ભરી સામે કર્યો જ્યારે **સ્ટેનમોરે** નાણાથી ભરેલી એક કોથળી આગળ ધરી.

"છેલી સલામ મારી વહાલી **ઍલેનચી**, તું તારા કંગાળ પિતાને છેલ્લીવાર ભેટી લે અને તું હમેશ યાદ રાખજે કે ગમે એટલો દૂર હોઈશ તો પણ હું તને વિસરીશ નહિં."

"છેલા પ્રણામ મારા વહાલા બાપ, પરમેશ્વર તમારૂં ભલું કરો. ઈશ્વર તમારી ઉપર નિરંતર દયા દૃષ્ટિ કરી સહાયતાનો હાથ લંબાવો"—એમ કહી **ઍલેનચી** પોતાના પિતાને ભેટી પડી

અને હેતપૂર્વક ચુમીઓ લીધી. એટલામાં વળી નીચેનો દરવાજો ઉઘડયો અને સિપાઇઓનાં ભારી પગલાં સંભળાયાં.

સ્ટેનમોર ચોંકીને બોલ્યો—"પોલીસ આવી પુગી."

"ચાલો મારો બાપ, તમે મારી સાથે ચાલો"—એમ કહી **એલેનચી** તેને પછવાડેને દાદરે-થી **નીચે** લઇ ગઇ. ફુલવાડી પસાર કરી પછવાડાના ઉજડ રસ્તાપર **મેકેર** આવી પુગ્યો અને પોતાની પુત્રિને હરખથી છેલીવાર ભેટી આનંદમય અશ્રુ વરસાવી તથા પોતાની દીકરીના સ્વેત કપાળપર ચુમીઓ આપી ચાલતો થયો. એટલા વખતમાં સિપાઈઓ ઉપર આવી પહોંચ્યા.

"ક્યાં છે, **મેકેર**"—તેઓ મ્હોટેથી બોલ્યા.

"તે તો આંહીં નથી"—**સ્ટેનમોરે** ઉત્તર દીધો.

"એમ કેમ થાય. તમારૂં માણસ અમને તેડવા આવ્યું હતું."

"હા તે ખરી વાત છે. તે આંહીંજ હતો પણ હમણા અહીંથી નાસી જતો રહ્યો."

"કઇ દિશાએ નાઠો તે કહો."

સ્ટેનમોરે એક ખોટીજ દિશા તરફ આંગળી કરી. સિપાઈઓ ઉતાવળે નીચે ઉતરી ગયા અને તેઓ બતાવેલી દિશા તરફ દોડ્યા.

"હવે તે સહી સલામત છે"—**એલેનચી**એ જોયું કે સિપાઇઓ જતા રહ્યા.

"ખરે, **મેકેર** હવે બચ્યો છે. પરમેશ્વર એના નિગેબાન થાઓ. એનું સંકટોમાંથી રક્ષણ કરો અને એના પસ્તાવાનાં મિષ્ટ ફળ આપો"—એમ બોલી **સ્ટેનમોર** તથા **એલેનચી**એ ગુંઠણ વડીએ પડી આકાશ ભણી દૃષ્ટી રાખી લાંબા સમય સુધી **મેકેર**ને માટે પ્રાર્થના કીધી. આ સુખી અને સંતોષી જોડાની પ્રાર્થના પરમેશ્વરે સાંભળી અને **મેકેર સ્વી**ટઝરલેન્ડ સહી સલામત જઈ પહોંચ્યો જેણે પોતાનું નામ ફેરવી નાંખ્યું અને દિવસો પસ્તાવો અને ઉત્પન્ન કરનારની બંદગીમાં કાઢવા માંડ્યા. દર ત્રિમાસે તેને **સ્ટેનમોર** તથા **એલેનચી** તરફનો પત્ર મળતો જેના ઉત્તરમાં **મેકેર** પણ વારંવાર લખતો. આખરે આપ્રમાણે છ વર્ષ વ્યતીત થઇ ગયાં અને એક કાગળ આવ્યો જેનાઉપર કરેલું શરનામું **મેકેર**ના હાથથી થયેલું ન હતું. આ વાંચી તેઓ જાણીતાં થયાં કે **મેકેરે** પોતાની જીંદગીના છેલ્લા દમ પૂરા કીધા છે અને જેની મરણ વેળા એક ધર્મગુરૂ હાજર થયો હતો. તેણેજ પોતાને હાથે આ પત્ર લખ્યો હતો અને જેમાં તેણે આનંદ સહિત દર્શાવ્યું હતું કે અંતની ઘડીએ પણ **મેકેર**ના હોઠઉપર પ્રાર્થનાના શબ્દો રમતા હતા.

* * * * * * * * * * * *

એક શાંત અને પહાડી જગ્યામાં, તળાવની પાળ આગળ, લીમડાની શિતળ છાયાં તળે અને **પેરિસ** જેવા ભપકાથી ભરપૂર શહેરથી સેંકડો માઈલ દૂર **મેકેર**ની કબર આવેલી છે જેના માથા તરફ એક મોટો સુશોભિત ક્રૉસ ઉભો કર્યો છે. આ વાર્તા પૂર્ણ કરતાં હવે સહજ કહેવું અવશેષ છે કે **સ્ટેનમોર** તથા **એલેનચી** હજી મોજમઝામાં જીવેછે અને **રૂમફોર્ડ** તથા **મોરાનવલ**ના મરણ પછી વારસ તરીકે તેઓ ઘણા શ્રીમંત થયા છે. અઠવાડિયામાં એકાદી બે વાર **એલાઇસ** અને **ઈસાબેલ, મિસીસ ડેવરેક્સ**ને સાથે લઇ આવેછે જ્યાં **સ્ટેનમોર**નાં નિર્દોષ બાળકોને રમાડતાં ઘણી રમૂજ મેળવે છે. **ચાર્લસે** ઉદાર દીલથી **મેડેમ બરટ્રેંડ**ને એક રહેવાની જગ્યા ભાડે અપાવી છે જેનો ખાધાખર્ચ ભાડું વગેરે **સ્ટેનમોર** આપ્યો જાયછે. **મેરિયા**ના દુઃખદાયક મરણ પછી બીજેજ દીને **પૉક્લિંગટન** તથા તેની સ્ત્રી કેન્ટબરી છોડી **બ્રાઇટન** ખાતે રહેઠાણ કરી રહ્યાં છે જ્યાં હજી તેઓ સુખી સ્થિતિમાં પોતાના બાકીના દહાડા પૂરા કરેછે. **ઑક્ટેવસ લીન્ડસે**ને ફ્રેંચ રાજધાની પસંદ પડ્યાથી ત્યાંજ થોડા મહિના ગુજારી **મિસીસ ડીલકીન**ની સાથે પરણ્યો છે જ્યાં પોતાની દુષ્ટ ચાલનો પરિત્યાગ કરી બાકીના દહાડા સુખ ચેનમાં ગાળે છે.

—— સમાપ્ત. ——